
# જૈનાગમ નવનીત

# આગમ નિબંધ માળા

[ ભાગ– ૪ ]







## સાહિત્ય સૂચિ

[ઈન્ટરનેટ પર ઉપલબ્ધ–જૈન ઈ લાઈબ્રેરી, સર્ચ- આગમ મનીષી]

**હિન્દી સાહિત્ય :–**

| | |
|---|---|
| ૧ થી ૩૨ | આગમ સારાંશ હિંદી ૩૨ ભાગોમાં . |
| ૩૩ થી ૪૦ | જૈનાગમ નવનીત સજિલ્દ ભાગ ૧ થી ૮. |
| ૪૧ થી ૫૦ | (૧) ગુણસ્થાન સ્વરૂપ (૨) ધ્યાન સ્વરૂપ (૩) સંવત્સરી વિચારણા (૪) જૈનાગમ વિરુદ્ધ મૂર્તિપૂજા (૫) ચૌદ નિયમ (૬)બારવ્રત (૭) સામાયિક સૂત્ર સામાન્ય પ્રશ્નોત્તર સાથે (૮) સામાયિક પ્રતિક્રમણ ના વિશિષ્ટ પ્રશ્નોત્તર (૯) હિન્દીમાં શ્રમણ પ્રતિક્રમણ (૧૦) શ્રાવક સવિધિ પ્રતિક્રમણ |
| ૫૧ થી ૬૦ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૧ થી ૧૦ |
| ૬૧–૬૨ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર વિવિધ બે ભાગોમાં |
| ૬૩–૬૪ | આચારાંગ પ્રશ્નોત્તર બે ભાગોમાં |
| ૬૫ | જ્ઞાનગચ્છમાં ......પ્રકાશગુરુનું શાસન ....... |
| ૬૬ | સ્થા. માન્ય ૩૨ જૈનાગમ પરિચય અને સાહિત્ય સમીક્ષા |
| ૬૭ થી ૭૧ | જૈનાગમ નવનીત નિબંધમાળા ભાગ–૧ થી ૫ |
| ૭૨ | એકલવિહારથી મુક્તિ તથા સાવંત્સરિક વિચારણા |

**ગુજરાતી સાહિત્ય :–**

| | |
|---|---|
| ૧ થી ૯ | જૈનાગમ સુત્તાગમે ગુજરાતી લિપિમાં (૯ ભાગોમાં) |
| ૧૦ | જૈન શ્રમણોની ગોચરી, શ્રાવકના ઘરનો વિવેક |
| ૧૧ | જૈનાગમ જ્યોતિષ ગણિત અને વિજ્ઞાન |
| ૧૨ થી ૧૯ | મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના(૮ ભાગોમાં) |
| ૨૦–૨૯ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૧ થી ૧૦ |
| ૩૦–૩૧ | (૧) ૧૪ નિયમ, (૨) ૧૨ વ્રત |
| ૩૨ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર વિવિધ ભાગ–૧ |
| ૩૩–૩૪ | આચારાંગ પ્રશ્નોત્તર બે ભાગોમાં |
| ૩૫–૩૯ | જૈનાગમ નવનીત નિબંધમાલા ભાગ– ૧ થી ૫ |
| ૪૦ | એકલવિહારથી મુક્તિ તથા સાવંત્સરિક વિચારણા |
| ૪૧ | સ્થા. માન્ય ૩૨ આગમ પરિચય અને સાહિત્ય સમીક્ષા |

(કુલ – ૭૨ + ૪૧ = ૧૧૩)

જય ગુરુ સમરથ  જય મહાવીર  જય ગુરુ ચંપક

# જૈનાગમ નવનીત
# આગમ નિબંધમાલા
## [ ભાગ– ૪ ]

આગમ મનીષી
**શ્રી ત્રિલોકચંદજી જૈન**
રાજકોટ

:: ગુજરાતી ભાષાંતર ::
બોટાદ સંપ્રદાય :: સાધ્વી રત્ના





**પ્રકાશક** : શ્રી જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ.
[પુષ્પાંક : ૧૧૦]

**સંપાદક** : આગમ મનીષી શ્રી ત્રિલોકચંદજી જૈન

**પ્રકાશન સમય** : મે–૨૦૧૫

**પ્રથમ આવૃત્તિ** : પ્રત – ૫૦૦

**મૂલ્ય** : ૫૦/– રૂ. પાંચ પુસ્તકોનો સેટ : રૂ. ૨૫૦/–

A/c No. : 18800100011422 Tilokchand Golchha
Bank Of Baroda, Rajkot (Raiya Road)

**પ્રાપ્તિસ્થાન** : શ્રી ત્રિલોકચંદજી જૈન
'ઓમ સિધ્ધિ',
૬, વૈશાલીનગર, રૈયા રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. (ગુજરાત)
મો. 098982 39961 | 98980 37996

EMAIL : agammanishi@org
www.agammanishi.org/ jainelibrary.org

**કોમ્પ્યુટરાઈઝ** : **અમીન આઝાદ, હિતેન ગાંધી**
**ફોર કલર ડિઝાઈન** : **હરીશભાઈ ટીલવા**
**પ્રિન્ટિંગ પ્રેસ** : **કિતાબઘર પ્રિન્ટરી**
**બાઈન્ડર** : **હબીબભાઈ, રાજકોટ**

## પ્રકાશકીય - સંપાદકીય

માનવ જીવનમાં અનેક ઉતાર–ચડાવ આવતા રહે છે. જે માનવી એમાં સંભાળી–સંભાળીને ચાલે તે જ શ્રેષ્ઠ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે, નહિતર ગમે ત્યારે ભટકી પડે છે. એવી સ્થિતિમાં આગમ જ્ઞાન પ્રકાશ જ સાચો માર્ગદર્શક થઈને હિતકારી બની શકે છે.

આપણી જ્ઞાન પ્રકાશનની શ્રેણીમાં વાંચકોને ૩૨ આગમ સારાંશ તથા ૩૨ આગમ પ્રશ્નોત્તર પછી હવે નવા અવસરે આગમિક નિબંધ સંગ્રહ પાંચ ભાગોમાં હસ્તગત કરાવવામાં આવશે જેમાં આગમ સારાંશ તથા પ્રશ્નોત્તરમાંથી જ ખાસ વિષયોને પસંદ કરી નિબંધના રૂપમાં રજુ કરવામાં આવશે.

આ નિબંધો– વાંચકો, લેખકો, માસિકપત્ર પ્રકાશકો તથા જીવન સુધારક જિજ્ઞાસુઓને ઉપયોગી, વિશેષ ઉપયોગી થઈ રહેશે. એવી શુભ ભાવનાથી આગમ જ્ઞાન સાગરને આ ત્રીજી નિબંધ શ્રેણીમાં તૈયાર કરવામાં આવેલ છે. હિન્દી ભાષામાં પ્રકાશિત કર્યા પછી હવે તેને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરી રહ્યા છીએ.

**(૧) સ્વાધ્યાય સંઘોની ભલામણથી – આગમ સારાંશ**

**(૨) આચાર્યશ્રી દેવેન્દ્રમુનિજી અને શ્રી પ્રકાશમુનિજી ની પ્રેરણાથી – આગમ પ્રશ્નોત્તર**

**(૩) નૂતનપત્રિકા સંપાદકની પ્રેરણાથી – આગમ નિબંધ**

આશા કરીએ કે આગમ જીજ્ઞાસુ આ ત્રીજા ઉપક્રમથી ચોક્કસ લાભ પ્રાપ્ત કરશે. આ નિબંધમાળાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ભાગ પ્રકાશિત થઈ ગયા છે.

નિબંધ માળાના ચોથા ભાગમાં ભગવતી સૂત્ર શતક–૧૨ થી આગળના બધા સૂત્રોમાંથી કેટલાક વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે.

વાંચકોને નિબંધ વાંચતાં જો સૂત્રસ્થળ જાણવાની આવશ્યકતા થાય તો અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે, ત્યાં જોઈ લેવા.

હિન્દી ભાષામાંથી ગુજરાતી ભાષાંતર કરવામાં **સાધ્વીશ્રી જિગીશા** એ વિશેષ જહેમત ઉઠાવી છે. તે બદલ હાર્દિક આભાર.

**–આગમ મનીષી ત્રિલોકચંદ જૈન**





## અનુક્રમણિકા


| નિબંધ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | વ્યક્તિ પ્રત્યે રંજભાવ : અભીચિકુમાર | ૯ |
| ૨. | લવસતમનો અર્થ | ૧૨ |
| ૩. | અંબડ સન્યાસીના ૧૦૦ ઘરોમાં પારણા | ૧૩ |
| ૪. | અવ્યાબાધ દેવ અને શક્રેન્દ્રની વિશિષ્ટ ક્ષમતા | ૧૩ |
| ૫. | જૃંભક દેવોના પ્રકાર અને તેમના નિવાસ | ૧૩ |
| ૬. | ગૌશાલકને સાચી સલાહ કેમ ન મળી ? | ૧૪ |
| ૭. | ઢોંગી, જુઠા, સ્વાર્થી લોકો કેટલા સિદ્ધાંત ઘડી દે | ૧૫ |
| ૮. | ભગવાનની તપસ્યા તથા વિચરણ | ૧૫ |
| ૯. | તપસ્યાનું ફળ અને તપસ્યા દ્વારા પ્રાયશ્ચિત્ત | ૧૭ |
| ૧૦. | સ્વપ્ન અને સ્વપ્ન ફળનું વિશ્લેષણ | ૧૮ |
| ૧૧. | ભવી દ્રવ્ય નારકી વગેરે કોણ ? | ૨૦ |
| ૧૨. | સોમિલ બ્રાહ્મણ અને તેના ભગવાન સાથેના પ્રશ્નોત્તર | ૨૦ |
| ૧૩. | મોક્ષ ફળદાયક ૪૯ બોલ કયા કહ્યા છે | ૨૨ |
| ૧૪. | શક્રેન્દ્રના વિશેષણ અને પૂર્વ ભવ | ૨૩ |
| ૧૫. | નિશ્ચયનય, વ્યવહારનયથી પદાર્થોની પ્રરૂપણા | ૨૩ |
| ૧૬. | મદ્દુક શ્રાવક દ્વારા અસ્તિકાયનો પ્રશ્ન | ૨૪ |
| ૧૭. | દેવોના પુણ્ય ક્ષય કરવામાં પરસ્પર તરતમતા | ૨૬ |
| ૧૮. | શ્રુત વિચ્છેદ વગેરે કોના, ક્યારે અને કેટલા ? | ૨૬ |
| ૧૯. | આકાશના પર્યાયવાચી | ૨૭ |
| ૨૦. | જંઘાચારણ અને વિદ્યાચારણ | ૨૭ |
| ૨૧. | સૌપક્રમી નિરુપક્રમી આયુષ્યનો અર્થ | ૩૦ |
| ૨૨. | લોકાલોકમાં શ્રેણીઓ : જીવાજીવની ગતિ | ૩૧ |
| ૨૩. | કાલની એકમો ક્યાં સુધી | ૩૪ |
| ૨૪. | જન્મ નપુંસકની મુક્તિ | ૩૪ |
| ૨૫. | વ્યવહાર રાશિ અવ્યવહાર રાશિ | ૩૫ |
| ૨૬. | સમ્યકદૃષ્ટિ અને લેશ્યામાં આયુબંધ | ૩૬ |
| ૨૭. | અચ્છેરા, સ્ત્રી તીર્થંકર અને દિગંબર વિચાર | ૩૬ |
| ૨૮. | આગમિક શ્રાવક અને સમુદ્રની યાત્રા | ૪૧ |
| ૨૯. | કારણથી રોકાયેલ સંત સાથે અન્ય સંતો | ૪૩ |
| ૩૦. | જ્ઞાતાસૂત્ર શૈલક અધ્યયન અને બે પ્રતિક્રમણ | ૪૩ |
| ૩૧. | અરણક શ્રાવક : મિથ્યાત્વની પ્રવૃત્તિઓ | ૪૪ |
| ૩૨. | અજ્ઞાની ભોળા જીવ : કર્મ બંધ | ૪૫ |

| | | |
|---|---|---|
| ૩૩. | દાનશાળામાં જૈન શ્રમણોની ગોચરી | ૪૫ |
| ૩૪. | વિરાધક સંયમ અને બીજા દેવલોક | ૪૬ |
| ૩૫. | દ્રૌપદી અને જિન પડિમાની પૂજા | ૪૬ |
| ૩૬. | મહાભારતનું યુદ્ધ અને જુગાર | ૪૭ |
| ૩૭. | વિગય સેવન, દવા સેવન અને સંયમ માર્ગ | ૪૮ |
| ૩૮. | શ્રાવકને જ્ઞાનની વૃદ્ધિ : યોગ્ય સુઝાવ | ૪૯ |
| ૩૯. | પાંચસો હલવા અને દિશાવ્રત | ૪૯ |
| ૪૦. | ભિક્ષુપડિમા અને ૧૧ અંગોનું જ્ઞાન | ૫૧ |
| ૪૧. | ગૌતમાદિ ૧૮ સગા ભાઈઓ નહીં | ૫૨ |
| ૪૨. | ૪૫ આગમ સંખ્યા અને અનિશ્ચતતા | ૫૬ |
| ૪૩. | સશરીરી સાધુનું સંપૂર્ણ અહિંસકપણું કેવી રીતે ? | ૫૮ |
| ૪૪. | ગામમાં એક અને નગરોમાં પાંચ રાત રહેવાનો મતલબ | ૬૦ |
| ૪૫. | કેવા શ્રમણો ચોર કહેવાય | ૬૦ |
| ૪૬. | સાધુને કંઈ પણ જોવા જવું કલ્પે | ૬૧ |
| ૪૭. | સુપાત્રદાનથી આયુબંધ સંબંધી વિચારણા | ૬૧ |
| ૪૮. | ગોચરી સમયે શ્રાવકનો વિનય વ્યવહાર | ૬૧ |
| ૪૯. | સંયમ સ્વીકારવાની સાથેજ અધ્યયન–અધ્યાપન | ૬૨ |
| ૫૦. | દેવી દેવતાની માન્યતા અને પૂજા | ૬૨ |
| ૫૧. | મૃત શરીરને પ્રણામ : મિથ્યાત્વ | ૬૩ |
| ૫૨. | સિદ્ધોનું સુખ સ્વરૂપ | ૬૫ |
| ૫૩. | પુહુત્ત–પૃથક્ત્વ–પ્રત્યેક–અનેકની વિચારણા | ૬૬ |
| ૫૪. | આએસેણં (અપેક્ષાથી) શબ્દ સંબંધી વિચારણા | ૬૮ |
| ૫૫. | એક સમયની જઘન્યસ્થિતિ ક્યાં કેમ ? | ૬૯ |
| ૫૬. | વ્યાખ્યાઓ–ટીકાઓમાં છદ્માસ્થિક દોષ | ૭૨ |
| ૫૭. | પાંચમા અને સાતમા ગુણસ્થાનકમાં યોગ | ૭૯ |
| ૫૮. | અઢી ઉદ્ધાર સાગરોપમનો અર્થ | ૮૦ |
| ૫૯. | દેવોનો ક્ષેત્રાનુપાત–અલ્પબહુત્વ વિચારણા | ૮૦ |
| ૬૦. | શ્વાસો શ્વાસનું કાલમાન અને અંતર | ૮૨ |
| ૬૧. | અસંખ્ય,અનંતકાળ કાયસ્થિતિ ક્યારે કેવી રીતે ? | ૮૪ |
| ૬૨. | આયોજીકરણ ક્રિયાનું સ્વરૂપ | ૮૫ |
| ૬૩. | સાત સમુદ્‌ઘાતનું સ્વરૂપ | ૮૫ |
| ૬૪. | યોગનિરોધનું સ્વરૂપ અને મુક્તિ | ૯૦ |
| ૬૫. | ભગવાન ૠષભદેવના લગ્ન | ૯૧ |
| ૬૬. | પાંચમા આરાના ૧૦ બોલ વિચ્છેદ | ૯૧ |







| | | |
|---|---|---|
| ૬૭. | ઉત્સર્પિણીનો પ્રારંભ | ૯૨ |
| ૬૮. | ચક્રવર્તીના ૧૪ રત્નોનું ઉત્પતિ સ્થાન | ૯૨ |
| ૬૯. | ચક્રવર્તીની સંપૂર્ણ સંપદા | ૯૩ |
| ૭૦. | સિદ્ધાયતન શબ્દની સાર્થકતા તેમજ સિદ્ધ શિલા | ૯૪ |
| ૭૧. | જ્યોતિષમંડલ સંબંધી જ્ઞાન | ૯૫ |
| ૭૨. | જંબૂદ્વીપમાં તીર્થંકરની સંખ્યા | ૯૮ |
| ૭૩. | જંબૂદ્વીપ ઊંચો, નીચો, ઊંડો વગેરે | ૯૯ |
| ૭૪. | સિદ્ધાયતનોની પ્રક્ષેપ પ્રવૃતિનું જ્વલંત ઉદાહરણ | ૯૯ |
| ૭૫. | સૂર્યપ્રજ્ઞપ્તિના પ્રથમ સૂત્રનો સાચો અર્થ | ૧૦૧ |
| ૭૬. | સૂર્યનાં મંડળોની સંખ્યા અને તેનું ભ્રમણ | ૧૦૨ |
| ૭૭. | સૂર્ય વર્ષનો પ્રારંભ દિવસ | ૧૦૩ |
| ૭૮. | બે સૂર્યોની દિવસ–રાત કરવાની વ્યવસ્થા | ૧૦૩ |
| ૭૯. | પોરષી છાયાનો મતલબ અને પાઠ શુદ્ધિ | ૧૦૪ |
| ૮૦. | તિથીઓની વધ–ઘટ | ૧૦૬ |
| ૮૧. | પ્રાભૃત ૧૮, ૧૯, ૨૦માં કહેલ વિશેષ તત્વ | ૧૦૬ |
| ૮૨. | સૂર્યોદયની તિથિ વડે પર્વો કેમ નહિ ? | ૧૧૧ |
| ૮૩. | ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રની વિચારણા | ૧૧૨ |
| ૮૪. | નક્ષત્ર સંબંધી જ્ઞાન ૧૨ દ્વારોથી | ૧૧૪ |
| ૮૫. | પ્રક્ષિપ્ત અપ્રક્ષિપ્ત પાઠ વિચારણા | ૧૧૬ |
| ૮૬. | ધ્યાન સંબંધી બહુ વિભાગી પરિજ્ઞાન | ૧૧૯ |
| ૮૭. | ગુણસ્થાન સ્વરૂપ | ૧૩૯ |
| ૮૮. | બે વખત પાત્ર પ્રતિલેખન | ૧૫૨ |
| ૮૯. | સોય આદિ ઉત્તરકરણના સૂત્રોનો મર્મ | ૧૫૭ |
| ૯૦. | ધાતુનાં ઉપકરણ ગ્રહણ–ધારણ સંવાદ | ૧૫૯ |
| ૯૧. | નિયાગ પિંડ : સંવાદ (નિત્ય ગોચરીની ચર્ચા) | ૧૬૩ |
| ૯૨. | આવશ્યક સંબંધી વિશેષ સંગ્રહણીય પાઠ | ૧૬૭ |
| ૯૩. | ત્રણ મનોરથનો વિસ્તાર | ૧૭૦ |
| ૯૪. | ચૌદ નિયમ(૨૫ નિયમ)નું સરળ જ્ઞાન | ૧૭૩ |
| ૯૫. | શ્રાવકના બાર વ્રતોને ધારણ કરવાની સ્પષ્ટ અને સરળ વિધિ | ૧૮૧ |
| ૯૬. | વ્રત ધારણ કરવાની સરળ સંક્ષિપ્ત વિધિ | ૧૯૨ |
| ૯૭. | વિવિધ પ્રશ્નોત્તરોનો સાર સંકલન | ૧૯૭ |
| ૯૮. | સામાયિક સૂત્ર પ્રશ્નોત્તર : પ્રાથમિક શ્રેણી | ૨૦૮ |
| ૯૯. | વંદના–કાઉસગ્ગ અને પૌષધના દોષ | ૨૧૯ |


ooooo

## નિબંધ – ૧

### વ્યક્તિ પ્રત્યે રંજભાવ : અભીચિકુમાર

કોઈ પણ એક કે અનેક વ્યક્તિ સાથે રાખવામાં આવેલ રંજભાવ, વૈમનસ્ય, અણગમો વ્યક્તિની ધર્મ આરાધનાને વિનષ્ટ–નિષ્ફળ બનાવે છે. કારણ કે એક વર્ષ ઉપરાંત પણ આ પ્રકારનું રાખવામાં આવેલ વૈમનસ્ય અનંતાનુબંધી કષાયમાં પરિવર્તિત થઈ જાય છે, જે મિથ્યાત્વ મૂલક હોય છે. આવા દીર્ઘ કષાય વાળાઓનું સમકિત નષ્ટ થઈ જાય છે. તેઓના કરવામાં આવેલા વ્રત, મહાવ્રત, સંલેખના-સંથારા આદિનું આચરણ પણ સફળ થતું નથી.

અભીચિકુમારના કથાનકથી પણ એ જ બોધ મળે છે. જૈન કહેવાતા અને પોતાને શ્રાવક, સાધુની કોટીમાં માનનાર અનેક સાધક પાખી, ચૌમાસી, સંવત્સરી કેટલીય વીતી જાય, માત્ર દેખાવ પૂરતા ખમત ખામણા કરી લે છે પરંતુ એક સંપ્રદાય-સંઘના સાધુ-શ્રાવક અન્ય સંઘ-સંપ્રદાયના સાધુ આદિ સાથેના વેરઝેર, મનદુઃખ, ઈર્ષ્યા-દ્વેષ, તિરસ્કારભાવને છોડતા નથી ઉલટા વધાર્યે જ જાય છે. આ જ રીતે કેટલા ય સંસારી લોકો પણ પોતાના ભાઇ, પરિવાર, પડોશી વગેરે સાથેના વેરઝેરને છોડીને સમન્વય કરતા જ નથી અને અન્ય લોકોથી અથવા પ્રતિક્રમણમાં જોર-જોરથી અને પત્રિકાઓના માધ્યમથી દેખાવ પૂરતા ખમત ખામણા કરે છે તથા પોતે શ્રાવક-સમ્યગ્દષ્ટિ અથવા સાધુ હોવાનો સંતોષ માને છે પરંતુ વાસ્તવમાં એવા સાધક પોતાના આત્માને અનંતાનુબંધી કષાયને વશીભૂત બનીને અને સાચા અર્થમાં મિથ્યાત્વ દશામાં અનુગમન કરીને છેતરે છે. એવા સાધકોમાં સમકિત પણ મૂળથી રહેતું નથી. **વાંચો– અભિચિકુમારનું જીવન....**

ઘટના એવી બની કે ઉદાયન રાજા ભગવાનના ઉપદેશથી વિરક્ત બન્યા. પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લેવાનો વિચાર ભગવાન સમક્ષ રાખીને ઘેર ગયા. પછી વિચાર આવ્યો કે 'પુત્ર પણ રાજ્યમાં ફસાઇ જાશે તો નરકગામી બનશે, એથી તેને રાજ્ય નહિ આપતાં ભાણેજ કેશિકુમાર, જે તેની પાસે જ મોટો થયો હતો, શિક્ષિત અને યોગ્ય બન્યો હતો, તેને રાજગાદી પર બેસાડવો જોઇએ.' આવા વિચાર દઢ થઇ જતાં ઉદાયને તેમજ કર્યું અને દીક્ષા લઇને, આરાધના કરીને મોક્ષ પણ ચાલ્યા ગયા.

તે સમયે તો પુત્ર અભિચિકુમાર શરમથી કંઇ બોલી શક્યો નહિ પરંતુ સમય જતાં તેને પિતાના આવા કૃત્ય પર ઘણો જ રંજભાવ વધવા લાગ્યો. તેને હવે





ત્યાં રહેવાનું પણ ભારે થઇ ગયું. આખરે પોતાના પરિવારને લઇને તે ચાલી નીકળ્યો અને રાજા કોણિકની પાસે ચંપાનગરીમાં આવીને રહેવા લાગ્યો. ત્યાં ભગવાન મહાવીરનું પદાર્પણ થતું જ હતું. તે વ્રતધારી શ્રમણોપાસક બન્યો. અનેક વર્ષ સુધી શ્રાવકવ્રત તથા તપ-ત્યાગ વધારીને અંતમાં વિધિ સહિત સંલેખના-સંથારો કર્યો. બાહ્યરૂપથી સર્વથી ખમત ખામણાની ઔપચારિકતા તો સંથારાની વિધિમાં, પચ્ચક્ખાણના પાઠમાં આવી જ જાય છે. શુદ્ધ ભાવોથી શારીરિક સમાધિ પૂર્વક સંથારો ૧૫ દિવસ ચાલ્યો.

આટલું સર્વ કંઇ કરવા છતાં પણ તે શ્રાવકે પોતાના પિતા દ્વારા કરવામાં આવેલ વ્યવહાર પ્રત્યે વૈમનસ્ય ભાવોને હૃદયમાંથી કાઢયા નહિ. શ્રાવકના કોઈ વ્રતમાં અથવા સંથારાના નિયમોમાં કોઈપણ દોષનું સેવન કર્યું નહિ, તોપણ તેની ગતિ મિથ્યાત્વીની ગતિ થઇ. એટલે કે તે મરીને આતાપા નામક અસુર જાતિના દેવોમાં ઉત્પન્ન થયો. તેની કરણી(ક્રિયા) અનુસાર તો વૈમાનિક દેવમાં જ તેની ગતિ થવી જોઇતી હતી પરંતુ પિતા પ્રત્યેના રંજભાવ-મનદુઃખને દૂર નહિ કરવાથી તેની સમસ્ત દેખાતી આરાધના વિરાધનારૂપ જ બની.

આથી ધર્મની આરાધનાના ઇચ્છુક સાધકે પોતાના મનમાં કોઈના પ્રત્યે પણ રંજભાવ(ડંખ) મનદુઃખ નહિ રાખતાં સરલ, સ્વચ્છ, નમ્ર વ્યવહાર બનાવી લેવો જોઇએ. પરંતુ જે સાધકો અન્યમનસ્કતા, અબોલા કાયમ રાખતાં વેર વિરોધ ભાવ વધારતા જ રહે, ભલે ચૌમાસી પ્રતિક્રમણ કરી લે કે સંવત્સરી પ્રતિક્રમણ; પોતાના મનના રાગદ્વેષનું વલણ જેમનું તેમ ચલાવે રાખે; એક સંપ્રદાયના શ્રાવક બીજા સંપ્રદાયના શ્રાવક, સાધુ, સંઘ આદિની ઈર્ષ્યા–અદેખાઇ વધારતા જાય તો તેઓના મિથ્યાત્વનો અંત આવી શકતો નથી. તેવા લોકોને સમકિત, શ્રાવકપણું અને સાધુપણું તો દુર્લભ જ સમજવું જોઇએ.

આ જ હેતુથી જિનશાસનમાં વ્રતશુદ્ધિ અને કષાય મુક્તિના હેતુથી સાધુઓને માટે ઉભયકાલ–સવાર સાંજ પ્રતિક્રમણ આવશ્યક રાખવામાં આવેલ છે અને વ્રતધારી શ્રાવકોને માટે પાક્ષિક–પાખી પ્રતિક્રમણ આવશ્યક છે તેમજ ધર્મી સામાન્ય શ્રાવકોને માટે સંવત્સરી પ્રતિક્રમણ આવશ્યક છે. આ ત્રણે પ્રકારના સાધકોને માટે કરાતું પ્રતિક્રમણ પૂર્ણ સાવધાની અને સફળ હેતુપૂર્વક થવું જોઇએ. અન્યથા પ્રતિક્રમણ તો યથાસમય કરી લે પરંતુ ભાવોની પવિત્રતા ન રહે અને કષાયોનું વલણ જેમનું તેમ આત્મામાં રાખે તો પ્રતિક્રમણનું સાચું ફળ મળી શકતું નથી અને સમકિત પણ રહી શકતું નથી.

સાધુના સંજ્વલન કષાયને ઠાણાંગ સૂત્રમાં પાણીની લીટીની ઉપમા આપવામાં આવી છે. તેનો કષાય સવાર સાંજના પ્રતિક્રમણથી આગળ ચાલી શકતો નથી અને ચલાવે તો સાધુપણું રહેતું નથી. શ્રાવકના કષાયને વેળુ–રેતીમાં લીટીની ઉપમા આપી છે. તે લીટી ૧૫ દિવસથી વધારે રહી શકતી નથી; હવાથી, લોકોના આવાગમનથી ભૂંસાઈ જાય છે, સમાપ્ત થઈ જાય છે. તે જ રીતે શ્રાવકનો કષાય–કોઈના પ્રત્યે રંજભાવ, વેર-વિરોધભાવ પાક્ષિક પ્રતિક્રમણથી આગળ ચાલી શકતો નથી. કોઈ ચલાવે તો તેનું ગુણસ્થાન છૂટી જાય છે. તે જ રીતે સમ્યગ્દષ્ટિનો કષાય, રંજભાવ આદિ સંવત્સરી પ્રતિક્રમણ પછી ચાલી શકતો નથી. જે લોકો વર્ષો સુધી પણ કોઈની સાથે રંજભાવ, વૈમનસ્ય, વેર-ઝેર છોડતા નથી; ધર્મ સંઘોમાં પણ એવા ઝગડા, વૈમનસ્ય ચાલતા રહે તો તેમાં સમાવિષ્ટ થનાર બધા સાધુ-સાધ્વીઓ અને ગૃહસ્થ પોતાના સમકિતથી, ચોથા ગુણસ્થાનથી ચ્યુત–ભ્રષ્ટ થઈ જાય છે. ભલે તે પોતાને કંઈ પણ સમજે અથવા સંતોષ માને પરંતુ આ કષાયના પરિણામવાળો સિદ્ધાંત તો પોતાનું કામ કરે જ છે. ભગવાન મહાવીર સ્વામીની હાજરીમાં, તેઓના ૧૨ વ્રતધારી શ્રાવક ૧૫ દિવસના સંથારામાં કાળ કરીને ધર્મમાં અનુત્તીર્ણ–નાપાસ થઈ જાય છે. આ વાત અભિચિકુમારના ભગ.શ. ૧૩ના આગમ વર્ણનથી સ્પષ્ટ થાય છે.

સાર એ જ છે કે સરલતા, નમ્રતા, ક્ષમા આદિ ગુણો ધર્મમાં મૌલિક ગુણ છે તેને ધારણ કરતાં કોઈના પ્રત્યે પણ વૈમનસ્ય થઈ જાય તો તેને જ્ઞાન, કર્મસિદ્ધાંત, વૈરાગ્ય તથા ઉપરોક્ત કથાનક વર્ણનને સ્મરણમાં લઈને પરિમાર્જિત કરીને શુદ્ધ પવિત્ર હૃદયી બની જવું જોઈએ. 'બધાને માફી આપતા રહો અને પોતાના હૃદયને સાફ રાખતા રહો.' એ જ જ્ઞાનનો અને સાધનાઓનો પરમ રસ છે, મુક્તિની સાધનામાં સફલ સહાયક બિંદુ–તત્ત્વ છે. મનમાં કોઈના પ્રત્યે ખટકો રાખ્યો તો પોતાની ધર્મ આરાધના અટકી જશે, થોભી જશે, એ ધ્રુવ–અટલ સત્ય છે.

**પ્રશ્ન–** અભિચિકુમાર વિરાધક થયો તોપણ દેવ બન્યો અને એક ભવ કરીને મોક્ષે કેવી રીતે જશે ?

**જવાબ :** ભણતરમાં એક છોકરો પાસ થાય છે, એક નાપાસ થાય છે; છતાં પણ નોકરી, વ્યાપારમાં કોઈ પણ આગળ વધી શકે છે પરંતુ પરીક્ષામાં નાપાસ થનાર નાપાસ જ કહેવાશે. અભિચિકુમારનો સંસાર સીમિત હતો, પાપાનુબંધી રૌદ્ર પરિણામ હતા નહિ, માયા-પ્રપંચના ભાવ હતા નહિ, એથી નરક, તિર્યંચ ગતિમાં ગયો નહિ. વ્રત-પ્રત્યાખ્યાન, સંથારો વગેરે શ્રેષ્ઠ સાધનાઓ હોવા છતાં પણ તે





ધર્મની પરીક્ષામાં નાપાસ થવાવાળી ગતિમાં ગયો, પાસ નહિ કહેવાયો.

**પ્રશ્ન–** તીર્થંકર ભગવાને અભિચિકુમારને શ્રાવક બનાવ્યા ત્યારે નાપાસ થવાની આ વાત ન સમજાવી ?

**જવાબ :** છદ્મસ્થોનો વ્યવહાર પુરુષાર્થ પ્રધાન હોય છે. સર્વજ્ઞોનો કે વિશિષ્ટ જ્ઞાનીઓનો વ્યવહાર જ્ઞાનપ્રધાન હોય છે. ભગવાને કોણિક-ચેડારાજાને કે બંને ઈન્દ્રોને પણ સંગ્રામ ન કરવા માટે આદેશ નહોતો આપ્યો. ગોશાલકને પણ શિષ્ય બનાવી પોતાની સાથે રાખ્યો હતો. જે સ્વયં પાછળથી ૨૪મો તીર્થંકર બની બેઠેલ ઈત્યાદિ કેટલીય ઘટનાઓ બનનાર બને છે, તેમાં જ્ઞાની ભગવંતો જ્ઞાતા દષ્ટાભાવ રાખે છે. તેઓ સાગરવર ગંભીરા હોય છે ત્યારે તેઓનું જ્ઞાન સ્થિર રહે છે. તેઓના આચરણમાં આપણા જેવા છદ્મસ્થોનો તર્ક કોઈ કામ આવતો નથી.

તેથી ઉદાયન રાજા અને અભિચિકુમારને ભગવાને કોઈ આદેશ-નિર્દેશ નહોતો આપ્યો.

## નિબંધ – ૨

### લવસતમનો અર્થ

જે દેવ પૂર્વભવમાં સાત લવ જેટલું આયુષ્ય વધારે હોત તો મોક્ષ ચાલ્યા જાત; એવા દેવોને શાસ્ત્રમાં લવસત્તમ દેવ કહ્યા છે. સર્વાર્થસિદ્ધ વિમાનના બધા દેવ લવસત્તમ દેવ કહેવાય છે. તેઓ બધા એક મનુષ્યભવ કરીને મોક્ષ જનાર હોય છે. એક લવ એક સેકંડથી મોટો અને એક મિનિટથી નાનો હોય છે. ૪૮ મિનિટ(એક મુહૂર્ત )માં ૭૭ લવ થાય છે. ૩૩ સાગરોપના આયુષ્યમાં ભોગવવા યોગ્ય પુણ્યાંશોનો તપ-સંયમથી ૭ લવમાં ક્ષય થઈ શકે છે. જેમ સાત પેઢી ચાલનાર ધનનો પ્રચંડ અગ્નિ દ્વારા અલ્પ સમયમાં નાશ થઈ શકે છે. તેમજ ૩૩ સાગર યોગ્ય પુણ્યકર્મ, ૭ લવ જેટલા અલ્પ સમયમાં ધ્યાન-તપની અગ્નિમાં ક્ષય થઈ જાય છે.

ચાર અનુત્તર વિમાનના દેવ લવસત્તમ હોતા નથી. તેઓની ૩૧ સાગરથી ૩૩ સાગરની સ્થિતિ પૂર્ણ થતા તેઓ એક ભવ કે ઉત્કૃષ્ટ ૧૩ ભવ કરીને મુક્ત થાય છે. તે ચારે ય અનુત્તર વિમાનના સમસ્ત દેવ જો પૂર્વભવમાં બે દિવસ આયુષ્ય વધારે હોત તો એક છઠની તપસ્યાથી સંપૂર્ણ કર્મ ક્ષય કરીને મોક્ષ ચાલ્યા જાત. સર્વાર્થસિદ્ધ અને ૪ અનુત્તર વિમાનના દેવોની પરસ્પર આ ભિન્નતા ૧૪મા શતકના સાતમા ઉદ્દેશકમાં દર્શાવી છે. આમ પાંચે ય અનુત્તર વિમાન કહેવાય છે. જ્યાં

સંપૂર્ણ લોકની અપેક્ષા સર્વોત્તમ, શ્રેષ્ઠ, શ્રેષ્ઠતમ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે. તેનાથી અધિક ઊંચા શબ્દાદિ વિષય અન્યત્ર ક્યાંય પણ હોતા નથી. એથી તેને અનુત્તર દેવ અને તેઓના સ્થાન અનુત્તર વિમાન કહેવાય છે.

## નિબંધ – ૩

## અંબડ સન્યાસીના ૧૦૦ ઘરોમાં પારણા

શ.–૧૪,ઉદ્દેશક–૭માં કોઈ સમયે અંબડનું સાતસો શિષ્યો સહિત ભગવાનની પાસે શ્રાવકવ્રત સ્વીકાર કરવાનું, ૭૦૦ શિષ્યોએ ગંગા નદીની રેતીમાં સંથારો કરવાનું, અંબડનું ૧૦૦ ઘરમાં વૈક્રિય લબ્ધિથી એક સાથે ભોજન કરવું વગેરેનું વિસ્તૃત વર્ણન હતું પરંતુ ઔપપાતિક સૂત્રની રચના થઈ જવાથી ત્યાં આ સમસ્ત વર્ણન હોવાથી અહીં આ ઉદ્દેશકમાં લેખનકાળમાં ઔપપાતિક સૂત્રનો નિર્દેશ–ઉલ્લેખ કરીને સંક્ષિપ્ત કરી દેવામાં આવ્યું છે. અંબડનો જીવ પાંચમા દેવલોક પછી મહાવિદેહ ક્ષેત્રમાં ચારિત્ર અંગીકાર કરીને મુક્ત થશે.

## નિબંધ - ૪

## અવ્યાબાધ દેવ અને શક્રેન્દ્રની વિશિષ્ટ ક્ષમતા

સાતમા લોકાંતિક દેવ અવ્યાબાધ દેવ છે. તે પોતાની દૈવિક શક્તિથી કોઈ વ્યક્તિની આંખોની પાંપણો પર ૩૨ નાટક બતાવી શકે છે. એમ કરવા છતાં પણ તે વ્યક્તિને જરા પણ અડચણ–પરેશાની થવા દેતા નથી.

શક્રેન્દ્ર પોતાની વૈક્રિય શક્તિથી કોઈ વ્યક્તિનો શિરચ્છેદ કરી, ચૂરેચૂરા કરીને કમંડલમાં ભરી શકે છે અને તત્કાલ ફરી જોડીને રાખી શકે છે. એવું બધું એટલી ઝડપથી અને કુશળતાથી કરે છે કે તે પુરુષને જરા પણ તકલીફ ન થવા દે. આ દૈવિક શક્તિ ક્ષમતા દર્શાવવામાં આવી છે. વર્તમાનમાં વૈજ્ઞાનિક સાધનોથી એવું ઘણું ઘણું થવા લાગ્યું છે પરંતુ તેમાં 'જરા પણ તકલીફ ન થાય' એવી વાત થતી નથી.

## નિબંધ – ૫

## જૃંભક દેવોના પ્રકાર અને તેમના નિવાસ

ચાર જાતિના દેવોમાં જૃંભક દેવોનો સમાવેશ વ્યંતર દેવોમાં થાય છે. તે દેવો ક્રીડામાં અને મૈથુન સેવન પ્રવૃત્તિમાં આસક્ત બન્યા રહે છે. તે તિરછા લોકના





વૈતાઢ્ય પર્વતો ઉપર રહે છે અને નીચે પણ આવતા રહે છે. તે જે માનવ પર પ્રસન્ન થઈ જાય તેને ધન વગેરેથી માલામાલ કરી દે છે અને જેના પર નારાજ થઈ જાય તેને ગમે તે પ્રકારે હાનિ પહોંચાડે છે. તેઓ એક પ્રકારના વ્યંતર જાતિના દેવ જ છે. ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોના વૈતાઢ્ય પર્વત પર અને દેવકુરૂ ઉત્તરકરુ ક્ષેત્રના કંચનગિરિ પર્વતો પર તથા ચિત્ર, વિચિત્ર, યમક નામના પર્વતો પર રહે છે. તેઓની એક પલ્યોપમની સ્થિતિ હોય છે.

તે દેવોનો મનુષ્યલોકના આહાર, પાણી, ફળ, ફૂલ વગેરે પર અધિકાર હોય છે. તેમાં હાનિ વૃદ્ધિ કરી શકે છે. તેઓના દશ નામથી જ તેઓના કાર્ય સ્પષ્ટ થાય છે, જેમ કે– (૧) અન્નજૃંભક (૨) પાનજૃંભક (૩) વસ્ત્રજૃંભક (૪) લયન(મકાન)જૃંભક (૫) શયનજૃંભક (૬) પુષ્પજૃંભક (૭) ફલજૃંભક (૮) ફલપુષ્પજૃંભક (૯) વિદ્યાજૃંભક (૧૦) અવ્યક્તજૃંભક. સામાન્ય રૂપે બધા પદાર્થો પર આધિપત્ય રાખનાર અવ્યક્ત જૃંભક દેવ હોય છે.

## નિબંધ – ૬

## ગૌશાલકને સાચી સલાહ કેમ ન મળી

ઘણું કરીને એક સરખા મિથ્યાત્વ અજ્ઞાનના ઉદયવાળાઓનો સમૂહ બની જાય છે. બધા પોતાના સમૂહની ખામીઓને નિભાવવાના માનસવાળા જ પ્રાયઃ હોય છે. કોઈક સત્યનિષ્ઠ પ્રકૃતિનો માનવી હોય તો તે એવા સંઘમાંથી નીકળી જાય છે. તેથી ગોશાલકને જે મનમાં ગમ્યું તે ચલાવ્યું, ખોટા નિરૂપણ કર્યા, કલ્પિત વાતો ચલાવી, હિંસાત્મક પ્રવૃત્તિઓ કરી, અનર્ગલ બકવાટ કર્યો અને ભગવાન પર બહુ ખીજાઈ ખીજાઈને તિરસ્કારાત્મક શબ્દ બોલીને ડરાવવા અને ધમકી આપવાના પ્રયત્નો કર્યા. માનવ જ્યારે બહુ ક્રૂર બની જાય છે ત્યારે કોઈ તેનો સામનો કરવા ઇચ્છતું નથી. પક્ષાગ્રહ વૃદ્ધિ અને મોહભાવ ઘૂસી જાય છે. તોપણ કોઈ વિરોધ કરતું નથી તથા પુણ્યોદયનું જોર હોય કે શક્તિનું જોર હોય, ત્યાં સુધી પણ વ્યક્તિ જે ચલાવે તે ચાલી જાય છે. તેવી જ હાલત ગોશાલકની બની હતી. તેના સમસ્ત અપપ્રચારનો અંત આવી ગયો હતો. તેથી જ એક નગરમાં ભગવાન અને ગોશાલકનો ભેગા થવાનો સંયોગ બન્યો.

ગૌતમ સ્વામીએ તો જેમ હંમેશા પ્રશ્ન પૂછતા હતા તેમ જ સ્વાભાવિક પ્રશ્ન પૂછયો હતો અને ભગવાન તો નિશ્ચયજ્ઞાની અને ત્રિકાળજ્ઞાની હતા. તેથી સ્વાભાવિક જ સમાધાન કર્યું. તેમાં ગોશાલકની ગુપ્તતા અને અસત્યતાનું

પ્રગટીકરણ થયું. એક શ્રાવક 'અયંપુલે' ગોશાલકને પોતાના ઉપાશ્રયમાં તેજો લેશ્યાથી પીડિત પાગલ જેવો વ્યવહાર કરતાં અને કેરી ખાતાં જોયો ત્યારે તેને કંઇ અજુગતું લાગ્યું. તે વંદન, દર્શન કર્યા વિના ઘરે પાછો જઇ રહ્યો હતો ત્યારે એક શ્રમણે તેને પોતાની પાસે બોલાવીને ફરી આકર્ષિત કર્યો અને શ્રદ્ધાન્વિત કરી ગોશાલકની પાસે મોકલ્યો, ગોશાલકે પણ અહીં તહીંની જૂઠી વાતો કરી તેને શ્રદ્ધાવાન બનાવ્યો. કોઈ કહે કે ન કહે, તેના મૃત્યુ પછી આપોઆપ બધી વાત સ્પષ્ટ થઇ ગઇ. હઠાગ્રહી અને દૂરાગ્રહી અભિનિવેશી પ્રકૃતિવાળાઓ સિવાય બાકી બધા ગોશાલકના શ્રાવક અને સાધુ તેમજ સંપૂર્ણ સંઘ વિખેરાઇ ગયો. ભગવાન મહાવીરે તો તેના પછી પણ ૧૬ વર્ષ કેવલપર્યાયમાં વિચરણ કર્યું અને અનેક હળુકર્મી જીવોએ પ્રભુ પાસેથી સન્માર્ગ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કર્યું.

## નિબંધ – ૭

## ઢોંગી, જુઠા, સ્વાર્થી લોકો કેટલા સિદ્ધાંત ઘડી દે ?

એક ઢોંગી વ્યક્તિ કેટલા કપટ, પ્રપંચ, સિદ્ધાંત, કલ્પનાઓ ઘડી શકે છે એ ગોશાલકના જીવનમાંથી અનુભવ કરવાને મળે છે. તેણે પોતાને છુપાવવાને માટે કેટલા શરીર પ્રવેશ, નામ, વર્ષ વગેરેની કલ્પનાઓ જોડી ૮ ચરમ, પાનક-અપાનકની કલ્પના કરી અને લોકોને આકર્ષિત કરવા માટે જૂઠો પ્રચાર કર્યો અને લગભગ જીવનમાં તેને સર્વત્ર સફળતા મળી. ભગવાનના જ્યાં ૨–૩ લાખ ઉપાસક હતા ત્યાં ગોશાલકને તીર્થંકર માનીને ઉપાસના કરનારાઓની સંખ્યા ૧૧ લાખ થઇ ચૂકી હતી. છતાં પણ ખોટો તો ખોટો જ રહે છે, પાપનો ઘડો એક દિવસ અવશ્ય ફૂટવાવાળો જ હોય છે. જ્યારે તેનું પાપ ચરમ સીમાએ પહોંચી ગયું. બે શ્રમણોની હત્યાના પાપથી ભારે બની ગયો તો સ્વયંની લેશ્યાથી જ મરાયો અને અંતે હારી ગયો, અસફળ બની ગયો, અનુત્તીર્ણ થઇ ગયો.

## નિબંધ – ૮

## ભગવાનની તપસ્યા તથા વિચરણ

આગમના આધારે ભગવાનના વિચરણ તથા તપસ્યા આ પ્રમાણે છે–

| | | |
|---|---|---|
| ભગવાનની દીક્ષા | ક્ષત્રિયકુંડ ગામમાં | આચારાંગ |
| પ્રથમ વિહાર વિશ્રામ | કુર્મારગામ | આચારાંગ |
| કેવલજ્ઞાન | જૃંભિકગામ નગર | આચારાંગ |





| | | |
|---|---|---|
| પ્રથમ ચોમાસું | આસ્થિકગામ | શતક–૧૫ |
| બીજું ચોમાસું | નાલંદા(રાજગૃહી) | શતક–૧૫ |
| બીજા ચોમાસાનો વિહાર | કોલ્લાક સન્નિવેશ | શતક–૧૫ |
| ગોશાલક શિષ્ય થયો | પ્રણીતભૂમિ (કોલ્લાકનગર બહાર) | શતક–૧૫ |
| આઠમા ચોમાસા પછી | સિદ્ધાર્થગામથી કૂર્મગામ વિચરણ | શતક–૧૫ |

**તપસ્યા–**

| સમય | તપ | પ્રમાણ |
|---|---|---|
| (૧) દીક્ષા સમય | છઠ | આચારાંગ |
| (૨) કેવલજ્ઞાન સમય | છઠ | આચારાંગ |
| (૩) પ્રથમ વર્ષ | ૧૫–૧૫ ની તપસ્યા | શતક–૧૫ |
| (૪) દ્વિતીય વર્ષ | માસખમણ નિરંતર | શતક–૧૫ |

આગમ તથા ગ્રંથોના આધારે અર્થાત્ બંનેનું સંકલન કરતાં ભગવાનના ૪૨ ચાતુર્માસ અને તપ આ પ્રમાણે છે– (૧) અસ્થિગ્રામ(મોરાકગ્રામ) (૨) નાલંદા (રાજગૃહી) (૩) ચંપાનગરી (૪) પૃષ્ટચંપા (૫) ભદ્દિલપુર (૬) ભદ્રિકાપુરી (૭) આલભિકા નગર (૮) રાજગૃહી (૯) અનાર્યક્ષેત્ર(વજ-શુભ્ર ભૂમિમાં) (૧૦) શ્રાવસ્તિ (૧૧) વિશાલા નગરી (૧૨) ચંપાનગરી. કેવલજ્ઞાન પછી પ્રભુએ ૨ ચોમાસા ચંપામાં, ૧૨ નાલંદા રાજગૃહીમાં, ૧૧ વિશાલામાં, ૪ મિથિલામાં, ૧ પાવાપુરીમાં = એ ૩૦+૧૨=૪૨ ચાતુર્માસ.

**ગ્રંથોના આધારે તપસ્યા–** છ માસી તપ–૧, પાંચ મહિના અને પચીસ દિવસ–એક, ચોમાસી તપ–૯, ત્રૈમાસિક તપ–૨, અઢીમહિના તપ–૨, દ્વિમાસી–૬, માસખમણ–૧૨, પંદર દિવસ–૭૨, છઠ–૨૨૯, અઠ્ઠમ–૧૨, ભદ્ર પ્રતિમા–ઉપવાસથી, મહાભદ્ર પ્રતિમા–ચાર ઉપવાસથી, સર્વતોભદ્ર પ્રતિમા– દસ ઉપવાસથી પૂર્ણ કરી.

આમાં આગમ કરતાં ગ્રંથોના વર્ણનનું સંકલન વધુ પ્રમાણમાં છે, જે ઉપર દર્શાવેલ સ્પષ્ટીકરણથી જાણી શકાય છે. તેમ છતાં આ સંકલનમાં કંઇ પણ આગમથી વિરોધી તત્ત્વ અવભાસતું નથી તે સ્પષ્ટ છે.

## નિબંધ – ૯

## તપસ્યાનું ફળ અને તપસ્યા દ્વારા પ્રાયશ્ચિત્ત

(૧) એક દિવસ અમનોજ્ઞ–નીરસ, રૂક્ષ આહાર કે વાસી અથવા ઉચ્છિષ્ટ આહાર કરનાર શ્રમણ જેટલા કર્મોનો ક્ષય કરે છે, નૈરયિક તેટલા કર્મોને અપાર દુઃખ ભોગવીને સો વર્ષમાં પણ ક્ષય કરી શકતા નથી. (૨) એક ઉપવાસ દ્વારા શ્રમણના જેટલા કર્મ ક્ષય થાય છે તેટલા કર્મ નૈરયિક હજાર વર્ષમાં પણ ક્ષય કરી શકતા નથી. (૩) એક છઠમાં શ્રમણ જેટલા કર્મ ક્ષય કરે છે, નૈરયિક લાખ વર્ષમાં પણ તેટલા કર્મ ક્ષય કરી શકતા નથી. (૪) એક અઠ્ઠમમાં શ્રમણ જેટલા કર્મ ક્ષય કરે નૈરયિક તેટલા કર્મ એક કરોડ વર્ષમાં પણ ક્ષય કરી શકતા નથી. (૫) એક ચોલામાં શ્રમણ જેટલા કર્મ ક્ષય કરે, નારકી તેટલા કર્મોને એક ક્રોડાક્રોડ વર્ષોમાં પણ ક્ષય કરી શકતા નથી.

અણ્ણગિલાય શબ્દથી અહીં ઉપવાસ પહેલાની તપસ્યા સૂચિત કરી છે તેથી આ શબ્દથી આયંબિલની કક્ષાનું તપ સમજવું યોગ્ય છે. રૂક્ષ, નીરસ, અમનોજ્ઞ, ઠંડો, વાસી, સામાન્ય આહાર આયંબિલની કોટીમાં આવે, તેવો હોય છે. શબ્દાર્થ કરવામાં કંઈક મતિભ્રમ પ્રચલિત છે, જે સમીક્ષા કરવાથી ઉપયુક્ત લાગતો નથી.

તપ અને નારકીના આ કર્મક્ષયની ભિન્નતાને દષ્ટાંત દ્વારા આ પ્રમાણે સમજાવવામાં આવેલ છે– (૧) વૃદ્ધ પુરુષ દ્વારા ચીકણી ગાંઠોવાળી લાકડી કાપવા સમાન નારકીના કર્મક્ષય મુશ્કેલીથી થાય છે. જુવાન પુરુષ દ્વારા ધારદાર કુહાડાથી સૂકી સામાન્ય લાકડી કાપવા સમાન તપથી અણગારના કર્મ સરલતાથી ક્ષય થાય છે. (૨) એરણ પર જોર જોરથી પ્રહાર કરવાથી પણ તેમાંથી બહુ ઓછા પુદ્ગલ વિશીર્ણ થાય છે તેમજ નારકીના કર્મ ગાઢ હોવાથી ઓછા ક્ષય થાય છે. (૩) જેમ સૂકું ઘાસ અગ્નિમાં નાખવાથી તુરત જ નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે અણગારના કર્મ તપથી શીઘ્ર ક્ષય થઈ જાય છે.

**પ્રાયશ્ચિત્તના ઉપવાસ–** પ્રસ્તુત આયંબિલ, ઉપવાસ, છઠ, અઠ્ઠમ,ચાર આદિથી થનાર લાભ એક બીજાથી ક્રમશઃ દશ ગણા, સો ગણા અને હજારગણા, લાખગણા અને કરોડગણા છે. એમાં ન્યૂનતમ વૃદ્ધિ દશ ગણી થાય છે. જેથી એક ઉપવાસથી છઠનો લાભ ઓછામાં ઓછો દસ ગણો અધિક થાય છે. તેને ચૌવિહાર ઉપવાસની અપેક્ષા સમજવામાં આવે તો તિવિહાર ઉપવાસનું અર્ધું ફળ માનીને પાંચ ગણો





લાભ ન્યૂનતમ રૂપથી પ્રત્યેક ઉપવાસ છઠ આદિનો સ્વીકારી શકાય છે. જેથી એક છઠ=પાંચ ઉપવાસ. અઠ્ઠમ=૫×૫=૨૫ ઉપવાસ. ચોલું =૫×૫×૫ =૧૨૫ ઉપવાસ. પંચોલું = ૫×૫×૫×૫=૬૨૫ ઉપવાસ. આ જ ગણિતથી દૈનિક સામાન્ય પ્રાયશ્ચિતના ઉપવાસ ઉતારવાની પરંપરા પ્રચલિત છે તથા તેને અનુરૂપ ઉપવાસ ઉપર એક પોરસી=બે ઉપવાસ, બે પોરસી=ત્રણ ઉપવાસ, ત્રણ પોરસી= ચાર ઉપવાસ અને ચાર પોરસી(છઠ) =પાંચ ઉપવાસ એવું ગણિત પણ માનવામાં આવ્યું છે. તદનુસાર છઠ=પાંચ ઉપવાસ, તેના પર ૧ પોરસી=૫+૫=૧૦ ઉપવાસ, બે પોરસી= ૧૦+૫=૧૫ ઉપવાસ. ત્રણ પોરસી=૧૫+૫=૨૦ ઉપવાસ. ૪ પોરસી(અઠ્ઠમ)=૨૫ ઉપવાસ માનવામાં આવે છે. આ જ ક્રમથી આગળ પણ સમજવું. જેમ કે અઠ્ઠમ પર પોરસી= ૨૫+૨૫=૫૦ઉપવાસ. ચોલા પર પોરસી= ૧૨૫+૧૨૫=૨૫૦ ઉપવાસ. પંચોલા પર પોરસી=૬૨૫+૬૨૫=૧૨૫૦ ઉપવાસ સ્વીકારવામાં આવે છે. પંચોલા પછી છ ઉપવાસના ૬૨૫×૫=૩૧૨૫ ઉપવાસ. સાત ઉપવાસના ૩૧૨૫×૫=૧૫૬૨૫ ઉપવાસ. અટ્ઠાઈના=૧૫૬૨૫×૫= ૭૮૧૨૫ ઉપવાસ. નવ ઉપવાસના=૭૮૧૨૫×૫=૩૯૦૬૨૫(ત્રણ લાખ નેવું હજાર છસો પચીસ) ઉપવાસ થાય છે.

## નિબંધ – ૧૦

## સ્વપ્ન અને સ્વપ્ન ફળનું વિશ્લેષણ

નિદ્રામાં(ગાઢ નિદ્રામાં)અથવા જાગૃત અવસ્થામાં સ્વપ્ન આવતા નથી, અર્ધજાગૃત અવસ્થામાં હળવી નિદ્રામાં સ્વપ્ન આવે છે.

નિદ્રા લેવી દ્રવ્ય નિદ્રા છે, અવિરતિભાવ ભાવનિદ્રા છે. ભાવનિદ્રાની અપેક્ષા ૨૨ દંડકના જીવ સુપ્ત કહ્યા છે. તિર્યંચ પંચેન્દ્રિય સુપ્ત-જાગૃત અને સુપ્ત બે પ્રકારના છે, મનુષ્ય સુપ્ત, જાગૃત અને સુપ્ત-જાગૃત એમ ત્રણે પ્રકારના છે.

સાધુ પણ સ્વપ્ન જુએ છે, તેઓ સત્ય સ્વપ્ન પણ જુએ છે, અસત્ય સ્વપ્ન પણ જુએ છે. સાચી ભાવ સાધુતામાં સત્ય સ્વપ્ન જ આવે છે અથવા તો નથી આવતા. અસત્ય સ્વપ્ન જોનારાને અસંવૃત કહ્યા છે અર્થાત તેને વિશેષ આશ્રવ ચાલુ રહે છે, તે પૂર્ણ સંવૃત નથી પરંતુ તેનો મતલબ કે તેને એકાંત અસંયમી નહિ સમજવા.

વિશિષ્ટ સ્વપ્ન ૪૨ પ્રકારના છે અને મહાસ્વપ્ન ૩૦ કહ્યા છે. ૩૦ મહાસ્વપ્નમાંથી કોઈ પણ ૧૪ સ્વપ્ન તીર્થંકર, ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે તેની

માતા જુએ છે. વાસુદેવની માતા સાત, બલદેવની માતા ચાર સ્વપ્ન જુએ છે. માંડલિક રાજાની માતા એક મહાસ્વપ્ન જુએ છે. એ માતાઓ સ્વપ્ન જોઈને જાગૃત થઈ જાય છે અને પછી સૂતી નથી, ધર્મ જાગરણ કરે છે. ભગવાન મહાવીર સ્વામીને અર્ધ નિદ્રાવસ્થામાં દશ સ્વપ્ન જોયા પછી ક્યારે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. કારણ કે કેવલજ્ઞાનના સમયે ભગવાન અપ્રમત્ત ભાવમાં અને વિશિષ્ટ આસનમાં હતા ત્યારે સ્વપ્ન ન આવે પરંતુ થોડાક સમય પહેલાં સ્વપ્ન જોયા હતા. છદ્મસ્થકાલમાં ભગવાન ક્વચિત્ સૂઈ પણ જતા હતા– ***આચારાંગ સૂત્ર અધ્યયન–૯.***

**દશ સ્વપ્ન અને પરિણામ–** (૧) પિશાચને પરાજિત કર્યો–મોહકર્મ ક્ષય (૨) સફેદ નર કોયલ–શુક્લધ્યાન (૩) વિચિત્ર પાંખવાળો નર કોયલ– દ્વાદશાંગ પ્રરૂપણ (૪) સ્વર્ણ રત્નમય માલાદ્વય–દ્વિવિધ ધર્મ પ્રરૂપણ (૫) શ્વેત ગૌવર્ગ–ચતુર્વિધ સંઘ રચના (૬) મહાપદ્મ સરોવર–ચાર જાતિના દેવોનું પ્રરૂપણ (૭) મહાસાગર હાથથી તરવો–સંસાર સાગર તરવો (૮) સૂર્ય–કેવલજ્ઞાન પ્રાપ્તિ (૯) મેરુપર્વતને આંતરડાથી પરિવેષ્ટન–સંપૂર્ણ લોકમાં યશ-કીર્તિ પ્રસરવી (૧૦) મેરુ ચૂલિકા પર સિંહસન પર બેસવું–પર્ષદામાં ઉપદેશ દેવો.

**અન્ય સ્વપ્ન અને ફલ વિજ્ઞાન–** (૧) સૂતેલ વ્યક્તિ હાથી, ઘોડા અથવા બળદના સમૂહને જુએ અને તેના પર ચડે છે, ચડીને પોતાને બેઠેલો જુએ છે, પછી જાગી જાય છે. તે એ જ ભવમાં મોક્ષ જાય છે. *(જે સૂતેલ જ રહી જાય તો તેને આ ફળ મળતું નથી, એવું બધા સ્વપ્નોમાં સમજી લેવું જોઈએ.)* (૨) જે વ્યક્તિ સ્વપ્નમાં મહાસમુદ્રમાં પૂર્વથી પશ્ચિમ ફેલાએલ દોરીને જોઈને પોતાના હાથમાં સમેટી લે છે, એકઠી કરી લે છે. (૩) લોકાંતને પૂર્વ પશ્ચિમ સ્પર્શ કરેલી દોરીને કાપે. (૪) કાળા કે સફેદ સૂતરના ગૂંચવાયેલ ગુચ્છાને ઉકેલે, મેં સુલટાવી દીધું એવું માને. (૫) સોના, ચાંદી, વજ્ર અથવા રત્નના ઢગલાને દેખે અને તેના પર ચઢી જાય. (૬) ઘાસ-કચરાના ઢગલાને જુએ અને તેને વિખેરી દે. (૭) સરસ્તંભ, વીરણ સ્તંભ, વંશસ્તંભ, વલ્લિસ્તંભ(થડ)ને જોઈને ઉખેડી ફેંકે. (૮) ક્ષીરકુંભ, ઘૃતકુંભ, દધિકુંભને જુએ અને ઉપાડે. (૯) પુષ્પયુક્ત પદ્મ સરોવરમાં ઉતરે. (૧૦) મહાસાગરને જુએ અને તેને તરીને પાર ઉતરે. (૧૧) રત્નોના ભવન દેખે અને તેમાં પ્રવેશ કરે. (૧૨) રત્નોના વિમાન જુએ અને તેના ઉપર ચડી જાય. આ પ્રકારના સ્વપ્નયુક્ત પોતાને જુએ અને જાગી જાય, ઉઠી જાય તે વ્યક્તિ તે જ ભવમાં મોક્ષ જાય છે.





**૧.** તેલ, મદિરા, ચરબીના કુંભ જુએ અને ફોડી નાખે, **૨.** લોઢા, તાંબા, કથીર, કાચના ઢગલાને જુએ અને તેના ઉપર ચડે. એ બે સ્વપ્ન દેખનાર એક દેવનો અને એક મનુષ્યનો ભવ કરીને મોક્ષ જાય છે. સ્વપ્ન જોઈને જાગી જાય અને ફરી સૂવે નહિ તો જ એ ફળ મળે છે, ફરી સૂઈ જનારને એ ફળ મળતું નથી.

## નિબંધ – ૧૧

## ભવી દ્રવ્ય નારકી વગેરે કોણ

ભાવી નારકીનું આયુષ્ય બાંધેલ જીવ, ભવી દ્રવ્ય નારકી કહેવાય છે. તે જ પ્રમાણે ભાવી તિર્યંચ, મનુષ્ય અને દેવનું આયુષ્ય બાંધેલ જીવ, ભવીદ્રવ્ય તિર્યંચ, ભવીદ્રવ્ય મનુષ્ય અને ભવીદ્રવ્ય દેવ કહેવાય છે. ભવીદ્રવ્ય નારકી આદિની આગત અને ઉંમર જુઓ–

| નામ | ભવી દ્રવ્ય | સ્થિતિ | |
|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ભવી દ્રવ્ય નારકી | સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય | અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ |
| ભવી દ્રવ્ય દેવ | સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| ભવી દ્રવ્ય, પૃથ્વી પાણી વનસ્પતિ | ૨૩ દંડક | અંતર્મુહૂર્ત | સાધિક બે સાગર |
| ભવી દ્રવ્ય, તેઉ વાયુ વિકલેન્દ્રિય | ૧૦ દંડક | અંતર્મુહૂર્ત | કરોડ પૂર્વ |
| ભવી દ્રવ્ય તિર્યંચ પંચેન્દ્રિય | ૨૪ દંડક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર |
| ભવી દ્રવ્ય મનુષ્ય | ૨૨ દંડક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર |

## નિબંધ – ૧૨

## સોમિલ બ્રાહ્મણ અને તેના ભગવાન સાથેના પ્રશ્નોત્તર

વાણિજ્યગ્રામ નામના નગરમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ચાર વેદ આદિ બ્રાહ્મણ મતના સિદ્ધાંતોમાં નિષ્ણાત હતો. તેને ૫૦૦ શિષ્ય હતા. તે ધન કુટુંબથી સંપન્ન હતો, સુખપૂર્વક કુટુંબનું સ્વામિત્વ નિર્વાહ કરતો છતાં

રહેતો હતો. એકવાર તેણે જાણ્યું કે ભગવાન મહાવીર સ્વામી નગરીની બહાર દ્યુતિપલાસ ઉદ્યાનમાં પધારેલ છે. ત્યારે તેને એવો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે હું પણ જાઉં અને કેટલાક પ્રશ્ન પૂછું, જો તેઓ મારા પ્રશ્નોના ઉત્તર આપી શકશે તો હું તેઓને વંદન નમસ્કાર કરીને પર્યુપાસના કરીશ. જો ઉત્તર નહિ આપી શકે તો હું તે પ્રશ્નો દ્વારા તેમને નિરુત્તર કરીશ. તદનુસાર તે ઉદ્યાનમાં પહોંચ્યો અને પ્રશ્ન પ્રારંભ કર્યા.

**સોમિલ**– હે ભંતે ! આપને યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર છે ?

**ભગવાન**– હે સોમિલ ! તપ, સંયમ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાન આદિ યોગ, યતના પ્રવૃત્તિ અમારી યાત્રા(સંયમયાત્રા) છે. પાંચ ઈન્દ્રિય અને કષાયને વિવેકપૂર્વક સ્વવશમાં નિયંત્રણમાં રાખવાનું એ અમારો યાપનીય છે. વાત, પિત્ત, કફજન્ય શારીરિક રોગ આતંક મારા ઉપશાંત છે એ મારું અવ્યાબાધ(સુખ) છે. આરામ, ઉદ્યાન, સભા, પ્યાઉ, દેવસ્થાન આદિ સ્ત્રી, પશુ, પંડક રહિત સ્થાનોમાં શય્યા સંસ્તારક ગ્રહણ કરી રહેવું એ અમારો પ્રાસુક વિહાર છે.

**સોમિલ**–સરિસવ ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? ભગવાન– સોમિલ ! સરિસવ ભક્ષ્ય પણ છે અભક્ષ્ય પણ છે. બ્રાહ્મણ મતમાં સરિસવ બે પ્રકારના કહ્યા છે– (૧) મિત્ર સરિસવ(સરખા) (૨) ધાન્ય સરિસવ (સરસો) સાથે જન્મ્યા, સાથે રમ્યા અને સાથે મોટા થયા, તેવા સરખા મિત્ર રૂપ સરિસવ અભક્ષ્ય હોય છે. ધાન્ય સરિસવ (સરસવ)અચિત્ત હોય, એષણા નિયમોથી યુક્ત હોય, યાચિત હોય અને પ્રાપ્ત હોય તો શ્રમણ નિર્ગ્રંથોને માટે ભક્ષ્ય(ખાવા યોગ્ય) છે પરંતુ જો સચિત્ત હોય, અનેષણીય હોય, અયાચિત અથવા અપ્રાપ્ત હોય તે સરિસવ ધાન(સરસવ) અભક્ષ્ય–શ્રમણ નિર્ગ્રંથોને ખાવા માટે અયોગ્ય છે.

**સોમિલ**– માસ ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? **ભગવાન**– બ્રાહ્મણ મતમાં માસ બે પ્રકારના કહ્યા છે. તેમાંથી શ્રાવણ આદિ અષાઢ પર્યંત માસ અભક્ષ્ય છે. સોના-ચાંદીના માપ કરવાના માસ અભક્ષ્ય છે. ધાન્ય માસ(અડદ)અચિત્ત, એષણીય, યાચિત્ત, પ્રદત્ત હોય તો શ્રમણોને ભક્ષ્ય છે અને સચિત્ત, અનેષણીય, અયાચિત, અપ્રાપ્ત હોય તો અભક્ષ્ય છે.

**સોમિલ**– કુલત્થા અભક્ષ્ય છે કે ભક્ષ્ય ? ભગવાન– બ્રાહ્મણ મતમાં કુલત્થા બે પ્રકારના કહ્યા છે. તેમાંથી કુળવાન સ્ત્રી કુલત્થા છે તે અભક્ષ્ય છે. ધાન્ય કુલત્થા જો અચિત્ત, એષણીય, યાચિત અને પ્રદત્ત છે તો શ્રમણોને માટે ભક્ષ્ય છે અન્યથા





અભક્ષ્ય હોય છે. વિવેકપૂર્ણ યથાર્થ ઉત્તર સાંભળીને સોમિલ નમી ગયો, બોધ પ્રાપ્ત કરીને તેણે ૧૨ શ્રાવકવ્રત સ્વીકાર્યા. અનેક વર્ષ વ્રત આરાધન કરી સદ્ગતિ પ્રાપ્ત કરી અને એક ભવાવતારી બન્યો. મહાવિદેહથી મોક્ષ જશે.

**નોંધ**– સોમિલના પ્રશ્ન જિજ્ઞાસાના નહિ પરંતુ પરીક્ષા મૂલક હતા.

આગમોમાં અનેક જગ્યાએ સોમિલ બ્રાહ્મણ નામ આવે છે, તે બધા ભિન્ન ભિન્ન છે. અંતગડનો સોમિલ અલગ છે, તે બાવીસમા ભગવાનના સમયમાં થયો. તે નરકમાં ગયો. નિરયાવલિકાનો સોમિલ અલગ છે, તે ૨૩ મા ભગવાનના સમયમાં થયો, વિરાધક બની શુક્ર ગ્રહ દેવ બન્યો, એક ભવ કરીને મોક્ષ જશે. પ્રસ્તુત ભગવતીગત સોમિલ ૨૪મા ભગવાનના સમયે થયો. તે શ્રાવકપણાનો આરાધક થઈ પ્રથમ દેવલોકમાં ગયો અને એક ભવ કરીને મોક્ષ જશે.

## નિબંધ – ૧૩

### મોક્ષ ફળદાયક ૪૯ બોલ કયા કયા કહ્યા છે

સંવેગ આદિ ૪૯ બોલોનું અંતિમ ફળ મોક્ષ રૂપે કહેવામાં આવ્યું છે અર્થાત્ એ બધા ગુણ મોક્ષ સાધનામાં સહાયક અને ગતિ આપનાર એટલે પ્રગતિ કરાવનાર છે. સાધકે સાધનાકાળમાં તે ગુણોની વૃદ્ધિ અને સંરક્ષણ કરતા રહેવું જોઈએ. જેમ કે– (૧) સંવેગવૈરાગ્ય ભાવ (૨) નિર્વેદ–ત્યાગ ભાવ (૩) ગુરુ આદિની સેવા (૪) સ્વ આલોચના (૫) સ્વ દોષ નિંદા (૬) સ્વ દોષ ગર્હા (૭) ક્ષમાપના ભાવ (૮) સુખશાતા અનુત્સુકતા– ઉતાવળ રહિતતા, શાંતભાવથી પ્રવર્તન (૯) ઉપશાંતતા(સુખશાતામાં શારીરિક પ્રવૃત્તિઓમાં શાંતિ હોય છે.) ઉપશાંતતામાં માનસિક પ્રવર્તનમાં શાંતિ અને ગંભીરતા હોય છે. (૧૦) ભાવ અપ્રતિબદ્ધતા– અનાસક્તિ ભાવ (૧૧) પાપની પૂર્ણ નિવૃત્તિ–અક્રિયતા (૧૨) વિવિક્ત શય્યા સેવન(૧૩–૧૭) પાંચ ઈન્દ્રિય સંવર (૧૮–૨૩) યોગ, શરીર, કષાય, સાધુ-સાધુ પરસ્પર સહાય–સંભોગ, ઉપધિ અને ભક્ત આ છ નું પ્રત્યાખ્યાન (૨૪) ક્ષમા (૨૫) વીતરાગ ભાવ (૨૬–૨૮) ભાવોની, કરણની અને યોગની સત્યતા (૨૯–૩૧) મન, વચન, કાયાનું સમ્યક અવધારણ(વશમાં રાખવું) (૩૨–૪૪) ક્રોધાદિ ૧૩ પાપનો ત્યાગ (૪૫–૪૭) જ્ઞાન, દર્શન, ચારિત્રથી સંપન્ન થવું (૪૮) રોગાદિની વેદના સહિષ્ણુતા (૪૯) મારણાંતિક કષ્ટ ઉપસર્ગમાં સહિષ્ણુતા.

## નબંધ – ૧૪

## શક્રેન્દ્રના વિશેષણ અને પૂર્વ ભવ

શક્રેન્દ્રના ૬ વિશેષણ આ પ્રમાણે છે– (૧) મઘવં– મહામેઘ જેના વશમાં હોય છે અર્થાત્ મહાવૃષ્ટિ આદિનો આદેશ શક્રેન્દ્રથી પ્રારંભ થાય છે અને અંતમાં વૃષ્ટિ કરનાર દેવ આદેશ પ્રાપ્ત કરીને યથાસ્થાન વૃષ્ટિ કરે છે. (૨) પાકશાસન– પૂર્વ ભવમાં પાક નામક શત્રુને શિક્ષા આપી પરાસ્ત કરનાર. (૩) શતકર્તુ– પૂર્વ ભવમાં શ્રાવકની પાંચમી પ્રતિમાની સો વાર આરાધના કરી હતી. (૪) સહસ્રાક્ષ– શક્રેન્દ્રના ૫૦૦ મંત્રી છે, તેની સૂઝબૂઝ શક્રેન્દ્રને કામ આવે છે. અથવા પૂર્વમાં ૧૦૦૮ સાથી શ્રેષ્ઠીઓએ સાથે દીક્ષા લીધી હતી. તેઓ અહીં દેવલોકમાં સાથે છે, તેમાં આઠ સંખ્યાને ગૌણ કરીને હજાર સાથીથી હજાર ચક્ષુ–આંખોવાળા કહેવાય છે. (૫) વજ્રપાણી– હાથમાં વજ્ર રત્ન છે જેને તે. શક્રેન્દ્રનું મુખ્ય શસ્ત્ર વજ્ર છે, જે સ્મરણ માત્રથી તેના હાથમાં ઉપસ્થિત થઈ જાય છે. (૬) પુરંદર– પુર નામના શત્રુનું વિદારણ કરનાર અથવા અસુર કુમાર આદિના નગરોનો વિનાશ કરી શકનાર. શક્રેન્દ્રના આ વિશેષણ તેના વર્ણનમાં ક્યાંક સંક્ષિપ્ત પાઠમાં સમાવિષ્ટ થઈ જાય છે, ક્યાંક સ્પષ્ટ પણ મળે છે.

**પ્રશ્ન**– શક્રેન્દ્ર પ્રથમ દેવલોકના ઈન્દ્ર ક્યારે કેવી રીતે બન્યા હતા ?

**જવાબ:** વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના શાસનમાં પહેલાં કાર્તિક શેઠે શ્રાવકના વ્રતોનું પાલન કર્યું હતું પછી તે જ ભગવાનની પાસે ૧૦૦૮ શ્રેષ્ઠી– સાથીઓ સહિત દીક્ષા લીધી હતી. ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. કુલ ૧૨ વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કરીને એક મહિનાના સંથારાથી આરાધક બનીને પ્રથમ દેવલોકમાં ઈન્દ્રના સ્થાને શક્રેન્દ્રાવતંશક વિમાનમાં ઉત્પન્ન થયા હતા. તેના પછી ચાર( ૨૧ થી ૨૪ મા) તીર્થંકરોની સેવાનો સમય સમય પર લાભ લીધો છે. આગળ પણ બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી ઉત્સર્પિણી કાલના ભાવી પ્રથમ તીર્થંકર પદ્મનાભ અને અન્ય અનેક તીર્થંકરોની સેવાનો લાભ પ્રાપ્ત કરશે. પછી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય બનીને સિદ્ધ-મુક્ત થશે. આમ શક્રેન્દ્ર પૂર્વ ભવમાં પણ ધર્મનિષ્ઠ શ્રાવક અને શ્રમણ હતા અને અત્યારે સમ્યગ્દષ્ટિ છે.

## નિબંધ – ૧૫

## નિશ્ચયનય, વ્યવહારનયથી પદાર્થોની પ્રરૂપણા

ગોળ-સાકર આદિમાં વ્યવહારથી એક મધુર રસ છે, નિશ્ચયથી સૂક્ષ્મ





દષ્ટિએ બાદર અનંતપ્રદેશી સ્કંધ હોવાથી ગોળ-સાકરમાં પાંચેય રસ હોય છે અને વર્ણાદિ ૨૦(વીસે ય) બોલ (૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શ) મળે છે. તેમજ ગોળ વર્ણથી પીળો અને ગંધથી સુગંધવાળો–સુગંધી હોય છે તથાપિ તેમાં અનંતપ્રદેશી હોવાથી બધા વર્ણ, ગંધ, રસ આદિ હોય છે.

આ જ રીતે જોવામાં અને અનુભવમાં આવનાર બધી વસ્તુઓમાં વ્યવહાર નયથી અથવા મુખ્યતાએ ૧–૧ વર્ણાદિ અને નિશ્ચય નયથી બધા વર્ણાદિ છે એવું સમજવું જોઈએ. જેમ હળદર પીળી છે, કાગડો કાળો છે, શંખ સફેદ છે, લીમડો કડવો છે, મયૂરકંઠ નીલો છે ઈત્યાદિ. રાખ, વ્યવહારથી રૂક્ષ છે છતાં પણ તેમાં આઠે ય સ્પર્શ છે.

## નિબંધ – ૧૬

## મદ્રુક શ્રાવક દ્વારા અસ્તિકાયનો પ્રશ્ન

રાજગૃહી નગરીની બહાર ગુણશીલ ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા. મદ્રુક શ્રાવક દર્શન કરવા માટે ઘરથી પગે ચાલતા નીકળ્યા. વચમાં અન્યતીર્થિકોના નિવાસ સ્થાન આશ્રમની પાસે થઈને જઈ રહ્યા હતા. ત્યારે કેટલાક સંન્યાસી તેની પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે તમારા ભગવાન પંચાસ્તિકાય બતાવે છે, તમે તેને જાણતા, દેખતા હો તો અમને પણ બતાવો કે તે ક્યાં છે ? કેવા છે ? અમે પણ જોઈએ.

**પ્રત્યક્ષ જોવાનો તર્ક અને સમાધાન**– મદ્રુકે કહ્યું– કેટલીક વસ્તુઓના કાર્યથી જ તેનું અસ્તિત્વ જાણી તથા જોઈ શકાય છે. બધી વસ્તુઓ પ્રત્યક્ષ જોઈ શકાતી નથી. અન્યતીર્થિક સંન્યાસી આક્ષેપ પૂર્વક કહેવા લાગ્યા કે અરે ! તમે પણ કેવા શ્રાવક છો કે જાણતા નથી, દેખતા નથી, છતાં પણ માનો છો ?

મદ્રુક શ્રાવકે જવાબમાં અનેક પ્રશ્ન ઉપસ્થિત કરી દીધા– (૧) વાયુકાય ચાલે છે તેને તમે જુઓ છો ? સુગંધ આવી રહી છે તેને જુઓ છો ? મારા શબ્દ સાંભળી રહ્યા છો તેને જુઓ છો ? અરણિ કાષ્ટમાં અગ્નિ છે તેને જુઓ છો ? સમુદ્રને પેલે પાર પણ પદાર્થ છે, તેને જુઓ છો ? દેવલોક પણ છે તેને દેખો છો ? બધા પ્રશ્નોના ઉત્તર નિશ્ચિત છે કે–નથી દેખતા.

મદ્રુકે તેઓને સમજાવ્યું કે હે આયુષ્યમન્ ! એમ કરશો તો લોકના કેટલાય પદાર્થોનો અભાવ થઈ જશે અર્થાત્ તે બધાનો નિષેધ કરવો પડશે. તેથી કોઈ વસ્તુને હું, તમે અથવા છદ્મસ્થ મનુષ્ય જોઈ-દેખી શકતા નથી છતાં પણ તેના ગુણ,

ધર્મ, કાર્યથી તે પદાર્થના અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ. આ પ્રમાણે અન્યતીર્થિકોના આક્ષેપનું સમાધાન કરી તેઓને નિરુત્તર કર્યા અને ભગવાનની સેવામાં પહોંચ્યા, વંદન, નમસ્કાર કરી પર્યુપાસના કરવા લાગ્યા.

**સિદ્ધાંતનું જ્ઞાન આવશ્યક–** ભગવાને પરિષદ સમક્ષ તેના સાચા ઉત્તરો આપવાની પ્રશંસા કરી અને કહ્યું કે જે જાણ્યા વિના અજ્ઞાનવશ અસત્ય પ્રરૂપણ આદિ કરે છે, તેઓ કેવલજ્ઞાનીની અને ધર્મની આશાતના કરે છે. **તાત્પર્ય એ છે કે શ્રમણ હોય કે શ્રમણોપાસક, તેણે યથાસમય પોતાના ધર્મ સિદ્ધાંતોનું જ્ઞાન અને તેના અર્થ, પરમાર્થ, હેતુ, પ્રશ્ન, ઉત્તર સહિત પ્રાપ્ત કરવું જોઈએ. પોતાને મળેલા સમયનો સદુપયોગ કરીને શાસ્ત્રાભ્યાસમાં સમય અવશ્ય આપવો જોઈએ.**

શાસ્ત્ર અભ્યાસ નહિ વધારનાર પોતાના ધર્મની સ્થિરતાનો પૂર્ણ રક્ષક પણ બની શકતો નથી અને સમય સમય પર તે સિદ્ધાંત વિપરીત પ્રરૂપણ, ચિંતન કરનાર પણ બની શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનના ૧૯મા પ્રશ્ન–ઉત્તરમાં પણ આ જ ભાવ બતાવ્યા છે અને પ્રસ્તુત પ્રકરણ શ. ૧૮/૭માં ભગવાને મદ્રુકની પ્રશંસા પછી આ જ ભાવ પ્રગટ કર્યા છે.

**મદ્રુક શ્રાવકનું ભવિષ્ય–** ગૌતમ સ્વામીએ પૂછતાં ભગવાને કહ્યું કે આ મદ્રુક શ્રાવક શ્રાવકપર્યાયની આરાધના કરીને પ્રથમ દેવલોકના અરુણાભ વિમાનમાં ઉત્પન્ન થશે, ત્યાંથી તે મહાવિદેહક્ષેત્રમાં એક ભવ કરીને મુક્ત થશે.

**પ્રશ્ન–** અન્યતીર્થિકોએ રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામી સાથે આક્ષેપાત્મક ચર્ચા શું કરી ?

**જવાબઃ** રાજગૃહી નગરીમાં ભગવાનના રોકાવાનું સ્થાન અને અન્યતીર્થિકોના રહેવાનું સ્થાન નજીકમાં જ હતું. અન્યતીર્થિકોના આશ્રમની પાસેથી શ્રમણોનો શહેરમાં ગોચરી વગેરે માટે જવાનો રસ્તો પડતો હતો. તેથી અન્યતીર્થિક શ્રમણ ક્યારેક રસ્તામાં જ રોકીને પ્રશ્ન ચર્ચા કરતા, ક્યારેક સંયોગ ન મળે તો સ્થાન પર આવીને પણ ચર્ચા કરતા હતા. પ્રસ્તુત ઉદ્દેશક–૮માં સંતોના સ્થાન પર આવીને ગૌતમ સ્વામી સાથે આક્ષેપાત્મક ચર્ચા શરૂ કરી હતી. જેનો સાર એ છે કે– (૧) જે પણ શ્રમણ હોય છે તેઓ જોઈને વિશેષ સાવધાનીપૂર્વક ગમનાગમન કરે છે. તેથી તેઓ સંયત વિરત અને પંડિત છે અને અન્યતીર્થિક લોકો જોયા વિના અથવા ધ્યાન વિના ગમનાગમન આદિ ક્રિયાઓ કરે છે. તેથી તેઓ સ્વયં અસંયત, અવિરત અને બાલ હોય છે. આ પ્રમાણે શ્રમણો પર કરવામાં આવેલ આક્ષેપ ગૌતમસ્વામીએ પુનઃ તેઓના ઉપર છોડી દીધો; તેઓ નિરુત્તર બનીને ચાલ્યા ગયા.





## નિબંધ – ૧૭

## દેવોના પુણ્ય ક્ષય કરવામાં પરસ્પર તરતમતા

જેટલા પુણ્યાંશને વ્યંતરદેવ ૧૦૦ વર્ષમાં ક્ષય કરે છે તેટલા પુણ્યને નવનિકાય દેવ ૨૦૦ વર્ષમાં ક્ષય કરે છે. અસુરકુમાર–૩૦૦ વર્ષમાં, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષી દેવ–૪૦૦ વર્ષમાં, સૂર્ય, ચંદ્ર દેવ–૫૦૦ વર્ષમાં, પહેલા બીજા દેવલોકના દેવ–૧૦૦૦ વર્ષમાં, ત્રીજા–ચોથા દેવલોકના દેવ–૨૦૦૦ વર્ષમાં, પાંચમા–છટ્ઠા દેવલોકના દેવ–૩૦૦૦ વર્ષમાં; સાતમા–આઠમા દેવલોકના દેવ–૪૦૦૦ વર્ષમાં, ૯ થી ૧૨ દેવલોકના દેવ–૫૦૦૦ વર્ષમાં, પ્રથમ ગ્રૈવેયકત્રિકના દેવ– લાખ વર્ષમાં, બીજી ગ્રૈવેયકત્રિકના દેવ–૨ લાખ વર્ષમાં, ત્રીજી ગ્રૈવેયકત્રિકના દેવ–૩ લાખ વર્ષમાં, ચાર અણુત્તર વિમાનના દેવ–૪ લાખ વર્ષમાં અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ પાંચ લાખ વર્ષમાં તેટલા પુણ્યાંશને ક્ષય કરે છે. આસક્તિ, ચંચલતા આદિ વૃત્તિઓના કારણે પુણ્યાંશનો વિશેષ ક્ષય થાય છે.

## નિબંધ – ૧૮

## શ્રુત વિચ્છેદ વગેરે કોના, ક્યારે અને કેટલા

શતક–૨૦, ઉદ્દેશક–૮માં એવા અનેક વિષય નિરૂપિત છે, જે આ પ્રમાણે છે– ભરત ઐરવતમાં જ ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ છે. અકર્મભૂમિમાં નથી. મહાવિદેહ ક્ષેત્રમાં અવસ્થિત કાલ છે.

પાંચ ભરતમાં અને પાંચ ઐરવતમાં પહેલા અને અંતિમ તીર્થંકર પંચ મહાવ્રત રૂપ ધર્મ અને સપ્રતિક્રમણ ધર્મનું પ્રરૂપણ કરે છે. શેષ ૨૨ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકર ચાતુર્યામ ધર્મનું પ્રરૂપણ કરે છે.

ભરત-ઐરવતમાં ૨૪ તીર્થંકર ક્રમશઃ થાય છે, જેના ૨૩ જિનાંતર હોય છે. વર્તમાન ચોવીસીના પહેલાથી આઠમા અને ૧૬થી ૨૩ માના શાસનમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો નથી. વચ્ચેના ૯મા થી ૧૫મા તીર્થંકરના શાસનમાં એટલે સાત જિનાંતરમાં કાલિકશ્રુતનો વિચ્છેદ થયો હતો.

દૃષ્ટિવાદનો વિચ્છેદ તો બધા તીર્થંકરોના શાસનમાં થાય જ છે. ચોવીસમા તીર્થંકરના શાસનમાં દૃષ્ટિવાદનું પૂર્વગત સૂત્ર ૧૦૦૦ વર્ષ સુધી ચાલશે(રહ્યું હતું) ૨૩ તીર્થંકરોનું સંખ્યાત અથવા અસંખ્યાતકાલ સુધી પૂર્વશ્રુત ચાલ્યુ હતું.

ચોવીસમાં તીર્થંકરનું વર્તમાન શાસન કુલ ૨૧ હજાર વર્ષ ચાલશે. તેમજ અવસર્પિણીના દરેક ૨૪મા તીર્થંકરનું શાસન કુલ ૨૧ હજાર વર્ષ ચાલે છે. ઉત્સર્પિણીના દરેક ૨૪મા તીર્થંકરનું શાસન એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ વર્ષ ચાલે છે.

અરિહંત તીર્થંકર છે, ચતુર્વિધ સંઘ તીર્થ છે. તીર્થંકર પ્રવચની છે. દ્વાદશાંગ (શાસ્ત્ર) પ્રવચન છે. આ ધર્મનું અવગાહન કરનાર સંપૂર્ણ કર્મ ક્ષય કરીને મુક્ત થાય છે અથવા કર્મ શેષ રહે તો દેવલોકમાં જાય છે.

## નિબંધ – ૧૯

### આકાશના પર્યાયવાચી

શતક–૨૦, ઉદ્દેશક–૨માં તે પર્યાયવાચી નામ આ પ્રમાણે કહ્યા છે–

**ધર્માસ્તિકાયના પર્યાય નામ**– ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાત આદિ વિરમણ, ક્રોધાદિ વિરમણ યાવત્ મિથ્યાદર્શન વિરમણ, ઈર્યાસમિતિ આદિ, ગુપ્તિ આદિ. અન્ય પણ આ પ્રકારના નામ છે.

**અધર્માસ્તિકાયના પર્યાય નામ**– અધર્મ આદિ, ધર્મના પ્રતિપક્ષી સર્વ નામો.

**આકાશાસ્તિકાયના પર્યાય નામ**– આકાશ,ગગન,નભ,સમ,વિષમ,ખર્વ, વિહાયસ,વીચિ, વિવર, અંબર, અંબરસ, છિદ્ર, શુષિર, માર્ગ વિમુખ, અર્દ, આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, અગમ, સ્ફટિક(સ્વચ્છ), અનંત.

**જીવાસ્તિકાયના પર્યાય નામ**– જીવ, પ્રાણ, ભૂત, સત્ત્વ, વિજ્ઞ, ચેતા, જેતા, આત્મા, રંગણ(રાગયુક્ત), હિંડુક, પુદ્ગલ, માનવ, કર્તા, વિકર્તા, જગત, જંતુ, યોનિ, સ્વયંભૂ, શરીરી, નાયક, અંતરાત્મા.

**પુદ્ગલાસ્તિકાયના પર્યાય નામ**– પુદ્ગલ, પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશીથી અનંત પ્રદેશી સુધી ઈત્યાદિ એ બધા અભિવચન છે, પર્યાયનામ છે.

## નિબંધ – ૨૦

### જંઘાચારણ અને વિદ્યાચારણ

ચારણ લબ્ધિના બે પ્રકાર હોય છે– (૧) જંઘા શક્તિ ધીરે ધીરે ક્ષીણ થાય છે, ચાલવાનું પ્રારંભ કરતા સમયે જંઘામાં સ્ફૂર્તિ હોય છે અને કાલાંતરે શક્તિ ક્ષીણ થઈ જતાં સ્ફૂર્તિમાં મંદતા આવી જાય છે, એવી જંઘાશક્તિની ઉપમાવાળી ચારણ લબ્ધિને જંઘાચારણ લબ્ધિ કહે છે. આ લબ્ધિવાળા પ્રારંભમાં





પ્રથમ ઉડાનમાં સીધા રુચકવર દ્વીપમાં પહોંચી શકે છે ત્યાંથી પાછા આવતા સમયે એક વિશ્રામ નંદીશ્વર દ્વીપમાં લે છે અને બીજી ઉડાનમાં પોતાના સ્થાન પર પહોંચી જાય છે.

**(૧)** જંઘાચારણ લબ્ધિવાળા ઉપર જવું હોય તો એક જ ઉડાનં-ઉડ્ડયનમાં પંડકવનમાં પહોંચે છે, પાછા વળતી વખતે એક વિશ્રામ નંદનવનમાં કરીને પછી સ્વસ્થાનમાં પહોંચે છે. આમ જંઘાની ઉપમાવાળી આ ચારણ લબ્ધિને જંઘાચારણ લબ્ધિ કહેલ છે. **(૨)** વિદ્યાની ઉપમાવાળી ચારણ લબ્ધિને વિદ્યાચારણ લબ્ધિ કહે છે. અર્થાત્ વિદ્યા ઉપયોગમાં આવતાં-આવતાં પ્રકૃષ્ટ-પ્રબળ બને છે, તેમજ આ લબ્ધિ ઉપયોગમાં આવ્યા પછી વિશેષ પ્રભાવિત બને છે. તે વિદ્યાચારણ લબ્ધિ કહેવાય છે. આ લબ્ધિવાળા પ્રથમ ઉડાનમાં માનુષોતર પર્વત પર જાય છે. બીજી ઉડાનમાં નંદીશ્વર દ્વીપમાં પહોંચે છે અને એક ઉડાનમાં પુનઃ પોતાના સ્થાનમાં આવી જાય છે. ઉપર જવું હોય તો બે ઉડ્ડયનમાં પંડકવનમાં પહોંચે છે અને એક ઉડાનમાં પુનઃ સ્વસ્થાનમાં આવી જાય છે.

**લબ્ધિ કોને હોય છે ?– (૧)** તપોલબ્ધિ સંપન્ન પૂર્વધારી મુનિરાજને અઠ્ઠમ-અઠ્ઠમના પારણા રૂપ તપ નિરંતર કરવાથી જંઘાચારણ લબ્ધિ ઉત્પન્ન થાય છે. ત્રણ ચપટી વગાડે તેટલી વારમાં જંબૂદ્વીપનો કોઈ દેવ ૨૧ વાર પ્રરિક્રમા કરી લે એવી તેજ ગતિ તેની હોય છે. **(૨)** તપો લબ્ધિધારી પૂર્વધર મુનિરાજને છઠ-છઠના નિરંતર પારણા કરવાથી વિદ્યાચારણ લબ્ધિ પ્રાપ્ત થાય છે. ત્રણ ચપટી વગાડે–બજાવે તેટલા સમયમાં કોઈ દેવ જંબૂદ્વીપની ત્રણ વાર પરિક્રમા કરી લે એવી તીવ્ર ગતિ તેની હોય છે.

**બંનેની તુલના– (૧)** વિદ્યાચારણ લબ્ધિથી જંઘાચારણ લબ્ધિ વિશિષ્ટ છે. **(૨)** વિદ્યાચારણ લબ્ધિ છઠ-છઠના તપથી પ્રાપ્ત થાય છે જ્યારે જંઘાચારણ લબ્ધિ અઠ્ઠમ-અઠ્ઠમના તપથી પ્રાપ્ત થાય છે. **(૩)** ઊંચાઈમાં અધિકતમ બંને સમાન પંડકવન સુધી જાય છે પરંતુ લંબાઈમાં જંઘાચારણ ઉત્કૃષ્ટ રુચકવર દ્વીપ સુધી જાય છે. જ્યારે કે વિદ્યાચારણ ઉત્કૃષ્ટ નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે. **(૪)** જંઘાચારણની ગતિ જતી વેળાએ એક ઉડાનમાં ઉત્કૃષ્ટ હોય છે જ્યારે કે વિદ્યાચારણ જતા સમયે બે ઉડાનમાં પોતાની ઉત્કૃષ્ટ મંજિલે પહોંચે છે. **(૫)** વળતાં પોતાના સ્થાન પર આવતા જંઘાચારણ બે ઉડાનમાં આવે છે અને વિદ્યાચારણ એક ઉડાનમાં સ્વસ્થાનમાં આવી જાય છે. **(૬)** વિદ્યાચારણથી જંઘાચારણની ગમનગતિ સાત ગણી અધિક હોય છે.

**સ્થળોનો પરિચય– (૧)** માનુષોત્તર પર્વત– અઢીદ્વીપની સીમા કરનાર ચૂડી આકાર પર્વત. જે પુષ્કર દ્વીપની વચમાં, પુષ્કર દ્વીપની અંદરની જગતી–વેદિકાથી આઠ યોજન દૂર છે. **(૨)** નંદીશ્વર દ્વીપ– આ આઠમો દ્વીપ છે, એની પહેલાં સાત દ્વીપ, સાત સમુદ્ર છે. **(૩)** રુચક-વરદ્વીપ– આ ૧૯ મો દ્વીપ છે, તેની પહેલાં ૧૫ દ્વીપ અને ૧૫ સમુદ્ર છે. **(૪)** નંદનવન– મેરુપર્વતની સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર જવાથી મેરુની ચોતરફ ૫૦૦ યોજનની પહોળાઈનો વલયાકાર વનપ્રદેશ છે, તે નંદનવન છે. **(૫)** પંડકવન– મેરુપર્વત પર ચાર વન છે, જેમાં મેરુના શિખર પર ચોથું પંડકવન છે, તે સમભૂમિથી ૯૯૦૦૦યોજન ઉંચાઈ પર છે.

**લબ્ધિપ્રયોગ પ્રયોજન–** ઉકત લબ્ધિધારી મુનિરાજ દ્વીપ-સમુદ્ર,પર્વત આદિના આગમ કથિત વર્ણન અનુસાર સ્થાનોને જોવાના પ્રયોજનથી આ લબ્ધિનો પ્રયોગ કરે છે અથવા પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન કરવા, તીર્થંકરોના દર્શન કરવા માટે પણ ઉક્ત લબ્ધિવાળા મુનિરાજ તે લબ્ધિનો પ્રયોગ કરે છે.

**આરાધના–વિરાધના–** આ લબ્ધિના પ્રયોગ પછી આલોચના–પ્રાયશ્ચિત્ત કરી લે તો તે અણગાર આરાધક બને છે. આલોચના પ્રાયશ્ચિત્ત નહિ કરનાર અણગાર વિરાધક બને છે.

**વિદ્યાધર–** વૈતાઢ્ય પર્વતની પ્રથમ શ્રેણીના માનવ વિદ્યાધર કહેવાય છે. તેઓ આ બંને(ચારણ લબ્ધિ)થી ભિન્ન હોય છે. તે સાંસારિક ગૃહસ્થ જીવન જીવે છે. ભરતક્ષેત્રમાં સમભૂમિ પર પણ કોઈ વિદ્યાઓની સાધના કરીને વિદ્યાધર બની જાય છે. એ વિદ્યાધરોની આ વિશેષતા છે કે તેઓ ઇચ્છે ત્યારે પક્ષીની સમાન આકાશમાં ગમન કરી શકે છે. સામાન્યતઃ તેઓ પોતાના ક્ષેત્રમાં જ વિચરણ કરી શકે છે અર્થાત્ ભરતક્ષેત્રવાળા ભરતમાં, ઐરવત ક્ષેત્રવાળા ઐરવતમાં અને મહા-વિદેહની વિજયવાળા પોતાની વિજયમાં ગમનાગમન કરે છે. વિશિષ્ટ વિદ્યા સિદ્ધ કરનાર કોઈ અધિક પણ જઈ શકે છે. કારણ કે અઢીદ્વીપની બહાર જનાર માનવોની ગણતરીમાં વિદ્યાધરોને પણ અલગ ગણાવ્યા છે– **જીવાભિગમ સૂત્ર, પ્રતિપત્તિ–૩માં.** જેમ કે–૯ નારદ આદિ વિદ્યાધર.

**પ્રશ્ન–૧૦ પૂર્વધર અને ચારણલબ્ધિ સંપન્ન અણગારને માટે માનુષોત્તર પર્વત આદિ પર ચૈત્યવંદન કરવાનું કથન છે તેનું શું તાત્પર્ય છે ?**

**જવાબઃ** લિપિકાળમાં મનઃકલ્પિત પ્રક્ષેપોની પરિપાટી અંતર્ગત ભગવતી સૂત્રનો આ પાઠ પણ અંતર્ભાવિત થાય છે. શ્રમણ નિર્ગ્રંથ અથવા શ્રાવકના વર્ણનવાળા





આચાર શાસ્ત્રોમાં ક્યાંય પણ ચૈત્ય વંદનનો ઉલ્લેખ છે નહિ, છતાં પણ અહીં માનુષોત્તર આદિ પર્વતો ઉપર મુનિરાજની સાથે ચૈત્ય વંદનનો પાઠ પ્રક્ષિપ્ત કરી દેવામાં આવેલ છે. જ્યારે કે જીવાભિગમ સૂત્રમાં માનુષોત્તર પર્વતનું પૂરું વર્ણન છે ત્યાં કોઈ મૂર્તિ બતાવવામાં આવી નથી છતાં પણ આ પાઠમાં પ્રક્ષેપ કરવાની મતિવાળાઓએ માનુષોત્તર પર્વત આદિ બધી જગ્યાએ ચૈત્ય વંદનનો પાઠ રાખી દીધો છે. ચૈત્યવંદનના પાઠ અથવા ચૈત્ય શબ્દ અથવા નમોત્થુણં નો પાઠ આદિના પ્રક્ષેપો અન્ય આગમોમાં પણ થયા છે, જેમ કે– રાજપ્રશ્નીય સૂત્ર, વ્યવહાર સૂત્ર, જ્ઞાતા સૂત્ર, ઉપાસકદશા આદિ સૂત્ર.

## નિબંધ – ૨૧

## સૌપક્રમી નિરુપક્રમી આયુષ્યનો અર્થ

(૧) જીવ જે પણ પરભવનું આયુષ્ય બાંધે છે તે બે પ્રકારના હોય છે. કોઈ જીવ ૯૦ વર્ષનું આયુષ્ય બાંધીને પરભવમાં જઈને પૂરા ૯૦ વર્ષનું આયુષ્ય જ પૂરું કરે છે, તેમાં કોઈ પણ ઉપક્રમ(ઘાત) થી કોઈ પણ પરિવર્તન ન થઈ શકે, એવું બાંધેલું આયુષ્ય નિરુપક્રમી આયુષ્ય કહેવાય છે.

(૨) કોઈ જીવ ૯૦ વર્ષના આયુષ્યનો બંધ કરીને પરભવમાં જઈને ૨/૩ આયુષ્ય(૬૦ વર્ષ)વીત્યા પછી કોઈ પણ ઉપક્રમ લાગતા, આત્મઘાત કરવાથી અથવા અન્ય દ્વારા ઘાત કરવાથી અથવા દુર્ઘટના થઈ જવાથી આયુષ્ય પૂર્ણ કરી મરી જાય છે; એવું બાંધેલું તે આયુષ્ય સોપક્રમી આયુષ્ય કહેવાય છે.

તાત્પર્ય એ છે કે (૧) નિરુપક્રમી આયુષ્યવાળા નિશ્ચિત રૂપથી બાંધેલું હોય એટલું પૂરું આયુષ્ય વ્યતીત કરે છે અને (૨) સોપક્રમી(જે નિરુપક્રમી નથી એવા) આયુષ્યવાળા ૨/૩ ઉંમર વીત્યા પછી ક્યારેય પણ મરી શકે છે અને કોઈ ઘાત સંયોગ ન આવે તો પૂરું આયુષ્ય પણ વ્યતીત કરી લે છે. અર્થાત્ આમાં અપૂર્ણ-પૂર્ણ બંને પ્રકારે આયુષ્ય કર્મ ભોગવવાની ભજના રહે છે. આયુષ્ય તૂટવું અર્થાત્ તેમાં ઉપક્રમ લાગવો; એ સ્થાનાંગ સૂત્ર, સ્થાન–૭માં સાત પ્રકારના બતાવેલ છે.

૨૪ દંડકમાં નારકી, દેવતા, જુગલિયા મનુષ્ય અને જુગલિયા તિર્યંચ, તીર્થંકર ચક્રવર્તી આદિ ૬૩ શલાકા પુરુષ અને ચરમ શરીરી જીવ એ બધા એક માત્ર નિરુપક્રમી આયુષ્યવાળા હોય છે. બાકી બધા જીવ બંનેમાંથી કોઈ પણ આયુષ્યવાળા હોઈ શકે છે.

ત્રણ ભેદ– સોપક્રમી-નિરુપક્રમી એ બેના, અપેક્ષાએ ત્રણ ભેદ પણ હોય છે– (૧) આત્મોપક્રમ– સ્વયં આયુષ્યને ઘટાડી દેવું–આત્મઘાત કરવો આદિ. (૨) પરોપક્રમ– બીજા દ્વારા માર્યા જવું. (૩) નિરુપક્રમ– કોઈ પણ ઉપક્રમ નહિ લાગવો, પૂર્ણાયુ રહેવું.

નારકીમાં આવનાર ત્રણેય પ્રકારથી મરીને આવી શકે છે. આમ ચોવીસેય દંડકની આગતમાં ત્રણેય પ્રકારના ઉપક્રમવાળા જીવ હોઈ શકે છે. નારકીમાંથી મરીને જનાર જીવ નિરુપક્રમ એક ભેદવાળા જ હોય છે. આ જ રીતે બધા દેવોમાં પણ એક ભેદ ગતમાં હોય છે કારણ કે નારકી અને દેવ ઉપક્રમથી મરતા નથી; સ્વાભાવિક પોતાનું આયુષ્ય પૂર્ણ થવા પર જ મરે છે. ઔદારિક દશ દંડકથી મરીને જનાર જીવ ત્રણે ય પ્રકારના હોય છે.

અન્ય અપેક્ષાએ જીવના જન્મ-મરણ, આત્મરિદ્ધિથી આત્મકર્મથી, આત્મ પ્રયોગથી થાય છે પરંતુ પરરિદ્ધિ, પરકર્મ અને પરપ્રયોગથી થતા નથી એટલે કે સ્વકર્મ અનુસાર જીવના જન્મ-મરણ થાય છે. આ ઉપાદાન કારણની અપેક્ષા કથન છે. નિમિત્ત કારણ એમાં ગૌણ કરવામાં આવ્યું છે.

## નિબંધ – ૨૨

## લોકાલોકમાં શ્રેણીઓ : જીવાજીવની ગતિ

**શ્રેણીઓ–** આકાશની શ્રેણીઓ અનંત છે. એ એક પ્રદેશી પહોળી અને અનંતપ્રદેશી લાંબી લોકાલોક પ્રમાણ સંલગ્ન હોય છે. અપેક્ષાએ એના લોકાકાશની શ્રેણીઓ અને અલોકાકાશની શ્રેણીઓ એવા બે ભેદ વિવક્ષિત કરવામાં આવે છે.

લોક અસંખ્યપ્રદેશ લાંબો પહોળો અને ઊંચો નીચો છે. તેથી આ અપેક્ષાએ તે શ્રેણીઓ અસંખ્યપ્રદેશી છે અને લોકમાં તે શ્રેણીઓ પણ અસંખ્ય જ છે, અનંત નથી. લોકમાં ચારે દિશાઓમાં તિરછા(ત્રાંસા)ખૂણા પણ છે, યથા– પાંચમા દેવલોકની પાસે, આ કારણે અને આ ભેદ વિવક્ષાથી લોકમાં કેટલીક સંખ્યાતપ્રદેશી શ્રેણીઓ હોય છે. શેષ બધી અસંખ્યપ્રદેશી હોય છે. અલોકમાં પણ આ જ કારણે સંખ્યાત અને અસંખ્યાતપ્રદેશી કેટલીક શ્રેણીઓ લોકની બહાર નજીકમાં હોય છે. તેના સિવાય બધી અનંતપ્રદેશી શ્રેણીઓ હોય છે.

લોક ઉપર-નીચે સમતલ છે. ચારે દિશાઓમાં વૃદ્ધિ હોવાથી વિષમ છે. એ વિષમતાના કારણથી જ અસંખ્યપ્રદેશી લાંબા-પહોળા લોકમાં સંખ્યાત પ્રદેશી





શ્રેણીઓ બને છે અને એ જ કારણથી અનંતપ્રદેશી અલોકમાં અસંખ્યાત અને સંખ્યાતપ્રદેશી શ્રેણીઓ બને છે. તે ઉપરથી નીચેની અપેક્ષાએ બને છે.

લોકની બધી શ્રેણીઓ સાદિ સાંત છે અર્થાત્ બંને દિશાઓમાં તેનો અંત છે. અલોકમાં લોકના કારણે કેટલીક શ્રેણીઓ આદિ અનંત છે અને લોકના સિવાયના સ્થાનવાળી શ્રેણીઓ અનાદિ અનંત છે.

**શ્રેણી યુગ્મ–** સમુચ્ચય શ્રેણીઓ, લોકની શ્રેણીઓ અને અલોકની શ્રેણીઓ ત્રણે કૃતયુગ્મ છે. તેના પ્રદેશ સમુચ્ચયમાં કૃતયુગ્મ છે, લોકમાં પૂર્વ-પશ્ચિમ કૃતયુગ્મ અથવા દાવરયુગ્મ છે, ઉપર નીચે કૃતયુગ્મ છે. અલોકમાં પૂર્વ-પશ્ચિમની અપેક્ષા ચારે યુગ્મપ્રદેશ હોઈ શકે છે, ઉપર નીચેની અપેક્ષા ત્રણ યુગ્મ હોઈ શકે છે, કલ્યોજ યુગ્મ નથી.

**શ્રેણીઓ સાત પ્રકારની છે–** (૧) સીધી (૨) એક વળાંકવાળી(૩) બે વળાંકવાળી (૪) એક તરફ ત્રસ નાડીની બહાર જનારી (૫) બંને તરફ ત્રસ નાડીની બહાર જનારી (૬) ચક્રવાલ (૭) અર્ધચક્રવાલ. એ જીવ અને પુદ્ગલની ગતિની અપેક્ષા કહી છે. આમ સ્વતઃ શ્રેણીઓ બધી સીધી જ છે.

જીવ પ્રારંભની પાંચ ગતિ શ્રેણીથી ગમન કરે છે અને પુદ્ગલ સાતે ય શ્રેણી ગતિથી ગમન કરે છે. એ શ્રેણીઓ સિવાય વિશ્રેણીથી ગતિ કરતા નથી. જે પ્રમાણે વાયુયાનનો જવાનો માર્ગ આકાશમાં નિશ્ચિત હોય છે, તે જ માર્ગોથી તે જાય આવે છે. તેમજ જીવ પુદ્ગલના ગમનના માર્ગરૂપ એ શ્રેણી ગતિઓ હોય છે. અમાર્ગ રૂપ વિશ્રેણી ગતિઓ હોતી નથી.

જીવો અને પુદ્ગલોનું ગમનાગમન શ્રેણીઓ(આકાશમાર્ગ)થી થાય છે. તે શ્રેણીઓ સાત પ્રકારની છે– (૧) ૠજુઆયતા– વિના વળાંકની સીધી શ્રેણી. (૨) એક વળાંક વાળી (૩) બે વળાંકવાળી (૪) એક તરફ સ્થાવર નાલ વાળી (૫) બંને તરફ સ્થાવર નાલવાળી (૬) ચક્રવાલ (૭) અર્ધ ચક્રવાલ. અંતિમ બંને શ્રેણી ગતિ કેવલ પુદ્ગલની જ હોય છે, ચક્રવાલ ગતિ જીવની હોતી નથી. (૧) પ્રથમ ૠજુશ્રેણીથી જીવ અને પુદ્ગલ એક સમયમાં ગતિ કરે છે. (૨) એક વળાંકવાળીમાં વિગ્રહ ગતિથી જનાર જીવને બે સમય લાગે છે. (૩) બે વળાંક વાળીમાં ત્રણ સમય લાગે છે. (૪) એક તરફ સ્થાવર નાલમાં જવાથી ૧,૨,૩ સમય લાગે છે. (૫) બંને તરફ સ્થાવર નાલમાં સમ દિશામાં ત્રણ અને વિષમ દિશામાં ચાર સમય લાગે છે.

**પૂર્વથી પશ્ચિમમાં** ૧–૨–૩ સમય. પૂર્વથી પૂર્વમાં ૧–૨–૩ સમય અને પૂર્વથી ઉત્તર અથવા દક્ષિણમાં ૨–૩ સમય વિગ્રહ ગતિમાં લાગે છે. મનુષ્યલોકથી રત્નપ્રભા પૃથ્વીના ચરમાંતમાં જીવને જવા આવવામાં ૧–૨–૩ સમય લાગે છે.

પહેલી નરક પૃથ્વીપિંડની સમાન બીજી પૃથ્વીનું વર્ણન કહેવું પરંતુ ત્યાં મનુષ્ય ક્ષેત્રથી સંબંધિત વિગ્રહ ગતિમાં ૨–૩–૪ સમય લાગે છે. ઉપર,નીચે,ત્રાંસુ(તિરછું) વિદિશ વિષમ શ્રેણીમાં ૨–૩–૪ સમય લાગે છે અને સમ શ્રેણીમાં ૧–૨–૩ સમય લાગે છે.

**ત્રસનાલથી ત્રસનાલમાં** ૧–૨–૩ સમય લાગે છે. સ્થાવર નાલથી ત્રસ નાલમાં ૧–૨–૩ સમય લાગે છે. સ્થાવરનાલથી સ્થાવર નાલમાં ૧–૨–૩ સમય લાગે છે પરંતુ વિષમ શ્રેણીમાં કે વિદિશામાં અથવા વિદિશા વિષમ ઉપર, નીચે, તિરછામાં ૨–૩ સમય અથવા ૨–૩–૪ સમય કે ૩–૪ સમય લાગે છે.

નીચે સ્થાવર નાલથી ત્રસનાલમાં થઈને બીજી તરફ ઉપર સ્થાવર નાલમાં જવામાં સમશ્રેણીથી સમશ્રેણી હોય તો ત્રણ સમય અને એક તરફ વિષમ વિદિશા હોય તો ઓછામાં ઓછા ચાર સમય લાગે છે. ***સ્થાવર નાલમાં એક તરફ વિદિશાનો વળાંક લેવામાં આવે છે. બંને તરફ વળાંક લેવાની આવશ્યકતા હોતી નથી.*** એટલા માટે લોકમાં સ્થાવર કે ત્રસ નાલમાં ક્યાંયથી પણ જીવને, ક્યાંય પણ જવું હોય તો ચાર સમયમાં પોતાના જન્મસ્થાન પર જીવ પહોંચી શકે છે. પાંચ શ્રેણીઓની ગતિમાં લોકમાં જીવ અને પુદ્‌ગલને ઉત્કૃષ્ટ ચાર સમય જ પહોંચવામાં લાગે છે, તેનાથી અધિક વળાંક જીવ, અજીવની ગતિમાં બનતા નથી. ત્યારે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થનાર ભાષા આદિના પુદ્‌ગલ, અચિત્ત મહાસ્કંધ અને કેવલી સમુદ્‌ઘાતમાં આત્મપ્રદેશોને ચાર સમય જ લાગે છે.

પાંચ સમયની વિગ્રહગતિની કલ્પના પણ જો કોઈ જીવને માટે કરે તો તે સિદ્ધાંત સાપેક્ષ નથી, મનકલ્પિત અને ભ્રમપૂર્ણ છે. કારણ કે ત્રણ સમયમાં તો સંપૂર્ણ આત્મપ્રદેશ પણ સારાએ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. કેવલ નગણ્ય સ્થાન=ખૂણા–લોકાંત નિષ્કૂટ અવશેષ રહે છે, જે ચોથા સમયમાં પૂરાઈ જાય છે. તેથી પાંચ સમયની કલ્પના તો અસત્કલ્પના જ છે.

ચક્રવાલ કે અર્ધચક્રવાલ ગતિથી પણ પુદ્‌ગલ ગંતવ્ય સ્થાનમાં જઈ શકે છે. સાત નરકપૃથ્વીની સમાન લોકના ચરમાંતથી ચરમાંત પણ કહેવા, એમાં ૧–૨–૩–૪ અથવા ૨–૩–૪ કે ૩–૪ સમયની વિગ્રહ ગતિ હોય છે.





## નિબંધ – ૨૩

### કાલના એકમો ક્યાં સુધી

અસંખ્ય સમયની આવલિકા થાય છે યાવત્ સાગરોપમ પણ અસંખ્ય સમયનું થાય છે. પુદ્‌ગલ પરાવર્તનમાં અનંત સમય હોય છે. સંખ્યાત વર્ષોમાં આવલિકા આદિ સંખ્યાત હોય છે. પલ્યોપમ આદિ અસંખ્યાત વર્ષોમાં અસંખ્ય આવલિકા આદિ હોય છે. પુદ્‌ગલ પરાવર્તનમાં આવલિકાદિ અનંત હોય છે.

સમયથી લઈને શીર્ષ પ્રહેલિકા સુધી ૪૬ ભેદ છે, ઉત્કૃષ્ટ ૧૯૪ અંક હોય છે. ત્યાં સુધી સંખ્યા ગણના છે, આગળ ઉપમા સંખ્યા છે.

ભૂતકાળ અને ભવિષ્યકાળ અનંત હોવાથી બરાબર હોય છે પરંતુ વર્તમાનનો એક સમય અલગ હોય છે. તેને ભવિષ્ય કાળમાં સમાવિષ્ટ કરવાથી તે સમયાધિક કહેવાય છે. સર્વદ્ધાકાળ ભૂતકાળથી બે ગણો સાધિક હોય છે.

**નિગોદ–** નિગોદ શરીર અને નિગોદના જીવ એમ બે પ્રકાર છે. પુનઃ સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ એમ બે ભેદ છે. સૂક્ષ્મ નિગોદ ચક્ષુગ્રાહ્ય હોતા નથી. બાદર નિગોદના અસંખ્ય શરીર એકઠા થવાથી ચક્ષુગ્રાહ્ય થાય છે. તેનું વિશેષ વર્ણન, સ્થિતિ આદિ જીવાભિગમ સૂત્રમાં છે.

## નિબંધ – ૨૪

### જન્મ નપુંસકની મુક્તિ

શતક–૨૬ના અનંતરોત્પન્નક ઉદ્દેશકમાં મનુષ્યમાં કૃષ્ણપક્ષીના સિવાય પ્રાપ્ત થનાર સર્વ બોલોમાં આયુષ્ય કર્મ બાંધવામાં ચોથો ભંગ લીધો છે અર્થાત્ કૃષ્ણપક્ષી સિવાય પ્રથમ સમયવાળા સર્વ બોલોમાં મનુષ્ય, ચતુર્થ ભંગ અનુસાર 'આયુષ્ય કર્મ તે સમયે પણ બાંધતો નથી અને ભવિષ્યમાં પણ બાંધશે નહિ;' તો સંપૂર્ણ ભવમાં આયુષ્ય નહિ બાંધવાથી સર્વ બોલવાળા મનુષ્યોનું મોક્ષ જવાનું પણ સિદ્ધ થાય છે. અનંતરોત્પન્નક જીવમાં કૃષ્ણપક્ષી સિવાયના બોલોમાં ત્રણે વેદ પણ સમાવિષ્ટ છે. તેથી જન્મ સમયના ત્રણે વેદવાળામાં આયુષ્ય કર્મ બંધનો ચોથો ભંગ હોવાથી તે મનુષ્ય 'આયુષ્ય કર્મ બાંધતા નથી અને બાંધશે નહિ' એવો ભંગ હોવાથી તેઓ મોક્ષગામી બની શકે છે. આ રીતે આ શતકના બીજા ઉદ્દેશકના આયુષ્યબંધના વર્ણનથી જન્મ નપુંસકનું પણ ચરમ શરીરી હોવું, મોક્ષગામી બનવું સ્પષ્ટ થાય છે.

## નિબંધ – ૨૫

### વ્યવહાર રાશિ અવ્યવહાર રાશિ

આ શતક ૨૮માં બહુવચનથી વિવક્ષિત અનેક જીવોને માટે 'ભૂતકાળ માં ૪ગતિમાંથી કયા કર્મોનું સમાર્જન(ઉપાર્જન) અને તેનું આચરણ(ભોગવટો) કર્યું' એ વિષયમાં ચારે ય ગતિઓને લઈને આઠ ભંગ કર્યા છે– (૧) વિવક્ષિત ઘણા જીવોએ માત્ર તિર્યંચ ગતિમાં ભૂતકાલમાં કર્મ સમાર્જન અને સમાચરણ કર્યું છે અર્થાત્ તે જીવો અત્યાર સુધી અનાદિથી તિર્યંચ ગતિમાં જ રહ્યા છે, અન્ય ગતિમાં ભવ અથવા કર્મ ઉપાર્જન કર્યા નથી, તેની અપેક્ષા આ પ્રથમ ભંગ બને છે. *(આ ભંગવાળા જીવોની અપેક્ષાએ જ અવ્યવહાર રાશીની સિદ્ધિ થાય છે.)* (૨) અથવા વિવક્ષિત અનેક જીવોએ તિર્યંચ અને નરકમાં કર્મ સમાર્જન અને સમાચરણ કરેલ છે. (૩) અથવા વિવક્ષિત અનેક જીવોએ તિર્યંચ તથા મનુષ્યમાં કર્મ સમાર્જન અને સમાચરણ કર્યું છે. આ રીતે (૪) તિર્યંચ અને દેવગતિમાં (૫) તિર્યંચ, નરક અને મનુષ્યમાં (૬) તિર્યંચ, નરક, દેવમાં (૭) તિર્યંચ, મનુષ્ય, દેવમાં (૮) અથવા તિર્યંચ, નરક, મનુષ્ય અને દેવ ચારે ગતિમાં વિવક્ષિત અનેક જીવોએ કર્મોનું સમાર્જન અને સમાચરણ કર્યું છે.

આ જ રીતે ૪૭ બોલોમાં, ૨૪ દંડક અને તેમાં પ્રાપ્ત થનાર બોલોમાં પાપકર્મ અને આઠે ય કર્મના ભૂતકાલમાં ઉપાર્જન અને ફળ ભોગવવાના આઠ વિકલ્પ સર્વત્ર હોય છે. ૨૬મા શતકમાં કર્મબંધના ત્રૈકાલિક ૪ ભંગોમાંથી ઓછા-અધિક ભંગ થાય છે અને આ ૨૮મા શતકના પ્રકરણમાં સર્વત્ર કોઈ વિકલ્પ વિના આઠે ય ભંગ થાય છે.

અનંતરોત્પન્નક આદિ અચરમ સુધીના બધા ઉદ્દેશકમાં જ્યાં જે બોલ ૨૬મા શતકમાં કહ્યા છે, જે પ્રકારે અલ્પાધિક કહ્યા છે તે જ રીતે સર્વ પૃચ્છાનું અહીં હીનાધિક કરીને કથન કરવામાં આવ્યું છે. ભંગોનો ફરક જે ૨૬મા શતકમાં હોય છે, તેવો અહીં હોતો નથી. સર્વત્ર ભંગ તો ૮ જ થાય છે. બોલોનો ફરક આદિ ૨૬મા શતકની સમાન અહીં પણ છે જ. માત્ર ભંગની સંખ્યા સર્વત્ર ૧૧ ઉદ્દેશક સુધીના બોલોમાં આઠ જ સ્થિરતાપૂર્વક કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે ૨૬મા શતકમાં વર્તમાન અને ભવિષ્યકાલ પણ સાથે અપેક્ષિત છે પરંતુ આ ૨૮મા શતકમાં કેવલ ભૂતકાલની જ પૃચ્છા છે, વર્તમાન અને ભવિષ્યની પૃચ્છા નથી.





## નિબંધ – ૨૬

### સમ્યકદૃષ્ટિ અને લેશ્યામાં આયુબંધ

ત્રણ અશુભ લેશ્યામાં ક્રિયાવાદી નારકી અને દેવતા બંને ય મનુષ્યાયુનો બંધ કરે છે અને મનુષ્ય-તિર્યંચ બંને ય તે લેશ્યાઓમાં આયુબંધ કરતા નથી. ત્રણ શુભ લેશ્યામાં ક્રિયાવાદી દેવતા, મનુષ્યાયુનો બંધ કરે છે અને તેમાં મનુષ્ય-તિર્યંચ બંને ય દેવાયુનો બંધ કરે છે.

| ૪૭ બોલ | સમવસરણ | આયુબંધ |
|---|---|---|
| કૃષ્ણપક્ષી, મિથ્યાદૃષ્ટિ, ૪અજ્ઞાન | ૩ | ૪ ગતિના |
| મિશ્રદૃષ્ટિ | અજ્ઞાનવાદી<br>વિનયવાદી | બંને વાદીમાં અબંધ |
| સમ્યગ્દૃષ્ટિ, ચાર જ્ઞાન | ૧ ક્રિયાવાદી | ૨ દેવ, મનુષ્યના |
| ત્રણ અશુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–મનુષ્ય/અબંધ<br>૩ સમવસરણ–૪ ગતિના |
| ત્રણ શુભ લેશ્યા | ૪ | ક્રિયાવાદી–દેવ, મનુષ્યના<br>૩–સમવસરણ–૩ ગતિના |
| મનઃપર્યવ જ્ઞાન નો સંજ્ઞોપયુક્ત | ૧ | વૈમાનિક દેવના |
| અવેદી, અકષાયી, અયોગી<br>અલેશી, કેવલી | ૧ | અબંધ |
| શેષ ૨૨ બોલ | ૪ | ક્રિયાવાદી– ૨ ગતિના<br>૩ સમવસરણ–૪ ગતિના |

## નિબંધ – ૨૭

### અચ્છેરા, સ્ત્રી તીર્થંકર અને દિગંબર વિચાર

લોકમાં કેટલીક સ્વાભાવિકતાઓ અનંતકાલથી એક સરખી ચાલતી હોય છે. છતાં તેમાં ક્યારેક કોઈ વિશિષ્ટ ઘટના સંયોગ અપવાદ(ફરક) રૂપ થઈ જાય છે. આ જ કારણે વર્તમાન અવસર્પિણીમાં એવી ન થવા જોગ ૧૦ ઘટનાઓ થઈ ગઈ છે. તેના કારણે સ્વાભાવિક નિયમમાં અઘટિત થયું છે. આને જ શ્રી સ્થાનાંગ સૂત્રમાં ૧૦ અચ્છેરા કહેવાયા છે. જેનું વિસ્તૃત વર્ણન યથાસ્થાને કર્યું છે. સંક્ષેપમાં તે ૧૦ માંથી ૫ અચ્છેરા ભગવાન મહાવીરથી સંબંધિત થયા છે. શેષ પાંચમાં

મલ્લિનાથ ભગવતીના સ્ત્રી તીર્થંકર થયાનું અને બીજા પણ ૪ ચાર થયા છે. આ અચ્છેરાનું વર્ણન દ્વાદશાંગીના ત્રીજા સ્થાનાંગ અંગસૂત્રમાં છે અને મલ્લિ ભગવતીના બે ભવ સહિતનું વિશાળ વર્ણન છટ્ઠા અંગસૂત્ર જ્ઞાતાધર્મકથાંગમાં છે. માટે આગમ પ્રમાણથી સમસ્ત શ્વેતાંબર જૈનો ૧૯ મા તીર્થંકરને સ્ત્રી તીર્થંકર રૂપમાં સ્વીકાર કરે છે. કારણ કે આપણા આગમ તો સર્વે પ્રમાણોમાં સર્વોપરિ છે.

**સ્ત્રી તીર્થંકર થવામાં મુખ્ય કારણ–** પૂર્વભવમાં મહાબલના જીવે સંયમ-તપનું આચરણ કરતાં સાથી મુનિઓથી આગળના ભવમાં પણ હું મોટો થાઉં એવા હેતુથી બધા સમાન સમાન તપસ્યા કરવાના સંકલ્પમાં હોવા છતાં માયાનું સેવન કરી પોતે વડીલ હોવાથી એક-એક ઉપવાસ વધારે કરી લેતા હતા. એમ ઘણીવાર ઘણા કાલ સુધી માયા કરતાં મિથ્યાત્વના પર્યાયમાં પહોંચી સ્ત્રીવેદનો નિકાચિત બંધ કરી લીધો. પાછા સંયમના ઘરમાં આવી બીજા ઘણા સંયમગુણોની સાધનામાં ઉત્કૃષ્ટ રસ ઉપજવાથી તીર્થંકર નામકર્મનો પણ નિકાચિત બંધ કરી લીધો. આવી વિશિષ્ટ બેવડી સંયોજના થઈ જવાના કારણે લોકમાં આશ્ચર્યભૂત ઘટના થઈ ગઈ કે તેઓ તીર્થંકર પણ થયા અને સ્ત્રીપર્યાયમાં પણ રહ્યા.

**દિગંબર માન્યતા–** દિગંબર જૈનોની એવી સમજ પરંપરા ચાલી આવી છે કે સર્વે અંગશાસ્ત્ર વિચ્છેદ(નષ્ટ) થઈ ગયા છે. ગણધરોએ રચેલા કોઈ પણ અંગ શાસ્ત્ર કોઈને યાદ રહ્યા નહોતા. દિગંબર મતને ચલાવનાર શ્રમણને પણ અંગશાસ્ત્રનું જ્ઞાન રહ્યું હતું નહીં. પરંતુ તેમને થોડુંક પૂર્વજ્ઞાન એટલે કે ૧૨મા દષ્ટિવાદ અંગના કંઈક અંશો યાદ રહ્યા હતા. તેના આધારે તેઓએ દિગંબર જૈન માન્ય ગ્રંથો રચ્યા હતા. માટે તેઓ આજ સુધી પોતાના તે ગ્રંથોને માન્ય કરે છે અને શ્વેતાંબર માન્ય ૧૧ અંગશાસ્ત્રોને શ્વેતાંબર આચાર્યોએ પાછળથી નવા જ રચ્યા છે, તેમ તેઓ માને છે. માટે તેઓ આપણા શાસ્ત્રમાં આવેલા દશ અચ્છેરા અને મલ્લી ભગવતીના ચરિત્રને સ્વીકારતા નથી. તેમજ મલ્લીનાથ ૧૯મા તીર્થંકર પુરુષ રૂપમાં જ હતા, તેમ તેઓ માને છે.

**સમાધાન–** આ વિષયમાં સામાન્ય રીતે આપણે તેઓને કંઈ પણ સમજાવી શકીએ નહીં અને તેઓ પણ સમજી ન શકે, સ્વીકાર પણ ન કરી શકે. કારણ કે તેઓ આગમોને માનતા–સ્વીકારતા નથી તો તેમને કયા આધારે અને કોણ સમજાવે ? ખરેખર તેઓની ચાલી આવતી સમજ કે પરંપરા ભ્રમયુક્ત, તર્કથી અસંગત અને કોઈએ જાણી બૂઝીને પોતાના ખોટા દુરાગ્રહ(અભિનિવેશ)ને





પોષવા માટે ચલાવેલ છે અને જે જીવોને તે પ્રકારના મોહ અજ્ઞાનકર્મનો ઉદય હોય તેવા ઘણા ઘણા લોકો તે ખોટી માન્યતાને પણ સાચી માનીને શ્રદ્ધા કરતા જાય છે. એવા કારણે જ લોકમાં કેટકેટલાય અયોગ્ય, અશુદ્ધ, તર્કહીન અને ખોટા ધર્મો ચાલ્યા જ કરે છે અને એવા જ કર્મસંયોગવાળા હજારો લાખો અનુયાયી પણ તેમના થયા જ કરે છે.

સાચી વાત તો એ છે કે તીર્થંકરોના શાસનમાં કંઠસ્થ જ્ઞાનદાન, વાચના પ્રદાન સ્વાધ્યાયમય જીવન સેંકડો હજારો સાધુ-સાધ્વીનું હોય છે. ૧૧ અંગના કંઠસ્થ કરનારા હજારો સાધુ અને હજારો સાધ્વીઓ પણ હોય છે. પૂર્વોનું જ્ઞાન તો માત્ર વિશિષ્ટ પ્રજ્ઞાશીલ સેંકડો સાધુઓને જ હોય છે. તેમ છતાં ભગવાનના થોડાક વર્ષો પછી જ એના શાસનમાં અંગજ્ઞાન તો બધું નષ્ટ થઈ જાય ને માત્ર તેમના એક જ દિગંબર સાધુને પૂર્વજ્ઞાનના અંશો ઉપસ્થિત રહી જાય આવી વાત કરવી તદ્દન ખોટી જ છે. જો એક સાધુ પૂર્વનું જ્ઞાન યાદ રાખી લે તો તેના અગિયાર અંગનું જ્ઞાન ક્યાં ચાલ્યું ગયું અને તે સમયે પણ હજારો સાધુ-સાધ્વી સ્વાધ્યાય વાચનાદિ કરતા જ હતા. ત્યારે બધાં જ અંગસૂત્રોનું જ્ઞાન સર્વેયને નષ્ટ કેમ થઈ જાય ? આજે પણ સાધુ-સાધ્વીમાં વીર નિર્વાણના ૨૫૦૦ વર્ષ પછી પણ ૩૨ શાસ્ત્રો કંઠસ્થ રાખનારા છે અને ૧૦–૨૦ શાસ્ત્રોને યાદ રાખનારા ઘણાં સાધુ-સાધ્વીજીઓ છે. તો ભગવાનના ૫૦૦–૭૦૦ વર્ષ પછી જ સર્વ શ્રુતજ્ઞાનને વિલુપ્ત માનવાની દિગંબરોની વાત તો એકદમ ખોટી જ છે.

આપણે વિચારીએ કે આજથી દોઢ હજાર વર્ષ પહેલાં અગિયાર અંગનું જ્ઞાન કોઈ સાધુને ન રહ્યું અને એકેય અંગશાસ્ત્રનું જ્ઞાન પણ ન રહ્યું તો પૂર્વોનું જ્ઞાન તો રહે જ કેમ ? જો એમ થયું માનીએ તો શું તે વખતે સર્વ સાધુ-સાધ્વી શાસ્ત્ર જ્ઞાન રહિત અજ્ઞાની થઈ ગયા હતા અને દિગંબરના સંતો તે પણ એક સાધુ સિવાયના બધા અજ્ઞાની જ બની ગયા હતા તો પછી અજ્ઞાની સાધુઓ કેમ પાછા અગિયાર અંગની રચના કરી શકે અને અજ્ઞાની દિગંબર સાધુઓએ પણ ગ્રંથોની રચના કેમ કરી ? કેમ કે ૧૫–૨૦ હજાર સાધુ-સાધ્વી બધા અંગજ્ઞાનથી શૂન્ય થાય તો તેઓના એક દિગંબર મત ચલાવનારને જ કેમ પૂર્વજ્ઞાનનો અંશ યાદ રહી જાય. એવી બધી અનહોની અઘટિત વાતો કરવી પોતાની અજ્ઞાન દશા કે મોહકર્મની ઉદયાધીન દશા છે.

માટે જ ઉપર કહ્યું છે કે આ તેઓનું કથન અને પરંપરા ભ્રમયુક્ત, તર્ક

અસંગત અને દુરાગ્રહથી જાણી બૂઝીને ખોટી પોપટવાણી જેવી ચલાવેલી માત્ર છે. પરંતુ તેમ કોઈ રીતે શક્ય–સંભવ થઈ શકે જ નહીં. તેઓના કહેવા પ્રમાણે તો 'શ્રુત આગમજ્ઞાન રહિત અજ્ઞાનીઓએ જ અગિયાર અંગ રચ્યા છે અને દિગંબર ગ્રંથો પણ આગમ જ્ઞાન રહિત અજ્ઞાનીઓએ જ રચ્યા છે. *(કેમ કે ૧૦–૨૦ હજાર સાધુઓ માંથી તેઓનો એક જ સાધુ જ્ઞાની રહે એ તો તદ્દન ખોટી જ વાત છે)* અને આપણા બંનેનો શ્વેતાંબર અને દિગંબર ધર્મ અજ્ઞાનીઓથી ચલાવેલો આપણને મળ્યો છે !'

ખરેખર જ્યાં સુધી જગતમાં બુદ્ધિમાન માનવોની પરંપરા ચાલે છે ત્યાં સુધી જ્ઞાન તો ચાલવાનું જ હોય છે. પાંચમા આરાના છેલ્લે સુધી આગમજ્ઞાન ૨૧ હજાર વર્ષ સુધી ચાલશે. હાં, સમયે સમયે ઉતાર-ચઢાવ આવી શકે છે પરંતુ જિનશાસનની સુવ્યવસ્થિત સ્વાધ્યાય પરંપરામાં તે સંપૂર્ણ નષ્ટ તો ન જ થાય. બીજી વાત એ કે 'ગણધરોના રચેલા શાસ્ત્ર ૭૦૦ વર્ષોમાં નષ્ટ થઈ જાય ને આચાર્યોના રચેલા આજ સુધી ચાલતા રહે અને આગળ પણ ચાલતા જ રહેશે' એ પણ માનવામાં આવે એમ નથી.

શ્વેતાંબર જૈનોએ પોતાના ૧૧ અંગશાસ્ત્રો નવા બનાવ્યા અને દિગંબર જૈનોએ પોતાના ગ્રંથ નવા બનાવ્યા. એ કહેવાનો મતલબ તો એમ થાય છે કે શ્વેતાંબરોએ પોતાના વસ્ત્રની સિદ્ધિ થાય તેવા શાસ્ત્ર મનમાન્યા બનાવી લીધા અને દિગંબરોએ પોતાના નગ્ન રહેવાની અને વસ્ત્ર નહીં રાખવાની સિદ્ધિ થાય તેવા ગ્રંથો બનાવી લીધા અને બંને પોતપોતાના પંથને મન માન્યા શાસ્ત્રથી ચલાવવા લાગ્યા.

એમ વિચારવું માનવું પણ દિગંબર ગ્રંથો માટે તો ઘટિત થાય છે પરંતુ શ્વેતાંબર શાસ્ત્રો માટે તેમ ઘટિત થઈ શકતું નથી. કારણ કે દિગંબર શાસ્ત્રોમાં ખરેખર નગ્નતાનું મંડન અને વસ્ત્રો રાખવાનું ખંડન મળે છે. તેથી તેમ સમજી શકીએ કે તેમના ગ્રંથ આ વિવાદ પછી ઊભા થયેલાં છે.પરંતુ શ્વેતાબંર જૈનોના માન્ય ૧૧ અંગમાં ક્યાં ય દિગંબર ધર્મનું ખંડન છે જ નહીં. ઉલ્ટાને શ્વેતાંબર આગમોમાં ઘણી જગ્યાએ દિગંબર રહેવાને શ્રેષ્ઠ જ કહેલ છે અને તેની ઘણી જ મુક્ત કંઠે મહિમા(પ્રશંસા) કરેલી છે. આવી સ્થિતિમાં એવું કેમ મનાય કે પોતાના શ્વેતાંબર ધર્મના આગ્રહ માટે અંગશાસ્ત્રો નવા રચ્યા છે ? આનાથી પણ સ્પષ્ટ થઈ જાય છે કે શ્વેતાંબર આગમો પહેલાંના હતા તે જ છે અને દિગંબરો પોતાના એકાંતિક આગ્રહ માટે નવા ગ્રંથો રચી તેમાં સ્ત્રી મુક્તિ અને વસ્ત્રોનું ખંડન કર્યું છે.





જો શ્વેતાંબરો પણ પોતાના આગ્રહ માટે નવા શાસ્ત્ર રચ્યા હોત તો નગ્ન રહેવાની માન્યતાને ખંડન કરનારા વાક્યો તેમાં ઠેર ઠેર મળત. પણ આવા રાગદ્વેષ કે મારા-તારાથી શ્વેતાંબર આગમ પૂર્ણ મુક્ત છે. તે તો સ્યાદવાદને વરેલા છે અને બંને પ્રકારના ધર્મને યથાસ્થાને સ્વીકારવાની વૃત્તિવાળા જ છે. આ વાત કોઈ પણ સ્પષ્ટ રીતે જોઇ સમજીને પરીક્ષણ નિરીક્ષણ કરી શકે છે; તેમાં અંશમાત્ર પણ સંદેહ જેવું કંઈ જ છે નહીં.

દિગંબર ગ્રંથોમાંથી અજ્ઞાનતા એમ પણ દેખાઈ આવે છે કે તેઓના ગ્રંથોમાં એમ કહેલ છે કે વસ્ત્ર તો શું વસ્ત્રનો એક તાર પણ જેની પાસે રહી જાય તો તેની મુક્તિ થઈ શકતી નથી. તેમ છતાં તેઓના ગ્રંથમાં સ્ત્રીલિંગ સિદ્ધા, અન્યલિંગ સિદ્ધા અને ગૃહસ્થલિંગ સિદ્ધાને સ્વીકારવામાં આવ્યા છે. તો ગૃહસ્થ લિંગ વગેરે બધાને નગ્ન જ માનવા પડશે ? જો બધાને નગ્ન જ માને તો પછી ગૃહસ્થલિંગ અને અન્યલિંગ કે સ્ત્રીલિંગમાં ફર્ક શો રહ્યો ? ત્યારે ૧૫ ભેદે સિદ્ધ થવાની વાત તેઓના ગ્રંથોમાં જે છે તે તેઓની અજ્ઞાનતાને જ પ્રગટ કરે છે. ખરેખર, દિગંબરોના ગ્રંથો પોતાના દિગંબરત્વની એકાંતતાની પુષ્ટી કરવા માટે અને સ્ત્રીમુક્તિ તેમજ વસ્ત્રના ખંડનવાળા હોવાથી પોતાની વાતની શાન રાખવા માટે જ નવા બનાવેલ તેમ સ્પષ્ટ થાય છે. તેમજ પોતાના ખોટા દુરાગ્રહની સુરક્ષાના માનસથી અગિયાર અંગોના નષ્ટ થવાની નિરર્થક વાત ચલાવવી પણ તેઓ માટે જરૂરી થઈ પડી છે. કારણ કે તે શાસ્ત્રોમાં વસ્ત્રોનાં વિધાન અને સાધ્વીઓની મુક્તિ થવાના વર્ણનો છે.

આ રીતે આપણે તો આગમ સમજને શુદ્ધ પવિત્ર રાખવી જોઈએ. આગમને પ્રમાણભૂત ન માનનારાઓને અને ભ્રમિત પ્રવાહમાં જવાના સ્વભાવવાળાઓને તેમજ તેવા જ ઉદયકર્મવાળાઓને સમજાવવાનું આપણે માટે કંઈ જ શક્ય નથી અને આવશ્યક પણ નથી.

માટે શ્વેતાંબર આગમોની ૧૦ અચ્છેરાની વાત અને જ્ઞાતાસૂત્રમાં આવતી મલ્લી ભગવતીની ૧૯મા સ્ત્રી તીર્થંકર હોવાની વાતમાં આપણે જરા પણ શંકા રાખવાની નથી.

દિગંબર જૈનો સ્ત્રી મુક્તિનો સર્વથા નિષેધ કરવાની સાથે સ્ત્રીને સાધુત્વ કે છટ્ઠું ગુણસ્થાન હોવાનું પણ સ્વીકારતા નથી. સ્ત્રીમાં સંયમની સર્વથા અયોગ્યતા માને છે. એમ તેઓના ગ્રંથોમાંથી પણ સ્પષ્ટ થાય છે. છતાં પણ હમણાં કેટલાક વર્ષોથી એટલે કે પાછળથી પોતાના મત અને ગ્રંથોથી વિરુદ્ધ સાધ્વીઓની સંખ્યા વધારી રહ્યા છે. સમગ્ર જૈન ચાતુર્માસ સૂચિમાં ખુલ્લેઆમ તેઓના સાધુ-સાધ્વીની

સંખ્યા શ્વેતાંબરની જેમ જ પ્રતિવર્ષ છાપવામાં આવે છે. તેનો કોઈ પણ વિરોધ કરતા નથી. પરંતુ તે સંતો પોતે જ એવું લીસ્ટ તૈયાર કરીને ચાતુર્માસ સૂચિ છાપનારને મોકલે છે. તેમ કરતાં પણ જૂનો ઢોલ પીટવા માટે તે સાધ્વીઓને માતાજી કહીને બોલાવવાનો ઢોંગ પણ કરે છે. આ પણ એક વિડંબના છે. આચારાંગ, દશવૈકાલિક સૂત્ર અનુસાર સાધુ કોઈને માતા કે પિતા એવા સંબોધનથી બોલાવી શકતા નથી.

ખરેખર, આગમ અનુસાર સ્ત્રી, પુરુષ અને નપુંસક ત્રણે ય પ્રકારના મનુષ્ય મોક્ષના અને ધર્મના તેમજ સંયમના અધિકારી છે. જેટલા ગુણસ્થાન પુરુષને આવી શકે છે તેટલા સર્વે ગુણસ્થાન સ્ત્રી અને નપુંસકને પણ આવી શકે છે. એમાં શ્વેતાંબર આગમોથી કોઈ પણ વિરોધ આવતો નથી. માત્ર નપુંસકને સામાન્ય જ્ઞાની શ્રુત-વ્યવહારી દીક્ષા આપી શકતા નથી અને સંઘમાં રાખી શકતા નથી, એવી આગમ આજ્ઞા છે. એમાં પણ સાધકોના સંયમની, બ્રહ્મચર્યની સુરક્ષાનો જ મુખ્ય હેતુ રહ્યો છે. પરંતુ તેઓને સ્વતંત્ર સાધના કરવાની કે આગમ વિહારી દ્વારા દીક્ષા દેવાની તેમજ સંયમ પ્રાપ્તિ અને મુક્તિ પ્રાપ્તિની મનાઈ તો ક્યાંય જ નથી.

સાર એ છે કે શ્વેતાંબર શાસ્ત્રોથી, શ્વેતાંબર દિગંબર બંને પ્રકારે સાધના થઈ શકે છે અને સ્ત્રી-પુરુષ-નપુંસક ત્રણે ય આગમ આજ્ઞાનુસાર પોત-પોતાની મોક્ષ સાધના કરી શકે છે. એકાંત આગ્રહ આપણા આગમોમાં ક્યાંય છે જ નહીં.

## નિબંધ – ૨૮

## આગમિક શ્રાવક અને સમુદ્રની યાત્રા

શ્રાવક આખરે તો સંસારી પ્રાણી છે. તેમને પોતાના મોજશોખ, સુખભોગ, એશોઆરામ, વ્યાપાર, ફેકટરીઓ, રાજ્ય કે નેતાગીરી વગેરે કંઈ પણ છોડવાનું જરૂરી તો વ્રતોમાં થતું નથી. ધર્મમાં આવ્યા પહેલાં દરેક વ્યક્તિ પોતાની જુની ચાલતી આવેલી પ્રવૃત્તિ અને રુચિ જે હોય છે તેને શ્રાવક બનતાની સાથે બધા એક જ દિવસમાં છોડી દે, એ શક્ય હોય નહીં. તેવા માનસની સ્વયંની પણ તૈયારી હોતી નથી. તેમજ પરિવાર, સાથી સહયોગી વગેરે કેટલા ય લોકોથી જોડાયેલ તેમનું જીવન હોય છે. શ્રાવક થતાં જ પોતાની બધી રુચિઓનો તત્કાળ ત્યાગ કરવાનો આગ્રહ શ્રાવકવ્રત ધારણ કરનાર માટે જિનશાસનમાં હોતો પણ નથી.

તેમ છતાં શ્રાવક બનનારને જ્ઞાન એવં સંસ્કારની વૃદ્ધિ કરી, પોતાની પ્રવૃત્તિઓ તથા વૃત્તિઓનું સંશોધન તેમજ સંકોચન કરવાનું લક્ષ્ય વધારવાની શિક્ષાથી આત્માને શિક્ષિત કરતા રહેવું તો જરૂરી હોય છે. તે પોતે જ જ્ઞાન વૈરાગ્યની





વૃદ્ધિ કરી આરંભ પરિગ્રહની કે અનર્થદંડની પ્રવૃત્તિઓ ઘટાડે એ તેમનું આદર્શ શ્રાવક કે પ્રગતિશીલ શ્રાવક થવા માટેનું કર્તવ્ય બને છે. તેમને જ વિચારવાનું રહ્યું કે જીવનમાં સંતોષ ધારણ કરી દાલ રોટી મળે, જીવન જરૂરિયાત ચાલે એટલા પૂરતો જ સીમિત વ્યાપાર કરવો અને ધીરે-ધીરે બીનજરૂરી બધી વ્યાપારિક પ્રવૃત્તિઓને સમજી-સમજીને ઘટાડતા રહેવું જોઈએ. એ જ શ્રાવક માટે શ્રેષ્ઠ છે. છતાં તેવું વર્તન પોતાના જ્ઞાનવૈરાગ્ય વિવેક ઉપર નિર્ભર રહે છે, કોઈના આગ્રહ કરવાથી શક્ય નથી.

માટે શ્રાવક થતાં પહેલાંના વ્યાપાર પ્રવૃત્તિઓ કે શોખ, જે હોય તે થોડા સમય ચાલી શકે છે. કંઈક ઈચ્છાઓ, અસંતોષ, લાચારી પણ હોય તો નવા-નવા ધંધા, ફેકટરી પણ થઈ શકે છે. નેતાગીરી, રાજ્ય વગેરેની ભાવના હોય તો તે પણ નવી જૂની ચાલી શકે છે. કારણ કે તે કોઈ સાધુ તો થયો જ નથી, ગૃહત્યાગ કે સર્વેચ્છાઓનો ત્યાગ તો કર્યો જ નથી.

આદર્શ અને લક્ષ્ય તો શ્રાવકનું ત્યાગપ્રધાન જ હોવું જોઈએ. સદા મનોરથ અને સંસ્કાર પણ પરિગ્રહ અને પાપો ઘટાડવાના તેમજ નવા નહીં વધારવાના જ હોવા જોઈએ. તોપણ જીવનમાં વ્યક્તિઓને કેટલીક આકાંક્ષાઓ ઉંમર પ્રમાણે હોય છે. તે સર્વે ય શ્રાવક થતાં જ છૂટતી નથી પણ વૃદ્ધિ પામે. તેમ છતાં તેનું શ્રાવકપણું કે સમકિત ખરાબ છે તેમ એકાંતે કહી શકાતું નથી. હા, જો જ્ઞાન, સંસ્કાર અને લક્ષ્યનો અભાવ થાય અને જીવન બે લગામ ચાલતું જ રહે તો તેવા સમય દરમ્યાન તેનું શ્રાવકપણું કે સમ્યગ્દર્શન જોખમમાં રહે છે. આ માટે જ શાસ્ત્રમાં કહ્યું છે કે– **પરમત્થ સંથવો વા, સુદિટ્ઠ પરમત્થ સેવણા વાવિ ।** અર્થ– ધર્મ તત્ત્વોનું જ્ઞાન અને સંસ્કાર વૃદ્ધિ થાય એવા સત્સંગ, પરિચય, સ્વાધ્યાય વગેરે કરતા રહેવું જોઈએ. જ્ઞાનીજનોના એટલે કે શ્રમણ-શ્રમણીઓના દર્શન અને જિનવાણી શ્રવણનો લાભ પણ લેતા રહેવું જોઈએ. કારણ કે તે જ સમકિતની સુરક્ષા માટે અને તેની પુષ્ટિ માટે ખાસ આલંબનભૂત અને સહાયભૂત કર્તવ્ય છે.

આગમ વર્ણનોને જોતાં આનંદ, કામદેવ પ્રમુખ શ્રાવકો પાસે અઢળક સંપત્તિ અને હજારો પશુધનનો સંગ્રહ હતો. તેઓ પણ જ્યારે શ્રાવક થયા ત્યારે તેટલી પરિગ્રહ સીમા રાખીને સમય વીતતાં ૧૪ વર્ષ પછી તે આરંભ-પરિગ્રહથી મુક્ત થઈ જયેષ્ઠ પુત્રને બધું સોંપી નિવૃત્તિમય શ્રાવક જીવન જીવવા લાગ્યા અને તેઓ પૌષધશાળામાં રહી ધર્મ આરાધનામાં લીન બન્યા હતા.

સાર એ છે કે શ્રાવક શરુમાં આરંભ પરિગ્રહની જે મર્યાદાઓ રાખે તેને

જીવનમાં ધીરે-ધીરે કે શીઘ્ર-શીઘ્ર પોતાની મનોદશા અનુસાર ઘટાડે એ તેમનો ઐચ્છિક વિષય છે. સાવધાન રહેવું, સંસ્કારોની વૃદ્ધિ કરવી વગેરે જરૂરી છે અને અમુક અવધિ સીમા પછી આરંભ-પરિગ્રહ સીમિત કરવાનો મનોરથ રાખે તેમજ સમય આવતાં તે મનોરથને સફળ કરી નિવૃત્ત જીવનમાં કે સંયમ સાધનામાં પહોંચી જવું જોઈએ.

## નિબંધ – ૨૯

### કારણથી રોકાયેલ સંત સાથે અન્ય સંતો

શૈલક રાજર્ષિ મધ્યમ તીર્થંકરના શાસનમાં થયા હતા. તેમના માટે માસ કલ્પ આદિ નિયમ પાલન આવશ્યક નહોતા. આ કથાનકના આલંબનથી અંતિમ તીર્થંકરના શાસનમાં તેનું અનુકરણ ન કરાય. અર્થાત્ સેવામાં જેટલા શ્રમણોની કે શ્રમણીઓની જરૂરિયાત હોય તેટલાને રાખી બાકીનાને અકારણ કલ્પ મર્યાદાથી અધિક સ્થિર રાખવા ન જોઈએ.

## નિબંધ – ૩૦

### જ્ઞાતાસૂત્ર શૈલક અધ્યયન અને બે પ્રતિક્રમણ

પંથકે ચૌમાસી પક્ખીના દિવસે બે પ્રતિક્રમણ કર્યા તેનું કારણ એ છે કે મધ્યમ તીર્થંકરના શાસનમાં અને પેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં પ્રતિક્રમણ સંબંધી નિયમમાં તફાવત હોય છે. કારણ કે પેલા–છેલ્લા તીર્થંકરના શાસનમાં સપ્રતિક્રમણ ધર્મ કહેવાયો છે, મધ્યમ તીર્થંકરના શાસનમાં શ્રમણો માટે સપ્રતિક્રમણ ધર્મ એ વિશેષણ હોતું નથી. તેનું તાત્પર્ય એટલું જ છે કે– પેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં ઉભયકાલ પ્રતિક્રમણ જરૂરી છે જ્યારે મધ્યમ તીર્થંકરના શાસનમાં ઉભયકાલ પ્રતિક્રમણ ઐચ્છિક છે તેમજ પર્વ દિવસનું પ્રતિક્રમણ તેઓને જરૂરી છે. આ જ કારણે તેઓ પર્વના દિવસે એટલે કે પક્ખી, ચૌમાસી અને સંવત્સરીના દિવસે બે પ્રતિક્રમણ કરતા હતા. આ વર્ણનની નકલ કરીને અંતિમ તીર્થંકરના સાધુઓને બે પ્રતિક્રમણ કરવાની આવશ્યકતા હોતી નથી. કારણ કે બન્ને સમય ભાવયુકત પ્રતિક્રમણ કરવાનો નિયમ તેઓ માટે પર્યાપ્ત છે, તેમજ તેઓએ ત્યાગ, તપ, મૌન, ધ્યાન અને આત્મચિંતન કે ધર્મ જાગરણ કરવું, તે જ તેમની પર્વદિવસની વિશેષ આરાધના છે તેમ સમજવું જોઈએ.





## નિબંધ – ૩૧

### અરણક શ્રાવક : મિથ્યાત્વની પ્રવૃતિઓ

કેટલીક લૌકિક પ્રવૃત્તિઓ સાંસારિક પ્રવાહ અને રુચિથી કરવામાં આવતી હોય છે. તેને એકાએક(વગર વિચાર્યે) મિથ્યાત્વની પ્રવૃત્તિઓ કહી દેવી તે યોગ્ય નથી. તે ગૃહસ્થના જીતાચાર હોય છે. જેની દેવલોકની દેવસભામાં સ્વયં શક્રેન્દ્રે પ્રશંસા કરતાં તેને અનુપમ દઢધર્મી-પ્રિયધર્મી કહ્યા તેવા શ્રેષ્ઠ અરણક શ્રાવકે પોતાની લૌકિક–સાંસારિક પ્રવૃત્તિ રૂપે પુષ્પાર્પણથી લઈને વાજિંત્ર સુધીની પ્રવૃત્તિઓ કરી હતી. છતાં તેઓ તે પ્રવૃત્તિઓને ધાર્મિક આચરણ માનીને કે મોક્ષ સાધના માનીને કરતા ન હતા. માટે તે લૌકિક જીતાચારની પ્રવૃત્તિઓ કરવા માત્રથી તેઓ ભ્રષ્ટ શ્રાવક કહેવાયા ન હતા.

આ પ્રકારની પ્રવૃત્તિઓથી તેમની ધર્મશ્રદ્ધા–સમકિતમાં કંઈ નુકશાન થયું ન હતું. માટે એ પ્રવૃત્તિઓ કરવા છતાં ત્યારે જ શક્રેન્દ્રે તેની ધર્મશ્રદ્ધા, વ્રત-નિષ્ઠાની પ્રશંસા દેવલોકમાં કરી હતી. કારણ કે તે પ્રવૃત્તિઓ કરવા છતાં તેમની ધર્મ તત્ત્વોની શ્રદ્ધા અને આચરણોની સમજ શુદ્ધ હતી. મંગલ સ્વરૂપ લૌકિક રિવાજ રૂપ પ્રવૃત્તિઓને કુળ પરંપરાથી કે ગૃહસ્થના જીતાચાર સમજીને કરવામાં આવતી હતી.

આ જ કારણે દઢધર્મી-પ્રિયધર્મી અને દૈવિક શક્તિને પણ પરાસ્ત કરનાર અરણક શ્રાવકે સહજ રૂપે નાવારૂઢ થતાં પહેલાં પુષ્પાર્પણ, ધૂપ, પૂજા વગેરે પ્રવૃત્તિઓને પોતાનો લૌકિક આચાર સમજીને કરી હતી. તેમાં તેઓએ કંઇ પણ પોતાના ધર્મ વિરુદ્ધ કે મર્યાદા વિરુદ્ધ આચરણ કર્યું, તેમ ન સમજવું જોઈએ.

જ્યાં સુધી શ્રાવક સામાન્ય સ્ટેજ(દરજ્જા) થી આગળ ન વધી શકે, લૌકિક પ્રવૃત્તિઓથી મુક્ત ન થઈ શકે, ત્યાં સુધી પણ તે તેવી પ્રવૃત્તિઓને ધર્મનો અંચળો પહેરાવે નહીં પરંતુ લૌકિક સાંસારિક આચરણ જ માને; આટલી સાવધાની તેને રાખવી જરૂરી છે. કારણ કે જીવને મિથ્યાત્વ તો મુખ્યતઃ ખોટી સમજ કે માન્યતા રાખવાથી આવે છે. કુલ પરંપરાના આચરણ માત્રથી મિથ્યાત્વ થતું નથી. ઊંચા સ્ટેજ(દરજ્જા)માં પહોંચનાર શ્રાવક પોતાના પુત્રને ગૃહસંસારની જવાબદારી સોંપીને આનંદ આદિ શ્રાવકોની જેમ પૂર્ણ નિવૃત્ત થઈ શકે છે. તેના માટે પ્રવૃત્તિ માત્રના ત્યાગની વૃદ્ધિ કરવી તે તો શ્રેષ્ઠ જ છે પરંતુ તેના સંબંધી દુરાગ્રહ કે અતિ પ્રરૂપણ કરવું ઉચિત કહેવાતું નથી.

આ ઉપરોકત નિરૂપણને કોઈ ઢિલાશની(શિથિલતાની) પ્રેરણા અનુમોદના કહેવાની કોશીશ કરે કે માને તો તે તેમનો અવિવેક જ છે. જો એમ માનીએ તો પછી " ભગવાન દ્વારા શ્રાવકવ્રત રૂપ ગૃહસ્થધર્મનો ઉપદેશ પણ ઢિલાશને પ્રોત્સાહન આપનાર થઈ જશે. તેઓને માત્ર સંયમ ધર્મનો જ ઉપદેશ આપવો જોઈએ, શ્રાવકપણું તો ઢિલાશનો જ ઉપદેશ છે;" તેમ કહેવું તે પોતાની સ્વચ્છંદતા ભરેલું કથન છે. તીર્થંકર તો સ્યાદ્વાદરૂપ અનેકાંતિક ઉભયમાર્ગનું જ નિરૂપણ કરે છે. એટલે કે એક સરળ માર્ગ અને બીજો કઠિન માર્ગ દર્શાવે છે, તેમાંથી જેને જે અનુકૂળ પડે તે સ્વીકારી શકે છે.

## નિબંધ – ૩૨

## અજ્ઞાની ભોળા જીવ : કર્મ બંધ

પુરુષાર્થ નહીં કરવાની રુચિવાળા કોઈક લોકો એમ કહેતા હોય છે કે– **જાણે તે તાણે**. પરંતુ એકાંતે એમ હોતું નથી. મૂળમાં કોઈની પોતાની પ્રકૃતિનો દોષ હોય તો તે જ્ઞાનને પચાવી શકતો નથી અને ક્ષણે–ક્ષણે જ્ઞાનના દુરુપયોગથી બીજાના દોષો જોતો રહે છે, ક્લેશ નિંદા કરતો રહે છે, આ તેનો દોષ જ્ઞાનનો નહીં પણ પોતાના સ્વભાવનો જ હોય છે. ખરેખર તો એવા વ્યક્તિ જ્ઞાન માટેના અપાત્ર જ હોય છે. તેથી તે જ્ઞાનના નિમિત્તે પોતાના આત્મામાં રાગદ્વેષ કરતા રહે છે.

સત્ય સ્વરૂપે તો જ્ઞાન પરિણત જીવ શાંત, ગંભીર, સમપરિણામી, ક્લેશ નિંદાથી વિરત, પરમ ઉદાર ભાવોથી જગતને જ્ઞાતા દષ્ટાભાવે જોનારા હોય છે. તેઓ મનમાં પણ કોઈ પ્રત્યે ઊંચા-નીચા પરિણામ ન કરતાં, તટસ્થ, ઉદાર અને અનુકંપા ભાવથી ઓતપ્રોત રહે છે.

આનાથી વિપરીત ભોળા અને મૂર્ખ વ્યક્તિ પોતાની તે અજ્ઞાનતાના ફળ સ્વરૂપે નિરર્થક રીતે કર્મોના ઢગલે–ઢગલા એકઠા કરી લે છે. તે કર્મોના પરિણામે તેને અત્યંત દારુણ દુષ્ફળ ભોગવવા પડે છે અને તેનું ભાવિ દીર્ઘકાલ સુધી અંધકારમય થઈ જાય છે. આવા જ તથ્યને પ્રગટ કરવા, સમજાવવા અર્થે અહીં નાગશ્રી બ્રાહ્મણીની ભવકથા પ્રદર્શિત કરવામાં આવી છે. તે જ દ્રૌપદીની ભવકથા છે.

## નિબંધ – ૩૩

## દાનશાળામાં જૈન શ્રમણોની ગોચરી

જે દાનશાળામાં ઘરના લોકો અને કર્મચારી વગેરે ભોજન કરતા હોય





તેમજ દાનશાળામાં મહેમાનો પણ જમી લેતા હોય તો ત્યાં માણસોની ભીડના અભાવવાળા સમયે જૈનશ્રમણો વિવેકની સાથે ગોચરી જઈ શકે છે.

## નિબંધ – ૩૪

## વિરાધક સંયમ અને બીજા દેવલોક

સુકુમાલિકા સાધ્વી શિથિલાચારિણી થઈ ગઇ હતી, કલ્પથી વિરુદ્ધ એકલી રહેતી હતી. તેમ છતાં બીજી ઘણી બધી સંયમ વિધિઓના પાલનમાં તેમજ સ્વાધ્યાય, ધ્યાન, તપમાં તેણી તલ્લીન પણ રહેતી હતી. માટે આગમ અનુસાર તેણીને બકુશ નિયંઠો એટલે કે સંયમનું ગુણસ્થાન રહ્યું હતું. તેથી તે ઉત્તરગુણની વિરાધિકા હોવા છતાં સંયમના ઘરમાં(ગુણસ્થાનમાં) કાળ કરીને બીજા દેવલોકમાં ઉત્પન્ન થઈ હતી.

પ્રશ્નગત જે વિરાધક સાધુની પ્રથમ દેવલોક સુધીની ઉત્કૃષ્ટ ગત છે, તેમાં સંયમના ગુણસ્થાન અને નિયંઠા અવસ્થા રહેતી નથી. સુકુમાલિકા ગુરુણીથી અલગ થઈ સ્વછંદ બની ગઈ હતી. તોપણ શ્રદ્ધા પ્રરૂપણા અને તપ સાધનામાં અપ્રમત્તપણે રહેવાના કારણે ભગવતી સૂત્રોક્ત બકુશ નિયંઠાની ગતિને પ્રાપ્ત કરનાર થઈ હતી. બકુશ નિયંઠાવાળો શ્રમણ ભગવતી શતક–૨૫, ઉદ્દેશક–૬ અનુસાર જઘન્ય પ્રથમ દેવલોક અને ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધી જઈ શકે છે.

***તાત્પર્ય એ છે કે શિથિલાચારી અને એકલવિહારી હોવા છતાં પણ કોઈમાં સાધુપણું રહી શકે છે. તેને એકાંતે અસાધુ કહેનારાઓ પોતે વિદ્વાન થઈને પણ ઉત્સૂત્ર પ્રરૂપક બને છે.***

## નિબંધ – ૩૫

## દ્રૌપદી અને જિન પડિમાની પૂજા

પ્રસ્તુત પાઠમાં કોઈપણ તીર્થંકરના નામ વિના જિનપડિમા એટલો જ શબ્દ છે. તે પાઠ આ રીતે છે– ***ण्हाया जाव सुद्धपावेसाईं मंगलाईं वत्थाईं पवर परिहिया जिण पडिमाणं अच्चणं करेइ, करेत्ता जेणेव अंतेउरे तेणेव उवागच्छइ तएणं तं दोवईं रायवर कण्णं अंतेउरियाओ सव्वालंकार विभूसियं करेइ ।***

દ્રૌપદી પૂર્વભવમાંથી ભોગોનું નિદાન કરીને આવેલી હોવાથી હજુ સુધી પ્રથમ ગુણસ્થાનવર્તી હોવાની તેની સ્થિતિ હતી. તેણીએ સ્નાન કરીને અંતઃપુરમાં આવતાં માર્ગમાં કામદેવની પૂજા કરી હતી. તીર્થંકરના નામ વિનાના જિન શબ્દના

અનેક અર્થ થાય છે. તેમાંથી એક અર્થ કામદેવ પણ છે જ. સ્વયંવરનો અને પતિના નિર્ણયનો પ્રસંગ હોવાથી તેમજ તીર્થંકરનું નામ ન હોવાથી અહીં જિનપડિમા શબ્દથી કામદેવનું કથન હોવું એ જ ઉચિત રહે છે. કોષ ગ્રંથોમાં પણ જિન શબ્દના અનેક અર્થ કહ્યા જ છે. જેમકે–

*અર્હન્નપિ જિનશ્ચૈવ, જિનઃ સામાન્ય કેવલી ।*
*કંદર્પોપિ જિનશ્ચૈવ, જિનો નારાયણો હરિ* ।।**હેમીનામ માલા કોષ**।।

આ શ્લોકમાં તીર્થંકરને, સામાન્ય કેવલિને, કંદર્પ–કામદેવને તથા નારાયણ–હરિને પણ જિન કહેવાય છે, તેમ સમજાવેલ છે. ખરેખર, અહીં સાંસારિક પ્રસંગ હોવાથી અને કોઈ તીર્થંકરનું નામ નહીં હોવાથી કામદેવની પ્રતિમા પૂજનનો પ્રાસંગિક અર્થ છોડીને તીર્થંકરની પડિમા અર્થનો ભ્રમ પેદા કરવો, જરા પણ ઉચિત થતું નથી. શ્વેતાંબર પૂર્વાચાર્ય વિજયગચ્છીય ગુણસુંદર સૂરિશ્વરજીએ ઢાલસાગર નામક કાવ્યના છઠ્ઠા ખંડમાં કહ્યું છે કે–

*કરી પૂજા કામદેવની, ભાખે દ્રૌપદી નાર ।*
*દેવ દયા કરી મુજને, ભલો દેજો ભરથાર ।।*

આ કાવ્યમાં પણ કવિએ દ્રૌપદી માટે કામદેવની પૂજાને જ પ્રાસંગિક કથન માન્યું. માટે ભોગ–નિયાણાના પ્રભાવથી યુક્ત, પ્રથમ ગુણસ્થાનવર્તી દ્રૌપદીના નામે કોઈપણ બુદ્ધિમાન શ્રમણ, તીર્થંકરોના આ શાસનમાં આરંભ-સમારંભથી પરિપૂર્ણ મૂર્તિપૂજાની સિદ્ધિ કરતાં ખુશ થાય તો તેમનો તે પ્રયાસ અયોગ્ય છે. જોકે દ્રૌપદી તે વખતે કોઈ શ્રાવિકા કે સાધ્વી તો હતી જ નહીં તેમજ ધર્મિષ્ઠ પણ હોવાનું અહીં કથન નથી.

જૈન આગમોમાં શ્રાવકોના વિસ્તૃત વર્ણનવાળા ઉપાસકદશા સૂત્રમાં તે શ્રાવકોના ધન, ધાન્ય, સમૃદ્ધિ રૂપ અબ્જો-ખરબોની સંપત્તિનું વર્ણન છે. તેમાં કોઈ પણ શ્રાવકના વર્ણનમાં તેઓના સ્વામિત્વમાં એક પણ મંદિરનું કે મૂર્તિ ઘરમાં હોવાનું કથન નથી. તે શ્રાવકોની વિસ્તૃત દિનચર્યામાં ક્યાંય પણ મંદિરે દર્શન અર્થે જવાનું કે મૂર્તિપૂજા કરવાની વાત જ નથી. માટે આવા અપ્રાસંગિક સ્થળમાંથી જૈન શ્રાવકો માટે મૂર્તિપૂજા કે મંદિરનો અર્થ કાઢી સંતોષ માનવો તેમાં સ્પષ્ટપણે પોતાના પકડી રાખેલા ખોટા સિદ્ધાંતની નબળાઈ સિદ્ધ થાય છે.

## નિબંધ – ૩૬

## મહાભારતનું યુદ્ધ અને જુગાર

અહીં આ શાસ્ત્રના વર્ણન પ્રમાણે પાંડુરાજાના રાજ્યકાલમાં જ પાંચે





પાંડવો કૃષ્ણની આજ્ઞાથી હસ્તિનાપુર છોડીને ચાલ્યા ગયા હતા અને પાંડુમથુરામાં રહેતાં જ યથાસમયે દીક્ષા લઈને આત્મકલ્યાણ કર્યું હતું. હસ્તિનાપુરનું રાજ્ય તેઓએ કર્યું નહીં.

આ રીતના અંગશાસ્ત્રના પાઠ પ્રમાણે દુર્યોધન કે યુધિષ્ઠિરના રાજ્યની કંઈ જ વાત નથી. માટે મહાભારતના યુદ્ધની પણ શક્યતા જણાતી નથી. કારણ કે પાંડુરાજા સ્વયં હસ્તિનાપુરમાં રાજ્યનું સંચાલન કરી રહ્યા હતા અને તેઓના રાજ્ય કાલમાં જ કૃષ્ણે પાંડવોને દેશનિકાલની આજ્ઞા કરી હતી. તેમજ પાંડુરાજા અને કુંતીએ તેઓને વિદાય આપી હતી. જો તે સમયે યુધિષ્ઠિરનું રાજ્ય હોત તો તેણે કોઈને રાજ્યસત્તા સોંપવાની વાત પણ થાત. ખરેખર એવું કંઈ અહીં શાસ્ત્રમાં છે જ નહીં. જ્યારે યુધિષ્ઠિર રાજા ન બન્યા તો પછી દુર્યોધનના રાજા બનવાની વાત પણ ન થઈ શકે. તેથી જુગાર રમવાનું અને રાજ્યને દાવ પર લગાવવાનું એ કંઈ થાય તેવું છે જ નહીં. પાંડુરાજા ત્રણ ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્ર ચક્ષુહીન હતા અને વિદુરજી નાના ભાઈ હતા માટે શાંતનુનું રાજ્ય પાંડુને જ મળ્યું હતું. તેઓએ રાજ્યનો ભાગ દુર્યોધન અને યુધિષ્ઠિર વચ્ચે પાડ્યો ન હતો.

ઈત્યાદિ કારણોથી, હેતુઓથી જુગાર રમવાની વાતથી લઈને મહાભારત યુદ્ધ સુધીની વાતને આ શાસ્ત્રપાઠથી જરા માત્ર પણ ટેકો મળતો નથી. ઉલ્ટાનું પાંડવો કૃષ્ણના આદેશથી સદાને માટે હસ્તિનાપુર છોડીને સમુદ્રતટ પર જઈને પાંડુમથુરા વસાવીને રહ્યા હતા અને ત્યાં સુધી પાંડુરાજાનો જ હસ્તિનાપુર પર અધિકાર હતો. એવા કેટલા ય હેતુઓ કારણોસર આ ચાલતી આવતી મહાભારતની પરંપરાના ગ્રંથને જૈનશાસ્ત્રોમાં મિથ્યાશ્રુતમાં સમાવેશ કરેલો છે.

## નિબંધ – ૩૭

## વિગય સેવન, દવા સેવન અને સંયમ માર્ગ

વિગય અને મહાવિગયનું વિપુલ માત્રામાં સેવન કરવાથી પણ વિકાર પેદા થાય છે. છતાં પણ તે સુસાધ્ય છે એટલે કે વિગયોત્પન્ન વિકારનું તપ દ્વારા ઉપશમન થઈ શકે છે. પણ ઔષધજન્ય વિકાર મહા ઉન્માદ પેદા કરે છે. કુશલ સેવાનિષ્ઠ પંથકના મહિનાઓના પ્રયત્નથી શૈલક રાજર્ષિનો ઉન્માદ શાંત થયો હતો. પણ કંડરીકનો વિકારોન્માદ શાંત ન જ થયો. ત્રણ દિવસના ક્ષણિક– નશ્વર જીવન માટે વર્ષોની કમાણી બરબાદ થઈ. આ નિકૃષ્ટતમ દરજ્જાનો ઉન્માદ આત્મદેવાળું ફૂંકવાનું દષ્ટાંત પૂરું પાડે છે. સંયમમાં અસ્થિર ચિત થતા સાધકો

માટે આ દષ્ટાંત ઘણુજ માર્મિક છે. અનુંચિંતનીય છે. સાધકે જે વૈરાગ્ય ભાવોથી સંયમ ગ્રહણ કરેલ છે તેને જ સ્મૃતિપટ ઉપર રાખતાં દઢ-દઢતમ કરતાં રહેવું જોઇએ. ઉત્પન્ન થતી વિવિધ માનસિક બાધાઓને જ્ઞાન, વૈરાગ્ય તેમજ વિવેકભાવ વડે દુર કરતા રહેવું જોઇએ.

## નિબંધ – ૩૮

## શ્રાવકને જ્ઞાનની વૃદ્ધિ : યોગ્ય સુઝાવ

(૧) ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક, જૈન તત્ત્વ પ્રકાશ, નવ તત્ત્વ સાર્થ, પ્રારંભિક રૂપે અવશ્ય વાંચી લેવા જોઇએ.

(૨) ઉપાસક દશાંગ સૂત્રનો સારાંશ વરસમાં અનેકવાર વાંચતા રહેવું જોઇએ.

(૩) બાર વ્રતોનું વિસ્તારથી વર્ણન પુસ્તકમાંથી મહિનામાં બે વાર એટલે કે પાખી પાખી જરૂર વાંચવું જોઇએ.

(૪) આગમ પ્રત્યે લાગણી થતાં બત્રીસ આગમોના સારાંશના આઠ પુસ્તકો અને ચાર છેદ સૂત્ર વિવેચન યુક્ત પણ યથાસમય વાંચી લેવા જોઇએ.

**સમસ્ત આગમશાસ્ત્ર વાંચન(લેખક, સંપાદક)**– ઘાસીલાલજી મ.સા. મધુકર મુનિજી મ.સા. અમોલકઋષિજી મ.સા. આત્મારામજી મ.સા., શૈલાના, બીકાનેર, જોધપુરથી પ્રકાશિત આગમ તેમજ રાજકોટથી પ્રકાશિત ગુરુપ્રાણ આગમ બત્રીસીનું અધ્યયન મનન કરવું.

**ઐચ્છિક અન્ય ચર્ચા સાહિત્ય વાંચન**– સદ્ધર્મ મંડન, સમકિત સાર, સૃષ્ટિવાદ અને ઈશ્વર, ગણધરવાદ, જિનાગમ વિરૂદ્ધ મૂર્તિપૂજા, લોકાશાહ મત સમર્થન, સ્થાનકવાસી જૈન ધર્મની સત્યતા, જૈનસિદ્ધાંત બોલ સંગ્રહ ભાગ એકથી સાત સુધી, મુખવસ્ત્રિકા નિર્ણય, સમ્યક્ત્વ વિમર્શ, સમ્યક્ત્વ શલ્યોદ્ધાર ઇત્યાદિ નિબંધ ચર્ચાનું સાહિત્ય પણ પ્રાપ્ત થઈ શકે તો વાંચવું.

## નિબંધ – ૩૯

## પાંચસો હલવા અને દિશાવ્રત

પાંચસો હલવા પ્રમાણ ક્ષેત્રનો અર્થ બે રીતે કરવામાં આવે છે– (૧) ખેતીની જમીનની અપેક્ષા (૨) દિશાવ્રતની અપેક્ષા.

**ખેતીની અપેક્ષા**– ખેતીના કામમાં આવનાર હળ સો વાર આવ–જા કરે તેટલી ભૂમિ, સો નિવર્તન રૂપ એક હળ પ્રમાણ હોય છે. હલના એકવાર આવ–જા





કરવાના ક્ષેત્રની પહોળાઈ ત્રણ ફુટ જેટલી હોય છે. જેથી ૧૦૦ વાર આવજાનું ક્ષેત્ર લગભગ ૧૦૦ મીટર પહોળું થાય છે. તેટલું જ લાંબુ ક્ષેત્ર સમજવું. આ રીતે ૧૦૦ મીટર લાંબુ અને ૧૦૦ મીટર પહોળું ક્ષેત્ર એક હલવા પ્રમાણ હોય છે. એનાથી ૫૦૦ ગુણા કરવાથી ૫૦૦ હલવા પ્રમાણ જે ક્ષેત્ર થાય છે તેવા ક્ષેત્ર પ્રમાણ આનંદ આદિ શ્રાવકોએ ખેતીની ભૂમિ રાખી હતી.–*આચાર્ય અભયદેવ સૂરિ ટીકા.* એટલી ભૂમિની ઉપજથી તેના ઘરનો અને પશુઓનો નિર્વાહ થઈ શકે છે.

**દિશાવ્રતની અપેક્ષા**– ૧૦ હાથ=એક વાંસ. ૨૦ વાંસ=૧ નિવર્તન.૧૦૦ નિવર્તન =૧ હલવા. આ રીતે ૧ હલવા=૧૦૦ નિર્વતન=૨૦૦૦વાંસ=૨૦૦૦૦ હાથ= ૫૦૦૦ધનુષ= ૨ાા કોષનો એક હલવો થાય છે. ૫૦૦ હલવા=૧૨૫૦ કોશ. એક કોશ=૪ કી.મી. જેટલું થાય માટે ૧૨૫૦ કોશ=૫૦૦૦ કી.મી. થાય છે. એટલેકે ૫૦૦૦ કિલોમીટર ક્ષેત્રની તે શ્રાવકોએ છઠ્ઠા દિશિવ્રતમાં મર્યાદા રાખી હતી– ***।। વિશેષણવતી ગ્રંથ।।***

આગમમાં દિશાની મર્યાદાનો જુદો પાઠ ન હોવાથી એટલે કે પાંચમા વ્રતની મર્યાદા પછી સીધા સાતમા વ્રતની મર્યાદાનું કથન આવી જાય છે. એનાથી જ એવું અનુમાન કરાય છે કે વિશેષણવતી ગ્રંથના કથન પ્રમાણે પાંચમા વ્રતના કથન સાથે કહેલા ૫૦૦ હલવા પ્રમાણ ક્ષેત્રનો પાઠ દિશિમર્યાદાના માટે હોવો જોઈએ. જો તે ૫૦૦ હલવાને ટીકામાં કહ્યા પ્રમાણે ખેતી માટે સમજી લેશું તો છઠ્ઠા દિશાવ્રતની મર્યાદાનો અભાવ થશે. ત્યારે એમ માનવું પડશે કે પાંચ વ્રતોની મર્યાદાનો પાઠ આ શ્રાવકો માટેનો અનુપલબ્ધ છે. એકથી પાંચ અને સાત-આઠ આ સાત વ્રતોની મર્યાદાનો પાઠ જ ઉપલબ્ધ છે અને અતિચાર ૬૫(૧૨+૧×૫) મૂળપાઠમાં ઉપલબ્ધ છે. સાર એ છે કે અતિચારોનું વર્ણન જોતાં આ દશે શ્રાવકોએ ૧૨ વ્રત પૂર્ણ રૂપે ધારણ કર્યા હતા પરંતુ મૂલપાઠની ઉપલબ્ધિમાં કોઈ પણ કારણે ઉણપ આવી જવા પામી છે.

**સ્થૂલ જૂઠ**– રાજા જેનો દંડ કરે, લોકો જેની નિંદા કરે, બીજાઓને દગો થાય, વિશ્વાસઘાત થાય, ભૂલ વગર કોઈને ભારે નુકસાન વેઠવું પડે, ઈજ્જત કે ધર્મને ઠેસ પહોંચે, જીવન કલંકિત થાય; એવા બધા જૂઠને સ્થૂલ જૂઠ સમજવા. તેનો જ શ્રાવકને ત્યાગ હોય છે. તેમાં પણ(૧) કન્યા–વરસંબંધી(૨) જાનવર સંબંધી(૩) જમીન સંપત્તિ સંબંધી (૪) ધરોહર–થાપણ સંબંધી (૫) ખોટી સાખ ભરવા સંબંધી. આ પાંચ પ્રકારના સ્થૂલ જૂઠનો શ્રાવકને ત્યાગ કરવાનો હોય છે.

**સ્થૂલ ચોરી–અદત્તાદાન**– (૧) ઘરની ભીંત વગેરેમાં બાકોરું કરીને (૨) માલ–

સામાનના પેકેટ ખોલીને (૩) તાળા તોડીને કે બીજી ચાવી લગાવીને (૪) માર્ગમાં કોઈની ધોલ-ધપાટ કરીને, ખીસા કાપીને (૫) કોઈની માલિકીની વસ્તુ ઉપાડી લઈને. આ પાંચ પ્રકારની સ્થૂલ ચોરી કહેલ છે. તાત્પર્ય એ છે કે વ્યાપાર સંબંધી, આદત–ટેવ સંબંધી નાના મોટા જૂઠ કે ચોરીનો સમાવેશ આ વ્રતોમાં હોતો નથી એટલે કે આગાર હોય છે. તેમજ અતિચારમાં પણ આવી જાય છે.

**આદાણ ભરિયંસિ–** આ શબ્દનો પ્રયોગ ત્રીજા, ચોથા આદિ ચાર અધ્યયનોમાં શ્રાવકના પુત્રોના શરીર ખંડોને ઉકાળવા માટે થયો છે. વ્યાખ્યાકારો આ શબ્દનો નિશ્ચિત્ત અર્થ ન કરતાં પાણી કે તેલની ભરેલી કડાઈમાં તે પુત્રોના શરીરના ત્રણ, પાંચ કે સાત ખંડોને ઉકાળ્યા, તેવો વૈકલ્પિક શબ્દાર્થ આપ્યો છે. વિચાર કરતાં કોઈ વસ્તુને ઉકાળવા માટે પાણીનો પ્રયોગ થાય છે અને તેલનો ઉપયોગ કોઈ વસ્તુને તળવા માટે થાય છે. અહીં તળવાનું પ્રયોજન નથી પરંતુ ઉકાળવાનું પ્રયોજન છે તેથી ઉકાળવાના કાર્ય માટે પાણી અર્થ કરવો યોગ્ય છે. સાર એ છે કે દેવે પાણીથી ભરેલી કડાઈમાં તે પુત્રોના શરીરના ટુકડાઓને ઉકાળ્યાં હતા, તેલમાં તળ્યાં ન હતા. માટે એક જ પાણી રૂપ નિશ્ચિત્ત અર્થ કરવો જોઈએ.

**નોંધ–** ૧૪ નિયમોનું વિસ્તૃત સ્વરૂપ વગેરે અને ૧૨ વ્રતોનું વિસ્તૃત સ્વરૂપ તેમજ ત્રણ મનોરથ ચિંતન સ્વરૂપ માટે જુદા નિબંધ છે ત્યાં જુઓ.

## નિબંધ – ૪૦

## ભિક્ષુપડિમા અને ૧૧ અંગોનું જ્ઞાન

અંતગડસૂત્રના પ્રથમ અધ્યયન પ્રમાણે ગૌતમકુમારે ૧૨ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કર્યું હતું. તેમની દીક્ષા સમયની ઉંમરનું કે કુલ ઉંમરનું કથન શાસ્ત્રમાં નથી. છતાં ય તે સમયની પરિપૂર્ણ મધ્યમવય હજાર–બારસો વર્ષોની તેમની હોવી જોઈએ. તેઓએ પાછલી વયે દીક્ષા લઈને પણ બાર વર્ષની અલ્પ દીક્ષા પર્યાયમાં અગિયાર અંગશાસ્ત્રોનું કંઠસ્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ભિક્ષુની બાર પડિમાઓ ધારણ કરીને તેનું યથાર્થ આરાધન કર્યું હતું. ત્યાર પછી ફરીને ગુણરત્ન સંવત્સર તપનું આરાધન કરેલ હતું.

આજના વિદ્વાનો અને મધ્યમ કાલના વ્યાખ્યાકારો આચાર્ય ભગવંતો દરેક વિશિષ્ટ સાધના-આરાધનાઓ માટે ૯ પૂર્વજ્ઞાનને પરાણે જોડી દેવાના માનસવાળા હોય તેમ લાગે છે. જ્યારે શાસ્ત્રના મૂળપાઠમાં અગિયાર અંગના જ્ઞાનવાળાઓને તેમજ અત્યલ્પજ્ઞાની ગજસુકુમાલને પણ એકાકી મહાકાલ





સ્મશાનમાં જવા દેવામાં અને બારમી ભિક્ષુપડિમા ધારણ કરવામાં વાંધો દેખાતો નથી. માટે પૂર્વોના જ્ઞાનના કથનનો માત્ર ખોટો વિચાર જ વિદ્વાનોના મગજમાં બેસી ગયેલ છે. કારણ કે આગમના મૂળપાઠોથી પણ તે કથન વિપરીત થઈ ઉત્સૂત્ર પ્રરૂપણાવાળું થાય છે. તેમ છતાં બહુલપક્ષી વિદ્વાનો આંખો મીચીને તેવું જ રટણ કરતા જાય છે કે ૯ પૂર્વના જ્ઞાન વિના આમ કલ્પતું નથી ને તેમ કલ્પતું નથી વગેરે...પણ તેઓ આંખો ખોલીને તેવા કથન માટે શાસ્ત્રપાઠોનો વિચાર કરતા જ નથી. ખરેખર કોઈ પણ આપણા માન્ય આગમના મૂલપાઠમાં એવું છે જ નહીં કે ભિક્ષુપડિમા અથવા એકલવિહારી સાધના માટે નવ પૂર્વનું જ્ઞાન હોવું જોઈએ, ઉલટાનું અહીં આગમમાં અલ્પજ્ઞાની અને ૧૧ અંગના જ્ઞાની ઘણા સાધકોને ૧૨ ભિક્ષુપડિમા આરાધનનું કથન છે. ૯ પૂર્વના જ્ઞાનના આગ્રહની અહીં કોઈ વાત જ નથી. માટે આગમથી વિચાર્યા વગર કોઈ પણ ***પ્રાચીન કે અર્વાચીન આચાર્યો ભિક્ષુપડિમા કે એકલવિહારની સાધના અર્થે પૂર્વજ્ઞાનનું દુરાગ્રહ યુક્ત પ્રરૂપણ કરે તો તેઓને આગમથી વિરુદ્ધ ઉત્સૂત્ર પ્રરૂપણનો દોષ લાગે છે, આ સત્ય હકીકત છે.***

ગૌતમમુનિએ ૧૧ અંગનું અધ્યયન કર્યા પછી પ્રભુની આજ્ઞા લઈને ૧૨ ભિક્ષુપડિમાઓ ધારણ કરી હતી. અંતે એક મહિનાનો સંથારો કરી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પધાર્યા હતા. તેમને ઉંમરની અંતિમ ક્ષણોમાં સંથારાવસ્થામાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું અને તેના થોડા જ સમયાંતરે સંપૂર્ણ કર્મ ક્ષય કરી મુક્ત થયા હતા. આ માટે તેઓ અંતકૃત કેવલી કહેવાયા છે. આમ પ્રસ્તુત સૂત્ર વર્ણિત ૯૦ આત્માઓ જીવનના અંતિમ ક્ષણોમાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થયા હતા, માટે સર્વે ય અંતકૃત કેવલી કહેવાયા છે.

## નિબંધ – ૪૧

## ગૌતમાદિ ૧૮ સગા ભાઈઓ નહીં

પ્રથમ વર્ગના શેષ ૯ સમુદ્રકુમાર આદિ ગૌતમકુમારના સગા ભાઈઓ હતા એટલે કે તેઓના પિતા અંધકવૃષ્ણિ રાજા અને માતા ધારિણી હતા. ગૌતમ કુમારની જેમ તે નવે ય કુમારવાસમાં જ (રાજા થયા વિના જ) પાછલી વયે દીક્ષા લીધી હતી. દરેકનું આઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ થયું હતું. ૧૨ વર્ષની દીક્ષાપર્યાય, ૧૧ અંગશાસ્ત્રોનું જ્ઞાન, ભિક્ષુપડિમા, ગુણરત્ન સંવત્સર તપ આદિ પણ ગૌતમની સમાન જ હતા. આ બધા પણ એક મહિનાના સંથારાથી શત્રુંજય (પાલીતાણા) પર્વત ઉપર મોક્ષે પધાર્યા હતા.

બીજા વર્ગના અક્ષોભકુમાર આદિ આઠ ભાઈઓનું વર્ણન પણ ગૌતમ કુમારની સમાન જ કહેલ છે, પરંતુ તેઓના માતા-પિતાનું નામ મૂલપાઠમાં ભિન્ન કહેવામાં આવ્યું છે– તે આઠ ભાઈઓના પિતા વૃષ્ણિ અને માતા ધારણી નામના હતા. પ્રાચીન પ્રતો જોતાં પણ આ આઠના માતા-પિતાના નામ આ જ પ્રમાણે જુદા મળે છે. જો માતાપિતા પ્રથમ વર્ગવાળા જ હોત તો તેને માટે ફરી આ રીતે નામ આપવામાં આવત નહી પરંતુ સંક્ષિપ્ત પાઠમાં જ તેનો સમાવેશ થઈ જાત.

માટે બીજા વર્ગના આઠ કુમારના વૃષ્ણિપિતા અને ધારિણી માતા પ્રથમ વર્ગના અંધકવૃષ્ણિ અને ધારિણીથી જુદા સમજવા, એ જ સીધો અને સરળ અર્થ થાય છે. બંને વર્ગોના રાજકુમારોના નામોને પરસ્પર મેળવવાની મહેનત કરી મુશ્કેલીમાં પડવાની જરૂરત નથી. ધારિણી રાણી તો ઘણા રાજાઓને અને રાજ-કુમારોને તેમજ દાદા-પોત્રાઓને પણ હોય છે. કારણ કે ધારિણી એ સ્ત્રી માટેનું પ્રસિદ્ધ નામ છે. (૧) પ્રસ્તુત શાસ્ત્રના પ્રથમ વર્ગમાં અંધકવૃષ્ણિને ધારિણી રાણી કહી છે. (૨) બીજા વર્ગમાં વૃષ્ણિ પિતા અને ધારિણી માતા કહી છે. (૩) ત્રીજા વર્ગમાં વસુદેવજીને ધારિણી રાણી વડે સારણપુત્ર થયો હતો. (૪) ત્રીજા વર્ગમાં બલદેવજીને ધારિણી રાણી હતી અને તેને સુમુખ દુમુખ અને કૂપક ત્રણ પુત્રો હતા. (૫) ત્રીજા વર્ગમાં– અનાદષ્ટિ અને દારુકને પણ વાસુદેવ પિતા અને ધારિણી માતા હોવાનું કથન છે. આજે પણ કોઈ કોઈ નામવાળા એક ગામમાં ૧૦–૨૦ સ્ત્રી–પુરુષો મળી આવે છે.

આ બંને વર્ગોમાં ૪ વ્યક્તિઓના નામ પરસ્પર સરખા છે– સમુદ્ર, સાગર, અચલ, અક્ષોભ. આ કારણે પણ બંને વર્ગોના અંધકવૃષ્ણિ અને વૃષ્ણિને જુદા માનવા જ ઉપયુક્ત રહે છે, બંનેને એક ગણવા યોગ્ય નથી. કેમ કે એક જ માતા-પિતાના સંતાનોના નામ સરખા હોતા નથી, જુદા જુદા જ રાખવામાં આવે છે. માટે મૂલપાઠમાં અંધકવૃષ્ણિ અને વૃષ્ણિ બે જુદા શબ્દો જે મળે છે તે યથાર્થ જ છે. ભ્રમવશ તે બંનેને એક સરખા અંધકવૃષ્ણિ કરી દેવા યોગ્ય નથી.

આ બે વર્ગોમાં ૧૮ યાદવકુમારોનું એક સરખું વર્ણન હોવાથી તે બધાએ કુમારવાસમાં રહીને જ પાછલી વયે દીક્ષા લીધી હતી. તેમાંથી કોઈ પણ રાજા બન્યા ન હતા. તે બધાના(૧૮ના) યૌવન વયે આઠ-આઠ કન્યાઓ સાથે લગ્ન થયા હતા. તે સર્વેય કૃષ્ણના ત્રિખંડાધિપતિ વાસુદેવ થયા પછી અને અરિષ્ટનેમિ ભગવાનના શાસન પ્રવર્તન કર્યા પછી દીક્ષિત થયા હતા. બીજાવર્ગના ૮ કુમારોની દીક્ષા પર્યાય ૧૬ વર્ષની થઈ હતી. આ સર્વેયની દીક્ષાની આજ્ઞા દેનાર તેઓના





પિતા, નેમિનાથ ભગવાનના દાદા થતા હતા અને દીક્ષામાં તેઓની હાજરી હતી.

**સમુદ્રવિજયજી વગેરે દસે દશાર્હ–** અહીં વર્ણિત બંને વર્ગોના ગૌતમકુમાર આદિનું વર્ણન એક સમાન હોવાથી તે સર્વે કુમારવાસમાં દીક્ષિત થયા હતા. તેઓની માતાઓનું નામ ધારિણી હતું અને તે દરેકના આઠ કન્યાઓ સાથે એક જ દિવસે લગ્ન થયા હતા.

સમુદ્રવિજયજી આદિ દસ દશાર્હ ભાઈઓ રાજા હતા, તેઓની માતા સુભદ્રા હતી અને તે દસેની સ્ત્રીઓની સંખ્યા એક સરખી આઠ હતી નહીં. તે દશેના નામ જે ક્રમથી પ્રાપ્ત થાય છે તે ક્રમ સર્વત્ર એક સમાન મળે છે. જેમાં પ્રથમ નામ સમુદ્રવિજય, બીજું નામ અક્ષોભ, નવમું નામ અભિચંદ્ર અને દસમું નામ વસુદેવ છે. જ્યારે પ્રસ્તુત બંને વર્ગોમાં પ્રથમ નામ ક્રમશઃ ગૌતમ અને અક્ષોભ છે અને શેષ નામોનો ક્રમ પણ દસ દશાર્હના ક્રમથી કંઈ જ મેળ ખાય તેમ નથી.

તેથી અંધકવૃષ્ણિ પિતા અને સુભદ્રા માતાના એ સમુદ્રવિજયજી આદિ દસ ભાઈઓ બંને વર્ગના ૧૮ યાદવોથી ભિન્ન હતા, તેમ સમજવું અને સ્વીકારવું જોઈએ. અહીંના વર્ણનમાં કૃષ્ણની રાજ્ય ઋદ્ધિની સાથે દસ દશાર્હનું કથન કર્યા પછી જ તે ગૌતમ આદિના વર્ણનનો પ્રારંભ કરેલ છે. જેમાં તેમનો જન્મ,બાલ્યકાળ અધ્યયન, પાણિગ્રહણ, દીક્ષા વગેરેનું વર્ણન છે. માટે સુજ્ઞ(વિદ્વાન)પાઠકોએ નામ સામ્યતાના ભુલભુલામણીમાં જુદા જુદા વર્ણિત આ યાદવકુમારો અને રાજાઓને એક સમજવાના ભ્રમમાં આવવું જોઈએ નહીં.

આ ત્રણે પ્રકારના નામનો ક્રમ અહીં તાલિકામાં આપીએ છીએ, પાઠકો તેમના તફાવતને ધ્યાનથી જુએ અને વિચારે.....

| ક્રમ | અંધકવૃષ્ણિ પિતા<br>ધારિણીમાતા<br>પ્રથમ વર્ગ | વૃષ્ણિ પિતા<br>ધારિણીમાતા<br>બીજો વર્ગ | અંધકવૃષ્ણિ પિતા<br>સુભદ્રામાતા–દશદશાર્હ<br>(તીર્થંકર ચારિત્ર) |
|---|---|---|---|
| ૧ | ગૌતમકુમાર | અક્ષોભ | સમુદ્રવિજય |
| ૨ | સમુદ્ર | સાગર | અક્ષોભ |
| ૩ | સાગર | સમુદ્ર | સ્તિમિત |
| ૪ | ગંભીર | હિમવંત | સાગર |
| ૫ | સ્તિમિત | અચલ | હિમવાન |

| | | | |
|---|---|---|---|
| ૬ | અચલ | ધરણ | અચલ |
| ૭ | કાંપિલ્ય | પૂરણ | ધરણ |
| ૮ | અક્ષોભ | અભિચંદ્ર | પૂરણ |
| ૯ | પ્રસેનજિત | – | અભિચંદ્ર |
| ૧૦ | વિષ્ણુ | – | વસુદેવ |

આ રીતે નામોની કંઈક સમાનતા અને ક્રમની ભિન્નતાને જોતાં પણ ત્રણે ગ્રુપ જુદા-જુદા છે, તે સ્પષ્ટ થાય છે. આ ત્રણેને એક કરવા કે માનવાથી ઘણી, મુંઝવણો ઉત્પન્ન થાય છે અને જેનું સાચું સંતોષપ્રદ સમાધાન થતું નથી. સમાધાન ન થવાથી પણ સ્વતઃ એ જ સિદ્ધ થાય છે કે આ ત્રણે પરિવારો(ગ્રુપોને) સૂત્રપાઠ અનુસાર જુદા જુદા જ રહેવા દેવા જોઈએ. પોતાના તરફથી કંઈ પણ અક્ષર શબ્દ તેમાં ઉમેરવો જોઈએ નહીં.

ખરેખર તે ત્રણે ક્રમ પોતપોતાનામાં યથાર્થ જ છે. બેના ક્રમ તો અહીં બે વર્ગમાં છે અને દસ દશાર્હનો ક્રમ અન્યત્ર ટીકા અને તીર્થંકર ચારિત્ર એટલે કે ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રથી પ્રમાણિત છે. આમ આ ત્રણે ગ્રુપના ક્રમમાં પણ કોઈ જ પ્રકારની સામ્યતા સંભવ નથી.

આજ સુધી આ પ્રશ્ન સેંકડો વર્ષોથી ચર્ચાય છે અને તેમાં કલ્પનાઓ ઊભી કરવામાં આવે છે. કારણ કે સેંકડો વર્ષો પૂર્વે પ.પૂ.આચાર્ય જયમલજી સ્વામીએ પોતાના બહુપ્રસિદ્ધ કાવ્યમાં ***ગૌતમાદિ કુંવર સગા અઢારે ભ્રાત, સહુ અંધકવૃષ્ણિ સુત ધારિણી જ્યારી માત*** એમ લેખન કર્યું છે. તે સંસ્કારોના કારણે કોઈના વિશ્લેષણમાં હજુ સુધી સ્પષ્ટ અને નિર્ણાયક સમાધાન આવી શક્યું નથી.

તે સર્વ સમીક્ષાઓને નજર સામે રાખતાં અને આગમના મૂલપાઠને 'જેમ છે તેમ જ સ્વીકારતાં ' ઉપરોક્ત ત્રણે ગ્રુપોને જુદા રાખવાના સમાધાનની સંરચના અને સંઘટ્ટના કરવામાં આવી છે. તેનો સ્વીકાર કરી લીધાં પછી સમાધાનમાં કંઈ પણ અસંતોષ રહેતો હોય તેમ જણાતું નથી. માટે આ સમાધાનથી પાઠકોને અને વિદ્વાનોને સત્ય સમજવાની એક તક જરૂર મળશે. તેમાં કોઈ પરંપરાના આગ્રહમાં રોકાઈ રહે કે પૂર્વ સંસ્કારોને વળગીને જ રહે તો તેઓ માટે તો કોઈ પણ પ્રયત્ન સફળ થઈ શકે નહીં. ખરેખર તો પોત-પોતાના સંસ્કાર અને પરંપરાના મહત્ત્વથી તો આગમનું મહત્ત્વ સર્વોપરી જ હોય છે. અહીં મૂલપાઠને 'જેવો છે તેવો જ સત્ય સ્વીકારીને' બધું સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.





આ બંને વર્ગોમાં ૧૮ કુમારો માટે ક્યાંય 'દશાર્હ' હોવાનું કથન કે સંકેત છે નહિ, તો પછી અન્યત્ર વર્ણિત દસ દશાર્હની સુભદ્રા માતાનો અસ્વીકાર કરી પરાણે ધારિણીમાતા સ્વીકારવાનો ખોટો આગ્રહ કરવો વ્યર્થ જ બને છે. અને જો ધારિણી માતા ન માનીએ તો પછી અહીંના કુમારોમાં તેઓને(દશાર્હોને) જોડી શકાય જ નહીં કારણ કે અહીંના કુમારોની માતા ધારિણી રૂપે જ સ્પષ્ટ કથન છે.

માટે આ ત્રણ વિભાગના યાદવોના કેટલાક નામ સરખા હોવા છતાં પણ ત્રણ વિભાગોમાં જુદા-જુદા જ માનવા તે સર્વ અપેક્ષાએ શ્રેષ્ઠ સમાધાન યુક્ત થાય છે. માટે મૂલપાઠના વણ્હિ ને અંધકવણ્હિ નહીં કરવું અને દશ દશાર્હની સુભદ્રા માતાના સ્થાને ધારણી માતા નહીં માનવું.

**સંક્ષિપ્ત સાર–** (૧) પ્રથમ વર્ગના દસ કુમારોના પિતા અંધકવૃષ્ણિ અને માતા ધારિણી હતા. (૨) બીજા વર્ગના આઠ કુમારોના પિતા વૃષ્ણિ અને માતા ધારણી નામના હતા એટલે કે બંને વર્ગવાળાઓના માતા-પિતા બંને જુદા જુદા હતા. જો માતા પિતા એક જ હોત તો સંક્ષિપ્ત પાઠમાં તેના નામ ખુલ્લા કરવાની જરૂરત ન થાત અને એક જ માતા-પિતાના ૧૮ કુમારો માટે બે વર્ગ જુદા પાડવાની જરૂરત પણ ન થાત. દીક્ષાપર્યાય ૧૨ અને ૧૬ વર્ષની તો એક જ વર્ગમાં સ્પષ્ટતા થઈ જાત. આમ બે વર્ગ જુદા-જુદા કરવાથી પણ તેઓના માતા-પિતા જુદા-જુદા હોવાનું સહજ સ્પષ્ટ થાય છે. (૨) દસ દશાર્હ આ ૧૮ કુમારોથી ભિન્ન હતા, કારણ કે તેઓ કુમાર નહીં પણ રાજાઓ હતા. તેઓની માતા ધારિણી નહીં પણ સુભદ્રા હતી. સુભદ્રા અંધકવૃષ્ણિ રાજાની અન્ય રાણી હતી.

## નિબંધ – ૪૨

### ૪૫ આગમ સંખ્યા અને અનિશ્ચતતા

શ્વેતામ્બર મૂર્તિપૂજક સમુદાયમાં જ્યારે ૪૫ આગમોની સંખ્યા નક્કી કરવામાં આવી ત્યારે કેટલાયે સમય સુધી ઋષિભાષિત સૂત્ર કાલિકસૂત્ર હોવાને લીધે અને તેઓને પ્રાપ્ત હોવાને લીધે ૪૫ આગમોની સંખ્યામાં ગણાતું રહ્યું. પરંતુ પાછળથી તેમના આચાર્યોએ ૧૦ પ્રકીર્ણકોને ગણનામાં લેવા માટે અને નાના-નાના આગમોને ગણત્રીમાં લેવાની રૂચિને કારણે આ મોટા આગમને ગણત્રીમાં લેવાનું છોડી દીધું હોય એમ જણાય છે. વર્તમાન સમયમાં તેઓએ ભલે ગણત્રીમાં લીધું ન હોય પરંતુ આચાર્ય પુણ્યવિજયજીએ પ્રાચીન આચાર્યના ગ્રંથમાંથી જે ૪૫ આગમોની ગણત્રી રજુ કરેલ છે તેમાં આ ઋષિભાષિત સૂત્રનો

સ્પષ્ટ ઉલ્લેખ છે. એ યાદી મુજબના એક, બે કે વધારે આગમોને વર્તમાન મૂર્તિ-પૂજક લોકોએ ૪૫ ની ગણત્રીમાંથી છોડી દીધા છે. આ પ્રમાણે પ્રાચીન પરંપરાના ૪૫ આગમોમાંથી કેટલાકને કાઢીને કેટલાક નવા નામ ઉમેરવાનું કોઈ દેખીતું કારણ ન હોવા છતાં આ પરંપરા ચાલુ રહી અને તેથી તેમના કેટલાક વિદ્વાન સંતો લખે છે કે **૪૫ આગમોનું નિશ્ચિત રૂપ કહેવા માટે કોઈ મજબુત આધાર મળતો નથી.** મૂર્તિપૂજકો પોતે પણ સ્વીકારે છે કે આગમોને ૪૫ સંખ્યામાં કહેવા માટે પણ કેટલાયે મતમતાંતરો ચાલી રહ્યા છે.

સાર એ છે કે ઋષિભાષિત સૂત્ર ૪૫ આગમોમાં ગણવામાં આવતું રહ્યું હતું અને નંદીસૂત્રની કાલિક આગમોની યાદીમાં પણ તેનું નામ છે. આથી પ્રશ્નવ્યાકરણના ૪ વિભાગ રૂપમાંથી એક વિભાગ રૂપે એને માન્ય રાખવામાં કાંઈ અયોગ્ય કે વિરોધજનક જેવું લાગતું નથી. ઉલ્ટાનું એ સૂત્ર પોતે આગમ પાઠોથી જ સિદ્ધ થઈ જાય છે.

આચાર્ય ઉમાસ્વાતિના તત્ત્વાર્થ સૂત્રમાં તેમજ દિગમ્બરના જયધવલા ગ્રંથમાં પણ ઉત્તરાધ્યયન અને ઋષિભાષિત એમ બંને નામ એક સાથે મળે છે. એનો અર્થ એ થાય કે જયધવલા ના રચયિતા આચાર્ય વીરસેન અને ઉમાસ્વાતિ આચાર્યના સમયે આ બન્ને શાસ્ત્રો હોવા સંભવ છે.

**તેરાપંથી આચાર્ય તુલસીના લખાણમાંથી લીધેલ શબ્દો–** ઉક્ત આગમ ગ્રંથોમાં પ્રસ્તુત (પ્રશ્નવ્યાકરણ)સૂત્રના જે વિષયોનું વર્ણન છે તે આજે મળતું નથી. આજે જે વર્ણન મળે છે તે પાંચ આશ્રવ,પાંચ સંવરનું વર્ણન છે, તેનો નંદી સૂત્રમાં કોઈ ઉલ્લેખ નથી. સ્થાનાંગ-સમવાયાંગમાં આચાર્યભાષિત વગેરે અધ્યયનોનો ઉલ્લેખ છે. તેમજ જયધવલામાં આક્ષેપિણી આદિ ધર્મકથાઓનો ઉલ્લેખ છે. આથી અનુમાન કરી શકાય કે પ્રસ્તુત આગમમાં ઉપલબ્ધ(આશ્રવ-સંવરરૂપ) વિષયો પણ તે સૂત્રમાં પ્રશ્નોની સાથે પ્રાચીન સમયમાં રહેલ હશે અને પ્રશ્ન આદિને લિપિબદ્ધ ન કરવામાં આવ્યા ત્યારે આશ્રવ-સંવરનો આ વિષય પ્રસ્તુત આગમના રૂપમાં સ્વતઃ અવશિષ્ટ રહી ગયો એટલે કે બચી ગયો. નંદી ચૂર્ણિકારે પણ આશ્રવ સંવરના રૂપમાં પ્રાપ્ત વિષયોનો ઉલ્લેખ કરેલ છે.

આગમ પ્રભાકર પૂ.શ્રી પૂણ્યવિજયજી મ.સા.ના સંપાદન કરેલ નંદીસૂત્રની પ્રસ્તાવનામાંથી લીધેલ વાક્ય(પ્રકીર્ણ સંબંધી) :– **આ પહેલા જણાવ્યા મુજબ દસ પ્રકર્ણીક સૂત્રોના નિશ્ચિત નામની કોઈ પરંપરા નથી મળતી....બાકી ઉપર જણાવ્યા પ્રમાણે ૧૦ પ્રકીર્ણકોના નામનો કોઈ નિશ્ચિત આધાર આજ સુધી**





**મળ્યો નથી એ એક હકીકત છે.** વિક્રમના ૧૪ મા શતકમાં થયેલ આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજીએ રચેલા વિચારસાર પ્રકરણમાં આગમોના ૪૫ નામો જણાવ્યા છે તેમાં પણ ૧૦ પ્રકીર્ણકો એવા શબ્દનો ઉલ્લેખ નથી. ત્યાં ૪૫ આગમોના નામ સંલગ્ન રીતે આ પ્રમાણે છે–(૧) આચારાંગથી લઈને (૧૧) વિપાકસૂત્ર સુધી. (૧૨) ઉવવાઈ સૂત્રથી લઈને (૨૩) વણ્હિદશા (૧૧ અંગ+૧૨ઉપાંગ) (૨૪) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ (૨૫) બૃહત્કલ્પ (૨૬) નિશીથ (૨૭) દશાશ્રુતસ્કંધ (૨૮) વ્યવહાર સૂત્ર (૨૯) ઉત્તરાધ્યયન (૩૦) ઋષિભાષિત (૩૧) દશવૈકાલિક (૩૨) આવશ્યક સૂત્ર (૩૩) તંદુલ વૈતાલિક (૩૪) ચંદ્રાવેદક (૩૫) ગણિવિદ્યા (૩૬) નરકવિભક્તિ (૩૭) આતુર પ્રત્યાખ્યાન (૩૮) ગણધરાવલિ (૩૯) દેવેન્દ્ર નરેન્દ્રા (૪૦) મરણવિભક્તિ (૪૧) ધ્યાનવિભક્તિ (૪૨) પાક્ષિકસૂત્ર (૪૩) નંદીસૂત્ર (૪૪) અનુયોગદ્વાર (૪૫) દેવેન્દ્ર સંસ્તવ. આમ ૪૫ સૂત્ર છે. આ લીસ્ટ વિચારસાર ગ્રંથની ગાથા નં.૩૪૪ થી ૩૫૧ સુધીમાં આપેલ છે. તે ગાથાઓમાં પણ પ્રકીર્ણક શબ્દનો કોઈ ઉલ્લેખ જ નથી. એટલે કે પ્રકીર્ણકોની બોલબાલા પાછળથી ઉભી કરેલી છે અને તેનો પ્રભાવ આગમોના મૂળપાઠમાં પણ જ્યાં ત્યાં થયો છે. નંદીસૂત્ર વગેરે તમામ આગમોમાં તે કૃત્રિમ પાઠોની અયોગ્યતા સહજ સમજાય તેવી છે પરંતુ અંધશ્રદ્ધાના કારણે આજ કોઈને સમજાય નહીં.

આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત અને મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી સને ૧૯૮૪માં પ્રકાશિત થયેલ, પ્રકીર્ણક સૂત્રના મૂળપાઠના પુસ્તકની **પ્રસ્તાવના પાના નં.૨૧માં તે ૪૫ આગમોના** નામને જોઈ શકાય છે.

ઉપરોક્ત લખાણ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે ઋષિભાષિત સૂત્રની વિક્રમના ૧૪ મા સૈકા(લોકાશાહની પૂર્વે)માં ૪૫ આગમોમાં ગણના થતી હતી. વર્તમાનમાં તો ૪૫ આગમોના નામ સંકલન પણ જુદા પડે છે અને પ્રકીર્ણકોના નામોની નિશ્ચિત પરંપરા તો ક્યારેય હતી જ નહીં. આવું ઉપરોક્ત મૂર્તિપૂજક વિદ્વાનના લખાણમાં પણ સ્વીકારવામાં આવેલ છે.

## નિબંધ – ૪૩

## સશરીરી સાધુનું સંપૂર્ણ અહિંસકપણું કેવી રીતે ?

જેવી રીતે પાણીથી ભરેલ ગ્લાસ ઉંધો વાળીને એમ કહી શકાય કે ગ્લાસમાં પાણી નથી. આમ છતાં પાણીના ગ્લાસમાં ક્યાંક ક્યાંક પાણીના ટીપા ચોંટેલા રહે છે પણ તે નગણ્ય થઈ જાય છે. તેવી રીતે આવા જ વ્યવહાર નયથી

તીર્થંકરોએ શ્રમણોને સંપૂર્ણ અહિંસક(હિંસા રહિત) કહેલ છે. તેઓ ત્રણ કરણ અને ત્રણ યોગ એમ નવકોટિએ હિંસાનો ત્યાગ કરે છે અને તેનું પ્રયત્ન પૂર્વક પાલન પણ કરે છે એટલે કે તેઓ ૯ કોટિએ અહિંસા નહીં કરવાનું જ ધ્યાન રાખે છે. જે શક્ય ન હોય તે સ્વતઃ થઈ જાય છે, તે કરવાની ગણતરીમાં આવતી નથી.

***તાત્પર્ય એ છે કે જીવનમાં આવશ્યક અને જિનાજ્ઞા મુજબની પ્રવૃત્તિઓ પણ સંયમ પૂર્વક અને જતનાથી કરતા હોવાથી તેમને પાપકર્મનો બંધ થતો નથી.*** આ વાત દશવૈકાલિક સૂત્રમાં પણ કહી છે. ઉપરાંત દશવૈકાલિકસૂત્રમાં શ્રમણોને માટે પાંચ મહાવ્રતનું પાલન અને છકાય જીવની વિરાધના–હિંસાનો ત્યાગ કઈ રીતે થઈ શકે તેનું સૈદ્ધાંતિક દષ્ટિએ ખુલાસાવાર નિરૂપણ કરવામાં આવેલ છે. દશવૈકાલિકના તે જ પાઠોથી નવદીક્ષિત શ્રમણને ફરીથી મહાવ્રતારોપણ વડી દીક્ષાના પાઠ ભણાવવામાં આવે છે. આ દીક્ષાપાઠથી પણ સ્પષ્ટ થાય છે કે આપણા ઔદારિક શરીરથી ૧૩મા ગુણસ્થાનક સુધી અનાયાસે વાયુકાય આદિ જીવોની જે વિરાધના થાય છે તે નગણ્ય ગણવામાં આવે છે. આ દષ્ટિકોણથી જોઈએ તો છટ્ઠા ગુણસ્થાનથી ૧૩મા ગુણસ્થાન સુધીના સંપૂર્ણ અહિંસક શ્રમણો માટે છટ્ઠા ગુણસ્થાનમાં પ્રમાદથી અને આગળના ગુણસ્થાનોમાં શરીર નિમિત્તે જે સ્વાભાવિક વિરાધના ચાલુ રહે છે, તે નગણ્ય હોય છે. આ ક્રિયા ચાલુ રહેવા છતાં આગમકારોએ, તીર્થંકરોએ વ્યવહારનયથી શ્રમણોને સંપૂર્ણ અહિંસક તરીકે સ્વીકાર્યા છે.

વ્યવહારનયથી છટ્ઠા ગુણસ્થાનમાં પ્રવેશેલ અહિંસક શ્રમણ, સાધનામાં પ્રગતિ કરવા છતાં, ઉદયમાં આવેલ કર્મના અંશોને ખપાવીને ઘટાડવા છતાં, એક દિવસ ૧૩મા ગુણસ્થાને સર્વજ્ઞ અહિંસક બની યોગ્ય સમયે ૧૪મા ગુણસ્થાનમાં યોગરહિત અહિંસક બની જાય છે. પછી તે સર્વ અહિંસક બનતો શરીર રહિતની સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે તેની નગણ્ય હિંસા પણ અહિંસામાં પરિણમે છે.

તાત્પર્ય એ કે નિશ્ચય નયથી સર્વ અહિંસક બનવા માટે પણ વ્યવહાર નયથી સર્વ અહિંસક બનવું જરૂરી છે. તેથી પોતાને વશ સર્વ પ્રકારની હિંસાને સંપૂર્ણ શક્ય હોય તે રીતે ત્રણ કરણ અને ત્રણ યોગથી, દરેક યમ–નિયમોને સાથે રાખીને હિંસાનો ત્યાગ કરતા હોવાને કારણે શ્રમણોને સર્વ અહિંસક અથવા અહિંસા મહાવ્રતનું પાલન કરનારા કહેવા, એવું જ્ઞાનીઓએ સર્વ રીતે ઉચિત સ્વીકારેલ છે. *(વાયુકાયની વિરાધના, અવિરાધના સંબંધી કેટલીક છણાવટ અન્ય નિબંધમા જોઈ લેવો.)*





## નિબંધ – ૪૪

## ગામમાં એક અને નગરોમાં પાંચ રાત રહેવાનો મતલબ

અપરિગ્રહી શ્રમણ વિચરણકાળમાં નાના ગામમાં એક રાત અને નગરોમાં પાંચ રાતથી વધારે ન રોકાઈને નિર્મોહભાવથી વિચરણ કરતા હોય છે. શ્રમણો માટે આ આદર્શ માર્ગ છે. કલ્પની અપેક્ષાએ સામાન્ય સ્થવિર સાધુ માટે વિચરણ કાળમાં વધુમાં વધુ કલ્પ ૨૯ દિવસનો છે, સાધ્વીજી માટે ૫૮ દિવસનો છે અને પડિમાધારી માટે એક કે બે દિવસનો કલ્પ છે. આનાથી વધારે દિવસ પડિમાધારી રોકાતા નથી. જિનકલ્પીને માટે પરંપરામાં વર્ણન છે કે સંયમ-પરિચર્યામાં કોઈ વિઘ્ન ન આવતું હોય તો ૨૯ દિવસ પહેલાં કોઈ પણ ક્ષેત્રમાંથી વિહાર કરતા નથી.

આ સૂત્ર પાઠથી એવો ભ્રમ થાય કે ગામોમાં સાત દિવસ અને નગરોમાં ૨૯ દિવસ રહેવું કલ્પે છે. પરંતુ આ વાત આગમ સંમત નથી. બૃહત્કલ્પ સૂત્રમાં ગ્રામ આદિ દરેક ક્ષેત્રોમાં કલ્પ તો ૨૯ દિવસનો જ બતાવેલ છે. પડિમાધારી માટે આ સૂત્ર છે તેવું કહેવું પણ ઉચિત નથી. કારણ કે તેમને તો ક્યાંય પણ પાંચ રાત રોકાવાનું હોતું જ નથી. એક કે બે રાત્રિનો જ તેઓને વિકલ્પ હોય છે. પરિશેષ ન્યાયથી આ સૂત્રના ભાવ ૫૦૦ કે ૧૦૦૦ વગેરે સંખ્યામાં વિચરણ કરતા મહાશ્રમણોની અપેક્ષાએ સમજવું જ યોગ્ય ગણાશે. સંખ્યા વધારે હોવાને કારણે તેઓ ગામમાં એક રાત્રિ અને નગર-શહેરમાં પાંચ રાત્રિથી વધારે રોકાતા નથી.

## નિબંધ – ૪૫

## કેવા શ્રમણો ચોર કહેવાય

જે કોઈ શ્રમણ, શાસ્ત્રોમાં બતાવેલ આ વિધિ અને નિયમોનું દ્રવ્ય આચાર કે ભાવશુદ્ધિ માટેના આદેશોનું કંઈક અંશે પણ પાલન કરતા નથી. તેને આગમકારોએ સ્પષ્ટ શબ્દોમાં ચોર-ચોર એવી સંજ્ઞાથી સૂચિત કર્યા છે. તેથી સાધકોએ ચિંતન કરવું જોઈએ કે જો ચોર કહેવડાવવામાં તેમને શરમ આવતી હોય તો પછી ભગવાનની આજ્ઞાના ચોર બનવું જ નહીં જોઈએ. કારણ કે એક તો જિનાજ્ઞાના ચોર બનવું અને ચોર કહેવડાવવામાં શરમ થવી, આ એક નાદાનિયત છે, અંદર અને બહાર એક રહેવું એ જ સાધનાનો સાર છે. જેવા છો તેવા દેખાઓ એટલે સરળ હૃદયવાળા બનો.

## નિબંધ – ૪૬

### સાધુને કંઈ પણ જોવું કલ્પે

સૌંદર્યપૂર્ણ દશ્યને જોવાની આસકિત સાધુને માટે અકલ્પનીય છે. પણ ગંભીર જ્ઞાન, અનુપ્રેક્ષા, અન્વેષણ આદિ હેતુએ જાણવા-જોવાની જિજ્ઞાસા થવી તે જુદી બાબત છે. તે ગીતાર્થની આજ્ઞાનુસાર કરવું જોઈએ. જેવી રીતે ગૌતમ સ્વામી પ્રભુની આજ્ઞા લઈ મૃગાપુત્રને જોવા ભોંયરામાં ગયા હતા.

## નિબંધ – ૪૭

### સુપાત્રદાનથી આયુબંધ સંબંધી વિચારણા

સુપાત્ર દાન દેવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સંસાર પરિત થાય છે. મનુષ્ય આયુનો બંધ અન્ય કોઈ ક્ષણે થાય છે. કારણ કે સંસાર પરિત્તીકરણ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી થાય છે અને સમ્યક્ત્વની હાજરીમાં મનુષ્યનું આયુષ્ય મનુષ્યો બાંધતા નથી. *–ભગવતી સૂત્ર, શતક–૨૭.* તેથી સુબાહુકુમાર વગેરેનો આયુબંધ અન્ય ક્ષણે થયો તેમ માનવો જોઈએ. સંક્ષિપ્તિકરણની વર્ણન પદ્ધતિમાં દૂરવર્તી વર્ણન નજીકનું લાગે છે અને નજીકનું વર્ણન દૂરનું લાગે છે. આવું થવું વાસ્તવિક છે પરંતુ તેનું હાર્દ અથવા અર્થ, આગમના જાણકાર અનુભવી પાસે સમજવા જોઈએ. અર્થાત્ સમજમાં ન આવતા તત્ત્વને પોતાની મેળે સમજીને ખોટો નિર્ણય બાંધવો નહીં. કારણ કે સંક્ષિપ્ત પાઠોમાં આવતા વર્ણન કે વ્યક્તિઓના કથાનકોમાં જો વિવેકબુદ્ધિથી ન સમજીએ તો આગમમાં કેટલીએ જગ્યાઓ પર શંકા કે ગેરસમજ ઊભી થવા સંભવ છે કે જેનું કોઈ સમાધાન મળે નહીં. તેથી ઉપર મુજબ વિવેકદષ્ટિ રાખીને સમજવાનો પ્રયત્ન જ શ્રેષ્ઠ છે.

**સારઃ–** સુપાત્ર દાન આદિ સુકૃત્યો ઉત્કૃષ્ટ ભાવથી કરવામાં આવે તે સમયે સમકિતની પ્રાપ્તિ થાય છે અને અન્ય ક્ષણે પહેલા કે પછી સમકિતના અભાવમાં મનુષ્ય આયુનો બંધ પડે છે.

## નિબંધ – ૪૮

### ગોચરી સમયે શ્રાવકનો વિનય વ્યવહાર

ગોચરી અર્થે પધારતાં મુનિવરને વંદન-નમસ્કારનું જે અહીં વર્ણન છે તે ત્રણ વખત ઉઠ-બેસ કરવું તેમ નથી. રસ્તામાં કે ગોચરીના સમયે કેવલ વિનય-વ્યવહાર જ કરવાનો હોય છે એટલે કે *હાથ જોડી મસ્તક નમાવી 'મત્થેણ વંદામિ'*





કહેવું. તિકખુત્તોના પાઠથી ત્રણ વખત વંદન કરી ચરણ સ્પર્શ કરી મુનિને અટકાવતાં અવિનય અને આશાતનાના દોષી બનાય છે. મુનિરાજને જોતાં દૂરથી જ અભિવાદન કરવું, આસન છોડવું, પગરખા કાઢવા એ વિનય વ્યવહાર છે, નજીક આવતાં ઉત્તરાસન મુખે રાખવું એટલે ખુલ્લા મુખે ન રહેવું. સુમુખ વગેરે ગાથાપતિઓએ પણ ઘેર પધારેલા મુનિરાજનો વિનય કરવા માટે આ નિયમોનું પાલન કર્યું હતું. તેથી જ્યારે પણ મુનિરાજની સેવા માટે તેમની પાસે જવાનું થાય ત્યારે મુખ પાસે ઉત્તરાસન રાખવામાં આળસ કરવી જોઈએ નહીં. ઉત્તરાસન રાખ્યા વગર મુનિરાજની સેવામાં એટલે કે તેમની પાસે જવું એ શ્રાવકાચારની વિરુદ્ધ આચરણ ગણાય છે.

## નિબંધ – ૪૯

### સંયમ સ્વીકારવાની સાથેજ અધ્યયન-અધ્યાપન

દીક્ષા લઈને પણ તે સર્વે સુકુમાલ શ્રેષ્ઠીકુમારોએ ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કર્યા હતા. આ કાળમાં પણ શ્રમણોએ આ આદર્શને ધ્યાનમાં રાખી આગમના અધ્યયન-અધ્યાપનનું મુખ્ય લક્ષ્ય રાખવું જોઈએ. તે માટે ગચ્છ કે સંપ્રદાયમાં જે કોઈ આવા પાત્ર(યોગ્ય) શ્રમણો હોય, તેમને આગમનું વિશાળ અધ્યયન થઈ શકે તેવી આગમ આજ્ઞા અનુસાર વ્યવસ્થા કરવી જોઈએ.

## નિબંધ – ૫૦

### દેવી દેવતાની માન્યતા અને પૂજા

કુદેવ, કુગુરુ, કુધર્મ, કુશાસ્ત્રની શ્રધ્ધા-પ્રરૂપણા માન્યતા કરવાનો ત્યાગ શ્રાવકો માટે ૬ આગાર સહિત હોય છે. આ છ આગારમાં રાજા, દેવતા, માતા-પિતા આદિનો આગાર હોય છે. આગારનું સેવન કરવાથી કોઈ પણ વ્રતનો ભંગ થતો નથી. ૧૨ વ્રતધારી શ્રાવકો રાજા હોય તો એમને યુધ્ધમાં જવાનો પણ આગાર હોય છે. ત્યાં તેને મનુષ્ય પંચેન્દ્રિયની હત્યા કરવા છતાં પણ પ્રથમ વ્રતનો ભંગ થતો નથી. કારણ કે અપરાધીનો આગાર હોય છે. એવી જ રીતે સમકિતના ૬ આગાર બધા તીર્થંકરના શાસનમાં શ્રાવકો માટે હોય છે.

અર્હન્નક શ્રાવક ૧૮મા તીર્થંકરના શ્રાવક હતા. દેવતા સમકિતની પરીક્ષા કરવા આવ્યા હતા. જહાજને સમુદ્રમાં ડુબાડી દેવાની, નષ્ટ કરી નાખવાની ધમકી આપી તથા ડરાવ્યા તો પણ અર્હન્નક શ્રાવક પરીક્ષામાં પાસ થયા. એ જ શ્રાવક

તે જહાજમાં ચડતા સમયે ધૂપ-દીપ, પૂજા-પાઠ, બલીકર્મ, હાથના પંજાના છાપા લગાવવા વગેરે કાર્ય પણ કર્યું. તોપણ તે શ્રાવક સમકિતમાં પાસ થયા.આ વર્ણન જ્ઞાતા ધર્મકથા સૂત્રમાં મલ્લી ભગવતીના અધ્યયનમાં આવે છે.

## નિબંધ – ૫૧

## મૃત શરીરને પ્રણામ : મિથ્યાત્વ

જહાજની પૂજા ધૂપ-દીપ, પુષ્પાર્પણ આદિ ઉત્કૃષ્ટ કોટીના સમકિત વાળો શ્રાવક ૪થા આરામાં કરી શકે છે કારણ કે– શ્રાવકને ૬ આગાર હોય છે. તો ગૃહસ્થ પોતાના લૌકિક રીવાજથી પારિવારિક મૃત વ્યક્તિની કોઈ પણ પરંપરા વિધી કે કુલ પરંપરાનું પાલન કરે એમાં તેનું સમકિત નષ્ટ થઈ ગયું એવું ન કહી શકાય.

તોપણ આવા શ્રાવકોને મધ્યમકોટીના સમકિતી માની શકીએ. ઉત્કૃષ્ટ કક્ષાના શ્રાવક દેવ-દેવીની સહાય ન ઇચ્છે. આગમમાં બતાવેલ અર્હન્નક શ્રાવક તો ઉત્કૃષ્ટ કોટીના સમકિતી શ્રાવક હતા. તોપણ એણે બધાજ લૌકિક કૃત્ય જહાજ માટે કર્યા હતા. પૂજા, વિનય(નમસ્કાર) પણ કર્યા હતા. વંદન-નમસ્કાર તો પાપ નહીં પુણ્ય છે. પરંતુ મિથ્યાધર્મના પ્રવર્તકોને દેવ-ગુરુ માનીને ધર્મબુધ્ધિથી વિનય કરે તો એમાં મિથ્યાત્વનું પાપ લાગે છે.

નિશીથસૂત્ર અનુસાર શિષ્ય દ્વારા આચાર્ય ગુરુની અનુપસ્થિતિમાં એમના આસન ઉપર પગ લાગી જાય તો એ આસનને પ્રણામ કર્યા વગર અર્થાત્ હાથથી ચરણસ્પર્શ જેવું કર્યા વગર સીધા ચાલ્યા જાય તો એને ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે. એ આસનનો વિનય-સન્માન પણ ગુરુની દષ્ટિથી જ થાય છે. માટે કોઈ પોતાના માતા-પિતા આદિ પરિવારના પૂજ્યજનોનાં મૃત સંસ્કારની જે પરંપરા હોય એમાં ચરણસ્પર્શ લોક રીતી કે કુલનીતિ સમજીને કરી લે તો એનું સમકિત ચાલ્યું જતું નથી. અને કોઈ કહે કે સમકિત ચાલ્યુ જાય તો એમાં અધિક પ્રરૂપણાનો દોષ સમજી લેવો જોઈએ.

સમકિતધારી કે વ્રતધારી શ્રાવક ગૃહસ્થ જીવનમાં નિવૃત્તિ લઈને પડિમા ધારણ કરે છે. તેને પ્રથમ પડિમા સમકિતની હોય છે. તેમાં તે કોઈ પણ પ્રકારનો આગાર ન રાખે ત્યારે પડિમા થાય છે. એના પાલન સમયે તે શ્રાવક કોઈ પણ રૂઢીગત રીત-રીવાજનું પાલન-આચરણ કરી શકતો નથી. તે ઉત્કૃષ્ટ શ્રાવક અવસ્થા છે. પરંતુ પ્રાયઃ શ્રાવક લોકો મધ્યમ કક્ષાના હોય છે. એમને આગારસેવન





કરવો તે કમજોરી છે એમ સમજવું જોઈએ. કારણ કે વિશિષ્ટ કક્ષાના ઉચ્ચ શ્રાવકો દેવતાની સહાય ન ઇચ્છે. મધ્યમ કક્ષાના સાધુ પણ સાપ, વિંછી, ભૂતપ્રેત આદિનો ઉપદ્રવ મંત્ર પ્રયોગથી કઢાવે તો તેને દોષ લાગતો નથી. અને દરેક ગચ્છમાં આવી અપવાદિક પરિસ્થિતિ આવી શકે છે. ત્યારે સમજમાં આવે છે કે આમા મિથ્યાત્વ લાગતુ નથી કારણ કે તે ઉપચાર છે.

એવું તો કેટલાયે ધાર્મીક લોકો કહી દે છે કે– કર્મ સિધ્ધાંતની શ્રદ્ધા રાખનારને ઔષધ-ઉપચાર કરાવવો પણ નથી કલ્પતો. કારણ કે કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા-સમકિતમાં દોષ લાગે છે.

આપણે તો આગમમાં શોધ કરીને સમજવું જોઈએ કે કુલદેવતાની માન્યતા વગેરે આગમ વર્ણિત મધ્યમ કક્ષાના શ્રાવકોને પૂર્ણ ત્યાગ હોતો નથી. અર્હન્નક શ્રાવકે જહાજપૂજા આદિ વિધિઓ કરી હતી. જો કે તે ઉત્કૃષ્ટ કક્ષાના શ્રાવક હતા. દેવોએ પણ એમને ધન્યવાદ આપ્યા હતા. અને તે વંદન-નમસ્કાર કરીને બે કુંડળની જોડી ભેટમાં આપી ગયા હતા.

માટે અનેકાંતથી ભરપૂર ભગવાનના શાસનના શ્રાવક જીવનને એકાંત દુરાગ્રહમાં ન પાડી શકાય. સાધુના જીવનમાં પણ કેટલાય નિયમોમાં અનેકાંત હોય છે. પાણીના એક ટીપાનો પણ સંઘટો(સ્પર્શ) ન કરનાર સાધુ કોઈ સમયે નદીમાં પણ ચાલી શકે છે. નાવમાં બેસી શકે છે એવું શાસ્ત્રમાં વર્ણન છે.

સ્ત્રીનો સ્પર્શ નહીં કરવાવાળા સાધુ નદીમાં ડૂબતી સાધ્વીને પકડીને તરીને બહાર લાવી શકે છે. પાગલ કે દૈવીપ્રકોપથી હેરાન થતી સાધ્વીને પકડી શકે છે. સંભાળી શકે છે. એવી જ રીતે સાધ્વી પણ પાગલ આદિ સાધુને પકડીને સંભાળી શકે છે. આવા અનેકાંતવાદી જૈનશાસનની અંદર વાત-વાતમાં કહી દેવું કે સમકિત ચાલ્યું જાય તો તે અધૂરી પંડિતાઈનું પ્રગટીકરણ માત્ર છે. શ્રાવકની અનેક કક્ષા હોય શકે છે.

આવા સમકિત પણ ૧૦ પ્રકારના ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવ્યા છે તથા સાધુ પણ ૬ પ્રકારના ભગવતી સૂત્રમાં બતાવ્યા જ છે. બીજા પણ અનેક પ્રકાર પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનકમાં હોય છે. ધ્યાન એજ રાખવાનું છે કે ઉત્કૃષ્ટતમ કક્ષામાં પહોંચનાર સાધુ કે શ્રાવકને આ બધા આગારનો કે લાચારી-કમજોરીનો ત્યાગ કરવો શ્રેષ્ઠ છે. પરંતુ જેઓ આગાર સેવન કરે છે તેમને વ્રતભંગ થયો કહેવું ગલત છે.

## નિબંધ – પર

### સિદ્ધોનું સુખ સ્વરૂપ

**સિદ્ધોના સુખનું જ્ઞાન–** સિદ્ધોના સુખને પ્રત્યક્ષ જાણી શકાતું નથી, કેમકે તેઓ અરૂપી હોવાથી એ પરોક્ષ વિષય બને છે તેથી તેને ઉપમા દ્વારા જાણવું જોઈએ. સિદ્ધોને જે અવ્યાબાધ સુખ પ્રાપ્ત થયેલ છે તે ન તો મનુષ્યને કે ન તો દેવોને હોય છે. કારણ કે દેવ અને મનુષ્યના સુખો ચડતા-ઉતરતા અને નાશવંત હોય છે. કલ્પના કરીએ કે બધા જ દેવોનું જીવનપર્યંતનું બધુ જ સુખ એકઠું કરવામાં આવે અને તેને અનંતગણું ગણવામાં(ગુણાકાર કરવામાં) આવે તો પણ તે સિદ્ધ ભગવાનના સુખની સમાન થઈ શકે નહીં.

બીજી કલ્પનાથી આ પ્રકારે સમજાવ્યું છે કે સિદ્ધોના સંપૂર્ણ સુખને અનંત વર્ગથી ભાગવામાં(ભાગાકાર કરવામાં) આવે તો જે સુખની શેષ રાશિ બાકી વધે તે જુદી-જુદી રાખતા સંપૂર્ણ આકાશમાં પ્રદેશોમાં પણ સમાઈ શકે નહીં.

જેમ કોઈ અસંસ્કૃત વનવાસી પુરુષ શહેરના એક જાતના ગુણોને, સુખોને જાણતો સમજતો હોવા છતાં પણ પોતાના સાથી વનવાસીઓને શહેરની એ સુખ સગવડતાઓ, સુવિધાઓ, સામગ્રીઓને જંગલની કોઈ વસ્તુની ઉપમા આપીને કે કોઈ સુખની ઉપમા આપીને પણ વાસ્તવિકરૂપથી સમજાવી શકે નહિં. કારણ કે જંગલમાં એવી કોઈ વસ્તુ નથી જેને શહેરના સુખની ઉપમા આપી શકાય. આ રીતે ખુદ સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર કેવળજ્ઞાની ભગવાન પણ છદ્મસ્થોને સાંસારિક પદાર્થોની ઉપમા આપીને પણ સિદ્ધોના પૂર્ણ વાસ્તવિક સુખને સ્વયં જાણતા હોવા છતાં સમજાવી શકતા નથી. કેવળ શ્રદ્ધા કરવા માટે અપેક્ષામાત્રથી અંશતઃ સમજાવી શકે છે. હકીકતમાં સિદ્ધોનું સુખ અનુપમ છે તેને માટે સંસારમાં કોઈ સાચી પરિપૂર્ણ ઉપમા છે જ નહીં. અહીં પણ અપેક્ષાએ સૂક્ષ્માંશ ઉપમા દ્વારા શ્રદ્ધાગમ્ય કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

જેમ કોઈ પુરુષ પોતાની ઈચ્છા મુજબનું સર્વ ગુણ અને વિશેષતાઓ વાળું સ્વાદિષ્ટ ભોજન કરીને ભૂખ-તરસ મિટાવીને અપરિમિત તૃપ્તિ, ઈચ્છિત આનંદનો અનુભવ કરે છે. તે જ રીતે દરેક સમયે પરમ તૃપ્તિયુક્ત, અનુપમ શાંતિયુક્ત સિદ્ધ પ્રભુ શાશ્વત વિઘ્ન રહિત, પરમ સુખમાં લીન રહે છે.

તેઓ સર્વ દુઃખોને પાર કરી ચુકેલ હોય છે અર્થાત્ તેમણે સંપૂર્ણ દુઃખો અને તેની પરંપરાઓને મૂળમાંથી નાશ કરી નાખેલ છે. તેઓ જન્મ, જરા અને





મૃત્યુના બંધનથી સર્વથા મુક્ત છે. તે સિદ્ધ પ્રભુ અનુપમ સુખસાગરમાં જ સદા કાળ અવસ્થિત રહે છે.

## નિબંધ – ૫૩

### પુહુત્ત-પૃથક્ત્વ-પ્રત્યેક-અનેકની વિચારણા

જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર અને ભગવતી સૂત્રમાં **પુહત્ત** શબ્દનો પ્રયોગ મળે છે. જ્યારે ક્યાંય પણ અનેક સંખ્યાનું અથવા અનેક સંખ્યાના વિકલ્પનું એક શબ્દમાં કથન કરવું હોય ત્યારે આગમકાર **પુહત્ત** શબ્દનો પ્રયોગ કરે છે. **પુહત્ત** શબ્દનું સંસ્કૃત રૂપાંતર પૃથક્ત્વ બને છે. જેનો શબ્દાર્થ થાય છે– અલગ-અલગ, ભિન્ન-ભિન્ન, વિભાગરૂપ અથવા એકત્વનો પ્રતિપક્ષ અનેકત્વ=અનેક.

થોકડાની પ્રચલિત પરંપરા અનુસાર પૃથક્ત્વ શબ્દના સ્થાને પ્રત્યેક શબ્દનો પ્રયોગ થાય છે અને પ્રત્યેક શબ્દ બે થી નવ સંખ્યાનો વાચક છે. યથા– પૃથક્ત્વ ધનુષ=પ્રત્યેક ધનુષ અર્થાત્ બે થી નવ ધનુષ; આ રીતે પ્રત્યેક માસ, પ્રત્યેક ગાઉ વગેરે શબ્દોમાં પણ બે થી નવ અર્થને સ્વીકારવાની એક પરંપરા ચાલુ છે. પરંતુ આગમિક દષ્ટિકોણથી વિચારતાં આ પરંપરા યોગ્ય અને સંગત લાગતી નથી. કારણ કે– *ટીકાકારે અને કોષકારોએ **'પુહત્ત'** નો અર્થ 'અનેક' કર્યો છે.* **(૧)** જીવાભિગમ ટીકા પૃષ્ટ ૧૧૯માં **પુહત્ત પૃથક્ત્વ પૃથક્ શબ્દ બહુવાચી। (૨)** કર્મપ્રકૃતિ સંગ્રહણી ચૂર્ણિકાર **પુહત્ત શબ્દો બહુવાચી ઇતિ પ્રભૂતાનિ રૂપાણિ વિકુર્વિતું પ્રભવઃ? ઉત્તર– પૃથકત્વમપિ પ્રભવો વિકુર્વિતું** અનેક (સેંકડો–હજારો) રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ હોય છે. *–ભગવતી સૂત્ર શતક ૧૨ ઉદ્દેશક ૯.*

**(૩) एगत्त पुहत्तिया भंगा भाणियव्वा** એકવચન, બહુવચનના ભંગ કહેવા જોઈએ– *ભગવતી સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર.*

**(૪) एगत्तेण पुहत्तेण खंधा य परमाणु य**=પુદ્ગલો એકત્રિત થવાથી સ્કંધો બને છે અને અલગ-અલગ વિભાગ થવાથી પરમાણુ બને છે.

**(૫)** પ્રજ્ઞાપનામાં દેવોના આહાર અને શ્વાસોશ્વાસનું કાલમાન બતાવામાં પણ **પુહત્ત** શબ્દનો પ્રયોગ કર્યો છે. પલ્યના આઠમા ભાગની સ્થિતિવાળાથી લઈને દેશોન બે પલ્યવાળા માટે આ એક જ શબ્દ પ્રયોગ છે. તોપણ તે સર્વ સ્થિતિ વાળાના શ્વાસોચ્છ્વાસ અને આહારના કાલમાનમાં ફરક છે કારણ કે સ્થિતિમાં ફરક છે, તેથી **પુહત્ત** શબ્દના અનેક અર્થ થાય છે.

**(૬)** ભગવતી સૂત્ર શતક ૨૨માં અનેક ફળ અને બીની અવગાહના પણ **पुहत्त** શબ્દથી બતાવી છે. અર્થાત્ **अंगुल पुहत्त, विहत्थी पुहत्त, रयणी पुहत्त** આદિ.
**(૭)** તિર્યંચની અવગાહના અને મનુષ્યની અવગાહનાના વર્ણનમાં તેમજ કાયસ્થિતિના વર્ણનમાં સૂત્રકારે **पुहत्त** શબ્દનો પ્રયોગ કર્યો છે. ત્યાં **धणु, धणुपुहत्त,** ત્યારપછી **गाउ, गाउपुहत्त** શબ્દનો પ્રયોગ છે. આ રીતે બે થી લઈને ૧૯૯૯ ધનુષ્યનું ગ્રહણ પણ **पुहत्त** શબ્દથી કર્યું છે.
**(૮)** આ જ રીતે પ્રજ્ઞાપના, ભગવતી, જીવાભિગમમાં **पुहत्त** શબ્દથી ક્યાંક બે, ક્યાંક સાત, ક્યાંક નવ, ૧૨, ૯૯, ૧૯૯, ૧૯૯૯, સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત સુધીનું ગ્રહણ થાય છે. આ રીતે **पुहत्त** શબ્દનો અર્થ વિશાળ છે.

અતઃ આગમ પ્રયુક્ત ***धणुपुहत्त, गाउपुहत्त, कोडीपुहत्त, सयपुहत्त, सहस्सपुहत्त, अंगुलपुहत्त, रयणिपुहत्त, विहत्थिपुहत्त, वासपुहत्त, मासपुहत्त, कोडीसयपुहत्त, कोडीसहस्सपुहत्त*** આદિ શબ્દોને ભાષામાં ક્રમશઃ અનેક ધનુષ, અનેક ગાઉ, અનેક ક્રોડ, અનેક સો, અનેક હજાર, અનેક અંગુલ, અનેક હાથ, અનેક વેંત, અનેક વર્ષ, અનેક માસ, અનેક સો ક્રોડ, અનેક હજાર ક્રોડ કહેવું જોઈએ.

આવા અનેક દષ્ટાંતોથી સમજી શકાય છે કે **पुहत्त** આગમિક શબ્દ પ્રયોગ છે. તેના સંસ્કૃત શબ્દ 'પૃથક્ત્વ' છે. તેનો અર્થ 'વિશાળ' છે. તેનો ભાવાર્થ 'અનેક' થાય છે. પૃથક્ત્વ શબ્દ અનિર્દિષ્ટ સંખ્યાનો વાચક છે. માટે જ્યાં જે સંખ્યા ઘટિત થાય ત્યાં તે પ્રમાણે તેનો અર્થ કરવો જોઈએ. યથા– ચોથા આરાના મનુષ્યોની અવગાહના જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અનેક ધનુષની કહી છે. તો ત્યાં પ્રયુક્ત **पुहत्त** શબ્દથી એક સાથે બે ધનુષવાળા પણ ગ્રહિત થાય છે અને ૫૦૦ ધનુષ્યવાળા પણ આવી જાય છે.

**સાર :–** આગમોક્ત આ **पुहत्त** શબ્દને થોકડામાં પ્રત્યેક શબ્દથી કહેવું સર્વથા અનુપયુક્ત છે. તેથી ઉપરોક્ત પ્રમાણોનું ચિંતન મનન કરીને, વાસ્તવિકતાને સ્વીકારવી જોઈએ. પૃથક્ત્વના સ્થાને પ્રત્યેક કે બેથી નવનો પ્રયોગ ન કરવો જોઈએ. 'અનેક' શબ્દથી સર્વત્ર કથન કરવું જોઈએ.

આગમોકારોએ જ્યાં ચોક્કસ સંખ્યાનું કથન ન કર્યું હોય ત્યાં આગમ આધાર વિના ચોક્કસ સંખ્યાનું કથન કરવું તે યોગ્ય નથી. તેથી જ પ્રત્યેક વર્ષ, પ્રત્યેક કરોડ વગેરે શબ્દપ્રયોગના સ્થાને અનેક વર્ષ, અનેક કરોડ વગેરે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.





## નિબંધ – ૫૪

## આએસેણં (અપેક્ષાથી) શબ્દ સંબંધી વિચારણા

આગમોમાં "आएस आदेश" શબ્દ પ્રયોગ અનેક જગ્યાએ થયો છે. ભગવતી સૂત્ર ૨૪માં 'ગમ્મા' શતકમાં વીસમા દ્વારના બે વિકલ્પ કરાયા છે– (૧) ભવાદેશ, (૨) કાલાદેશ. ભવાદેશમાં ભવોની સંખ્યાનું અને કાલાદેશમાં તે ભવોની સ્થિતિનું કથન છે.

નંદીસૂત્રમાં મતિ-શ્રુતજ્ઞાન માટે કહ્યું છે કે– **आएसेणं सव्वं दव्वं, सव्वं खेत्तं, सव्वं कालं, सव्वं भावं जाणइ पासइ** શ્રુતજ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને જાણે દેખે છે.

જીવાભિગમ સૂત્રમાં આદેશ શબ્દનો પ્રયોગ પ્રારંભથી જ થયો છે. આ સૂત્રમાં નવ પ્રતિપત્તિઓનું વિભાજન પણ **आदेश** શબ્દ પ્રયોગથી જ થાય છે. અને બીજી પ્રતિપત્તિમાં સ્થિતિ અને કાયસ્થિતિમાં પણ **आदेश** શબ્દ પ્રયોગ છે.

જીવાભિગમસૂત્રની ઉત્થાનિકામાં બતાવ્યું છે કે એક આદેશથી(એક અપેક્ષાથી અથવા એક પ્રકારથી) જીવના બે ભેદ છે. એક આદેશથી જીવના ત્રણ ભેદ છે. એમ ક્રમશઃ વધતાં એક આદેશથી જીવના દસ ભેદ છે એ પ્રમાણે કથન છે અને એ નવ પ્રતિપત્તિઓમાં તે બે, ત્રણ, ચાર, પાંચ આદિ જીવના ભેદોની સ્થિતિ આદિની વિચારણા કરવામાં આવી છે.

અભિધાન રાજેન્દ્ર કોષમાં પણ **आएस** શબ્દનો અર્થ પ્રકારવાચી કર્યો છે. જેમા પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર આદિના ઉદાહરણ આપ્યા છે.

**(૧) एकेन आदेशेन=आदेश शब्द इह प्रकार वाची (२) आएसो त्ति पगारो इति वचनात् । एकेन प्रकारेण=एकं प्रकारं अधिकृत्य इति भावार्थः ।**

આ પ્રકારે "આદેશ" શબ્દનો અર્થ પ્રકાર અથવા અપેક્ષા છે, તે સ્પષ્ટ છે. જીવાભિગમ સૂત્રની બીજી પ્રતિપત્તિમાં સ્ત્રી વેદની સ્થિતિ ચાર પ્રકારની અને કાયસ્થિતિ પાંચ પ્રકારની કહી છે. ત્યારપછી ચાર અને પાંચ અપેક્ષાથી સ્થિતિનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિજીએ સ્થિતિના કથનમાં **आएस** શબ્દનો અપેક્ષા અર્થ કર્યો છે અને કાયસ્થિતિના કથનમાં **आएस** શબ્દપ્રયોગ 'માન્યતા' અર્થમાં થઈ જાય છે. ત્યાં ટીકાકારે **आएस** શબ્દ પ્રયોગથી અનેક આચાર્યોના મતભેદને પ્રગટ કર્યા છે, પરંતુ તે યથાર્થ નથી. નંદી સૂત્ર, ભગવતી સૂત્ર અને

જીવાભિગમ સૂત્રની પ્રતિપત્તિઓના પ્રારંભિક વર્ણનથી સુપષ્ટ છે કે આગમોમાં 'આદેશ' શબ્દપ્રયોગ અપેક્ષા અને પ્રકાર અર્થમાં પ્રસિદ્ધ અને પ્રચલિત છે.

માન્યતા ભેદ કે મતાંતર આદિ બતાવવા માટે આગમમાં 'આદેશ' શબ્દનો પ્રયોગ ક્યાં ય થયો નથી. ઉપલબ્ધ આગમોમાં માન્યતા ભેદના અનેક પાઠ છે, પરંતુ ત્યાં ક્યાંય પણ 'આદેશ' શબ્દનો પ્રયોગ નથી. તે પ્રયોગ આ પ્રમાણે છે– (૧) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં વક્ષસ્કાર–ર. પૃષ્ઠ–૫૬૦માં કુલકરના વિષયમાં માન્યતા ભેદ માટે **अण्णे पढंति** શબ્દ પ્રયોગ છે. (૨) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ઋષભ કૂટના વર્ણનમાં માન્યતા ભેદ **पाढंतरं** આ શબ્દ દ્વારા કહેવાયો છે. (૩) ઉત્સર્પિણીના ચોથા આરાના વર્ણનમાં મતભેદ **अण्णे पढंति** શબ્દથી પ્રગટ થયો છે. (૪) પ્રજ્ઞાપના પદ ૧૭માં **केइ भणंति** આ શબ્દનો પ્રયોગ કર્યો છે. (૫) વ્યવહાર સૂત્રમાં **एगे एवं आहंसु एगे पुण एवं** તે પ્રમાણે પ્રયોગ છે. (૬) ભગવતી સૂત્રમાં માન્યતા ભેદના કથન માટે **केइ अपज्जत्तगा पढमं भण्णंति पच्छा पज्जतगं** એવો વાક્ય પ્રયોગ થયો છે. (૭) જ્ઞાતા સૂત્રમાં દેવને ઉપસ્થિત થવાના વર્ણનમાં **पाठंतर** શબ્દ દ્વારા માન્યતા ભેદ કહ્યા છે.

આ પ્રકારે માન્યતા ભેદના કથનો આગમોમાં છે. તેમાં વિવિધ શબ્દ પ્રયોગ કે વાક્ય પ્રયોગ છે પરંતુ ક્યાંય 'આદેશ' શબ્દ નથી તથા આ માન્યતા ભેદોમાં બે વિકલ્પ જ છે. અર્થાત્ બે થી અધિક માન્યતા ભેદના વિકલ્પો આગમમાં ક્યાંય નથી, પરંતુ આદેશ શબ્દ નંદી સૂત્રમાં ફક્ત એક વિકલ્પ માટે, ભગવતી સૂત્રમાં બે વિકલ્પ માટે અને જીવાભિગમ સૂત્રમાં તો ૪–૫ અને ૯ વિકલ્પ સુધી **आएस** શબ્દ પ્રયુક્ત છે. અતઃ અનેક વિકલ્પોવાળી કાયસ્થિતિના પ્રસંગમાં આદેશ શબ્દને માન્યતા ભેદમાં ખપાવવો તે ઉચિત નથી.

**સાર :–** આદેશ શબ્દના અનેક વિકલ્પ, પ્રકાર અને અપેક્ષા એવો અર્થ કરવો જોઈએ. માન્યતા ભેદ અર્થ ન કરવો જોઈએ.

## નિબંધ – ૫૫

### એક સમયની જઘન્ય સ્થિતિ ક્યાં કેમ ?

ભગવતી,પન્નવણા,જીવાભિગમ સૂત્રમાં કેટલાય ભાવોની એક સમયની કાયસ્થિતિ કહી છે. વ્યાખ્યાકારોએ તેને સમજાવવા માટે ક્યાંક મરણની અપેક્ષાથી અને ક્યાંક પરિણામોનું પરિવર્તન એક સમયમાં થઈ જાય છે, તેમ કથન કર્યું છે. વ્યાખ્યાકારોએ ગમે તેમ કરીને આગમોક્ત કથનને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.





તે સર્વ કથનોને જોતાં આ સ્પષ્ટ થાય છે કે આત્માના કોઈપણ ઉદયજન્ય ભાવો એક સમયના હોય શકે છે. એક સમયમાં જ તેનો ઉદયભાવ પરિવર્તન પામી શકે છે, તેથી એક સમયની કોઈપણ સ્થિતિ મરણની અપેક્ષાએ જ હોય તેવું એકાંતે નથી. એક સમયની સ્થિતિ પરિણામોના પરિવર્તનની અપેક્ષાએ, ઉદયભાવના પરિવર્તનની અપેક્ષાએ અથવા મરણની અપેક્ષાએ તે ત્રણે અપેક્ષાએ હોય છે. યથા– જો સ્ત્રીવેદની એક સમયની સ્થિતિ મરણની અપેક્ષાએ માનવામાં આવે તો પણ એક સમયનો સ્ત્રીવેદનો ઉદય સ્વભાવ તો માનવો જ પડશે અને સ્ત્રી વેદના પરિણામનું એક સમયમાં પરિવર્તન પણ માનવું જ પડશે.

**(૧)** ભગવતી સૂત્ર શતક ૨૫માં પુલાક આદિ સર્વ નિયંઠામાં હાયમાન, વર્ધમાન અને અવસ્થિત પરિણામોની જઘન્ય એક સમયની સ્થિતિ કહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે પરિણામો એક સમયના હોવા અને એક સમયમાં પરિવર્તિત થવા તે આગમકારોને માન્ય છે. તે સિવાય પુલાક નિર્ગ્રંથમાં પણ એક સમયમાં પરિણામોનું પરિવર્તન થાય, તેમ કહ્યું છે અને પુલાક નિર્ગ્રંથ અવસ્થામાં કાલધર્મ ન થાય તો પણ પરિણામ પરિવર્તિત થતાં રહે છે તે પણ માન્ય છે. માટે ટીકાકાર શ્રી અભય દેવ સૂરિજીએ ભગવતી સૂત્રના ૨૫મા શતકમાં સ્પષ્ટ કર્યું છે કે– કષાયાદિથી બાધિત થવાથી પુલાક નિર્ગ્રંથના હાયમાન-વર્ધમાન અને અવસ્થિત પરિણામોમાં એક સમયની કાયસ્થિતિ બને છે.

સર્વ નિર્ગ્રંથોના અવસ્થિત પરિણમોની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ સાત સમયની કહી છે. બકુશ આદિ નિર્ગ્રંથોની એક સમયની સ્થિતિને સમજાવવા ટીકાકારે મરણની અપેક્ષાથી પણ ઘટિત કરેલ છે. તે કથનમાં તેઓએ 'પણ' શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત્ મરણની અપેક્ષાએ પણ એક સમયની સ્થિતિ ઘટે છે. અહીં 'પણ' શબ્દથી સ્પષ્ટ થાય છે કે– એકાંત મરણની અપેક્ષાથી જ એક સમયની સ્થિતિ માનવી ટીકાકારને અભિમત નથી !

જો મરણની અપેક્ષાએ જ એક સમયની સ્થિતિ હોય તેમ એકાંત માનીએ તો શ્રેણી અવસ્થારૂપ અપ્રમત્તદશામાં વર્તમાન શ્રમણનું સ્ત્રીવેદ પરિણામમાં જવું અથવા તો નપુંસકતાના પરિણામમાં જવું, તે જ રીતે શ્રમણીનું પુરુષવેદના પરિણામમાં જવું માનવું પડે છે, પરંતુ અપ્રમત્ત દશામાં વિપરીત લિંગના પરિણામોને માનવા ઉપયુક્ત નથી.

છટ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત શ્રમણને પણ અન્યલિંગી પરિણામો હોય તે આ પ્રકારની ઉદયની પ્રબળતાથી સંભવે છે, પરંતુ અપ્રમત્ત અને શ્રેણીમાં વર્તમાન

ઉચ્ચ દશાના શ્રમણમાં માનવું એ અત્યંત વિચારણીય છે. આવા વિચિત્ર પરિણામોની દશામાં મરીને અનુત્તર આદિ દેવોમાં ઉત્પત્તિ માનવી તે તેના કરતાં પણ વિચારણીય બાબત છે. તેથી સ્પષ્ટ થાય છે કે એક સમયની સ્થિતિ સ્વભાવથી કે પરિણામથી હોય શકે છે, એકાંતે મૃત્યુની અપેક્ષાએ જ હોય તેમ નથી.

**(૨)** *सामान्य रूपेण विशेष रूपेण आदिष्टष्य जीवस्य यद अव्यवछेदेन भवनं सा कायस्थिति ।*

**(૩)** *सर्व विरतिस्तु सर्व सावद्यं अहं न करोमि इत्येवं रूपा, ततस्तत् प्रतिपत्ति उपयोग एक सामयिकोपि भवति ।*

**(૪)** *आह च मूल टीकाकार–पढम समये कायजोगेण गहियाणं भास दव्वाणं बिइय समये वइ जोगेण निसग्गं काउण, उवरमंतस्स, मरणंतस्स वा एक समयो लब्भइ ।* મન યોગ માટે ત્રીજે સમયે *उपरमते म्रियते वा तत्र एक समयं मनयोगी लभ्यते ।* અહીં પરિણામોના સ્વાભાવિક પરિવર્તન થવાથી પણ એક સમયની સ્થિતિ હોવાનું ટીકાકારે સમજાવ્યું છે.

**(૫)** અવધિજ્ઞાનની એક સમયની કાયસ્થિતિ માટે *च्यवनेन मरणेन अन्यथा वा अनंतर समये प्रतिपतति तदा अवधि ज्ञानस्य एक समयता भवति* અહીં પણ પરિણામો પરિવર્તિત થઈ જવાથી એક સમયમાં અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય છે તેવું સ્વીકાર્યું છે અને મૃત્યુની અપેક્ષા પણ સ્વીકાર્યું છે.

**(૬)** અવધિજ્ઞાનની જેમ જ વિભંગજ્ઞાનના એક સમયને ટીકામાં સિદ્ધ કર્યો છે.

**(૭)** જીવાભિગમ ટીકા પૃષ્ઠ ૬૦માં ક્ષયોપશમની વિચિત્રતાથી એક સમયની સ્થિતિ માની છે.– *सर्व विरति परिणामस्य तदावरण कर्म क्षयोपशम वैचित्र्यतः समयेकं संभवात्।*

**(૮)** પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં અવધિજ્ઞાનનો એક સમય *मरणतः प्रतिपातेन मिथ्यात्वं गमनतो वा* જીવાભિગમ ટીકા પૃષ્ઠ ૪૬૦માં વિભંગજ્ઞાનની એક સમયતા માટે *सम्यकत्व लाभतो ज्ञान भावेन* એ પ્રમાણે કથન છે આ બંને વ્યાખ્યાથી પણ સ્પષ્ટ છે કે મરણ વિના પણ મિથ્યાત્વ કે સમકિતની પ્રાપ્તિથી પણ એક સમયના પરિણામ હોઈ શકે છે. તે જ્ઞાન એક સમય રહી શકે છે.

**(૯)** જીવાભિગમ ટીકા પૃષ્ઠ–૪૫૨, અવધિ દર્શનની એક સમયની સ્થિતિ, મરણથી કે અધ્યવસાય પરિવર્તનથી તેમ બંને રીતથી સમજાવી છે.

**(૧૦)** અવધિદર્શનનું અંતર એક સમય *अनंतर समये पुनस्तद् लाभः* એટલે વચ્ચેનાં પરિણામ સ્વાભાવિક રીતે એક સમય રહે છે, તે સ્પષ્ટ છે.





**સાર :–** (૧) કાળ કર્યા વિના સંયમાવસ્થામાં કેટલીય પ્રકૃતિઓનો સ્વાભાવિક એક સમયનો ઉદય હોઈ શકે છે. (૨) કેટલાય પરિણામો એક સમયની સ્થિતિ પછી પરિવર્તિત થઈ શકે છે. (૩) પ્રકૃતિઓનો ક્ષયોપશમ કાલ એક સમયનો થઈ શકે છે. (૪) કેટલીક અવસ્થાઓ મૃત્યુની અપેક્ષાએ એક સમયની હોઈ શકે છે. (૫) કેટલાય ભાવો સ્વાભાવિક મૃત્યુની અપેક્ષાએ અંતર્મુહૂર્તના હોય છે. તે મૃત્યુની અપેક્ષાથી પણ એક સમયના હોતા નથી. જેમ કે પુરુષવેદ, કાયયોગ, બંને ઉપયોગ, ત્રણ કષાય (૬) લેશ્યા આદિ અસંયતાવસ્થામાં એક સમયના પરિણામો હોતા નથી. (૭) અસંયતાવસ્થામાં મૃત્યુની અપેક્ષાથી જ એક સમયની સ્થિતિ બને છે. (૮) ધર્માચરણી ત્રણેની એક સમયની કાયસ્થિતિ, અંતર આદિ પરિણામોના પરિવર્તનથી થાય છે. (૯) સંયમ અવસ્થાના ભાવોની કોઈ પણ એક સમયની સ્થિતિ માટે મરણ કાલનો જ એકાંત આગ્રહ ન રાખવો જોઈએ.

કોઈપણ સ્થિતીને એકાંત રૂપથી મરણની અપેક્ષાએ સમજવાનો પ્રયત્ન કરવાથી વ્યાખ્યાકારોની સામે સમસ્યા ઉત્પન્ન થઈ છે એવું જણાય છે. તથા આ જઘન્ય સ્થિતી સમજાવવાનાં પ્રયત્નમાં ક્યાંક આગમથી અન્ય તત્વનું કથન પણ થયું છે. અને ક્યાંક મૂળ પાઠને શુધ્ધ-અશુધ્ધ કે પાઠાંતર માનવાની સ્થિતી પણ ઉત્પન્ન થઈ છે. માટે એકાંતમાં ન જતાં આગમ આશયને સરલવિધિથી જ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા અનેકાંત બુધ્ધિથી ચિંતન કરવું જોઈએ.

## નિબંધ – ૫૬

## વ્યાખ્યાઓ-ટીકાઓમાં છાદ્મસ્થિક દોષ

અનેકાંત સિદ્ધાંત યુક્ત વીતરાગ માર્ગથી એકાંત વાતનો રોગ દૂર રહે છે. એકાંતવાદ મુશ્કેલીનો જનક છે. જ્યારે અનેકાંતવાદ મુશ્કેલીનો શોધક છે.

સર્વજ્ઞતા પૂર્વની છદ્મસ્થ અવસ્થાના સામાન્ય અથવા વિશિષ્ટ જ્ઞાની આદર્શ ગુણોથી સર્વજ્ઞ તુલ્ય જિન નહી પણ જિન સરખા, કેવલી નહીં પણ કેવલી સરીખા, એવી ઉપમા દ્વારા ઉપમિત કરાય છે. તેવા સર્વોચ્ચ છદ્મસ્થ જ્ઞાની પણ ભૂલને પાત્ર હોઈ શકે છે અને સરલતા પૂર્વક શુદ્ધિ પણ કરી શકે છે. માટે આગમ ઉપાશક દશાંગ સૂત્રમાં આનંદ શ્રાવક અને ગૌતમ ગણધરની ઘટેલી ઘટના આજે પણ ઉપલબ્ધ છે.

કોઈ છદ્મસ્થ ગમે તેવા વિદ્વાન હોય, જૈન શાસનમાં તેના માટે વ્યક્તિને

મહત્ત્વ આપીને અંધાનુકરણ કરવામાં આવતું નથી. છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર હોય છે. અર્થાત્ તેનાથી ભૂલ થવી સંભવ છે પણ અસંભવ નથી.

ભગવાન મહાવીરના દીર્ઘકાલના આ શાસનમાં કેટલાય મહાપુરુષોએ આગમ સેવા કરી છે; પોતાનું સમગ્ર જીવન આગમ સેવામાં સમર્પિત પણ કર્યું છે. અનેકો એ અંગબાહ્ય આગમોની રચના કરી છે અને અનેક આચાર્યોએ ઉપલબ્ધ આગમની વિસ્તૃત વ્યાખ્યા પણ કરી છે. સર્વજ્ઞતાના અભાવમાં નાની-મોટી ભૂલો તેમનાથી પણ થયેલ છે. જિજ્ઞાસુઓની જાણકારી માટે થોડી વાતો અહીં પ્રસ્તુત કરવામાં આવે છે. જેને જાણીને અનુપ્રેક્ષણ(ચિંતન) કરવું જોઈએ કે કોઈ પણ છદ્મસ્થ આચાર્યનું કથન આગમ સાપેક્ષ ન હોય તો તેનો આગ્રહ ન રાખવો જોઈએ. કોઈપણ આગમ તત્ત્વથી તેમનું કથન વિપરીત હોય તો તેના પર ગંભીરતા પૂર્વક વિચારણા કર્યા બાદ સાચો નિર્ણય કરવો જોઈએ. પરંતુ **બાબા વાક્ય પ્રમાણં** ની ઉક્તિ ચરિતાર્થ ન કરવી જોઈએ. ઉદાહરણ માટે–

**(૧)** જીવાભિગમ અને પ્રજ્ઞાપના ટીકામાં અવધિદર્શનની કાયસ્થિતિ સમજાવવામાં વિભંગજ્ઞાનની કાયસ્થિતિનું ઉલ્લંઘન કરી દીધુ છે. નરકમાં ઉપયોગ લઈને આવવા અને લઈને જવાની બાબતનું પણ ઉલ્લંઘન કરેલ છે. આવી રીતે એક તત્ત્વને સમજાવવામાં બે ત્રણ સૂત્રોથી વિપરીત કથન થયું છે, કારણ કે કાયસ્થિતિ જીવાભિગમ અને પ્રજ્ઞાપનાથી વિપરીત થઈ અને ઉપયોગનું કથન ભગવતી સૂત્રથી વિપરીત થયું છે. **(૨)** અનેક પ્રમાણોથી **आएसणं** નો 'અપેક્ષાથી' એ અર્થ પ્રમાણિત અને શુદ્ધ છે. તોપણ સ્ત્રી વેદની કાયસ્થિતિમાં પાંચ મતાંતર કહેવાયા અને મતના પ્રરૂપક પણ અલગ-અલગ મનાયા છે. તેમઓનું આપસમાં સમાધાન થયું નથી તેથીસૂત્રમાં તે મતભેદ લખાયા છે એવું માની લીધું છે. ખરેખર તો જીવાભિગમ સૂત્રની આદેશ કહેવાની તે પદ્ધતિ જ છે. જેનું આલંબન સ્પષ્ટરૂપથી પ્રારંભમાં જ લીધું છે. **(૩)** દેવલોકની અવગાહના બતાવવામાં આગમથી વિપરીત વિવેચન કરી દીધુ છે. **(૪)** અપર્યાપ્તાની કાયસ્થિતિનું વિવેચન કરવામાં ભગવતી સૂત્રના ગમ્મા શતકથી વિપરીત કથન છે.**(૫)** પ્રજ્ઞાપના પદ ૧૨ અને ૨૧ની ટીકામાં વાયુકાયના પર્યાપ્તા જીવોના સંખ્યાતમા ભાગવાળા જીવો વૈક્રિય કરે છે એવું કહ્યું અને **उक्तं च** કહીને પ્રાચીન આચાર્યકૃત ગાથા દ્વારા સિદ્ધ પણ કર્યું છે; જોકે આગમમાં તેને અસંખ્યાતમા ભાગના કહ્યા છે. **(૬)** પ્રજ્ઞાપના પદ ૨૧ની વ્યાખ્યામાં સૂર્યના કિરણોનું અવલંબન કરીને આકાશમાં ગમન કરવાનું કહી દીધું છે. જે સ્પષ્ટતઃ આગમ અસમ્મત છે.





**(૭)** પ્રજ્ઞાપના પદ ૨૩ ટીકામાં બહુલ નામની વનસ્પતિને પાંચ ભાવેન્દ્રિય હોય છે તેવું કથન કરેલ છે. જ્યારે તે જ સૂત્રના ૧૫મા પદમાં એકન્દ્રિયને એક દ્રવ્યેન્દ્રિય અને એક જ ભાવેન્દ્રિય હોવાનું સ્પષ્ટ કથન છે. આવી વિપરીત પ્રરૂપણા માટે પણ એવું કહ્યું છે કે– **आगमेपि प्रोच्यंते** । વાસ્તવમાં કોઈપણ આગમમાં આવું કથન નથી.

**(૮)** અંતરદ્વીપોનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં સ્પષ્ટ છે. જંબૂદ્વીપની જગતિથી દૂર જલની મધ્યમાં તે સર્વ દ્વીપ સ્વતંત્ર આવેલા છે.તો પણ જગતિથી એક દાઢા નીકળી છે એવું બતાવે છે અને તે દાઢા પર તે દ્વીપા છે, તેવું કહ્યું છે.

**(૯)** દેવ-નારકનું અંતર્મુહૂર્તનું અંતર મનુષ્યના ભવથી સમજાવ્યું છે. જ્યારે દેવની સાથે મનુષ્યના અંતર્મુહૂર્તનો સંબંધ જ નથી. અનેક માસ કે અનેક વર્ષ વિના મનુષ્ય દેવલોકમાં કે નરકમાં નથી જતા; આ વાત ભગવતી સૂત્રના ગમ્મા શતકથી સ્પષ્ટ થાય છે.

**(૧૦)** નવમાથી બારમા દેવલોકના અનેક વર્ષના અંતરને સમજાવતા કહ્યું છે કે સંયમ ગ્રહણ કર્યા વિના ત્યાં કોઈ જીવ ઉત્પન્ન થતા નથી, જો કે ૧૨મા દેવલોક સુધી શ્રાવક, મિથ્યાદષ્ટિ અને ગોશાલક પંથી પણ જઈ શકે છે.

**(૧૧)** દેવલોકમાં જીવ પાંચ સ્થાવરના રૂપમાં અનંતવાર ઉત્પન્ન થયો છે, આ કથન સૂક્ષ્મ સ્થાવરની મુખ્યતાથી છે. તોપણ દેવલોકમાં બાદર તેઉકાય પણે ઉત્પન્ન થાય છે, તેવું કથન કરેલ છે. જોકે બાદર તેઉકાય અઢીદ્વીપમાં જ હોય છે.

**(૧૨)** દેવોના જઘન્ય અંતરના વિષયમાં ક્યાંકથી ગાથા ઉદ્ધૃત કરી આગમ વિરુદ્ધ કથન કરી દીધું કે આઠમા દેવલોક સુધી ૯ દિવસની ઉંમરવાળા મનુષ્ય ઉત્પન્ન થાય અને બીજા દેવલોક સુધી અંતર્મુહૂર્તની ઉંમરવાળા મનુષ્ય ઉત્પન્ન થઈ શકે છે એવું પ્રરૂપણ કર્યુ છે, પરંતુ મનુષ્ય તો એક મહિના અથવા અનેક વર્ષ સુધી દેવલોકમાં જતા જ નથી. અંતર્મુહૂર્ત અને ૯ દિવસનો પ્રશ્ન જ ક્યાં છે ?

**(૧૩)** પુરુષવેદની કાયસ્થિતિ પ્રજ્ઞાપના જીવાભિગમમાં જઘન્ય અંતર્મુહૂર્તની કહી છે. છતાં પણ કહીં દીધુ કે એક સમય હોવું જોઈએ, જોકે તે આગમથી વિરુદ્ધ કથન થઈ રહ્યું છે.

**(૧૪)** અકષાયીની કાયસ્થિતિ એક સમયની સૂત્રોમાં સ્પષ્ટ છે છતાં પણ વિવેચનમાં એક સમયની સ્થિતિવાળા પાઠના સામે હોવા છતાં પણ અંતર્મુહૂર્તના વૃદ્ધવાદને સાચા કહી દીધા છે.

**(૧૫)** પંચેન્દ્રિયની કાયસ્થિતિ ૧૦૦૦ સાગરોપમ સાધિક સૂત્રોમાં કહી છે અને પરંપરામાં પ્રસિદ્ધ છે. ટીકાકારે પોતે પ્રજ્ઞાપના પદ ૧૮માં એની ટીકા કરી છે. જીવાભિગમ **पडिवत्ति** ૪ માં પણ ૧૦૦૦ સાગરોપમની ટીકા કરી છે છતાં પણ જીવાભિગમ સર્વ જીવ **पडिवत्ति** ૯માં એની કંઈ પણ નિર્દેશ ચર્ચા કર્યા વગર અનેક સો સાગરની ટીકા કરી દીધી છે.

**(૧૬)** જીવાભિગમ સૂત્રની નવ પ્રતિપત્તિઓની શરૂઆતના પાઠની વ્યાખ્યામાં આદેશનો 'અપેક્ષા' અર્થ કરતાં વાદી પણ કહેવાનું શરૂ તો કર્યું પરંતુ એકાંત 'વાદી' કહેવા સુધી નથી પહોંચ્યા. એના પછી આગળ **पडिवत्ति** બીજામાં સ્ત્રી વેદીની કાયસ્થિતિના પાંચ પ્રકારમાં વાદી કહેવાનું શરૂ કર્યુ અને પછી એકાંત, 'વાદી'ના આગ્રહભર્યું પ્રરૂપણવાળું વિવેચન કરી દીધું અને સૂત્રકર્તા આચાર્યોમાં પાંચ મતભેદ બતાવી દીધા, જે અસંગત છે.

**(૧૭)** જીવાભિગમ પ્રતિપત્તિ બીજીના પાંચમા આદેશના વિવેચનમાં (૧) સ્ત્રીના લગાતાર ૯ ભવ હોવાનું બતાવી દીધુ (૨) જળચર, ઉરપર, ભુજપર ના આઠ ભવનો નિષેધ કરી ઉત્કૃષ્ટ સાત ભવ હોવાનું કહી દીધું (૩) આઠમો ભવ એકાંત રૂપે જુગલિયાનું જ થાય એમ કહી દીધું (૪) પર્યાપ્તના લગાતાર આઠ ભવ જ થાય છે, એવું કહી દીધું. આ સર્વે કથન આગમ સંમત પણ નથી અને કોઈ તો પરસ્પર પણ અસંગત છે. કેમ કે ભગવતીમાં જળચર ઉરપરિસર્પ વગેરેના આઠ ભવના કાળાદેશ કહ્યા છે. કાયસ્થિતિ અનુસાર પર્યાપ્તના લગાતાર આઠથી વધારે ભવ થઈ શકે છે. જેમ કે મનુષ્યના લગાતાર આઠ ભવ કરીને પછી તે જીવ દેવલોકમાં જઈ શકે છે. આવી રીતે પર્યાપ્તના આઠથી વધારે ભવ હોઈ શકે છે. તેથી પર્યાપ્તની કાયસ્થિતિ અનેક સો સાગરની હોય છે. બે ૬૬ સાગર(૧૩૨ સાગર) અવધિ દર્શનની કાયસ્થિતિને સહીરૂપમાં સમજવા માટે પણ ઓછામાં ઓછા ૧૦ ભવ પર્યાપ્તના બતાવવામાં આવે છે.

**(૧૮)** ધર્માચરણી સ્ત્રી, પુરુષ અને નપુંસકની સ્થિતિ અંતર્મુહૂર્તની આગમમાં કહી છે તેને અવાસ્તવિક કહી દીધું.

**(૧૯)** પ્રજ્ઞાપના સૂત્ર પદ ૨૧ની ટીકામાં વિદ્યાચારણના માટે કહ્યું કે આ લબ્ધિધારી સંયમવાન નથી હોતા,પરંતુ ભગવતી સૂત્રમાં આ લબ્ધિ સંયમવાનને જ કહી છે.

**(૨૦)** પુરુષવેદની અંતર્મુહૂર્તની કાયસ્થિતિને અવાસ્તવિક કહી દીધી અને કહ્યું કે 'વેશ પરિવર્તનની અપેક્ષા અંતર્મુહૂર્ત છે વાસ્તવમાં ભાવ પરિણામની અપેક્ષા તો એક સમયની જ જઘન્યકાય સ્થિતિ હોય છે.' આનો મતલબ એ થયો કે





આગમકાર એક જ સૂત્રના એક જ પ્રકરણમાં એક જ વેદની કાયસ્થિતિ દ્રવ્ય વેશની અપેક્ષા કહે અને બે વેદની સ્થિતિ ભાવ પરિણામની અપેક્ષા કહે એવી કલ્પના ટીકાકાર દ્વારા કરવી પણ ઉપયુક્ત સમજી શકાતી નથી.

ઉપરના ૨૦ સંકલન વિદ્વાન આચાર્ય શ્રી મલયગિરિથી સંબંધિત છે. જેમનું જૈનઆગમ ટીકા સાહિત્યમાં એક અનોખું સ્થાન છે. તે તેરમી શતાબ્દીના એક સાધના સિદ્ધ પુરુષ હતા. જેમનામાં શ્રુત સેવાની એક અનુપમ લગન હતી. કદાચ છાદ્મસ્થિક હોવાથી ક્ષયોપશમની વિચિત્રતાથી જ ઉપર નિર્દિષ્ટ ત્રુટિઓ સંભવ થઈ છે. તેઓ એક ભવભીરુ, નમ્ર અને સરલ આચાર્ય થયા છે. આગમ વિપરીત પ્રરુપણનો તેમનો ક્યારે ય સંકલ્પ હોય નહીં છતાં પણ ઉક્ત ભૂલો તેમનાથી થઈ ગઈ છે, એ જ વિચારવાની વાત છે.

**(૨૧)** નિશીથ ઉદ્દેશક ૨માં– પાદપ્રોંછનનો વ્યાખ્યાકારે રજોહરણ અર્થ કરી દીધો છે, પરંતુ રજોહરણ સંબંધી દસ સૂત્ર આગળ પાંચમાં ઉદ્દેશકમાં અલગ છે. પાદપ્રોંછન ઔપગ્રહિક ઉપકરણ અલગ છે, રજોહરણ ઔઘિક ઉપકરણ અલગ છે. આ બંનેને એક કરી દેવું એ એક ભ્રમ છે. વિશેષ જાણકારી માટે છેદશાસ્ત્રમાં જોવું જોઇએ.

**(૨૨)** **विसुयावेइ**– નિશીથ ઉદ્દેશક બે માં પાદ પ્રોંછનમાં સૂત્રના અંતિમ સૂત્રોમાં **विसुयावेइ** ક્રિયા છે. જેનો અર્થ છે પૃથક્ કરવું અર્થાત્ લાકડાના દંડથી પાદપ્રોંછનને અકારણ ખોલીને અલગ કરવું. પરંતુ આ સાચા અર્થને છોડીને ધૂપ દેવો, સુકવવું, ધોવું વગેરે અર્થ કર્યા છે, પરંતુ ઉપધિને ધૂપદેવો, સૂર્યના તાપમાં સુકવવું એ કોઈ દોષ બનતો નથી પરંતુ ગુણકારી જ થાય છે અને કદાચ કોઈ પણ કારણસર ઉપકરણ ભીનું થઈ જાય તો તેને સુકવવું આવશ્યક કર્તવ્ય બને છે; એને દોષરૂપમાં કથન કરીને પ્રાયશ્ચિત કહેવાનું કોઈ પ્રયોજન નથી.

**(૨૩)** નિશીથ ઉદ્દેશા ૩ સૂત્ર ૭૩ **गोलेहणियासु** ભૂમિનું વિશેષણ છે. જેનો અર્થ છે હળ ચલાવેલી જમીન ઉપર લઘુનીત કે વડીનીત પરઠવાનું નહીં અને પરઠે તો સચિત્ત માટીના કારણે પ્રાયશ્ચિત આવે છે. આ સીધો અને સાચો અર્થ છોડીને ગાયો અને જાનવરોની ચાટવાની ભૂમિ વગેરેનો અયુક્ત અસંગત અર્થ કર્યો છે. વિશેષ જાણકારી માટે આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત આ સૂત્રનું વિવેચન જોવું જોઇએ.

**(૨૪)** નિશીથ ઉદ્દેશા ૩ માં **अणुग्गए सूरिए** શબ્દ છે. જેનો આશય છે જે સ્થાન પર સૂર્યનો તાપ નથી આવતો એવા અયોગ્ય સ્થાનમાં મળનો ત્યાગ ન કરવો

જોઈએ. ભલે રાત્રિ હોય કે દિવસ ક્યારે ય પણ એવા સ્થાન પર શૌચનિવૃત્તિ ન કરવી જોઈએ. આ અર્થ છોડીને એવો અર્થ કર્યો છે કે સૂર્યોદય પહેલા મળ-મૂત્ર નહીં પરઠવું જોઈએ. પરંતુ ભાજનમાં શોચ નિવૃત્તિ કરીને રાખી દેવું. પછી સવારે પરઠવું એવો અર્થ આગમ વિરુદ્ધ કથન છે.

આગમમાં તો એવા વર્ણનો છે કે– સાધુને રહેવાનું મકાન પરઠવાની ભૂમિવાળું હોવું જોઈએ. સાંજના સમયે રાત્રિ માટે પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરવું. રાત્રિમાં બાધા થાય તો મલ વિસર્જન કરીને પરઠવાની રીત બતાવવામાં આવી છે. માટે રાત્રિમાં મકાન બહાર ન જાવું અને ન પરઠવું, આવો અર્થ કરવો આગમ આશયથી વિરુદ્ધ જાય છે.

**(૨૫)** નિશીથ ઉદ્દેશા ૧૯માં ઔષધ સંબંધી સાત સૂત્ર છે. અંતિમ સાતમા સૂત્રમાં વિહારમાં દવા લઈ જવા સંબંધી પ્રાયશ્ચિત છે. એ જગ્યાએ પ્રયુક્ત **વિયડ** શબ્દના અર્થ ભાવાર્થને મદ્ય–માદક પદાર્થથી સંબંધિત કરી દીધા છે. જે જૈન શ્રમણ માટે અયોગ્ય છે. મદ્ય-માંસનું સેવન નરકનું કારણ છે અને સાધુ ઉપયોગમાં લે અને વિહારમાં રાખે અને પછી એનું લઘુ પ્રાયશ્ચિત કહેવામાં આવે એ ઉપયુક્ત નથી.

**(૨૬)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૨ માં શ્રમણ માટે **अट्ठजायं** વિશેષણ દીધું છે જેનો અર્થ છે 'કોઈ ઈચ્છામાં તીવ્રતાથી રુગ્ણ બનેલા સાધુ' પરંતુ અહીં અર્થ કરી દીધો છે કે 'ધનની ઈચ્છા કરવાવાળા સાધુ' અર્થાત્ પરિવારવાળા માટે ધનની પ્રાપ્તિની ઈચ્છામાં તલ્લીન થયેલો રુગ્ણ પાગલ બનેલો સાધુ. સૂત્રમાં એવા રુગ્ણ સાધુની સેવા કરવાનો નિર્દેશ છે. રુગ્ણ સેવા વગેરેથી સંબંધિત સાધુના માટે ધન પ્રાપ્તિનો અર્થ અને વિવેચન કરવું સારુ નથી.

**(૨૭)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૩ સૂત્ર ૧–૨ માં **गणधारण** નો વિષય છે, જેનો અર્થ મુખી બની વિચરણ કરવું અથવા મુખી બની વિચરણ કરવાવાળો છે. ત્યાં એના માટે યોગ્ય હોવાનું પણ કહ્યું છે. સાથે જ આજ્ઞા લઈને વિચરણ કરવાનું કહ્યું છે. વગર આજ્ઞાએ વિચરણ કરવાનો નિષેધ કર્યો છે અને તેનું પ્રાયશ્ચિત પણ કહ્યું છે. આનો અર્થ વ્યાખ્યાકારોએ આચાર્ય બનવું, ગણી યા ગચ્છાધિપતિ બનવાથી જોડી દીધો છે તે ઉપયુક્ત નથી. કેમ કે આચાર્ય, ઉપાધ્યાય વગેરેની યોગ્યતા, ગુણ, શ્રુત વગેરેના કથન આ સૂત્રના આગળના સૂત્રમાં જ છે.

**(૨૮)** વ્ય.ઉદ્દે.૯ માં **सोंडिय शाला** શબ્દ છે. ત્યાં ગોચરી જવાનો પ્રસંગ છે. ત્યાં 'ખાવાની સામગ્રી' કે 'મિષ્ટાન્ન સામગ્રી'. એવો અર્થ ન કરીને મદિરાશાળા અર્થ વિવેચનમાં કરી દીધો છે. મદિરા શાળામાં તો જવાનો પ્રસંગ થતો જ નથી.





**(૨૯)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૧૦માં શ્રમણોના અધ્યયન સંબંધી વર્ણન દીક્ષા પર્યાયના વર્ષો સાથે જોડીને કહેવામાં આવ્યું છે. તેનો એવો અર્થ કરી દીધો કે આટલા વરસ પહેલા તે સૂત્રો ભણાવવા જ નહીં. આવો અર્થ આગમના આશયથી વિપરીત જાય છે, કારણ કે આ જ વ્યવહાર સૂત્રમાં ત્રણ વરસની દીક્ષાવાળા સાધુને બહુશ્રુત હોવાથી અને આચારાંગ અને નિશીથ સૂત્રને અર્થ સહિત ધારણ કરવાવાળો હોવાથી તેમને ઉપાધ્યાયની પદવી આપવાનું વિધાન કર્યુ છે. મતલબ એ થયો કે ત્રણ વરસવાળો સાધુ ઉપાધ્યાય બનવાની યોગ્યતા જેટલા શાસ્ત્રો ભણીને પૂર્ણ કરી શકે છે. માટે ત્રણ વરસની દીક્ષા પર્યાય પહેલાં સાધુને શાસ્ત્ર ભણાવવું જ નહીં એવો અર્થ કરવો શાસ્ત્રકારના આશયથી તદ્દન વિપરીત છે.

**(૩૦)** વ્યવહાર ઉદ્દેશા ૩માં **નિરુદ્ધ પરિયાયે અને નિરુદ્ધવાસ પરિયાયે** શબ્દ છે. જેનો સીધો અને સાચો અર્થ ક્રમથી આ છે કે (૧) અત્યલ્પ = સર્વથી ઓછી દીક્ષા પર્યાય (એક દિવસ) (૨) અલ્પ વરસ દીક્ષા પર્યાય = ત્રણ વરસથી ઓછી દીક્ષાવાળાને કોઈ ખાસ સંજોગોમાં આચાર્ય ઉપાધ્યાય પદવી દેવામાં આવી શકે. આવો સાચો અને સીધો અર્થ છોડીને ટીકાકારે એમ અર્થ કર્યો છે કે– કોઈ સાધુના પરિવારવાળાઓ જોર જબરીથી તેમને દીક્ષા છોડાવીને ઘેર લઈ ગયા પછી એની બીજી દીક્ષા થવાથી ઓછી દીક્ષા પર્યાયવાળો થઈ ગયો. તેમને આચાર્ય પદ દઈ શકાય એવું કથન માત્ર કલ્પના રૂપ છે. એ સૂત્રના પાઠથી પણ વિરુદ્ધ છે. કારણ કે તે સૂત્રમાં એ સાધુના પરિવારના ઘણા વખાણ કરવામાં આવ્યા છે. જેમાં તે પરિવાર વાળાઓને મહાધર્મિષ્ટ અને ધર્મ પ્રત્યે તેમની ઘણી નિષ્ઠા બતાવી છે. તેઓના માટે આચાર્ય યોગ્ય સાધુને દીક્ષા છોડાવીને લઈ જવાની કલ્પના પણ ન કરી શકાય. આ દસ પોઈન્ટમાં છેદ સૂત્રો સંબંધી કથન છે એની વિશેષ માહિતી માટે તે તે શાસ્ત્રોનું વિવેચન જોવું જોઈએ. આ દસ પોઈન્ટ બાબતમાં નિર્યુક્તિકાર, ભાષ્યકાર, ચૂર્ણિકાર અને ટીકાકાર બધા જોડાયેલા છે. બીજા પણ ઘણા સૂત્રોની વ્યાખ્યાઓમાં એવી કેટલીક ભૂલો છે તે બધીનું કથન કરી અહીં વિસ્તાર ન કરતા કેટલીક બતાવી છે. તટસ્થ ભાવથી સમજવા માટે આટલી પણ બહુ છે.

**સાર :–** કહેવાનો મતલબ એ છે કે છદ્મસ્થની ભૂલ થવાની શક્યતા રહ્યા જ કરે છે. માટે કોઈને પોતાને માટે કે બીજા વિદ્વાનને માટે કોઈપણ પ્રકારના અભિમાનનો આગ્રહ ન કરતાં પોતાના ભેજામાં શાસ્ત્રની મુખ્યતાથી ચિંતન, મનન અને નિર્ણય કરવાની જગ્યા રાખવી જોઈએ. જિજ્ઞાસા ભાવથી સત્ય ખોજવાની લગન રાખવી જોઈએ.

સાચું ખોટું જે કોઈ પણ અર્થ કે પરંપરા હોય તેને આગ્રહ રાખી માનતા જ રહેવું. પૂર્વાચાર્યોના નામથી આંખો મીંચીને ધકાવતા જ રહેવું એ ઠીક નથી અને શાસ્ત્રની ઉપેક્ષા કરી સ્વછંદ બુદ્ધિએ કોઈ પણ નિર્ણય લઈ પ્રરુપણા કરવી એ પણ ઠીક નથી.

આગમ અને આગમના આશયો એ જ સર્વોપરી મહત્વશીલ છે. પરંપરાઓ અને પૂર્વાચાર્યોના નામથી આગમ આશયની ઉપેક્ષા ન કરવી જઈએ અને જે પરંપરાને આગમનો કોઈ પણ આધાર કે બળ ન મળે તેનો દૂરાગ્રહ કે હઠાગ્રહ ન રાખવો જોઈએ. આગમ લક્ષ્યવાળા ચિંતનને માન આપવું જોઈએ. કોઈ પણ ભૂલ હોય, કોઈની પણ ભૂલ હોય, તેને સુધારવામાં પૂર્વાગ્રહ ન રાખવો જોઈએ; આ જ આ નિબંધનો અભિપ્રાય છે.

તે સિવાય કોઈપણ આચાર્યોની આશાતાનાનો અભિપ્રાય નથી પરંતુ આચાર્યોના નામે કે પરંપરાના નામે આગમ આશય કે તાત્પર્યની થતી આશાતના અથવા ઉપેક્ષાના ભાવો ઉપર પ્રભાવ પડે અને જ્ઞાની કહેવાતા સાધકો નાસમજીએ શાસ્ત્રની આશાતનાથી અને શ્રુતજ્ઞાનની આશાતનાથી બચે; એ જ મૂળ ઉદ્દેશ્ય છે. છતાં પણ કોઈ સ્વ અવિવેકના કારણે આ નિબંધનો ઉલટો અર્થ કરી લેખકને પૂર્વાચાર્યોની આશાતના કરનાર માનવાની પરિણતિ કરે તો એ તેના પોતાના ક્ષયોપશમની વિચિત્રતા જ સમજવી. **सुज्ञेषु किं बहुना........**

## નિબંધ – ૫૭

### પાંચમા અને સાતમા ગુણસ્થાનકમાં યોગ

આ ગુણસ્થાનકવાળા મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવ વૈક્રિય શરીર બનાવે છે. ત્યારે વૈક્રિયમિશ્ર અને વૈક્રિય બંને યોગ હોય છે. અને વૈક્રિયથી નિવૃત્ત થઈને પાછા ઔદારિકમાં પ્રવેશ કરતા પહેલા ઔદારિક મિશ્ર હોય છે પછી ઔદારિક યોગ હોય છે. એમ આગમ કથીત કેવલી સમુદ્દ્ઘાતનાં વર્ણનથી જ્ઞાત થાય છે. માટે આ ગુણસ્થાનકમાં આહારક-આહારક મિશ્ર અને કાર્મણ આ ત્રણેને છોડીને ૧૫–૩=૧૨ યોગ હોય છે. કર્મગ્રંથમાં ૧૧ યોગ રહ્યા છે. ત્યાં ઔદારિક મિશ્ર નથી માનતા. એટલે કે ત્યાં વૈક્રિયથી સીધો ઔદારિક યોગ માને છે. ઔદારિક મિશ્ર માનવા સબંધી અપેક્ષા ભેદને કારણે આ અંતર છે. થોકડામાં ૧૨ યોગ અને કર્મગ્રંથમાં ૧૧ યોગ છે.

આ અપેક્ષાભેદથી ૭માં ગુણસ્થાનકમાં ૧૧ યોગ કહ્યા છે. ત્યાં વૈક્રિય





અને આહારક સમુદ્રઘાતનો પ્રારંભ નથી થતો, એટલે બંનેનો મિશ્રયોગ નથી હોતો. અને બંને સમુદ્રઘાતોની સમાપ્તી પણ ત્યાં નથી હોતી. એ અપેક્ષાથી ઔદારિક મિશ્ર પણ નથી હોતો. વૈક્રિય કે આહારકની સમાપ્તી સાતમા ગુણસ્થાનકમાં હોય તો ત્યાં ઔદારિક મિશ્ર સ્વીકારવા ૭માં ગુણસ્થાનકામં પણ પાંચમા ગુણસ્થાનકની સમાન ૧૨ યોગ સ્વીકારવા પડે. જેમાં આહારક મિશ્ર, વૈક્રિય મિશ્ર અને કાર્મણ આ ૩ યોગ ઓછા હોવાથી ૧૫–૩=૧૨ યોગ હોય.

વૈક્રિય અને આહારક સમુદઘાતથી નિવૃત થઈને ઔદારિકમાં આવતી વખતે ઔદારિક મિશ્ર હોય કે ન હોય તે માન્યતા ભેદથી આ ભિન્નતા સમજવી.

## નિબંધ – ૫૮

### અઢી ઉદ્ધાર સાગરોપમનો અર્થ

એક યોજન લાંબા-પહોળા અને ઉંડા પલ્યમાં (કુવામાં) ઉત્કૃષ્ટ સાત દિવસનાં ઉગેલા વાલાગ્રનાં અસંખ્ય ટૂકડા કરીને ઠાંસી-ઠાંસીને ભરવામાં આવે. એમાંથી એક સૂક્ષ્મ સમયમાં એક વાલાગ્રખંડ નીકાળવામાં આવે. અને જેટલા સમયમાં ખાલી થાત તે કાળ એક સૂક્ષ્મ ઉધ્ધાર પલ્યોયોમ છે. એવી રીતે ૧૦ ક્રોડાક્રોડી પલ્યોયમનું એક ઉધ્ધાર સગરોપમ થાય છે. એવા અઢી ઉધ્ધાર સાગરોપમનાં જેટલા સૂક્ષ્મ સમય હોય છે. એટલા દ્વીપ-સમુદ્ર છે. અર્થાત્ અઢી ઉધ્ધાર સાગરોયમનાં સૂક્ષ્મ સમયની બરાબર દ્વીપ-સમુદ્રોની સંખ્યા હોય છે. આ રીતે સૂક્ષ્મ સમયમાં વાલાગ્ર નીકાળવાથી ઉધ્ધાર પલ્યોયમ કાળ હોય છે. ૧૦૦–૧૦૦ વર્ષે એક વાલાગ્ર નીકળવાથી અધ્ધા પલ્યોપમ સાગરોપમ થાય છે. તથા તે એક યોજન લાંબા,પહોળા,ઉંડા પલ્યનાં(કુવાનાં) આકાશ પ્રદેશ ગણવાથી ક્ષેત્રપલ્યોયમ થાય છે. ત્રણે પ્રકારથી પલ્ય(કુવો) ખાલી થવાથી ત્રણ પ્રકારનાં પલ્યોપમ હોય છે. એને ૧૦ ક્રોડાક્રોડથી ગુણા કરવાથી સાગરોપમ હોય છે. આ ત્રણેય માપમાં અસંખ્ય વર્ષ હોય છે. અસંખ્ય અને અનંતની સંખ્યાને માત્ર ઉપમાંથી સમજી શકાય છે. ગણતરીની સંખ્યાથી અસંખ્ય અને અનંતને છદ્મસ્થજીવ નથી સમજી શકતા.

## નિબંધ – ૫૯

### દેવોનો ક્ષેત્રાનુપાત-અલ્પબહુત્વ વિચારણા

***સમસ્યા*** :– પ્રજ્ઞાપના સૂત્રગત ક્ષેત્રની અપેક્ષાની અલ્પબહુતામાં સંખ્યાતગુણ

કે અસંખ્યાતગુણા જેવો પણ મૂળપાઠ મળે છે. એને પ્રમાણભૂત માનીને સ્વીકાર કરવાનો જ હોય છે. કારણ કે– ક્યાંક એના સબંધી તર્કનો સમાધાન હોય છે અને ક્યાંક કોઈ સમાધાન જ નથી હોતું.

(૧) તર્ક અને કલ્પનાથી અધોલોક અને અધોલોક-તિર્ચ્છાલોક આ બે બોલ સૌથી પહેલા કે ઉર્ધ્વલોકથી પણ પહેલા હોવા જોઈએ. કારણ કે ઉર્ધ્વલોક તો જ્યોતિષ વિમનથી નજીક છે. સેંકડો, હઝારો દેવો પરિભ્રમણ કરી શકે છે પરંતુ સ્વતંત્ર અધોલોક અને જ્યોતિષી દેવોનો એવો કોઈ સબંધ નથી મળતો. માત્ર સલિલાવતી વપ્રા આ વિજયમાં ક્યારેક પ્રસંગથી સંખ્યાત દેવ મળી શકે છે. (અસંખ્ય નહીં) જે ઉર્ધ્વલોકનાં પ્રથમ બોલથી કમ હોવાની શક્યતા છે.

(૨) વૈમાનિક દેવોનો અલ્પબહુત્વ પણ આગમ પ્રમાણથી સમજમાં ન આવે એવો છે. કારણ કે ઉપપાત સમુદઘાતગત જીવ પ્રથમ દ્વિતિય બોલમાં અસંખ્ય હોય શકે છે. ત્રીજા,ચોથા,પાંચમા બોલમાં સંખ્યાત દેવનીજ સંભાવના છે. માટે ત્રીજા,ચોથા,પાંચમા બોલને પહેલો, બીજો ત્રીજો કહેવાય પછી બીજો, ચોથો, અને પહેલાને પાંચમો કહીએ તે બરાબર લાગે છે. જેમ કે (૧) સૌથી ઓછા અધોલોક-તિરછા લોકને સ્પર્શ કરવાવાળો દેવ(સંખ્યાત) (૨) એનાથી અધો લોકમાં આવેલા દેવ સંખ્યાતગુણા (૩) એનાથી તિરછા લેકમાં આવેલા વૈમાનિક દેવ સંખ્યાતગુણ (૪) એનાથી ત્રણ લોકને સ્પર્શ કરવાવાળો ઉપપાત સમુદઘાત વાળા અસંખ્યાતગુણ (૫) એનાથી ઉર્ધ્વ-તિરછાલોકને સ્પર્શવાવાળા ઉપપાત-સમુદ્ઘાતવાળા સંખ્યાત ગુણ (૬) એનાથી ઉર્ધ્વલોકના વૈમાનિક સ્વસ્થાન હોવાથી અસંખ્યગુણા.

**સમસ્યાનું સમાધાન :–** જ્યોતિષીદેવોના દરેક સમુદ્રમાં દ્વીપા છે. જે હઝાર યોજન ઊંડા છે અને અસંખ્ય સમુદ્રમાં હોય છે. માટે ત્યાં જવા આવવાવાળા દેવો પણ અસંખ્ય હોય છે. વૈમાનિકમાં પણ કેટલાયે દેવોની રાજધાની પોતાના વિમાનની સીધમાં છે તે પણ દ્વીપ કે સમુદ્ર જે પણ સીધમાં આવશે એમાં હશે. તો આ રીતે અધોલોક અને તિરછાલોકમાં અસંખ્ય દેવોનું આવાગમન હોવાથી અસંખ્યાત નો જે અલ્પબહુત્વ બનશે એમાં આવશે. અર્થાત્ મૂળપાઠમાં જે પણ અલ્પબહુત્વ કીધુ છે તે ઘટિત હોય શકે છે. અઘટિત જેવું કાંઈ નથી હોતું. જરૂરત છે બહારનાં દ્વીપ-સમુદ્રમાં જ્યોતિષીદેવોનાં અસંખ્ય દ્વીપ સમુદ્રમાં નીચેલોકમાં હઝાર યોજન ઊંડા અસંખ્ય જ્યોતિષી દેવ માનવા તથા વૈમાનિકોની પણ અસંખ્ય રાજધાની અઢીદ્વીપની બહાર માનવી. વાસ્તવમાં એવું માનવામાં આગમનું





પીઠબળ મળે પણ છે અને વિરોધ જેવું કાંઈ હોય પણ નહીં. ભગવતી આદિ સૂત્રોમાં વૈમાનિક દેવોની રાજધાનીઓ કહી છે. અને જીવાભિગમમાં જ્યોતિષીની દ્વીપ-સમુદ્રમાં કહી છે. તથા બધાજ સમુદ્ર હઝાર યોજન ઊંડા હોવાથી દ્વીપ પણ હઝાર યોજન ઊંડા જ હશે. અને એમાં રહેવાવાળા કે જવાવાળા દેવ પણ હઝાર યોજનની ઊંડાઈમાં જ રહેશે.

## નિબંધ – ૬૦

## ✓ાસો✓ાસનું કાલમાન અને અંતર

સંસારના નાના-મોટા સર્વે પ્રાણી ✓ાસો✓ાસ લે છે અને એના આધારે જીવે છે. પ્રસ્તુત પદમાં નારકી આદિ જીવ કેટલા સમયમાં ✓ાસો✓ાસ લે છે અર્થાત્ તે જીવોને એકવારની ✓ાસો✓ાસની ક્રિયામાં કેટલો સમય લાગે છે તે બતાવ્યું છે.

આ સૂત્ર પદનો અર્થ એમ પણ કરી શકાય છે કે કેટલા સમયના વિરહના અંતરથી ✓ાસો✓ાસ લેવામાં આવે છે, પરંતુ આગમકારે કેટલા કાળનો વિરહ અથવા કેટલા કાળનું અંતર હોય છે એમ પૂછ્યું નથી, અને ઉત્તરમાં પણ અંતર અથવા વિરહના ભાવનો ઉત્તર આપ્યો નથી. જો અંતર અથવા વિરહનો આશય હોત તો નારકી માટે **અણુસમયં અવિરહિયં** શબ્દનો પ્રયોગ થાત અને અન્ય દંડકમાં પણ સાત થોવ અથવા પંદર પક્ષના અંતરથી ✓ાસો✓ાસ લે છે એવું સ્પષ્ટ કથન કરવામાં આવત, પરંતુ પાઠમાં એવો પ્રયોગ નથી.

આગમમાં શબ્દ પ્રયોગ આ પ્રકારનો છે પ્રશ્ન– **केवइ कालस्स आणमंति**
**ઉત્તર– जहण्णेणं सत्त थोवाणं आणमंति उक्कोसेणं साइरेगस्स पक्खस्स आणमंति**
**અહીં कालस्स, थोवाणं, साइरेगस्स पक्खस्स** એ ✓ાસો✓ાસના વિશેષણ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે કેટલા કાળનો ✓ાસો✓ાસ ? એક થોવ, સાધિક પક્ષનો ✓ાસો✓ાસ લે છે. અતઃ એથી સ્પષ્ટ થાય છે કે તે તે જીવોને એક વારની ✓ાસો✓ાસ ક્રિયામાં થોવ, પક્ષ આદિ સમય લાગે છે.

વ્યવહારિક દષ્ટિથી વિચારીએ તો કોઈ પણ સ્વસ્થ પ્રાણી રોકી-રોકીને ✓ાસ લેતો નથી. આભ્યંતર નાડી સ્પંદન અથવા નાક દ્વારા ✓ાસ ગ્રહણ સ્વાભાવિક રીતે કોઈનો રોકાતો નથી પરંતુ પ્રત્યેક પ્રાણીની ✓ાસ લેવાની ક્રિયા ભિન્ન હોય છે. કોઈની મંદગતિ તો કોઈની તીવ્રગતિ. મંદતમ ગતિ અને તીવ્ર ગતિથી ✓ાસ લેવાની ક્રિયા હોય છે. તેથી ✓ાસ લેવાની ક્રિયામાં ભિન્નતા સ્પષ્ટ દેખાય છે.

આગમમાં મનુષ્યના ✓ાસો✓ાસ માટે **વેમાત્રા** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જો આ પ્રકરણમાં કહેલ કાલમાનને વિરહ સમજી લેવામાં આવશે તો મનુષ્ય માટે અવિરહ નહીં કહેતા વેમાત્રાનું જે કથન કરવામાં આવ્યું છે તેનો અર્થ થશે કે અંતરનું નિશ્ચિત કાલ માન નથી, પરંતુ જુદા પ્રકારનું અંતર હોય છે. જ્યારે પ્રત્યક્ષ વ્યવહારમાં એ દેખાય છે કે નાક દ્વારા ચાલતો ✓ાસ અથવા નાડી સ્પંદન અથવા ધડકન આદિ કોઈની મિનિટ, અડધી મિનિટ કે બે મિનિટ એમ કોઈ પણ વેમાત્રા સુધી ✓ાસ થોભતો નથી, તેમાં(✓ાસમાં) વિરહ–અંતર નથી. અતઃ અવિરહ કહેવું જોઈએ. અગર અંતર માટે વેમાત્રાનો શબ્દ પ્રયોગ હોય તો વિભિન્ન માત્રાઓમાં જુદીજુદી વ્યક્તિઓના ✓ાસની વચ્ચે કોઈને કોઈ અત્યધિક અંતર દેખાવું જોઈએ પરંતુ એવું દેખાતું નથી.

પ્રત્યક્ષમાં એ દેખાય છે કે વિભિન્ન માત્રાનું કાળમાન અલગ-અલગ વ્યક્તિઓની ✓ાસો✓ાસ ક્રિયાનું હોય છે. ભગવતી ટીકામાં પણ સાત લવ આદિ માટે કાલમાન શબ્દનો પ્રયોગ કરાયો છે.

આહારનું અંતર જે રીતે પ્રત્યેક પ્રાણીના જીવનમાં દેખાય છે તે રીતે ✓ાસો✓ાસમાં અંતર દેખાતું નથી.

ભગવતી સૂત્રમાં પાંચ સ્થાવરના આહાર અણુસમય અવિરહ કહેવાયો છે. પરંતુ ✓ાસો✓ાસ માટે વિમાત્રા શબ્દનો જ પ્રયોગ કર્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે આગમકારને ✓ાસો✓ાસનો વિરહ બતાવવો નથી પરંતુ એનું કાલમાન બતાવવું છે, જે ઔદારિકમાં વિમાત્રાવાળો છે.

ત્યાં પણ(શ.૧, ઉ.૧માં) બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ✓ાસો✓ાસને માટે ફક્ત વિમાત્રા જ કહ્યું છે. આહાર માટે વિમાત્રા કહેવાની સાથે અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત યાવત્ બે,ત્રણ દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. એ પ્રકારે આગમમાં ઔદારિક દંડકોના આહારનું અંતર સ્પષ્ટ છે. વ્યવહારમાં પણ આહારેચ્છામાં અંતર પડતું દેખાય છે. ✓ાસો✓ાસ માટે આવું કાંઈ પણ અંતર ઔદારિક દંડકોમાં આગમમાં બતાવ્યું નથી અને પ્રત્યક્ષમાં પણ કોઈના ✓ાસો-✓ાસમાં એવું કંઈ અંતર દેખાતું નથી. આથી પ્રત્યક્ષ અનુભવાનુસાર પણ ✓ાસનું મંદ હોવું સહજ સમજમાં આવી શકે છે. પરંતુ થોડા સમયો માટે આહારેચ્છાની સમાન રોકાઈ જવું, થોભી જવું અથવા વિલંબિત થવું, અંતર પડવું, એ સહજ સમજમાં આવી શકતું નથી.

સમવાયાંગ અને પ્રજ્ઞાપના ટીકામાં ✓ાસો✓ાસના આ કાલમાનને અંતર





યા વિરહ કહેવાયું છે. જેનો આશય એ છે કે ૭ લવ, ૧ પક્ષ કે ૩૩ પક્ષ સુધી દેવ ✓ાસ ક્રિયા વગરના રહે છે. આટલો સમય વિતાવ્યા પછી ✓ાસો✓ાસ લે છે, ફરી પાછો ૩૩ પક્ષ સમય સુધી રોકાઈ જાય છે. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત વિવેચન યુક્ત પ્રજ્ઞાપના સૂત્રમાં પણ ટીકાનું અનુસરણ કરતાં અર્થ વિવેચન કરાયું છે. એ રીતે ✓ાસ ક્રિયાને આભોગ આહાર ક્રિયાની સમાન પદ્ધતિ રૂપે સ્વીકાર કરાયો છે.

આપણે દેવોનો તો કોઈ પણ અનુભવ કરી શકતા નથી. પરંતુ પૃથ્વી તળ પર રહેલા તિર્યંચનથીમનુષ્યોનો અનુભવ કરી શકાય છે અને તે અનુભવથી તો નિઃસંકોચ કહી શકાય છે કે ✓ાસ ક્રિયા આભોગ આહાર ક્રિયાની સમાન અંતરની પદ્ધતિવાળી થઈ શકતી નથી.

આ વ્યવહાર અનુભવ દષ્ટિથી એવં આગમ આશયની ઉપરોક્ત અપેક્ષાએ દેવગણોની એક ✓ાસો✓ાસની ક્રિયા ૭ થોવ, મુહૂર્ત, પક્ષ આદિ સમયમાં પૂર્ણ થાય છે. એટલી શાંત મંદ મંદતમ ગતિથી દેવ ✓ાસ લે છે અને છોડે છે. નારકી જીવ શીઘ્ર શીઘ્રતમ ગતિથી ✓ાસ લે છે તથા છોડે છે. મનુષ્ય-તિર્યંચ મધ્યમ ગતિ યા વિમાત્રા એ(ક્યારેક મંદગતિએ તો ક્યારેક તીવ્ર ગતિએ) ✓ાસ લે છે અને છોડે છે પરંતુ કોઈ પણ જીવ આહારની સમાન થોડા-થોડા સમયના અંતરે ✓ાસ ક્રિયા કરતું નથી.

## નિબંધ – ૬૧

### અસંખ્ય,અનંતકાળ ક્યારે કેવી રીતે ?

**અપર્યાપ્તાના ઉત્કૃષ્ટ ભવ :** એકલા અપર્યાપ્તાના ૬૫,૫૩૬ ભવ પણ એક સાથે થઈ જાય તો પણ અંતર્મુહૂર્ત કાળ જ થાય છે. અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિમાં પર્યાપ્ત જીવના ભવ સાથે મેળવવાથી જ અસંખ્યકાળ કે અનંતકાળની કાયસ્થિતિ હોય છે. એવી રીતે એકલા સૂક્ષ્મની પણ કાયસ્થિતિ અનંતકાળની નથી હોતી. અને એકલા બાદરની પણ કાયસ્થિતિ અનંતકાળની નથી હોતી. બંનેનાં સંયુક્ત ભવ થાય ત્યારે અનંતકાળ થાય છે.

**સાર :** એકલા અપર્યાપ્તની કાયસ્થિતિ અંતર્મુહૂર્તથી વધારે હોતી નથી એકલા સૂક્ષ્મની અસંખ્યકાળની કાયસ્થિતિ હોય છે. અનંતકાળની હોતી નથી. સૂક્ષ્મ-બાદર–પર્યાપ્ત-અપર્યાપ્ત બંને મળીને અનંતકાળની કાયસ્થિતિ થાય છે.

## નિબંધ – ૬૨

## આયોજીકરણ ક્રિયાનું સ્વરૂપ

આયોજીકરણ અંતર્મુહૂર્તનું હોય છે. મોક્ષ નજીક હોવાની પ્રક્રિયા કે મોક્ષે જતા પહેલાની તૈયારીને આયોજીકરણ કહે છે. આ આયોજીકરણમાં મુખ્ય બે પ્રક્રિયા થાય છે. (૧) કેવલી સમુદ્‌ઘાત (૨) યોગ નિરોધ કરવાની ક્રમિક પ્રક્રિયા.

આમ તો તેરમું ગુણસ્થાનક જેને પ્રાપ્ત થઈ ગયું છે તે મોક્ષની નજીક જ છે. છતાં પણ અંતિમ તૈયારીની પ્રમુખતાને, આયોજીકરણ કહેલ છે. આ આયોજીકરણ કેવલી સમુદ્‌ઘાતથી શરૂ થઈને યોગ નિરોધની ક્રિયામાં પૂર્ણ થઈ જાય છે. યોગનિરોધની ક્રિયા પૂર્ણ થવા પર પૂર્ણ અયોગી જીવ ૧૪મા ગુણસ્થાનકે પહોંચે છે ત્યાં પણ અતિ અલ્પસમય–પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ જેટલા સમય સુધી રહીને બાકીના કર્મ ક્ષય કરી તે આત્મા સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની જાય છે.

કેવલી સમુદ્‌ઘાત અને યોગનિરોધની પ્રક્રિયાની વચ્ચે પણ અસંખ્ય સમયનો અંતર્મુહૂર્તકાળ રહે છે, જે કેટલીયે મિનીટોનો હોય છે. આ મધ્યકાળમાં કેવલી દ્વારા ગમનાગમન, શય્યા સંસ્તારક પરત કરવું, કોઈની સાથે અલ્પ વાત–ચીત કરવી કે દેવોને માનસિક જવાબ આપવા વગેરે પ્રસંગો પણ બની શકે છે.

કોઈ જીવને કેવલી સમુદ્‌ઘાત હોતો નથી. તેને પણ આ પ્રમાણે મોક્ષે જતા પૂર્વે અંતર્મુહૂર્ત પ્રક્રિયા રૂપ આયોજીકરણ ચાલુ થઈ જાય છે. યોગનિરોધ પૂર્વે ક્રમિક તૈયારી થાય છે. પછી ક્રમશઃ યોગ નિરોધ થાય છે. કેવલી સમુદ્‌ઘાત અવસ્થામાં મન અને વચનનો યોગ થતો નથી. કાય યોગમાં ઔદારિક, ઔદારિક મિશ્ર કાર્મણ(તૈજસ-કાર્મણ) આ ત્રણે કાય યોગ હોય છે.

## નિબંધ – ૬૩

## સાત સમુદ્‌ઘાતનું સ્વરૂપ

મૂળ શરીરમાંથી કેટલાક આત્મપ્રદેશોનું થોડા સમય માટે બહાર નીકળવું તેને સમુદ્‌ઘાત કહે છે. આત્મપ્રદેશોની બહાર નીકળવાની આ પ્રક્રિયા સાત પ્રકારના પ્રસંગોએ થાય છે. તેથી સમુદ્‌ઘાત સાત પ્રકારના કહેલ છે.

**(૧) વેદનીય સમુદ્‌ઘાત–** અશાતા વેદનીયની તીવ્રતાથી આત્મપ્રદેશ તેના અવાગહિત ક્ષેત્રની બહાર પરિસ્પંદિત થાય છે એ સમયે આત્માની જે પ્રક્રિયા થાય છે તેને વેદનીય સમુદ્‌ઘાત કહેછે.





**(૨) કષાય સમુદ્‌ઘાત–** ક્રોધ, માન, માયા કે લોભ એ કોઈપણ કષાયની તીવ્રતાથી આત્મપ્રદેશ શરીરના અવગાહિત ક્ષેત્રમાંથી બહાર પરિસ્પંદિત થાય, તે પ્રક્રિયાને કષાય સમુદ્‌ઘાત કહે છે.

**(૩) મારણાંતિક સમુદ્‌ઘાત–** મરણ સમયે, ભાવી જન્મ સ્થાન સુધી આત્મ-પ્રદેશોનું જવું અને પાછા આવવું, એ પ્રક્રિયા મારણાંતિક સમુદ્‌ઘાત કહેવાય છે.

**(૪) વૈક્રિય સમુદ્‌ઘાત–** નારકી, દેવતા, મનુષ્ય અને તિર્યંચ–જે કોઈપણ ઉત્તર વૈક્રિય કરે છે ત્યારે તેને પહેલા સમુદ્‌ઘાત કરવો પડે છે. તે જ વૈક્રિય સમુદ્‌ઘાત છે. અર્થાત્ વૈક્રિય શરીર બનાવવા માટે તેને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરવાના હેતુથી આત્મપ્રદેશોની લંબાઈ(ઉંચાઈ) હજારો યોજન સુધી બહાર ફેલાવવામાં આવે છે પછી તે શરીર પ્રમાણ પહોળાઈ અને હજારો યોજન લંબાઈવાળા અવગાહિત ક્ષેત્રમાં રહેલા વૈક્રિય વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવે છે. આ રીતે આત્મપ્રદેશોને શરીરની બહાર મોકલવાની આ પ્રક્રિયા તે વૈક્રિય સમુદ્‌ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્‌ઘાત–** શીત કે ઉષ્ણ તેજોલબ્ધિવાળો, કોઈ ઉપર ઉપકાર કે અપકાર કરવાના હેતુથી ઉપરના બંને પ્રકારના પુદ્‌ગલો ગ્રહણ કરીને પછી ફેંકે છે–પ્રક્ષેપ કરે છે. આ પુદ્‌ગલોને વિશેષ માત્રામાં ગ્રહણ કરવાના અને ફેંકવાના હેતુથી આત્મપ્રદેશોનું શરીરના અવગાહિત ક્ષેત્રની બહાર નીકળવા રૂપ જે ક્રિયા થાય છે તે તૈજસ સમુદ્‌ઘાત છે.

**(૬) આહારક સમુદ્‌ઘાત–** શંકાનું સમાધાન અને જિજ્ઞાસાને સંતોષવા માટે જે એક નવું પણ નાનું શરીર બનાવી કરોડો માઈલ દૂર મોકલવામાં આવે છે. તે આહારક શરીર હોય છે. આ આહારક શરીર બનાવવા માટે અને મોકલવા માટે થોડાક આત્મ-પ્રદેશો શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે અને પછી તે આત્મપ્રદેશો નવા શરીરની સાથે રહીને ઈચ્છિત સ્થાને જાય છે. આત્મ પ્રદેશોનું શરીર અવગાહિત ક્ષેત્રની બહાર નીકળવા રૂપ આ સંપૂર્ણ ક્રિયાને આહારક સમુદ્‌ઘાત કહે છે. ચૌદપૂર્વી, આહારક લબ્ધિસંપન્ન શ્રમણ જ આ સમુદ્‌ઘાત કરી શકે છે, અન્ય કોઈ કરી શકતા નથી.

**(૭) કેવલી સમુદ્‌ઘાત–** મોક્ષે જતા સમયે અઘાતીકર્મોની વિષમરૂપતાને સમરૂપ કરવાના હેતુથી, આત્મપ્રદેશોને સંપૂર્ણ લોકમા વ્યાપ્ત કરાય છે. આત્મપ્રદેશોની અને લોકપ્રદેશોની સંખ્યા સમાન હોય છે. તેથી જીવની આ આત્મપ્રદેશોની સર્વોત્કૃષ્ટ અવગાહના હોય છે. ઔદારિક શરીર તો આ સમયે પણ પોતાની અવગાહનામાં જ રહે છે, માત્ર આત્મપ્રદેશ જ નીકળે છે. આ રીતે આઠ સમયને માટે આત્મ પ્રદેશોને બહાર કાઢવાની પ્રક્રિયા કેવળી સમુદ્‌ઘાત કહેવાય છે.

## સમુદ્‌ઘાતનો સમય અને કેવળી સમુદ્‌ઘાતના આઠ સમય :–

પ્રથમના છ સમુદ્‌ઘાતમાં અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત રૂપ સમય લાગે છે. કેવલી સમુદ્‌ઘાતમાં આઠ સમય લાગે છે, જેની પ્રક્રિયા આ પ્રમાણે છે– કેવલીસમુદ્‌ઘાતની પ્રક્રિયામાં જીવ પહેલા સમયે શરીરની પહોળાઈ-જાડાઈના પ્રમાણમાં ઉપર-નીચે લોકાંત સુધી આત્મપ્રદેશો ફેલાવે છે. બીજા સમયે શરીરની પહોળાઈ-જાડાઈ પ્રમાણમાં તે દંડ રૂપ પ્રદેશોને પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એક એક ભીંત(દિવાલ) રૂપે વિસ્તૃત કરે છે(ફેલાવે છે).ત્રીજા સમયે આ ભીંત રૂપમાં રહેલા આત્મપ્રદેશોને બંને બાજુ લોકાંત સુધી વિકસિત કરે છે, જેનાથી આત્મ-પ્રદેશો પૂરા લોકક્ષેત્રમાં અર્થાત્ સમ કિનારાવાળા લોકરૂપમાં વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ લોક વિષમ કિનારાવાળો હોવાથી તેના એ નાના ખુણા અવ્યાપ્ત રહી જાય છે. જે ચોથા સમયમાં પૂરાઈ જાય છે. આ રીતે સંપૂર્ણ લોકમાં પૂર્ણ રૂપે આત્મપ્રદેશોને વ્યાપ્ત થવામાં કુલ ચાર સમય લાગે છે અને આ જ ક્રમથી આત્મ-પ્રદેશોને ફરીથી સંકોચવામાં-સંકેલવામાં પણ ચાર સમય લાગે છે.

આ રીતે માત્ર એક સમય(ચોથા સમયે)જ આત્મપ્રદેશોની સંપૂર્ણ લોક-પ્રમાણ અવગાહના કે સર્વોત્કૃષ્ટ અવગાહના થાય છે. તેમજ ખુણાઓ રહી જાય તેને ગૌણ કરવામાં આવે તો એ અપેક્ષાએ ત્રણ સમય(ત્રીજો, ચોથો અને પાંચમો) લોક પ્રમાણ અવગાહના હોય છે. આ ત્રણ સમયમાં આત્મપ્રદેશ શરીરમાં ઓછા અને બહાર વધારે રહે છે. આ કારણે તે સમયે જીવ અણાહારક હોય છે અને તે સમયે ઔદારિકયોગ રહેતો નથી,કાર્મણયોગ રહે છે. અન્ય પાંચ સમયે આત્મ પ્રદેશો શરીરમાં વધુ હોય છે અને બહાર ઓછા હોય છે તેથી ઔદારિક શરીર યોગ કે મિશ્રયોગ અને આહારકતા બની રહે છે. આઠ સમયની વિગત :–

| સમય | સંસ્થાન | યોગ |
|---|---|---|
| ૧ | દંડ રચના– દંડરૂપમાં આત્મપ્રદેશ | ઔદારિક |
| ૨ | કપાટ રચના– કપાટ રૂપ (દિવાલરૂપે) | ઔદારિક મિશ્ર |
| ૩ | પૂરિત મન્થાન– સમાન કિનારાવાળા લોક પ્રમાણ | કાર્મણ |
| ૪ | પૂરિત લોક– વિષમ કિનારાવાળા સંપૂર્ણ લોક પ્રમાણ | કાર્મણ |
| ૫ | લોક સાહરણ– સમરૂપ લોકપ્રમાણ | કાર્મણ |
| ૬ | મન્થાન સાહરણ– કપાટ રૂપ સંસ્થાન | ઔદારિક મિશ્ર |
| ૭ | કપાટ સાહરણ – દંડરૂપ સંસ્થાન | ઔદારિક મિશ્ર |
| ૮ | દંડ સાહરણ – શરીરસ્થ | ઔદારિક |





## સમુદ્‌ઘાતની સંખ્યા સંબંધી વિશેષ જ્ઞાન :–

**(૧)** આહારક સમુદ્‌ઘાત ત્રણવાર કરેલા હોય તેવા જીવો ત્રણ ગતિમાં મળી શકે છે. મનુષ્યમાં ચાર વાર કરેલ હોય તે પણ મળી શકે છે. અર્થાત્ ચોથીવાર આહારક સમુદ્‌ઘાત કરવાવાળા તે જ ભવમાં મોક્ષે જાય છે. **(૨)** દશ ઔદારિક દંડકમાં કોઈ પણ સમુદ્‌ઘાત હોવાનું નિયમા નથી અને હોય તો ૧–૨–૩ આદિ હોય. **(૩)** નારકીમાં પ્રત્યેક જીવને વેદનીય સમુદ્‌ઘાત નિયમિત હોય છે. બાકીના કોઈ પણ દંડકમાં આવો નિયમ નથી. **(૪)** કષાય સમુદ્‌ઘાત અને વૈક્રિય સમુદ્‌ઘાત નારકી અને દેવતા બંનેમાં નિયમિત હોય છે. **(૫)** નિયમિત થનારી સમુદ્‌ઘાતો ૧૦,૦૦૦ આદિ સંખ્યાત વર્ષની ઉંમરવાળાને જઘન્ય સંખ્યાતા વાર હોય છે અને અસંખ્ય વર્ષની ઉંમરવાળાને જઘન્ય અસંખ્યવાર હોય છે. તેથી જ્યોતિષી, વૈમાનિકમાં કષાય સમુદ્‌ઘાત અસંખ્યવાર કહી છે અને ભવનપતિ આદિમાં જઘન્ય સંખ્યાત કહી છે.

## સમુદ્‌ઘાત સંબંધી અન્ય જાણકારી :–

સમુદ્‌ઘાત એ આત્મપ્રદેશોની શરીરની બહાર નીકળવાની ક્રિયા છે એ આત્મપ્રદેશ જેટલા ક્ષેત્રને અવગાહન કરે છે અને તેમાં જેટલો સમય લાગે છે તે આ પ્રકારે છે– **(૧)** વેદનીય-કષાય સમુદ્‌ઘાતમાં– શરીરની લંબાઈ-પહોળાઈ જેટલું ક્ષેત્ર છે, તેના અંગઉપાંગના મધ્ય આત્મપ્રદેશોથી જે રિક્ત સ્થાન છે તેને આપૂરિત(વ્યાપ્ત)કરવાથી જે શરીર પ્રમાણ ક્ષેત્ર, ઘન સ્વરૂપમાં, આત્મ પ્રદેશોથી વ્યાપ્ત થાય છે તે. **(૨)** આ ક્ષેત્રને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરવામાં એક સમય કે બે સમય, ઉત્કૃષ્ટ ત્રણ સમય લાગે છે. આત્મપ્રદેશોથી વ્યાપ્ત થવાની પ્રક્રિયા સર્વત્ર એક સરખી હોય છે. કેવલી સમુદ્‌ઘાતના પહેલા, બીજા કે ત્રીજા સમયની પ્રક્રિયા જેવી છે. જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરવાનું હોય તે અનુસાર ક્ષેત્રની લંબાઈ-પહોળાઈમાં અંતર પડે છે. વ્યાપ્ત કરવાનું ક્ષેત્ર એક દિશાગત હોય તો એક સમય લાગે છે. ચાર દિશાગત કે વળાંક હોય તો બે સમય લાગે છે તથા વિદિશાગત હોય કે વિદિશાના વળાંક હોય તો ત્રણ સમય લાગે છે. તેમજ લોકાંત ખુણા હોય કે અન્ય એવું ગમન ક્ષેત્ર હોય તો કદાચ ચાર સમય પણ આત્મપ્રદેશોને જવામાં લાગી જાય છે. **(૩)** આ વિધાન અનુસાર મારણાંતિક સમુદ્‌ઘાત અને કેવળી સમુદ્‌ઘાતને છોડીને બાકીના પાંચ સમુદ્‌ઘાતોમાં ઉત્કૃષ્ટ ત્રણ સમયમાં આત્મપ્રદેશો શરીરની બહાર કાઢીને પોતાના લક્ષિત ક્ષેત્રમાં વ્યાપ્ત હોવાની ક્રિયા પૂર્ણ થઈ જાય છે.

મરણ સમુદ્‌ઘાતમાં ઉત્કૃષ્ટ ચાર સમય પૂર્ણ વ્યાપ્ત થવામાં લાગે છે. કેવળી સમુદ્‌ઘાતમાં અજઘન્ય, અનુત્કૃષ્ટ ચાર સમય જ આત્મ પ્રદેશોને વ્યાપ્ત થવામાં લાગે છે. **(૪)** આ સાત સમુદ્‌ઘાતોનું પુદ્‌ગલ ગ્રહણ કરવું, નિસ્સરણ તેમજ કર્મ નિર્જરાનો કુલ કાળ જઘન્ય ઉત્કૃષ્ટ અસંખ્ય સમયોનું અંતર્મુહૂર્ત છે પરંતુ કેવળી સમુદ્‌ઘાતનો કુલ કાલ આઠ સમયના અંતર્મુહૂર્તનો જ હોય છે. તેમજ આહારક સમુદ્‌ઘાતનો કુલ કાલ જઘન્ય એક સમયનો છે તેમજ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનું છે.

**(૫)** તાત્પર્ય એ છે કે આત્મપ્રદેશોને બહાર વ્યાપ્ત હોવાનો કાળ જઘન્ય એક સમય, બે સમય અને ઉત્કૃષ્ટ ત્રણ કે ચાર સમય છે અને એ વ્યાપ્ત ક્ષેત્રમાં ગ્રહણ-નિસ્સરણ આદિ સંપૂર્ણ ક્રિયા પૂરી કરવાનો સમય અંતર્મુહૂર્ત છે તેમજ કેવળી સમુદ્‌ઘાતનો સંપૂર્ણ કાળ આઠ સમયનો છે. **(૬)** મરણ સમુદ્‌ઘાતગત આત્મપ્રદેશોની અવગાહના જઘન્ય, આંગળનો અસંખ્યાતમો ભાગ હોય છે અને ઉત્કૃષ્ટ એક દિશામાં અસંખ્ય યોજનની હોય છે. આ સીમા નવા ઉત્પતિ ક્ષેત્ર કેટલું દૂર છે તેની અપેક્ષાએ છે. **(૭)** વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાતમાં જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજન એક દિશા કે વિદિશામાં. અહીં પુદ્‌ગલ ગ્રહણ કરવાના હેતુથી દંડાકાર આત્મપ્રદેશો ફેલાવવામાં આવે છે તેની લંબાઈની અપેક્ષા આ સીમા છે. **(૮)** આહારક સમુદ્‌ઘાતમાં– જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ એક દિશામાં સંખ્યાત યોજન હોય છે. આ સીમા પણ દંડ કાઢવાની અપેક્ષા છે. **(૯)** કેવલી સમુદ્‌ઘાતમાં– આત્મપ્રદેશોની અવગાહના સંપૂર્ણ લોક પ્રમાણ હોય છે.

**(૧૦)** આ સમુદ્‌ઘાતમાં છોડવામાં આવેલા પુદ્‌ગલો લોકમાં ફેલાય છે અને જે જીવોની વિરાધના થાય છે, કિલામના પહોંચે છે તેની ક્રિયા સમુદ્‌ઘાત કરનારા જીવને લાગે છે. આ ક્રિયાઓ પાંચ છે–(૧) કાયિકી (૨) અધિકારણિકી (૩) પ્રાદ્વેષિકી (૪) પરિતાપનિકી (૫) પ્રાણાતિપાતિકી. તેનું વિશ્લેષણ ૨૨મા પદમાં ક્રિયામાં કરવામાં આવેલ છે. આ પાંચમાંથી કોઈ જીવને ત્રણ, કોઈ જીવને ચાર તો કોઈ જીવને પાંચ ક્રિયાઓ લાગે છે. તે જીવોને સમુદ્‌ઘાતગત જીવથી કે અન્ય જીવથી ૩–૪ કે ૫ ક્રિયા પોતાની પ્રવૃતિ અનુસાર લાગી શકે છે. **(૧૧)** નારકીની મરણ સમુદ્‌ઘાત જઘન્ય સાધિક હજાર યોજન હોય છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા યોજન હોય છે. જઘન્ય પાતાળકળશોમાં જન્મની અપેક્ષાએ હોય છે. **(૧૨)** એકેન્દ્રિયની મરણ સમુદ્‌ઘાતમાં ઉત્કૃષ્ટ ૪ સમય(બંને તરફ સ્થાવરની અપેક્ષાએ) આત્મપ્રદેશોને પરિલક્ષિત ક્ષેત્ર વ્યાપ્ત કરવામાં લાગે છે. બાકીના ૧૯ દંડકમાં





ઉત્કૃષ્ટ ત્રણ સમય જ લાગે છે. **(૧૩)** વૈક્રિય સમુદ્‌ઘાત વાયુકાયમાં જઘન્ય, આંગળ નો અસંખ્યાતમો ભાગ છે. બાકી બધામાં જઘન્ય, આંગળનો સંખ્યાતમો ભાગ છે. નારકી અને વાયુકાયની આ એક દિશામાં હોય છે, બાકીની બધી દિશા વિદિશામાં પણ હોય છે. **(૧૪)** તૈજસ સમુદ્‌ઘાત બધામાં જઘન્ય, આંગળનો અસંખ્યાતમો ભાગ હોય છે. તિર્યંચમાં એક દિશામાં હોય છે. મનુષ્ય અને દેવમાં દિશા-વિદિશામાં પણ હોય છે. **(૧૫)** વૈક્રિય, તૈજસ, આહારક સમુદ્‌ઘાતમાં ૧–૨–૩ સમયમાં આત્મપ્રદેશોથી જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરીને પુદ્‌ગલ ગ્રહણ-નિસ્સરણ થાય છે એટલા ક્ષેત્ર પ્રમાણ અવગાહના અને એટલા સમયનો કાળ અહીં આ પ્રકરણમાં બતાવવામાં આવેલ છે. પરંતુ આ પ્રક્રિયા પછી જે રૂપ બનાવવામાં આવે છે કે જે ક્રિયા કરવામાં આવે છે; તે રૂપોની કે તે ક્રિયાની અવગાહના કે સ્થિતિ આદિ બતાવવામાં આવેલ નથી. આનાથી એ સ્પષ્ટ થાય છે કે આત્મપ્રદેશોનું અવગાહિત ક્ષેત્રમાંથી બહાર નીકળવાની પ્રક્રિયાને મુખ્ય રૂપથી સમુદ્‌ઘાત માનવામાં આવેલ છે.

## નિબંધ – ૬૪

## યોગનિરોધનું સ્વરૂપ અને મુક્તિ

**યોગનિરોધની પ્રક્રિયા–** સર્વપ્રથમ મનયોગનો નિરોધ કરવામાં આવે છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના પ્રથમ સમયનો જે મનયોગ હોય છે તેનાથી પણ અસંખ્ય-ગણા ઓછા મનોયોગનો પ્રતિ સમયે નિરોધ કરતાં થકાં અસંખ્ય સમયમાં પૂર્ણ રૂપથી મનોયોગનો નિરોધ કરી દેવામાં આવે છે. તેના પછી વચનયોગનો નિરોધ કરવામાં આવે છે. બેઈન્દ્રિયના પર્યાપ્તાના જઘન્ય યોગવાળાના વચન યોગથી અસંખ્યગણા ઓછા વચનયોગના પ્રતિ સમયે નિરોધ કરવામાં આવે છે તેમજ અસંખ્ય સમયમાં પૂર્ણ રૂપે વચનયોગનો નિરોધ કરી દેવામાં આવે છે. તેના પછી કાયયોગનો નિરોધ કરવામાં આવે છે. સૂક્ષ્મ અપર્યાપ્ત પનક–અનંતકાય, પ્રથમ સમયમાં ઉત્પન્ન થાય અને જે કાયયોગ હોય તેનાથી અસંખ્યગણા ઓછા કાયયોગનો પ્રતિ સમયે નિરોધ કરવામાં આવે છે. કાયયોગનો પૂર્ણતયા અસંખ્ય સમયમાં નિરોધ થઈ જાય છે.

આ પ્રમાણે ત્રણે યોગોનો નિરોધ કરીને કેવલી શૈલેષી અવસ્થાને પ્રાપ્ત કરે છે. આ શૈલેષી અવસ્થાને પ્રાપ્ત આત્મપ્રદેશ ૨/૩ શરીર અવગાહિત ક્ષેત્રમાં રહે છે. કાયયોગના નિરોધની સાથે જ ૧/૩ ભાગના આત્મપ્રદેશો સંકુચિત થઈ

જાય છે કારણ કે અયોગી થતા પહેલા જ આત્મપ્રદેશોની સંકુચિત થવાની ક્રિયા ચાલુ થઈ જાય છે. શૈલેષી અવસ્થામાં કે અયોગી અવસ્થામાં આવી પ્રક્રિયા સંભવ નથી અને તેમાં જ તેનું અયોગીપણું અને શૈલેષીપણું સાર્થક છે. ફલિતાર્થ એ છે કે તેરમા ગુણસ્થાનકના અંત સુધીમાં (૧) આત્મપ્રદેશોના ૧/૩ ભાગનો સંકોચ. (૨) અયોગીત્વ (૩) શૈલેષી(નિષ્પ્રકંપ) અવસ્થા, આ ત્રણેયની પ્રાપ્તિ થઈ જાય છે. આ ત્રણે ય અવસ્થાની પ્રાપ્તિ થવાથી જ ૧૪મા ગુણસ્થાનકની શરૂઆત થાય છે એમ સમજવું જોઈએ.

ચૌદમા ગુણસ્થાનકમાં અસંખ્યગણી શ્રેણી કરીને, અસંખ્ય કર્મોનો ક્ષય કરીને, ચાર અઘાતીકર્મોનો એક સાથે ક્ષય કરી, ઔદારિક, કાર્મણ, તૈજસ શરીર અને દરેક છોડવા યોગ્ય પદાર્થોનો કેવળી, ત્યાગ કરી દે છે અને ૠજુ શ્રેણીથી, અસ્પર્શ ગતિથી, સાકારોપયોગમાં, એક સમયમાં, અવિગ્રહ ગતિથી સિદ્ધ થાય છે. તે ઉર્ધ્વલોકના અગ્રભાગે સ્થિર થાય છે. સિદ્ધ અવસ્થામાં જીવ હંમેશને માટે કર્મ રજ રહિત, શાશ્વત આત્મ સુખોમાં લીન રહે છે. તેમનો સંસારમાં પુનઃ જન્મ, મરણ રૂપ આગમન થતું નથી. કેમ કે કર્મ જ સંસારના બીજ રૂપે છે અને એ સંપૂર્ણ કર્મોને મૂળમાંથી જ ક્ષય કરીને જ સિદ્ધ થયા હોય છે.

## નિબંધ – ૬૫

### ભગવાન ૠષભદેવના લગ્ન

ૠષભદેવની વિવાહ વિધિનું વર્ણન સૂત્રમાં આવતું નથી. વ્યાખ્યાગ્રંથોમાં બતાવેલ છે કે મિશ્રણકાળને કારણે સુનંદા અને સુમંગલા નામની બે કુંવારી કન્યાઓ સાથે, યુગલ રૂપમાં જન્મેલા બાળકોના મૃત્યુ થવાથી એ કન્યાઓને કુલકર નાભિને સોંપી દેવામાં આવેલ હતી. તે બંને ભગવાન ૠષભદેવ સાથે જ હરતી-ફરતી હતી. યોગ્ય વય થવા પર શક્રેન્દ્રએ પોતાનો જીતાચાર જાણીને કે આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકરના વિવાહ કરવા એ મારું કર્તવ્ય છે. એમ સમજીને ભરત ક્ષેત્રમાં આવી, દેવ, દેવીઓના સહયોગથી સુમંગલા અને સુનંદા કુંવારીકન્યાઓ સાથે ભગવાનની વિવાહ વિધિ પૂર્ણ કરી.

## નિબંધ – ૬૬

### પાંચમા આરાના ૧૦ બોલ વિચ્છેદ

(૧) પરમ અવધિજ્ઞાન (૨) મનઃપર્યવજ્ઞાન (૩) કેવળજ્ઞાન (૪–૬) છેલ્લા ત્રણ ચારિત્ર(પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર)





(૭) પુલાક લબ્ધિ (૮) જિનકલ્પી (૯–૧૦) બે શ્રેણી ઉપશમ અને ક્ષપક.

કેટલાક લોકો ભિક્ષુપડિમા, એકલવિહાર, સંઘયણ આદિનો પણ વિચ્છેદ કહે છે, એ કથન આગમ સમ્મત નથી પરંતુ વિપરીત પણ હોય છે. ભગવાન મહાવીરના શાસનમાં ૧૦૦૦ વર્ષ પછી સંપૂર્ણ પૂર્વનું જ્ઞાન મૌલિક રૂપમાં વિચ્છેદ ગયું. આંશિક રીતે રૂપાંતરિત અવસ્થામાં આજે પણ ઉપાંગ, છેદ આદિમાં હયાત રહ્યું છે. ૨૧૦૦૦ વર્ષ ભગવાન મહાવીરનું શાસન ઉતાર-ચઢાવનો અનુભવ કરતું પણ ચાલશે. સર્વથા(આત્યંતિક વિચ્છેદ)ભગવાનના શાસનના આ મધ્યભાગમાં નહીં થાય. પરંતુ છઠ્ઠો આરો શરૂ થવા પર, પાંચમા આરાના અંતિમ દિવસે જ થશે. પહેલા પહોરે જૈનધર્મ, બીજા પહોરે અન્યધર્મ, ત્રીજા પહોરે રાજધર્મ અને ચોથા પહોરે બાદર અગ્નિ વિચ્છેદ જાશે. આ પ્રકારનું વર્ણન બધા અવસર્પિણીના પાંચમા આરાનું સમજવું. આ આરો ૨૧૦૦૦ વર્ષનો હોય છે.

## નિબંધ – ૬૭

### ઉત્સર્પિણીનો પ્રારંભ

ઉત્સર્પિણીના કાળનો પ્રારંભ શ્રાવણવદી એકમથી થાય છે. બાકીના આરા કોઈપણ દિવસે કે કોઈપણ મહિનાથી શરૂ થઈ શકે છે. તે માટે કોઈ નિયમ નથી. કારણ કે આગમમાં એવું કંઈ કથન નથી. છતાં આવો નિયમ માનવાથી આગમ વિરુદ્ધ માન્યતા થઈ જાય છે. જેમ કે ભગવાન ૠષભદેવ મોક્ષે પધાર્યા ત્યાર પછી ત્રણ વર્ષ સાડા આઠ મહિના પછી શ્રાવણ વદી એકમ કોઈપણ ગણિત પ્રમાણે આવતી નથી. તેથી ચોથો આરો કોઈપણ દિવસે શરૂ થઈ શકે છે. એ જ રીતે બીજા આરા પણ સમજવા. મૂળપાઠમાં માત્ર ઉત્સર્પિણીકાળનો પ્રારંભ શ્રાવણવદી એકમથી કહેવામાં આવેલ છે. અન્ય આરાઓ માટે મનથી કંઈ પણ કથન કરવું નહીં એ જ શ્રેયસ્કર છે.

## નિબંધ – ૬૮

### ચક્રવર્તીના ૧૪ રત્નોનું ઉત્પતિ સ્થાન

દક્ષિણ ભરત ક્ષેત્રમાં ત્રણ ખંડ છે. તેના મધ્યખંડમાં ચક્રવર્તી આદિ જન્મ ધારણ કરે છે. ભગવાન ૠષભદેવ પ્રથમ રાજા અને પ્રથમ તીર્થંકર આ ભરત ક્ષેત્રમાં થયા. તેમણે પોતાના ૧૦૦ પુત્રોમાંથી સૌથી મોટા ભરતને રાજ્યાધિકાર આપ્યો અને બાકીના ૯૯ પુત્રોને અલગ-અલગ રાજ્ય વહેંચી આપ્યા અને રાજા બનાવ્યા. ભરત રાજા વિનીતા નગરીમાં રહીને રાજ્યનું સંચાલન કરતા

હતા. વિનીતા નગરી ભગવાન ઋષભદેવ માટે શક્રેન્દ્રે બનાવી હતી. જે દ્વારિકા જેવી ૧૨ યોજન લાંબી ૯ યોજન પહોળી પ્રત્યક્ષ દેવલોકની ઋદ્ધિ સમૃદ્ધિથી સંપન્ન હતી. ભરત ક્ષેત્રમાં પ્રથમ ચક્રવર્તીનું નામ ભરત હોય છે અને ઐરવત ક્ષેત્રમાં પ્રથમ ચક્રવર્તી ઐરવત નામવાળા હોય છે. મહાવિદેહની ૩૨ વિજયોના નામની સમાનતાવાળા ચક્રવર્તી હોય છે.

રાજ્ય સંચાલન કરતા પુણ્યપ્રભાવથી તેમજ ચક્રવર્તી બનવાનો સમય નજીક આવે ત્યારે ૧૪ રત્નોની ઉત્પત્તિ થાય છે. જેના નામ આ પ્રમાણે છે– (૧) ચક્ર રત્ન (૨) દંડ રત્ન (૩) અસિ રત્ન(તલવાર) (૪) છત્ર રત્ન. આ ચાર એકેન્દ્રિય રત્ન શસ્ત્રાગાર–આયુધશાળામાં ઉત્પન્ન થાય છે. (૫) ચર્મ રત્ન (૬) મણિ રત્ન (૭) કાંગણિ રત્ન. આ ત્રણ રત્ન લક્ષ્મી ભંડારમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ સમય થાય એટલે દેવો આ રત્નો લાવીને મુકી દે છે. આ સાતેય એકેન્દ્રિય રત્નો ૧૦૦૦–૧૦૦૦ દેવો દ્વારા સેવિત હોય છે.(સેવામાં હોય છે.) (૮) સેનાપતિ રત્ન (૯) ગાથાપતિ રત્ન (૧૦) બઢઈ રત્ન(ભવન નિર્માણ કળામાં નિષ્ણાંત) (૧૧) પુરોહિત રત્ન, આ ચાર માનવ રત્નો છે. (૧૨) અશ્વ રત્ન (૧૩) હસ્તી રત્ન. આ બે તિર્યંચ પંચેન્દ્રિય રત્ન છે. જે વૈતાઢ્ય પર્વતની તળેટીમાં ઉત્પન્ન થાય છે. (૧૪) સ્ત્રી રત્ન વિદ્યાધરોની ઉત્તરી શ્રેણીમાં ઉત્પન્ન થાય છે. આ ૧૪ રત્નો હજાર–હજાર દેવોથી સેવિત હોય છે. અર્થાત્ આ પોતાના પુણ્ય પ્રભાવથી દેવ અધિષ્ઠિત હોય છે.

## નિબંધ – ૬૯

## ચક્રવર્તીની સંપૂર્ણ સંપદા

૧૪ રત્ન , નવનિધાન, ૬૪૦૦૦ રાણી, ૩૬૦ રસોઈયા, ૧૬૦૦૦ દેવ, ૩૨ હજાર રાજા, ૧૮ શ્રેણી–પ્રશ્રેણી (વિશિષ્ટ રાજા), ૩૨ કળામાં પારંગત એવી ૩૨ નાટક મંડળીઓ, ૮૪ લાખ અશ્વ, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ રથ, ૯૬ કરોડની પાયદળ સેના, ૭૨૦૦૦ નગર, ૩૨૦૦૦ દેશ, ૯૬ કરોડ ગામ, ૯૯૦૦૦ દ્રોણમુખ, ૪૮૦૦૦ પાટણ, ૨૪૦૦૦ કસ્બા, ૨૪૦૦૦ મડંબ, ૨૦૦૦૦ ખાણો, ૧૬૦૦૦ ખેડા, ૧૪૦૦૦ સંબાહ, ૫૬ જલ નગરો, ૪૯ જંગલી પ્રદેશવાળા રાજા, ૬ ખંડ સહિતનો સંપૂર્ણ ભરત ક્ષેત્ર, ગંગા સિન્ધુ નદી, ચુલ્લ–હિમવંત પર્વત, ઋષભ કૂટ, વૈતાઢ્ય પર્વત તેમજ તેની બંને ગુફાઓ, બે વિદ્યાધરોની શ્રેણી, માગધ, વરદામ અને પ્રભાસ તીર્થ, આ બધી ઋદ્ધિ ચક્રવર્તીના





પુણ્ય પ્રભાવથી તેને આધીન–વિષયભૂત હોય છે. આ બધી ઋદ્ધિમાંની કેટલીક ઋદ્ધિ વ્યક્તિગત રૂપ વિનિતાનગરીમાં અને કેટલીક છ ખંડમાં રહેલી સમજવી.

## નિબંધ – ૭૦

## સિદ્ધાયતન શબ્દની સાર્થકતા તેમજ સિદ્ધ શિલા

**પ્રશ્ન–:** જમ્બૂદ્વીપના સિદ્ધાયતન કુલ કેટલા કહેલા છે અને આ શબ્દની સાર્થકતા કઈ રીતે થઈ શકે છે અર્થાત્ સિદ્ધાયતન એટલે આ સિદ્ધોનું ઘર કેવી રીતે હોઈ શકે ? કેમ કે સિદ્ધોનું ઘર તો સિદ્ધશિલા છે ?

**ઉત્તર–** ૬ વર્ષધર, ૧૬ વક્ષસ્કાર, ૪ ગજદંતા, ૩૪ વૈતાઢ્ય, મેરુના ૪ વનોના ૧૬, મેરુની ચૂલિકા ઉપર–૧, બે વૃક્ષો ઉપર બે આમ આ કુલ ૭૯ સિદ્ધાયતન કહેવામાં આવેલ છે.

**વિચારણા :–** મેરુના પંડક વનનો પાઠ જોતા સમજાય છે કે ભવનને કાલાંતરે સિદ્ધાયતન કહેવાની દરેક જગ્યાએ કોશિશ કરવામાં આવેલ છે. કેમ કે સિદ્ધાયતન કોનું હોઈ શકે ? કોઈ પણ સિદ્ધ તો સાદિ અનંત છે અને આ સિદ્ધાયતન તો અનાદિના છે. તો પછી તેમાં પ્રતિમા કોની હોઈ શકે ? પ્રતિમા તો કોઈ સાદિ વ્યક્તિની હોઈ શકે છે. તો અનાદિ પ્રતિમાઓ અને સિદ્ધયતન હોવાની કોઈપણ સાર્થકતા તેમજ સંગતતા થઈ શકતી નથી. તે કોઈ મનુષ્ય કે મનુષ્યના આત્માની પ્રતિમા નથી તો વ્યક્તિત્વ વિનાની પ્રતિમા કેવી અને કોની ? આ પ્રકારે વિના વ્યક્તિત્વની પ્રતિમા અથવા જિનાલય હોવાનો કોઈ અર્થ રહેતો નથી. તેથી એવું પ્રતીત થાય છે કે આ શાશ્વત સ્થાનોના તે જિનાલયો અને પ્રતિમાઓનું કોઈ પ્રયોજન નથી. જેનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે મધ્યકાળમાં કોઈના દ્વારા આવા પાઠોની કલ્પના કરીને અહીં તહીં જોડી દેવામાં આવ્યા.

આ પ્રસંગમાં નમોત્થુંણના પાઠનો, પ્રાચીન પ્રતિઓમાં ભેદ મળવો, ઉપાસકદશા તેમજ વ્યવહારસૂત્રના ચૈત્ય પાઠમાં પ્રતિભેદ મળવો, રાયપસેણીય સૂત્રમાં દેવલોકગત સિદ્ધાયતનમાં વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર અને અંતિમ તીર્થંકરના નામ મલવા, પ્રત્યેક સામાનિક આદિ દેવોને, સુધર્મા સભાઓની નજીક સિદ્ધાયતનોમાં ૧૦૮ પ્રતિમાઓનું હોવું. **(આ ૧૦૮ પ્રતિમાઓ કઈ વ્યક્તિની છે. જેને જિન કહેવામાં આવે અને દેવ તેની પૂજા કરે, તો પછી નામ વગરના જિન ક્યારે અને ક્યાં થયા હતા ?)** જમ્બૂદ્વીપ અને કૂટશાલ્મલી વૃક્ષની શાખાઓ અને તેની વચમાં સિદ્ધાયતન અને તેની ચારે તરફ માલિક દેવના ભવનો હોવા, મેરુ

ચૂલિકા ઉપર સિદ્ધાયતન કહેવું, અને તે પાઠમાં જ ક્યાંક ભવન શબ્દનો ઉપયોગ હોવો વિગેરે અનેક પ્રમાણ આ અનુમાનના સહયોગી છે. બંને વૃક્ષોના વનોમાં, દિશાઓમાં ભવનો અને વિદિશાઓમાં પુષ્કરિણીઓ છે. જ્યારે મેરુના ચારેય વનના વર્ણનમાં પણ આવાજ ભવનો, પુષ્કરિણીઓ કૂટોવાળા છે તો પછી ત્યાં સિદ્ધાયતન કેવી રીતે હોઈ શકે ? જેમાં પંડકવનના સંક્ષિપ્ત પાઠમાં ભવન રૂપમાં ઉપલબ્ધ થાય છે.

ભવન બધી જગ્યાએ લંબાઈથી અર્ધી પહોળાઈવાળા કહેલ છે. એટલે તે લાંબા અને ચુતષ્કોણ હોય છે. જ્યારે સિદ્ધાયતન અન્ય સૂત્રોમાં અને આ સૂત્રમાં વર્ષધર પર્વત આદિ બધા પર્વતો પર ગોળ કહેલ છે. તો પણ ભદ્રશાલ આદિ ચારેય વનોમાં ચૌખૂણ છે, જમ્બૂવૃક્ષના પ્રકરણમાં પણ ચૌખૂણ છે. આનાથી પણ સ્પષ્ટ થાય છે કે વાસ્તવમાં આ ભવન છે તેને જ પાઠ પરિવર્તન કરી સિદ્ધાયતન કહી દેવામાં આવ્યું. જ્યારે તેની લંબાઈ પહોળાઈનું વર્ણન ભવન હોવાનું સિદ્ધ કરે છે. જે પંડકવનના સંક્ષિપ્ત પાઠથી પણ પુષ્ટી મળે છે.

આ રીતે એ પ્રમાણિત થાય છે કે ક્યાંક ગોળાકાર કૂટોને સિદ્ધાયતન બનાવી દેવામાં આવ્યા અને ક્યાંક લાંબા ચૌખૂણ ભવનોને પણ સિદ્ધાયતન બનાવી દેવામાં આવ્યા. ક્યાંક વગર માલિકના નવા કૂટો કરી દેવામાં આવ્યાં છે. તેથી સિદ્ધાયતન સંબંધી આ સૂત્રમાં આવેલા બધા પાઠ પ્રક્ષિપ્તિકરણની(પાછળથી ઉમેરેલા) વિકૃતિથી સૂત્રમાં પ્રવિષ્ટ છે, એવો ફલિતાર્થ નીકળે છે.

## નિબંધ – ૭૧

### જ્યોતિષમંડલ સંબંધી જ્ઞાન

**જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર,વક્ષસ્કાર–૭ :** અહીં ચંદ્ર, સૂર્ય આદિ જ્યોતિષ મંડળ સંબંધી કેટલાક વિષયોનું સંક્ષિપ્તમાં કથન કરવામાં આવેલ છે. જમ્બૂદ્વીપ ક્ષેત્ર હોવાથી જમ્બૂદ્વીપને લગતા વિવિધ વર્ણન કરવામાં આવેલ છે. તો જમ્બૂદ્વીપની ઉપર પરિભ્રમણ કરી રહેલ સૂર્ય, ચંદ્ર આદિને લગતી અલ્પ જાણકારી પણ આપવામાં આવી છે. વિશેષ જાણકારી તો આગળના ઉપાંગ સૂત્રમાં અર્થાત્ **જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ** શાસ્ત્રમાં આપવામાં આવેલ છે. તે શાસ્ત્રના પ્રશ્નોત્તર પણ આ પુસ્તકમાં લેવામાં આવેલ છે. છતાં અહીં સંક્ષિપ્ત મુદ્દા રૂપે જાણકારી આપવામાં આવે છે.

**(૧)** જમ્બૂદ્વીપની અંતિમ સીમાથી ૧૮૦ યોજનમાં સૂર્યના ૬૫ મંડળો છે. આગળ





લવણ સમુદ્રની સીમાના ૩૩૦ યોજનમાં સૂર્યના ૧૧૯ મંડળો છે. આ રીતે આપણા જમ્બૂદ્વીપના સૂર્યને ભ્રમણ કરવાના કુલ ૧૮૪ મંડળો છે. બધા દ્વીપસમુદ્રોથી અત્યંત નાના હોવાને લીધે તેમજ આ જમ્બૂદ્વીપના મેરુપર્વતને બધા સૂર્ય આદિ પરિક્રમા કરતા હોવાથી આ દ્વીપના સૂર્યના મંડળો લવણસમુદ્રની સીમાની ઉપર આવેલા છે. આગળના પ્રત્યેક દ્વીપસમુદ્રોના સૂર્યો પોતપોતાના દ્વીપ અથવા સમુદ્રની સીમામાં જ ઉપર ભ્રમણ કરે છે યા તો સ્થિર રહે છે.

**(૨)** સૂર્યનું પહેલું મંડળ મેરુ પર્વતથી ૪૪૮૨૦ યોજન દૂર છે અને છેલ્લું ૧૮૪ મું ૪૫૩૩૦ યોજન દૂર છે.

**(૩)** ચંદ્રના કુલ ૧૫ મંડળો છે. જેમાંથી પાંચ મંડળો જમ્બૂદ્વીપની સીમા ઉપર છે, બાકીના ૧૦ મંડળ લવણ સમુદ્રની સીમા ઉપર છે.

**(૪) ચંદ્ર મંડળોના આયામ વિષ્કંભ, મુહૂર્ત, ગતિ, ચક્ષુસ્પર્શ :–**

| મંડલ | આયામ વિષ્કંભ | પરિધિ | મુહૂર્તગતિ | ચક્ષુસ્પર્શ |
|---|---|---|---|---|
| આભ્યંતર પહેલું | ૯૯૬૪૦ | ૩૧૫૦૮૯ | ૫૦૭૩ $\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ | ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૧}$ |
| આભ્યંતરથી બીજું | ૯૯૭૧૨ $\frac{૫૧}{૬૧}$ , $\frac{૧}{૭}$ | ૩૧૫૩૧૯ | ૫૦૭૭ $\frac{૩૬૭૪}{૧૩૭૨૫}$ | |
| આભ્યંતરથી ત્રીજું | ૯૯૭૮૫ $\frac{૪૧}{૬૧}$ , $\frac{૨}{૭}$ | ૩૧૫૫૪૯ | ૫૦૮૦ $\frac{૧૩૩૧૬}{૧૩૭૨૫}$ | |
| બાહ્ય પહેલું | ૧૦૦૬૬૦ | ૩૧૮૩૧૫ | ૫૧૫૨ $\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ | ૩૧૮૩૧ |
| બાહ્યથી બીજું | ૧૦૦૫૮૭ $\frac{૯}{૬૧}$ , $\frac{૬}{૭}$ | ૩૧૮૦૮૫ | ૫૧૨૧ $\frac{૧૧૬૦}{૧૩૭૨૫}$ | |
| બાહ્યથી ત્રીજું | ૧૦૦૫૧૪ $\frac{૧૯}{૬૧}$ , $\frac{૫}{૭}$ | ૩૧૭૮૫૫ | ૫૧૧૮ $\frac{૧૪૦૫}{૧૩૭૨૫}$ | |

**નોંધ :–** એક ચંદ્ર મંડલનું બીજા ચંદ્ર મંડલથી અંતર ૩૬ $\frac{૨૫}{૬૧}$ , $\frac{૪}{૭}$ યોજન છે. એનાથી બે ગણો ૭૨ $\frac{૫૧}{૬૧}$ , $\frac{૧}{૭}$ વિષ્કંભ વધે છે. આનાથી ત્રણ ગણી સાધિક પરિધિ અધિક અધિક હોય છે. મુહૂર્ત ગતિ પ્રતિ મંડલમાં વધે છે. = ૩ $\frac{૯૬૫૫}{૧૩૭૨૫}$ યોજન પ્રતિ મંડલમાં પરિધિ વધે છે. = ૨૩૦ યોજન.

**(૫)** નક્ષત્રના આઠ મંડલમાંથી જંબૂદ્વીપમાં બે છે અને લવણ સમુદ્રમાં છ છે.

**(૬)** નક્ષત્રના પહેલા મંડલોમાં મુહૂર્ત ગતિ = **૫૨૬૫**$\frac{૧૮૨૬૩}{૨૧૯૬૦}$ યોજન છે.

નક્ષત્રના છેલ્લા મંડલમાં મુહૂર્ત ગતિ = **૫૩૧૯** $\frac{૧૬૩૬૫}{૨૧૯૬૦}$ યોજન છે.

**(૭)** ચંદ્ર એક મુહૂર્તમાં મંડલ પાર કરે છે. = $\frac{૧૭૬૮}{૧૦૯૮૦૦}$ યોજન છે.

સૂર્ય એક મુહૂર્તમાં મંડલ પાર કરે છે. = $\frac{૧૮૩૦}{૧૦૯૮૦૦}$ યોજન છે.

નક્ષત્ર એક મુહૂર્તમાં મંડલ પાર કરે છે.= $\frac{૧૮૩૫}{૧૦૯૮૦૦}$ યોજન છે.

**(૮)** બૃહસ્પતિ મહાગ્રહ ૧૨ વર્ષોમાં બધા નક્ષત્રોની સાથે યોગ સમાપન કરે છે. શનિશ્ચર મહાગ્રહ ૩૦ વર્ષોમાં બધા નક્ષત્રોની સાથે યોગ સમાપન કરે છે.

**(૯)** કરણ ૧૧ હોય છે. યથા– **૧.** બવ **૨.** બાલવ **૩.** કૌલવ **૪.** સ્ત્રીવિલોચન **૫.** ગરાદિ **૬.** વણિજ **૭.** વિષ્ટિ **૮.** શકુનિ **૯.** ચતુષ્પદ **૧૦.** નાગ **૧૧.** કિંસ્તુઘ્ન.

### રાત્રિ-દિવસમાં કરણ :–

| સુદી | દિવસમાં | રાત્રિમાં | વદી | દિવસમાં | રાત્રિમાં |
|---|---|---|---|---|---|
| ૧ | કિંસ્તુઘ્ન | બવ | ૧ | બાલવ | કૌલવ |
| ૨ | બાલવ | કૌલવ | ૨ | સ્ત્રીવિલોચન | ગરાદિ |
| ૩ | સ્ત્રીવિલોચન | ગરાદિ | ૩ | વણિજ | વિષ્ટિ |
| ૪ | વણિજ | વિષ્ટિ | ૪ | બવ | બાલવ |
| ૫ | બવ | બાલવ | ૫ | કૌલવ | સ્ત્રીવિલોચન |
| ૬ | કૌલવ | સ્ત્રીવિલોચન | ૬ | ગરાદિ | વણિજ |
| ૭ | ગરાદિ | વણિજ | ૭ | વિષ્ટિ | બવ |
| ૮ | વિષ્ટિ | બવ | ૮ | બાલવ | કૌલવ |
| ૯ | બાલવ | કૌલવ | ૯ | સ્ત્રીવિલોચન | ગરાદિ |
| ૧૦ | સ્ત્રીવિલોચન | ગરાદિ | ૧૦ | વણિજ | વિષ્ટિ |
| ૧૧ | વણિજ | વિષ્ટિ | ૧૧ | બવ | બાલવ |
| ૧૨ | બવ | બાલવ | ૧૨ | કૌલવ | સ્ત્રીવિલોચન |
| ૧૩ | કૌલવ | સ્ત્રીવિલોચન | ૧૩ | ગરાદિ | વણિજ |
| ૧૪ | ગરાદિ | વણિજ | ૧૪ | વિષ્ટિ | શકુનિ |
| ૧૫ | વિષ્ટિ | બવ | ૧૫ | ચતુષ્પદ | નાગ |

**નોંધ :–** વદી ચૌદસ રાતમાં, અમાવસમાં દિવસમાં અને રાત્રિના તથા સુદી એકમમાં દિવસમાં ક્રમશઃ શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુઘ્ન આ ચાર કરણ સ્થિર રહે છે. શેષ સાત ક્રમશઃ ચાર્ટ અનુસાર બદલતા રહે છે.





**(૧૦)** ચંદ્ર, ચંદ્ર, અભિવર્દ્ધિત, ચંદ્ર, અભિવર્દ્ધિત તેપાંચ સંવત્સરનો યુગ હોય છે. આ સંવત્સર ચંદ્રથી શરૂ થનારા હોય છે. અયન બે છે દક્ષિણાયન, ઉત્તરાયન. એમાં પ્રથમ દક્ષિણાયન હોય છે. પક્ષ બે હોય છે– કૃષ્ણ અને શુકલ. એમાં કૃષ્ણ પક્ષ પહેલા હોય છે. એજ પ્રકારે કરણોમાં બાલવ, નક્ષત્રોમાં અભિજિત, અહોરાત્રમાં દિવસ અને મુહૂર્તમાં રૌદ્ર મુહૂર્ત એ બધાથી પહેલા હોય છે.

**(૧૧)** એક યુગમાં ૧૦ અયન, ૩૦ ઋતુ, ૬૦ મહિના, ૧૨૦ પક્ષ, ૧૮૩૦ દિવસ, ૫૪૯૦૦ મુહૂર્ત હોય છે.

**(૧૨)** નક્ષત્ર સંબંધી વર્ણન અહીં દસ દ્વારોથી છે– **૧.** પ્રમર્દ આદિ યોગ **૨.** દેવતા **૩.** તારા **૪.** ગોત્ર **૫.** સંસ્થાન **૬.** ચન્દ્ર સૂર્ય યોગ **૭.** કુલ **૮.** પૂનમ અમાસમાં કુલ **૯.** પૂનમ અમાસના કુલોમાં મહિનાઓનો સંબંધ **૧૦.** રાત્રિવાહક. આ દસે દ્વારોનું વર્ણન જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં જાુઓ અન્ય પણ આ સાતમા વક્ષસ્કારનું વર્ણન તે સૂત્રમાં જોવું જોઈએ.

**(૧૩)** અષાઢ મહિનાના અંતિમ દિવસે બે પગની પોરસી છાયા થાય છે. એટલે કે પગના ઘૂંટણ પર્યંતની છાયા બે પગ જેટલી હોય છે. શ્રાવણ મહિનાના અંતિમ દિવસે બે પગ અને ચાર અંગુલ છાયા હોય છે. ત્યારે પોરસી આવે છે. આ રીતે પ્રતિ મહિના ૪ અંગુલ વધતા પોષ સુધી ૬ મહિનામાં ૨૪ અંગુલ = ૨ પગ છાયા વધી જાય છે. અર્થાત્ ૨ + ૨ = ૪ પગ જેટલી છાયા હોય છે. ત્યારે પોરસી આવે છે. આ પગના ઘૂંટણ સુધીના પગની છાયાના માપથી પોરસી જાણવાનું માપ બતાવવામાં આવેલ છે.

**(૧૪)** સોળ દ્વાર આ પ્રકારે છે– **૧.** તારા અને સૂર્ય ચન્દ્રની અલ્પ અથવા સમ ઋદ્ધિ સ્થિતિ **૨.** ચન્દ્રનો પરિવાર **૩.** મેરુથી અંતર **૪.** લોકાંતથી અંતર **૫.** સમ-ભૂમિથી અંતર **૬.** બધાથી ઉપર નીચે વગેરે **૭.**વિમાનોના સંસ્થાન **૮.** જ્યોતિષી દેવોની સંખ્યા **૯.** વાહક દેવ **૧૦.** શીઘ્ર મંદ ગતિ **૧૧.** અલ્પર્દ્ધિક મહર્દ્ધિક **૧૨.** તારાઓનું પરસ્પર અંતર **૧૩.** અગ્રમહિષીઓ **૧૪.** પરિષદ અને ભોગ **૧૫.** આયુષ્ય **૧૬.** અલ્પબહુત્વ.(આ બધા દ્વારોનું વર્ણન શાસ્ત્રમાં જોવું)

## નિબંધ – ૭૨

### જંબૂદ્વીપમાં તીર્થંકર વગેરેની સંખ્યા

| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ | નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|
| તીર્થંકર | ૪ | ૩૪ | નિધિ રત્ન અસ્તિત્વ | – | ૩૦૬ |
| ચક્રવર્તી | ૪ | ૩૦ | નિધિ રત્ન ઉપભોગ | ૩૬ | ૨૭૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| બલદેવ | ૪ | ૩૦ | પંચેન્દ્રિય રત્ન | ૨૮ | ૨૧૦ |
| વાસુદેવ | ૪ | ૩૦ | એકેન્દ્રિય રત્ન | ૨૮ | ૨૧૦ |

## નિબંધ – ૭૩

## જંબૂદ્વીપ ઉંચો, નીચો, ઉંડો વગેરે

જંબૂદ્વીપ એક લાખ યોજન લાંબો-પહોળો, ગોળ છે. ૩,૧૬,૨૨૭ યોજન, ૩ કોશ, ૧૨૮ ધનુષ ૧૩–૧/૨(સાડા તેર) આંગળ સાધિક એનો પરિઘ છે. એક હજાર યોજન ઉંડો છે(૨૪મી તથા ૨૫ મી વિજયની અપેક્ષા) ૯૯૦૦૦યોજન સાધિક(મેરુ પર્વતની અપેક્ષા)ઉંચો છે. એક લાખ યોજન સાધિક સર્વાગ્ર છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પર્યવોની અપેક્ષા અશાશ્વત છે અને અસ્તિત્વની અપેક્ષાએ સદા હતો અને સદા રહેશે એટલે કે શાશ્વત છે. આ જંબૂદ્વીપ પૃથ્વી, પાણી, જીવ તેમજ પુદ્‌ગલ પરિણામ રૂપ છે. બધા જીવ અહીં પાંચ સ્થાવર રૂપમાં અનંતવાર અથવા અનેકવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છે.

આ દ્વીપમાં અનેક જંબૂવૃક્ષ છે, જંબૂવન છે, વનખંડ છે અને જંબૂ સુદર્શન નામનું શાશ્વત વૃક્ષ છે. જેની ઉપર જંબૂદ્વીપનો સ્વામી અનાદૃત દેવ રહે છે. એ કારણથી આ દ્વીપનું જંબૂદ્વીપ એ શાશ્વત નામ છે.

## નિબંધ – ૭૪

## સિદ્ધાયતનોની પ્રક્ષેપ પ્રવૃતિનું જ્વલંત ઉદાહરણ

કોઈ પણ શાશ્વત સ્થાનોના માલિકદેવનું તે ક્ષેત્રમાં યોગ્ય સ્થાને નિવાસ સ્થાન હોય છે. બધા દ્રહોની અધિપતિ દેવીના, તેના ક્ષેત્રની મધ્યમાં રહેલા પદ્મ ઉપર ભવન હોય છે. ત્યાં તેનું મુખ્ય નિવાસ સ્થાન હોય છે. કૂટોના તેમજ ગોળ પર્વતોના માલિકદેવ તેના શિખર ઉપર રહેલા સ્થાનમાં રહે છે ત્યાં જ તેમના ભવન હોય છે. દ્રહોની જેમ જ શાશ્વત વૃક્ષોના માલિક દેવના ભવન તેના મધ્ય સ્થાનમાં અર્થાત્ ચારે શાખાઓની વચમાં હોવું જોઈએ. અર્થાત્ જંબૂ સુદર્શન વૃક્ષ અને સમગ્ર જંબૂદ્વીપના માલિકદેવનું નિવાસ સ્થાન પણ જંબૂ સુદર્શન વૃક્ષની ચાર શાખાઓની મધ્યમાં હોવું જોઈએ. આ રીતે કૂટ શાલ્મલી વૃક્ષના માલિકદેવનું પણ નિવાસ સ્થાન ચાર શાખાઓની મધ્યમાં હોવું જોઈએ. ગોળ પર્વતોને અનુસાર મેરુ પર્વતના અધિપતિ દેવનું સ્થાન મેરુની ચૂલિકા ઉપરના શિખર ઉપર હોવું જોઈએ.





પરંતુ સિદ્ધાયતનના પાઠના પ્રક્ષેપ(નાખવું–ઉમેરવું)ની સત્તાવાળા આ પરિવર્તન કરાવવાની ધુનમાં આ મંદરપર્વત–મેરુપર્વતના માલિક દેવનું નિવાસ સ્થાન જ ગાયબ કરી દીધું. મેરુ પર્વતના આ વિસ્તૃત વર્ણનમાં ક્યાંય પણ મેરુ પર્વતના સ્વામી અધિપતિ દેવના ભવનનું નામોનિશાન નથી. કોઈ પણ વિદ્વાને આ વાતની શોધ કરવી હોય તો કરી શકે છે.

મેરુપર્વતના ચારેય વનોની પૂર્વી આદિ ચારેય દિશાઓમાં ૧૬ સિદ્ધાયતન કહેલ છે. વિદિશાઓમાં ઈન્દ્રોના પ્રાસાદાવતંસક કહેલ છે. ભદ્રશાલવનની આઠ દિશાઓના હસ્તિકૂટો ઉપર આઠ અન્ય દેવો કહ્યા છે. નંદનવનના આઠ કૂટો ઉપર દેવીઓ છે. બલકૂટ પર બલદેવ છે. મેરુ ચૂલિકા ઉપર સિદ્ધાયતન કહી દીધું. હવે આપણે ચોકસાઈ પૂર્ણ દષ્ટિથી જોઈએ તો પણ મેરુ–મંદર પર્વતના સ્વામીદેવ માટે એક પણ સ્થાન રહેવાનું બચવા પામેલ નથી.

હકિકતમાં મેરુ પર્વતની ચૂલિકા જ તેના માલિકદેવનું નિવાસ સ્થાન આગમોમાં હતું ત્યાં આપણા આ વિદ્વાનોએ પ્રક્ષેપના નશામાં અને પરિવર્તનની સત્તાની ધુનમાં ત્યાં પણ સિદ્ધાયતન બનાવી દીધું. આ જ પ્રક્ષેપકારોની દાનતનો સ્પષ્ટ પર્દાફાસ છે.

આ રીતે આ મહારથીઓએ જંબૂદ્વીપના માલિક દેવ તેમજ જંબૂવૃક્ષના અધિપતિ દેવના વૃક્ષોમાં તેના મધ્યકેન્દ્રમાં સિદ્ધાયતન બેસાડી દીધું છે અને સમગ્ર જંબૂદ્વીપના માલિકદેવના નિવાસ સ્થાનને ક્યાંય રહેવા દીધું નથી.

જૈન સિદ્ધાંતમાં આવા પ્રક્ષેપ કરનારા, સુધારા–વધારા કરનારા પુરૂષો જેને આગમચોર કહીએ તો પણ ખોટું નથી. આવા જ્ઞાનીપુરુષો મધ્યકાલ યુગમાં થયા છે. જેઓએ સત્ય આગમોને પણ વિકૃતિઓથી ભરવાનો પ્રયત્ન કરેલ છે.

**જૈનધર્મમાં મૂર્તિપૂજાને માનવા અને મનાવવાની મનોવૃત્તિવાળી મોહાંધ દશાનું આ કડવું ફળ છે.** ધર્મી બનીને પણ આવા મહાપાપના કૃત્યો કરનારા સ્વયં તો ડૂબે અને બીજાને પણ ડૂબાડે. જિનશાસન પામીને પણ દુર્ગતિના ભાગીદાર બન્યા હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

**સાર–** શાશ્વત સ્થાનોમાં વર્ણિત સિદ્ધાયતન અનાવશ્યક છે તેમજ કલ્પિત છે. તેથી સિદ્ધાયતન તરીકે વર્ણવેલ કોઈ સ્થાન તો રિક્ત–ખાલી થઈ જશે. તેમજ કોઈ સ્થાન માલિક દેવના ભવનથી યુક્ત છે. જેમ કે દીર્ઘ વૈતાઢ્ય, વર્ષધર, વક્ષસ્કાર આદિ પર્વતના તે સિદ્ધાયતનોના સ્થાનો રિક્તતાને પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર કૂટ, વૃતપર્વતના શિખર, પુષ્કરણીઓના મધ્યસ્થાન, વૃક્ષોના મધ્યસ્થાન, મેરુ ચૂલિકા

આદિ સ્થાનો, માલિક દેવના નિવાસ સ્થાન તરીકે પ્રાપ્ત થાય છે. (રિક્ત=ખાલી જગ્યા). શાશ્વત સ્થાનોમાં કોઈ વ્યક્તિ કે સિદ્ધનો સંબંધ થઈ જ ન શકે. તેથી શાશ્વત સ્થાનોના સિદ્ધાયતન સાથે જિનાલય કે મૂર્તિ–પ્રતિમાં સાથે સંબંધ જોડવો એ વ્યર્થ પ્રયત્ન છે અને અરણ્યરુદન સમાન નિરર્થક છે.

## નિબંધ – ૭૫

## સૂર્યપ્રજ્ઞપ્તિના પ્રથમ સૂત્રનો સાચો અર્થ

આ સૂત્રના પ્રારંભમાં ઉત્થાનિકા પછી ગૌતમ સ્વામીએ પૂછેલ પાંચ ગાથાઓ દ્વારા ૨૦ પ્રશ્નો કરવામાં આવેલ છે. એ ૨૦ પાહુડોનો મુખ્ય વિષય છે.

ત્યાર પછી ગાથા ૬ થી ૮માં પ્રથમ પાહુડના પ્રતિપાહુડોના મુખ્ય વિષયો સૂચિત કરવામાં આવેલ છે. પછી ગાથા ૯ થી ૧૧ સુધીમાં બીજા પાહુડના પ્રતિ-પાહુડોનો વિષય નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. ત્યાર પછીની ગાથા ૧૨ થી ૧૫ સુધી ૧૦મા પાહુડના ૨૨ પ્રતિપાહુડનો વિષય દર્શાવેલ છે અને ત્યાર પછી મૂળ પ્રથમ પાહુડના પ્રતિપાહુડનો વિષય શરૂ કરેલ છે.

તે મુજબ પ્રથમ પાહુડનો મુખ્ય વિષય છે– કેટલા મંડલોમાં, કયા પ્રકારે સૂર્યનું ગમનાગમન થાય છે. ત્યાર પછી તેના પ્રથમ પ્રતિપાહુડનો વિષય છે– મુહૂર્તોની ન્યૂનાધિકતા અર્થાત્ સૂર્યમાસ, ઋતુમાસ, ચંદ્રમાસ અને નક્ષત્રમાસમાં મુહૂર્તોની સંખ્યા વધતી ઓછી થાય છે. તેને દર્શાવવા માટે પ્રથમ સૂત્ર આ પ્રકારે છે– **તા કહં તે વુઢ્ઢોવુઢ્ઢી મુહુત્તાણં આહિએત્તિ વએજ્જા ? તા, એવમેવ વુઢ્ઢોવુઢ્ઢિ મુહુત્તાણં આહિએત્તિ વએજ્જા, તં જહા– તા સૂરમાસે ણવ પણરસ્સ મુહુત્તસએ આહિએત્તિ વએજ્જા. તા ઉઉ માસે નવ મુહુત્તસએ આહિએત્તિ વએજ્જા. તા ચંદમાસે અટ્ઠ પંચાસીએ મુહુત્તસએ, તીસં ચ બાવટ્ઠી ભાગે મુહુત્તસ્સ આહિએત્તિ વએજ્જા. તા ણક્ખત્ત માસે અટ્ઠ એગૂણવીસે મુહુત્તસએ સત્તાવીસં ચ સત્તટ્ઠિ ભાગે મુહુત્તસ્સ આહિએત્તિ વએજ્જા.**

**આ સૂત્રનું તાત્પર્ય**–એક યુગમાં ૧૮૩૦ દિવસ × એક દિવસના મુહૂર્ત ૩૦ = ૫૪૯૦૦મુહૂર્ત થાય. ૧ યુગમાં સૂર્યમાસ–૬૦, નક્ષત્રમાસ–૬૭, ચંદ્રમાસ–૬૨ અને ઋતુમાસ–૬૧ હોય છે. યુગના મુહૂર્તોને પ્રત્યેકના યુગ માસ વડે ભાગવાથી એક-એક માસના મુહૂર્તો નીકળે છે. મૂળ પ્રશ્ન તો એ છે કે સૂર્ય આદિના પ્રત્યેક માસમાં મુહૂર્તની હીનાધિકતા કેટલી હોય છે ? જવાબમાં નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર અને ઋતુમાસના મુહૂર્તની સંખ્યા દર્શાવેલ છે. તેમાં થોડીઘણી હીનાધિકતા જોવા





મળે છે, એ વાત સ્પષ્ટ છે. આ પ્રશ્નનો આશય બધાનો માસિક મૂહૂર્તોની સંખ્યા દર્શાવીને તેમાં થતી વધઘટ સ્પષ્ટ કરવાનો છે. સહુથી વધુ સૂર્યમાસના મુહૂર્તો છે તેનાથી ઋતુમાસના ઓછા, તેનાથી ચંદ્રમાસના ઓછા, તેનાથી નક્ષત્રમાસના ઓછા છે. આ રીતે સૌથી ઓછા નક્ષત્ર માસના મુહૂર્તો છે. સૂત્રમાં તેને લગતો પાઠ આપેલ છે. બાકીના ત્રણનો પાઠ ક્યારેક લિપિદોષથી છૂટી ગયો છે જેનાથી સૂત્રના પ્રશ્નનો ઉત્તર અસ્પષ્ટ લાગે છે.

સૂત્ર અનુસાર એક સૂર્ય માસના મુહૂર્તની સંખ્યા ૯૧૫ છે. ઋતુમાસના મુહૂર્તોની સંખ્યા ૯૦૦ છે. ચંદ્રમાસના મુહૂર્તોની સંખ્યા ૮૮૫ છે અને નક્ષત્ર માસના મુહૂર્તોની સંખ્યા ૮૧૯ છે. આ રીતે બધી સંખ્યા પરસ્પર વધતી ઓછી છે પરંતુ સમાન નથી. સૂત્રનો પ્રશ્ન છે મુહૂર્તોની હીનાધિકતા કયા પ્રકારે છે ? તેનો જવાબ એ છે કે સૂર્ય આદિ ચાર માસોની મુહૂર્તોની સંખ્યામાં વધતા ઓછાપણું આવી રીતે થાય છે.

## નિબંધ – ૭૬

## સૂર્યનાં મંડળોની સંખ્યા અને તેનું ભ્રમણ

સૂર્યના ૧૮૪ મંડલો છે.(ભ્રમણ માર્ગ) પહેલું મંડલ મેરુ પર્વતની તરફ અંદરમાં છે અને છેલ્લું ૧૮૪મું મંડલ બહારની તરફ લવણ સમુદ્રની સીમા ઉપર છે. એક વર્ષમાં બે અયન હોય છે અને તે ૬–૬ મહિનાના હોય છે. સૂર્ય બહારની તરફ જતી વખતે પહેલા દિવસે બીજા મંડલની પરિક્રમા શરૂ કરે છે અને છેલ્લા ૧૮૪માં મંડલમાં ૧૮૩ દિવસે એક અયનની પરિક્રમા પૂર્ણ કરે છે. ત્યાંથી ફરી પાછો અંદર તરફ આવે છે. જેના પહેલા દિવસે ૧૮૩ મા મંડલમાં ચાલીને બરાબર ૧૮૩ દિવસે પ્રથમ મંડલમાં પરત આવે છે. ત્યારે એક વર્ષ સૂર્યના ૧૮૩+૧૮૩ =૩૬૬ દિવસ પૂરા થાય છે.

આ રીતે સૂર્ય એક વર્ષમાં પહેલા અને છેલ્લા ૧૮૪મા મંડલમાં એક વાર ચાલે છે અને બાકીના બીજા મંડલથી ૧૮૩મા મંડલ સુધીમાં તે બે વાર ચાલે છે. જેનાથી ૧+(૧૮૨×૨)+૧=૩૬૬ મંડલ પરિક્રમા એક વર્ષમાં પૂર્ણ કરે છે. ૧૮૪ મા મંડળમાં એકવાર ૧૮૩ મા દિવસે ચાલે છે અને પહેલા મંડલમાં પણ એકવાર ૩૬૬ મા દિવસે ચાલે છે.

પહેલા દિવસે સૂર્ય બીજા મંડલમાં અને ૧૮૨ મા દિવસે ૧૮૩ મા મંડલમાં તે પહેલી વખત ચાલે છે. ફરી પાછા ૧૮૪ મા દિવસે ૧૮૩ મા મંડલમાં ચાલે છે

અને ૩૬૫ મા દિવસે ફરી બીજા મંડલમા ચાલે છે. આ રીતે વચ્ચેના ૧૮૨ મંડલોમા જતી અને આવતી વખતે બે વાર ચાલે છે અને પહેલા મંડલમાં તે અંદર આવતી વખતે એક જ વાર ચાલે છે. આ રીતે સૂર્ય, વર્ષનો પ્રારંભ બીજા મંડલથી કરીને વર્ષના અંતે ૩૬૬ મા દિવસે પ્રથમ મંડલમાં પૂર્ણ કરે છે અને પ્રથમ અયનને અર્થાત્ છટ્ઠા મહિનાને ૧૮૪ મા મંડલમાં પૂર્ણ કરે છે.

**સાર :–** સૂર્ય પ્રથમ અયન બીજા મંડલથી શરૂ કરીને ૧૮૪ મા મંડલમાં પૂર્ણ કરે છે અને બીજું અયન ૧૮૩ મા મંડલથી શરૂ કરીને પ્રથમ મંડલમાં પૂર્ણ કરે છે. આ રીતે પ્રત્યેક અપેક્ષાથી સ્પષ્ટ થાય છે કે સૂર્ય પહેલા અને છેલ્લા મંડલમાં એકવાર અને બાકીના ૧૮૨ મંડલોમાં આવતા અને જતા એમ બે વાર, એક વર્ષમાં ચાલે છે.

## નિબંધ – ૭૭

## સૂર્ય વર્ષનો પ્રારંભ દિવસ

સૂર્યવર્ષનો પ્રથમ દિવસ ૧૪ જૂન હોય છે અને બીજા અયનનો પ્રથમ દિવસ ૧૪ જાન્યુઆરી હોય છે. સૂર્યની પરિક્રમાનું વર્ષ ૧૩ જૂનના રોજ પૂરું થાય છે અને સૂર્યનું પ્રથમ અયન ૧૩ જાન્યુઆરીએ પૂરું થાય છે. સૂર્ય વર્ષનો પ્રારંભ અને અંતિમ દિવસ, તારીખથી નિશ્ચિત(નક્કી) ચાલે છે. તે અપેક્ષાએ તિથિમાં અને મહિનામાં થોડો થોડો તફાવત આવે છે. અર્થાત્ ૧૪ જૂનના દિવસે કોઈ પણ તિથિ, સાતમ, એકમ આદિ હોઈ શકે છે. ક્યારેક અષાઢ કે જેઠ માસમાં પણ ૧૪ જૂન આવી શકે છે. એ રીતે વદી પક્ષ કે સુદી પક્ષ પણ બંનેમાંથી કોઈ ૧૪ મી જૂન ના હોઈ શકે છે.

કારણ કે તિથિવાળો વર્ષ ચંદ્ર વર્ષ છે. તે ૩૫૫–૫૬ દિવસનો હોય છે. જ્યારે સૂર્ય વર્ષ ૩૬૬ દિવસનો હોય છે. આથી તારીખ અને તિથિમાં તફાવત ચાલતો રહે છે.

## નિબંધ – ૭૮

## બે સૂર્યોની દિવસ-રાત કરવાની વ્યવસ્થા

ભારતીય સૂર્ય પૂર્વ દિશાને પાર કરી પોતાના પૂર્વી કેન્દ્ર સ્થાનેથી દક્ષિણની તરફ આગળ વધે છે. ત્યારે દક્ષિણી ક્ષેત્રોમાં સૂર્યોદય કરે છે. તે સમયે ઐરવતીય સૂર્ય પશ્ચિમ દિશા પાર કરીને પોતાના પશ્ચિમી કેન્દ્ર સ્થાનેથી ઉત્તરની





તરફ આગળ વધે છે. ત્યારે તે ઉત્તરી ક્ષેત્રમાં સૂર્યોદય કરે છે. પછી આ બંને સંપૂર્ણ ઉત્તર દિશા અને સંપૂર્ણ દક્ષિણ દિશા સાથે સાથે પાર કરે છે અને બંને ક્ષેત્રોમાં દિવસ કરે છે.

જ્યારે આ બંને સૂર્ય ઉત્તર દક્ષિણને પ્રકાશિત કરીને ત્યાં દિવસ કરે છે. ત્યારે પૂર્વી–પશ્ચિમી ક્ષેત્રો મહાવિદેહમાં રાત્રિ કરે છે. જ્યારે ઉત્તર દિશાને પાર કરનાર ઐરવતીય સૂર્ય ઉત્તર પૂર્વમાં આવે છે અને પછી પૂર્વ દિશાને પ્રકાશિત કરે છે. ત્યારે ભારતીય સૂર્ય, દક્ષિણ દિશાને પાર કરી દક્ષિણ પશ્ચિમમાં આવે છે અને પશ્ચિમ દિશાને પ્રકાશિત કરે છે. આ સમયે બંને સૂર્ય બંને મહાવિદેહમાં (પૂર્વ-પશ્ચિમ) દિવસ કરે છે અને દક્ષિણી-ઉત્તરી ક્ષેત્રોમાં રાત્રિ કરે છે.

આ રીતે આ બંને સૂર્યો બે ક્ષેત્રોને પ્રકાશિત કરીને અને બે ક્ષેત્રોમાં રાત્રિ કરીને મંડલ પરિભ્રમણ કરે છે અને તેથી ભરત, ઐરવત ક્ષેત્રોમાં દિવસ હોય છે. ત્યારે બંને મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રિ હોય છે અને જ્યારે બંને મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય છે, ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રમાં રાત્રિ હોય છે. આ રાત્રિ અને દિવસ એ સૂર્યના અભાવ કે સદ્‌ભાવથી થાય છે. વાસ્તવમાં આ સૂર્યોના અભાવ અને સદ્‌ભાવથી સ્વતઃ રાત્રિ અને દિવસ તથા સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય છે.

આ વિષયમાં પણ મિથ્યા માન્યતાઓ છે– (૧) સૂર્ય, સવારે પૂર્વમાં કિરણના સમૂહ રૂપે ઉત્પન્ન થાય છે અને સાંજે પશ્ચિમમાં નાશ પામે છે. (૨) પૃથ્વીમાંથી ઉત્પન્ન થઈને સાંજે પૃથ્વીમાં નષ્ટ થઈ જાય છે. (૩) પાણીમાં ઉત્પન્ન થઈને સાંજે પાણીમાં નષ્ટ થઈ જાય છે. (૪) સાંજે પૃથ્વી આદિમાં પ્રવેશ કરીને નીચે ચાલ્યો જાય છે અને નીચેના લોકને પ્રકાશિત કરી, ફરીથી પૂર્વ દિશામાં ઉદય પામી ઉપર આવી જાય છે અને પૂર્વ દિશામાં ઉદય પામે છે. (૫) કોઈ જમ્બૂદ્વીપના બે વિભાગની કલ્પના કરી બતાવે છે કે સૂર્ય પૂર્વમાં ઉદય પામીને પશ્ચિમમાં અસ્ત થઈ જાય છે. ત્યારે બીજા વિભાગમાં ઉદય થાય છે. ત્યાં દિવસભર રહીને અસ્ત પામે છે અને ફરી ફરી પ્રથમ વિભાગમાં ઉદય થાય છે. આ બધા કથન કલ્પિત છે, ભ્રમિત છે.

## નિબંધ – ૭૯

## પોરષી છાયાનો મતલબ અને પાઠ શુદ્ધિ

પોરસી છાયાનો મતલબ છે કે જે ચીજ જેવડી છે તેવડી જ તેની છાયા (પડછાયો)હોવો તે એક પોરસી(પુરુષની પુરુષ પ્રમાણ)છાયા હોવી. આ છાયાનું

માપ યુગના શરૂઆતના સમયનું અર્થાત્ શ્રાવણ વદ એકમની અપેક્ષાએ અહીં કહેવામાં આવેલ છે. તે આ પ્રકારે છે–

**છાયાનું માપદિવસનો સમય :–**

| | છાયાનું માપ | દિવસનો સમય |
|---|---|---|
| ૧ | અપાર્ધ પોરસી(અડધી) છાયા | ત્રીજો ભાગ દિવસ=૬ મુહૂર્ત વીતવા પર. |
| ૨ | પોરસી(પુરુષ પ્રમાણ) છાયા | ચોથો ભાગ દિવસ =૪ $\frac{૧}{૨}$ મુહૂર્ત વીતવા પર થાય છે. એટલો જ દિવસ શેષ રહેવા પર પોરસી છાયા હોય છે. |
| ૩ | દોઢ પોરસી(દોઢગણી) છાયા | પાંચમો ભાગ દિવસ = ૩ મુહૂર્ત ૩૦ મિનીટ વીતવા પર |
| ૪ | બે પોરસી છાયા(બે ગણી) | છટ્ઠો ભાગ દિવસ = ૩ મુહૂર્ત વીતવા પર |
| ૫ | અઢી પોરસી છાયા(અઢી ગણી) | સાતમો ભાગ દિવસ = ૨ મુહૂર્ત ૨૭ મિનિટ વીતવા પર. |
| ૬ | ૫૮ $\frac{૧}{૨}$ પોરસી(૫૮ $\frac{૧}{૨}$ ગણી) છાયા | ૧૯૦૦મો ભાગ= ૨૭ $\frac{૧}{૪}$સેંકડ દિવસ વીતવા પર. |
| ૭ | ઓગણસાઠ પોરસી(૫૯ ગણી) છાયા | ૨૨૦૦૦ મો ભાગ = ૨ $\frac{૧}{૩}$ સેંકડ દિવસ વીતવા પર. |
| ૮ | સાધિક ઓગણસાઈઠ પોરસી છાયા | સૂર્યોદય અને સૂર્યાસ્તનો પ્રારંભિક પ્રથમ સમય થાય છે. અર્થાત્ દિવસનો કોઈ પણ ભાગ વ્યતીત નથી થતો. |

**પ્રશ્ન–: આ પ્રાભૃતના મૂળપાઠમાં ક્યાંક ક્યાંક લિપિદોષ કે અપૂર્ણતા છે ?**

**ઉત્તર–** આ પ્રાભૃતનો વિષય તેમજ સૂત્ર સહજ સમજમાં આવે તેવા નથી. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત સૂર્યપ્રજ્ઞપ્તિના સંપાદનકાર વિદ્વાન શ્રમણે મૂળપાઠ ઉપર તેમજ રચનાના સૂત્રો ઉપર શંકા ઊભી કરીને અસંગત હોવાની કલ્પના કરી છે. હકિકતમાં સૂત્રપાઠ કે રચનાની એવી કોઈ સ્થિતિ છે નહીં. છતાં કંઈક લિપિદોષને કારણે હસ્તપ્રતોમાં ફરક આવી શકે છે. જેનું સમાધાન પ્રતિયો કે ટીકાઓને જોવાથી થઈ શકે છે. પરંતુ એવું લાગે છે કે સંપાદકે ટીકા જોવા છતાં આ સૂત્રોનો સાચો આશય સમજી શકયા નથી. અહીં ઉપર આ સૂત્રોનો





સંક્ષિપ્ત અને સાચો સંગત અર્થ આપી દીધેલ છે. જેને બરાબર સમજી લીધા પછી કોઈ શંકા રહેશે નહીં.

આ જ રીતે તે સંપાદક મહોદયે ટિપ્પણોમાં કેટલીય જગ્યાએ સૂક્ષ્મ વિષયોના, સૂત્રોના આશય સમજ્યા વગર આવી અનેક શંકાઓ દોષ ઉભા કરેલ છે. જે હકીકતમાં લગભગ વ્યક્તિગત શંકાઓ છે. સૂત્રમાં આવો કોઈ દોષ છે જ નહીં. બ્યાવરની તે પ્રતમાં પરસ્પર એક બીજા સૂત્રોથી વિરુદ્ધ પણ કહેવામાં આવેલ છે. પરંતુ તેવી કલ્પના સંપાદકની પોતાની વ્યક્તિગત ભ્રમણાનું કારણ છે. તેમજ તે સંપાદનમાં મૂળ પાઠનો સરળ અર્થ પણ આપેલ નથી. જો સાચો અર્થ આપવામાં આવ્યો હોત તો આવી શંકાઓનું ત્યાં જ સમાધાન મળી જાત.

## નિબંધ – ૮૦

### તિથીઓની વધ-ઘટ

(૧) પ્રાવૃટ (૨) વર્ષા (૩) શરદ (૪) હેમંત (૫) વસંત (૬) ગ્રીષ્મ. આમ ૬ ઋતુઓ ૫૯–૫૯ દિવસની હોય છે.

**ચંદ્ર સંવત્સરમાં ૬ તિથિ ઘટે છે–** (૧) ત્રીજા (૨) સાતમા (૩) અગીયારમા (૪) પંદરમા (૫) ઓગણીસમા (૬) તેવીસમા પક્ષમાં આમ ચંદ્ર ઋતુ ૫૯ દિવસની હોય છે. **સૂર્ય સંવત્સરમાં ૬ તિથિઓ વધે છે–** (૧) ચોથા (૨) આઠમા (૩) ૧૨ મા (૪) ૧૬ મા (૫) ૨૦ (૬) ૨૪ મા પક્ષમાં. આમ સૂર્ય ઋતુ ૬૧ દિવસની હોય છે.

આ કારણથી ચંદ્ર સંવત્સરના બે મહિના ૫૯ દિવસના હોય છે અને સૂર્ય સંવત્સરના બે મહિના ૬૧ દિવસના હોય છે. તેનાથી ચંદ્ર સંવત્સર ૩૫૪ દિવસનો અને સૂર્ય સંવત્સર ૩૬૬ દિવસનો હોય છે. પાંચ ચંદ્ર સંવત્સર ૧૭૭૦ દિવસનો અને પાંચ સૂર્ય સંવત્સર ૧૮૩૦ દિવસનો હોય છે. ચંદ્ર સંવત્સરમા ૬૦ દિવસ ઓછા થાય છે. એટલે જ તેનો મેળ કરવા માટે પાંચ વર્ષમાં બે મહિના વધારવામાં આવે છે.

## નિબંધ – ૮૧

### પ્રાભૃત ૧૮, ૧૯, ૨૦માં કહેલ વિશેષ તત્વ

સમભૂમિથી સૂર્યનું વિમાન ૮૦૦ યોજન ઉંચું છે. ૮૮૦ યોજનની ઉંચાઈ ઉપર ચંદ્રનું વિમાન છે. ગ્રહ, નક્ષત્ર, તારા જુદી જુદી ઉંચાઈ ઉપર છે. તેથી તેનું અલગ અલગ કથન કરવાને બદલે સમુચ્ચય(સામાન્ય) કથન છે કે સમભૂમિથી

૭૯૦ યોજનથી લઈને ૯૦૦ યોજન સુધી તારા વિમાન છે. તેમજ ગ્રહ, નક્ષત્ર પણ અલગ અલગ ઉંચાઈ ઉપર છે તેનો ખુલાસો કરેલ નથી. આ વિષયમાં ૨૫ માન્યતાઓ છે–કોઈ સૂર્યને ૧૦૦૦યોજન ઉંચો બતાવે છે. આમ બે થી ૨૫–૨૫ા હજાર યોજન સુધીની ઉંચાઈ કહે છે. આ બધી અશુદ્ધ માન્યતાઓ છે.

**તારા વિમાન સૂર્યથી ઉંચા છે કે નીચે, અલ્પઋદ્ધિ–સમઋદ્ધિ :–**

ચંદ્ર સૂર્યથી વધારે ઉંચાઈ ઉપર પણ તારા વિમાન છે અને નીચે પણ છે. સમકક્ષમાં પણ છે. એ તારા વિમાનમાં રહેનારા દેવ, સૂર્ય વિમાનવાળા દેવથી સમઋદ્ધિ વાળા પણ હોઈ શકે છે અને અલ્પ ઋદ્ધિવાળા પણ હોઈ શકે પરંતુ અધિક ઋદ્ધિવાળા હોતા નથી. તારા વિમાનવાળા દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની(પા પલ્યોપમ) છે અને સૂર્ય વિમાનવાસી સામાન્ય દેવોની પણ સ્થિતિ પા પલ્યોપમ સ્થિતિ કહેલ છે. દેવોની ઋદ્ધિની ન્યૂનાધિકતામાં સ્થિતિ મુખ્ય કારણ હોય છે. જો સ્થિતિ સમાન હોય તો ચંદ્ર મહર્દ્ધિક છે તેનાથી સૂર્ય અલ્પર્દ્ધિક છે. તેનાથી ગ્રહ, નક્ષત્ર, તારા ક્રમશઃ અલ્પર્દ્ધિક હોય છે.

**સૂર્ય ચંદ્રનો પરસ્પર સંબંધ :–** બલદેવ વાસુદેવની જેમ ચંદ્ર-સૂર્ય સમાન હોય છે. બંનેની રાજ્યઋદ્ધિ એક જ હોય છે. તેને બલદેવની કહો કે વાસુદેવની કહો બંનેનો ભેગો પરિવાર છે. ૨૮ નક્ષત્ર, ૮૮ મહાગ્રહ, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા, આ એક ચંદ્ર, સૂર્યનો પરિવાર છે.

**મેરુ પર્વતથી જ્યોતિષીનું અંતર :–** મેરુપર્વત ૧૦,૦૦૦ યોજન જાડો છે. તેનાથી ૧૧૨૧ યોજન દૂર સુધી કોઈ તારા આદિ હોતા નથી. આટલી દૂરનું અંતર છોડયા પછી જ તારા આદિ હોય છે જે ત્યાંથી જ પરિક્રમા કરે છે. લોકાંતથી લોકની અંદર ૧૧૧૧યોજન સુધી જ્યોતિષી વિમાન હોતા નથી. તેનાથી વધારે અંદર જ્યોતિષી વિમાન તારા આદિ હોય છે.

**સૌથી અંદર, બહાર, ઉપર, નીચેના નક્ષત્ર :–** (૧) અભિજિત નક્ષત્ર સૌથી વધારે નજીક મેરુ પર્વતના આભ્યંતર મંડલમાં છે. (૨) મૂળ નક્ષત્ર સૌથી વધુ બહારના ક્ષેત્ર સુધી, લવણ સમુદ્રમાં છે. (૩) સૌથી વધારે ઉપર સ્વાતિ નક્ષત્ર છે. (૪) ભરણી નક્ષત્ર બધા નક્ષત્રોથી નીચે છે.

**જ્યોતિષી વિમાનોનું સંસ્થાન :–** સૂર્ય, ચંદ્ર આદિ બધાના વિમાન કોઠાના અર્ધા ફળ જેવા હોય છે. નીચેના ભાગે સમતલ અને ઉપરના ભાગે ગોળ ગુંબજના જેવા હોય છે. બધા સ્ફટિક રત્નમય હોય છે. તપેલા સુવર્ણની બાલુરેત(કણીઓ) વિમાનમાં ફેલાયેલી હોય છે.





**વિમાનની લંબાઈ, પહોળાઈ તેમજ દેવોની સ્થિતિ :–**

| નામ | આયામ વિષ્કંભ | બાહલ્ય | વાહકદેવ | સ્થિતિ જઘન્ય | સ્થિતિ ઉત્કૃષ્ટ | દેવીની ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|---|
| ચંદ્ર | ૫૬/૬૧ યો. | ૨૮/૬૧ | ૧૬૦૦૦ | ૧/૪ પલ. | ૧ પલ ૧ લા. વર્ષ | ૧/૨ પલ. ૫૦ હ. |
| સૂર્ય | ૪૮/૬૧ યો. | ૨૪/૬૧ | ૧૬૦૦૦ | ૧/૪ પલ. | ૧ પલ ૧ હ. વર્ષ | ૧/૨ પલ. ૫૦૦ |
| ગ્રહ | ૨ કોશ | ૧ કોશ | ૮૦૦૦ | ૧/૪ પલ. | ૧ પલ. | ૧/૨ પલ. |
| નક્ષત્ર | ૧ કોશ | ૧/૨ કોશ | ૪૦૦૦ | ૧/૪ પલ. | ૧/૨ પલ. | ૧/૪ પલ. સાધિક |
| તારા | ૧/૨ કોશ | ૫૦૦ ધ. | ૨૦૦૦ | ૧/૮ પલ. | ૧/૪ પલ. | ૧/૮ પલ. સાધિક |

**સૂચના :–** ચાર્ટમાં યો. = યોજન, ધ. = ધનુષ, પ. = પલ્યોપમ, પલ. = પલ્યોપમ, લા. = લાખ, હ. = હજાર. ચંદ્ર અને સૂર્યની દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ૫૦ હ. અને ૫૦૦ વર્ષ સમજવા.

**વાહકદેવ :–** વિમાન નીચેથી સપાટ–સમતલ હોય છે. ત્યાં મધ્યમાં કેન્દ્રથી ચાર શ્રેણી ચાર દિશાઓમાં હોય છે. હાથી, ઘોડા, બળદ અને સિંહ આ ચાર આકાર હોય છે. તેમાં દેવ પ્રવેશ કરીને ચાલે છે. તે દેવો ગતિ રતિક હોય છે. વાહક દેવોની સંખ્યા જે ૧૬૦૦૦ કહી છે તેને ચાર વિભાગમાં વિભાજિત કરતા ૪૦૦૦–૪૦૦૦ ચારે ય દિશાઓમાં સમજી લેવું. આમ તો અનાદિકાળથી આ વિમાન સ્વભાવિક ગતિથી ચાલે છે છતાં પણ ઔપચારિક રીતે દેવોની આ વ્યવસ્થા હોય છે.

**તારાઓનું અરસપરસનું અંતર :–** સ્વાભાવિક અંતર જઘન્ય ૫૦૦ ધનુષ, ઉત્કૃષ્ટ ૨ કોષનું હોય છે. મેરુપર્વત વચમાં આવી જવાથી બંને બાજુઓના તારાઓનું અંતર ૧૨૨૪૨ યોજન (૧૦૦૦૦+૧૧૨૧+૧૧૨૧)હોય છે. નિષધ, નીલ વગેરે પર્વતોના કૂટ વચમાં આવી જવાથી ૨૬૬ યોજન (૨૫૦+૮+૮) યોજન દૂર રહે છે. કૂટોથી આ તારાઓ ૮,૮ યોજન દૂર રહે છે. કૂટોની પહોળાઈ ૨૫૦ યોજનની હોય છે. તારાઓ મેરુપર્વતથી ૧૧૨૧ યોજન બંને બાજુ દૂર રહે છે.

**નોંધ–** ચંદ્ર, સૂર્યના દેવી પરિવાર સંબંધી વર્ણન જીવાભિગમ પ્રશ્નોત્તર ભાગ–૬મા છે તથા તેના સુખોપભોગ સંબંધી વર્ણન ભગવતી સૂત્ર શતક ૧૨, ઉદ્દેશક–૬માં પ્રશ્નોત્તર ભાગ–૩માં આપેલ છે.

**પ્રાભૃત ૧૯માં વિષય વર્ણન :–**

અહીં જાણવા જેવા ઘણા સામાન્ય અને વિશેષ તત્ત્વ છે, જે આ પ્રકારે છે– **(૧)** જંબૂદ્વીપમાં ૨ સૂર્ય, ૨ ચંદ્ર, ૫૬ નક્ષત્ર, ૧૭૨ ગ્રહ, ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી

તારા છે. આગળના દરેક દ્વીપ સમુદ્રમાં વધારે અને વધારે આ સંખ્યા છે, જે જીવાભિગમસૂત્ર પ્રશ્નોત્તર ભાગ–૬માં જુઓ.

અહીં આ વિષયમાં ૧૨ માન્યતાઓ કહેલ છે. તેમાં એ બતાવવામાં આવ્યું છે કે સંપૂર્ણ લોકમાં એક સૂર્ય, ચંદ્ર પ્રકાશ કરે છે. આ રીતે ૩, ૩ $\frac{૧}{૨}$ , ૭, ૧૦, ૧૨,૪૨, ૭૨, ૧૪૨, ૧૭૨, ૪૨૦૦૦, ૭૨૦૦૦, ચંદ્ર, સૂર્ય સંપૂર્ણ લોકમાં થવાની માન્યતા છે. પરંતુ આ માન્યતાઓ સાચી નથી. સંપૂર્ણ લોકમાં અસંખ્ય સૂર્ય અને અસંખ્ય ચંદ્ર છે અને એ બધાનો પોતાનો સ્વતંત્ર પરિવાર છે.

**(૨)** નક્ષત્ર અને તારા હંમેશાં એક મંડલમાં રહીને પરિક્રમા કરે છે. સૂર્ય, ચંદ્ર ગ્રહોના મંડલ બદલતા રહે છે. આ બધા પોત પોતાના મંડલમાં મેરુ પર્વતની પરિક્રમા કરે છે.

**(૩)** આ સૂર્ય, ચંદ્ર આદિ ઊંચાઈની અપેક્ષા જયાં છે ત્યાં જ રહે છે. નીચે કે ઊંચે નથી થતા, એ જ ઊંચાઈમાં મંડલ પરિવર્તન કરે છે.

**(૪)** આ ચાર(તારાઓ છોડીને) જ્યોતિષીઓની ગતિ વિશેષથી મનુષ્યોના સુખ દુઃખના સંયોગ વિયોગ થાય છે. અર્થાત્ એમના નિમિત્તથી સુખ દુઃખના સંયોગનું જ્ઞાન થાય છે.

**(૫)** બાહ્યથી આભ્યંતર મંડલમાં આવતા સમયે સૂર્યનું તાપ ક્ષેત્ર વધે છે અને બહાર જતા સમયે ઘટે છે. ચંદ્રની નીચે ચાર અંગુલ દૂર નિત્યરાહુનું વિમાન ચાલે છે. એક દિવસમાં $\frac{૧}{૧૫}$ ભાગ ચંદ્ર ઘટવધ થાય છે અને ૬૨ ભાગ કરવાની અપેક્ષાએ સ્થૂળ દષ્ટિથી $\frac{૪}{૬૨}$ ભાગ પ્રતિ દિન વધે ઘટે છે.

**(૬)** મનુષ્યક્ષેત્રમાં સૂર્ય ચંદ્ર આદિ ચાલે છે. તેનાથી બહાર બધા ચંદ્ર, સૂર્ય પોતાના સ્થાને જ સ્થિર છે.

**(૭)** ધાતકી ખંડથી આગળ આગળના દ્વીપ સમુદ્રોમાં એના પૂર્વના દ્વીપ સમુદ્રની સૂર્ય સંખ્યાથી ત્રણ ગણા કરીને એની અંદર બધા દ્વીપ સમુદ્રોના સૂર્યની સંખ્યા ઉમેરવાથી જે રાશિ આવે તેટલા સૂર્ય, ચંદ્ર અને એના પરિવાર હોય છે.

**(૮)** અઢી દ્વીપની બહાર ચંદ્રની સાથે અભિજિત નક્ષત્રનો યોગ છે અને સૂર્યની સાથે પુષ્યનક્ષત્રનો યોગ રહે છે. આ પ્રકારે તે હંમેશાં સ્થિર હોય છે. ત્યાં પ્રત્યેક સૂર્ય-સૂર્યનું અને ચંદ્ર-ચંદ્રનું પરસ્પર અંતર ૧,૦૦,૦૦૦(એક લાખ) યોજન છે તથા સૂર્ય અને ચંદ્રનું અંતર ૫૦ હજાર યોજનનું હોય છે.

**(૯)** જ્યોતિષીના ઈન્દ્રનો વિરહ ૬ મહિનાનો હોઈ શકે છે. એ સમયે ૪–૫ સામાનિક દેવો મળીને એ સ્થાન સંબંધી કાર્યની પૂર્તિ કરતા રહે છે.





**(૧૦)** દ્વીપ સમુદ્રનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં જુઓ.

**નોંધ :–** ગ્રહોના મંડલ આદિનું સ્પષ્ટીકરણ આગમમાં નથી. અર્થાત્ એમના મંડલ કેટલા છે ? મુહૂર્ત ગતિ કેટલી છે ? વગેરે કોઈ વર્ણન પ્રાપ્ત થતું નથી. એના મંડલ છે. મંડલ પરિવર્તન પણ હંમેશા થતુ રહે છે. ગતિ પરિવર્તન પણ હોય છે. પરંતુ એનો ખુલાસો નથી મળતો. પરંતુ આકાસમાં જોવાથી પણ વિવિધ ગતિનાં રૂપ અનુભવ થાય છે માટે વ્યાખ્યાકારોએ વિચિત્રાગતિ ગ્રહાણં કહી દીધું.

## પ્રાભૃત ૨૦માં વિષય વર્ણન :–

આ પ્રાભૃતમાં સૂર્ય, ચંદ્ર, રાહુ વિમાન સંબંધી અનેક સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે, તે આ પ્રકારે છે–

**(૧)** ચંદ્ર સૂર્યને કોઈ અજીવ પુદ્‌ગલ માત્ર માને છે. રાહુને પણ ૧૫ પ્રકારના કાળા પુદ્‌ગલનો માને છે અને જીવ પણ માને છે. વાસ્તવમાં આ બધા વિમાન છે અને તેના સ્વામી ચંદ્ર, સૂર્ય, રાહુ આદિ મહાૠદ્ધિ સંપન્ન અને વૈક્રિય શક્તિ સંપન્ન દેવ છે.

**(૨)** રાહુના વિષયમાં લોકોમાં વિવિધ માન્યતાઓ છે, જેમ કે તે એક ભુજા (હાથેથી) સૂર્યને ગ્રહણ કરે છે અને બીજી ભુજાએથી છોડે છે, મુખથી ગ્રહણ કરે છે કે મુખથી છોડે છે. જ્યાંથી ગ્રહણ કરે ત્યાંથી છોડે છે અથવા બીજી તરફથી પણ છોડે છે.

**(૩)** હકીકતમાં રાહુ મહર્દ્ધિક દેવ છે. તેના પાંચ રંગના વિમાન છે. કાળા રંગનું વિમાન સૂર્ય, ચંદ્રને આવરણ કરે છે. અર્થાત્ મનુષ્ય અને સૂર્ય, ચંદ્રની વચ્ચે આડશ બની જાય છે, જોવામાં બાધક બને છે અને તેના પ્રકાશને ઢાંકી દે છે. આ રાહુનુ વિમાન સૂર્ય, ચંદ્રની નજીક નીચે આવી જાય ત્યારે મનુષ્ય લોકમાં સૂર્ય, ચંદ્ર પૂર્ણ રૂપે દેખાતા નથી. તેનો પ્રકાશ પુંજ પણ અપૂર્ણ થઈ જાય છે ત્યારે સૂર્ય, ચંદ્ર ખંડિત કે આચ્છાદિત દેખાય છે. આ નિત્યરાહુ ચંદ્રને પૂર્ણ રીતે દેખાવામાં હંમેશાં બાધક બને છે. કંઈકને કંઈક વધઘટ કરવામાં સીધમાં આવી જાય છે કે ખસતો રહે છે. પર્વરાહુ સૂર્ય ચંદ્રની બંનેની નીચે ક્યારેક ક્યારેક આવે છે. તેના પુદ્‌ગલ નિત્યરાહુથી પણ વધારે કાળા છે.

**(૪)** પર્વ રાહુ, ચંદ્રની નીચે ઓછામાં ઓછો ૬ મહિના પછી આવે છે અને વધારેમાં વધારે ૪૨ મહિના પછી આવે છે. તેનાથી અધિક સમય હોતો નથી. સૂર્યની નીચે આવવામાં પણ જઘન્ય ૬ માસ અને ઉત્કૃષ્ટ ૪૮ વર્ષ સુધી આ પર્વ રાહુ, સૂર્યની નીચે આડો આવતો નથી.

**(૫)** રાહુ દ્વારા ચંદ્ર, સૂર્ય, પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણમાં ક્યાંય પણ આચ્છાદિત થઈ જાય છે. કારણ કે આ ત્રણેય મંડલો બદલતા રહે છે. એક જ મંડલ(માર્ગ) ઉપર ચાલતા નથી. આ કારણે ઢંકાયેલ સૂર્ય ચંદ્ર જુદા જુદા આકારના (આડા, સીધા, ઉભા, તિરછા, બેઠેલા, સૂતેલા)દેખાય છે. હકીકતમાં એ રીતે ઢંકાયેલા હોવાથી તેના વિવિધ આકાર આ મંડલ પરિવર્તનના કારણે બનતા હોય છે.

**(૬)** રાહુ, ચંદ્ર સૂર્યને ગળી જાય છે, ગળીને બહાર કાઢે છે, તેનો ઘાત કરે છે, કુક્ષિ ભેદી રહ્યા છે આવી જુદી જુદી માન્યતાઓ લોકો દ્વારા થતી રહે છે. તેવી માન્યતાઓ પણ ચાલવા લાગે છે. હકિકતમાં આવું દેખાવાનું કારણ તેનું તે પ્રકારે ઢંકાઈ જવાનું હોય છે.

**(૭)** ચંદ્ર વિમાનનું નામ મૃગાંક(હરણ)છે. તેનું સુંદર સ્વરૂપ છે. દેવ પણ સુંદર, સૌમ્ય કાંતિવાળા છે. તેથી ચંદ્રને શશી પણ કહેવામાં આવે છે. વિમાનના રત્નોના તેજ–પ્રતિભામાં હીનાધિકતા તેમજ વિશેષતા એવી છે કે જેનાથી મનુષ્ય લોકમાં દેખાતા ચંદ્રની વચમાં હરણ જેવું ચિન્હ(આકાર) નો આભાસ થાય છે.

**(૮)** લોકમાં સૂર્ય જ સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, રાતની આદિ કરનારો છે. સૂર્યોદયથી જ નવો દિવસ, નવું વર્ષ, નવા યુગની અને ઉત્સર્પિણી, અવસર્પિણીનો પ્રારંભ થાય છે. તેથી તેને આદિત્ય– શરૂ કરનાર કહેવામાં આવે છે. દિવસ અને રાત્રિ પણ સૂર્યની પ્રમુખતાના કારણે થાય છે. આકાશ મંડલમાં પ્રકાશ અને તાપની અપેક્ષાએ સૂર્યનું સામ્રાજ્ય વ્યાપેલું છે. તેના અભાવથી જ અંધકાર કે રાત્રિ થાય છે. ચંદ્ર આદિ પ્રકાશમાન પદાર્થ સૂર્યની સામે ફીકા લાગે છે. તેથી તે કાલની, દિવસની, યુગની સંવત્સરની આદિ તેમજ નિર્માણ કરવામાં પ્રધાન નિમિત્ત છે. માટે તેને આદિત્ય કહેવાય છે.

**(૯)** ગ્રહ ૮૮ છે તેના અલગ અલગ નામ સૂત્રમાં છે. જેમાં શનિશ્ચર, ભસ્મ, ધુમકેતુ, બુધ, શુક્ર, બૃહસ્પતિ, રાહુ, કાલ, મહાકાલ, એકજટી, દ્વિજટી, કેતુ આદિ ગ્રહોના નામ લોકોમાં વિશેષ રૂપે પ્રચલિત છે તેમજ પરિચિત છે.

(૧૦) જ્યોતિષી દેવોના કામભોગ જનિત સુખ આદિની ઉપમાયુક્ત વર્ણન ભગવતી સૂત્રમાં કરેલ છે, તે પ્રમાણે સમજવું જોઈએ.

## નિબંધ – ૮૨

### સૂર્યોદયની તિથિ વડે પર્વો કેમ નહિ ?

**પ્રશ્ન–: દિવસ, યુગ આદિનો પ્રધાન નિમિત્ત સૂર્ય છે તો લોકો પર્વ, તિથિ, ચંદ્ર ઉદયથી કેમ મનાવે છે ?**





**ઉત્તર–** પંચાગનું નિર્માણ કરનારા સૂર્યોદયની પ્રધાનતાથી જ તિથિ, તારીખનું સૂચન કરીને જ પંચાગ બનાવે છે. આટલું હોવા છતાં લોકોમાં વિદ્વાન કહેવાતા કેટલાયે લોકો પંચાગમાં જણાવેલી તિથિને છોડીને અસ્ત તિથિથી પર્વ દિવસનો ઉપવાસ આદિ વ્રત કરે છે. આ તેમનો લૌકિક, ભ્રમિત પ્રવાહ માત્ર છે. કારણ કે બધી તિથિઓ, યુગ, સંવત્સરની આદિ શરૂઆત કરનાર સૂર્યનો પર્વ તિથિઓ માટે અસ્વીકાર કરવો એ કેવી રીતે યોગ્ય ગણાય ?

આગમોના પ્રાચીન વ્યાખ્યાકારોએ તો ઉપવાસ આદિના વ્રત, પ્રત્યાખ્યાન, સૂર્યોદયની પ્રમુખતાવાળી તિથિ પ્રમાણે કરવાનું વિધાન કરેલ છે. પ્રમાણ માટે જુઓ અભિધાન રાજેન્દ્ર કોશ 'તિહિ' શબ્દ ભાગ–૪.

**પૂઆ પચ્ચક્ખાણં, પડિક્કમણં તહ ય નિયમ ગહણં ચ ।**
**જીએ ઉદેઇ સૂરો, તીએ તિહિએ ઉ કાયવ્વં ॥૧॥**
**ઉદયમ્મિ જા તિહિ સા પમાણં, ઈયરાએ કીરમાણીએ**
**આણા ભંગ અણવત્થા, મિચ્છત્ત વિરાહણં પાવે ॥૨॥**

છતાં જૈનાગમ વેત્તા લૌકિક પ્રવાહમાં ખેંચાઈને, પર્વતિથિ, સંવત્સરીનો ઉપવાસ પણ, સૂર્યોદયની તિથિને છોડીને, પંચાગની સૂચનાઓને ધ્યાન બહાર કરીને ઉપવાસ આદિ કરવા લાગી ગયા છે, આવી લૌકિક નકલ આગમ સમ્મત નથી. કારણ કે આદિત્ય–સૂર્ય જ દિવસ વગેરેની આદિ શરૂઆત કરનાર છે તેથી કોઈ પણ પર્વ દિવસની, અસ્ત સમયે આદિ–શરૂ કરવાનું માનવું આગમ સમ્મત થઈ શકે નહીં. આ કારણે જ પંચાંગકારો પણ બધી તિથિઓને સૂર્યોદયના લક્ષ્યથી જ અંકિત કરે છે. કોઈ પણ પંચાંગ સૂર્યાસ્તના લક્ષ્યથી આજ સુધીમાં બન્યુ નથી અને બનશે પણ નહીં.

ફલિતાર્થ એ છે કે પર્વ તિથિનો ઉપવાસ વગેરે પંચાગમાં લખેલ તિથિ પ્રમાણે જ કરવો જોઈએ. આગમમાં પર્વ તિથિઓ, અષ્ટમી, ચતુર્દશી, અમાવસ, પૂર્ણિમા તેમજ પર્યુષણ, સંવત્સરી કહેલ છે. તેમાંથી અષ્ટમી, ચતુર્દશી વગેરેનો ઉપવાસ પંચાગમાં લખેલ તિથિ પ્રમાણે કરવામાં આવે છે પરંતુ પાખી, સંવત્સરીના ઉપવાસ માટે તે તિથિને છોડીને અસ્ત તિથિને ગોતવામાં આવે છે. આ એક અપૂર્ણ અને ભ્રમિત નકલ પરંપરા છે પરંતુ આગમ સમ્મ્ત નથી.

## નિબંધ – ૮૩

### ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રની વિચારણા

આ સૂત્રના નામથી એક બે પૃષ્ઠ જેટલા જ પાઠ પ્રાપ્ત થાય છે. તેમાં

પણ વિષયોના સંકલનનું સૂચન માત્ર છે. આ વિષય લગભગ સૂર્યપ્રજ્ઞપ્તિ રૂપ જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિમાં લઈ લેવામાં આવેલ છે. તેથી આ સૂત્ર લિપિકાલના દોષોથી દૂષિત છે. આ સૂત્ર સ્વતંત્ર હતું કે કયા રૂપે હતું, આ એક બે પૃષ્ઠો કેમ અને કેવી રીતે બાકી રહ્યા ? તેમાં પણ સૂર્ય પ્રજ્ઞપ્તિના વિષયોનું સંકલન માત્ર છે. પાહુડ–પ્રતિપાહુડ પણ તેવા જ કહેલા છે. તેથી આ પ્રશ્ન ઈતિહાસકારો માટે સંશોધનનો વિષય છે.

હકીકતમાં આ સૂત્ર અત્યારે કોઈપણ રીતે પોતાની સ્વતંત્રતાથી પ્રાપ્ત થતું નથી. તેથી તેને સૂત્ર કહેવું અને ગણત્રીમાં લેવું વગેરે પણ એક પ્રવાહ પરંપરા માત્ર છે. વાસ્તવમાં જોવા જઈએ તો ૩૨ આગમો કે ૪૫ આગમોમાં તેની આગમ રૂપે અલગ ગણત્રી કરવી ઉચિત નથી. હવે જો આ ચંદ્રપ્રજ્ઞપ્તિને ગણવા જઈએ તો નંદીસૂત્રમાં કહેલા અનેક આગમોને ગણત્રીમાં લેવા જોઈએ. જે પ્રાપ્ત છે તે બંને સૂત્રોની પ્રારંભની ગાથાઓમાં ક્યાંય પણ સૂર્યપ્રજ્ઞપ્તિ કે ચંદ્રપ્રજ્ઞપ્તિનું નામ નથી. બંનેમાં જ્યોતિષરાજપ્રજ્ઞપ્તિનું નામ લખાયેલ છે. જેમ કે–

**નામેણ ઈન્દભૂઈત્તિ, ગોયમા વંદિઊણ તિવિહેણ ।**
**પુચ્છઈ જિણવર–વસહં, જોઈસ રાયસ્સ પણ્ણતિં ॥**
**એવં જોઈસ ગણરાય પણ્ણતિ–ચંદ્રપ્રજ્ઞપ્તિ ગા.૪, સૂર્ય પ્ર.ગા.૪.**

નિષ્કર્ષ એ નીકળે છે કે આજે ન તો સૂર્યપ્રજ્ઞપ્તિ નામનું કોઈ સૂત્ર ઉપલબ્ધ છે કે ન તો ચંદ્રપ્રજ્ઞપ્તિ નામનું. આ નામથી પ્રચલિત આ બંને સૂત્રોમાં જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ આ નામ મૂળપાઠની ત્રીજી અને ચોથી ગાથામાં લખેલ છે. તેથી આ સૂત્ર જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સંજ્ઞાથી છે અને એક જ છે. પ્રાચીન કાળમાં આ બંને નામવાળા સૂત્રો રહ્યા હશે ત્યારે નંદીસૂત્રમાં આ બંનેના નામ છે અથવા તો આ એક જ સૂત્રના જુદા જુદા નામ પ્રચલિત થયા હશે અને નંદીસૂત્રમાં પણ આ નામ લખાયા, તે આવા પ્રચલનના કારણે પરિવર્તિત થયા હશે. કારણ કે નંદીસૂત્રની નામાવલિમાં આવા પ્રચલિત પરિવર્તનોની સમયે સમયે અસર પડેલ છે. તેથી નિરયાવલિકા સૂત્રના પાંચ વર્ગોને પાંચ સૂત્રના નામ લખાયેલ છે.

**નોંધ–** અહીં વિષયોની કંઈક સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. છતાં વધારે અધ્યયનના જિજ્ઞાસુઓએ આ જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રની ટીકા, અનુવાદ વગેરે જે કાંઈ ઉપલબ્ધ હોય તેનાથી ઈચ્છાપૂર્તિ કરી લેવી.





## નિબંધ – ૮૪

## નક્ષત્ર સંબંધી જ્ઞાન ૧૨ દ્વારોથી

અહીં ૧૨ દ્વારોથી વિચાર કરવામાં આવે છે તે દ્વાર– (૧) નક્ષત્ર નામ (૨) આકાર (૩) તારા સંખ્યા (૪) મંડલમાં નક્ષત્ર (૫) રાત્રિ વાહક (૬) મંડલ સંબંધ (૭) યોગ (૮) સીમા વિષ્કંભ (૯) યોગકાલ (૧૦) મુહૂર્ત ગતિ (૧૧) મંડલઅંતર (૧૨) માસ સંવત્સર કાલમાન.

**(૧ થી ૩) નામ આકાર તારા–** આ અંગેનો ચાર્ટ ૧૦મા પ્રાભૃતના આઠમા, નવમા પ્રતિપ્રાભૃતમાં આપવામાં આવેલ છે.

**(૪) મંડલમાં નક્ષત્ર–** નક્ષત્રના આઠ મંડલ છે. તેમાં નક્ષત્ર આ પ્રકારે છે– **પહેલા મંડલમાં**–અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષક, પૂર્વાભાદ્રાપદ, ઉત્તરભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વફાલ્ગુની, ઉત્તરફાલ્ગુની અને સ્વાતિ એમ ૧૨ નક્ષત્ર છે. **બીજા મંડલમાં**–પુનર્વસુ અને મઘા બે નક્ષત્ર છે. **ત્રીજા મંડલમાં**–કૃતિકા. **ચોથા મંડલમાં**–ચિત્રા અને રોહિણી. **પાંચમા મંડલમાં**– વિશાખા, **છઠ્ઠા મંડલમાં**–અનુરાધા. **સાતમા મંડલમાં**–જયેષ્ઠા. **આઠમા મંડલમાં**–મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત અને મૂલ.

**(૫) રાત્રિવાહક–** આ અંગે વિગત ૧૦ મા પ્રાભૃતના ૧૦મા પ્રતિપ્રાભૃતમાં આવેલ છે.

**(૬) મંડલ સંબંધ**–(૧) ચંદ્રના મંડલથી નક્ષત્રના મંડલનો સંબંધ–૧,૩,૬,૭,૮, ૧૦,૧૧,૧૫. (૨) નક્ષત્ર મંડલનો સૂર્યથી સંબંધ–૧,૨,૭,૮. (૩) સૂર્યમંડલનો ચંદ્ર મંડલથી સંબંધ– ૧,૨,૩,૪,૫,૧૧,૧૨,૧૩,૧૪,૧૫. (૪) ચંદ્રમંડલની સાથે સૂર્ય, નક્ષત્રનો સંબંધ અર્થાત્ ત્રણેનો મંડલ સંબંધ–૧,૩,૧૧, ૧૫. નક્ષત્રનો ૧,૨,૭,૮. સૂર્યનો ૧, ૨૭, ૧૪૪ અને ૧૮૪. અહીં સંબંધનો અર્થ એક બીજાથી સીધી લીટીમાં હોવું.

**(૭) યોગ–** (૧) દક્ષિણ યોગ–૬–નક્ષત્ર મૃગશીર્ષ આદિ (૨) ઉત્તર યોગ– ૧૨–નક્ષત્ર અભિજિત આદિ (૩) ત્રણે યોગ ૭–કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા અનુરાધા (૪)દક્ષિણ અને પ્રમર્દ યોગ ૨–પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા (૫)પ્રમર્દ યોગ–જયેષ્ઠા

**(૮) સીમા વિષ્કંભ :– પોત પોતાના મંડલના ૧,૦૯,૮૦૦ ભાગમાંથીનીચે પ્રમાણેનો ભાગ આ નક્ષત્રોનો સીમા વિષ્કંભ(પોતાનું યોગ ક્ષેત્ર) છે –**

| | |
|---|---|
| ૬૩૦ ભાગ | અભિજિત |
| ૧૦૦૫ ભાગ | શતભિષક, ભરણી, આર્દ્રા, અશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા |
| ૨૦૧૦ ભાગ | શ્રવણ ધનિષ્ઠા આદિ– ૧૫. (પ્રાભૃત ૧૦/૨) |
| ૩૦૧૫ ભાગ | ઉત્તરા ભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરા-ફાલ્ગુની વિશાખા, ઉત્તરાષાઢા |

**(૯) યોગ કાલ :–**

| નક્ષત્ર | ચંદ્રની સાથે | સૂર્યની સાથે |
|---|---|---|
| અભિજિત | ૯ ૨૭/૬૭ મુહૂર્ત | ૪ દિવસ ૬ મુહૂર્ત |
| ૬ નક્ષત્ર | ૧૫ મુહૂર્ત | ૬ દિવસ ૨૧ મુહૂર્ત |
| ૧૫ નક્ષત્ર | ૩૦ મુહૂર્ત | ૧૩ દિવસ ૧૨ મુહૂર્ત |
| ૬ નક્ષત્ર | ૪૫ મુહૂર્ત | ૨૦ દિવસ ૩ મુહૂર્ત |

**(૧૦) મુહૂર્ત ગતિ :–**

| | પ્રથમ મંડલ | છેલ્લું મંડલ |
|---|---|---|
| સૂર્ય | ૫૨૫૧ ૨૯/૬૧ | ૫૩૦૫ ૧૫/૬૦ |
| ચંદ્ર | ૫૦૭૩ ૭૭૪૪/૧૩૭૨૫ | ૫૧૨૫ ૬૯૯૦/૧૩૭૨૫ |
| નક્ષત્ર | ૫૨૬૫ ૧૮૨૬૩/૨૧૯૬૦ | ૫૩૧૯ ૧૬૩૬૫/૨૧૯૬૦ |

**(૧૧) મંડલ અંતર :–** સૂર્ય વિમાન ૪૮/૬૧ યોજન, ચંદ્ર ૫૬/૬૧ યોજન, નક્ષત્ર વિમાન એક કોશ છે. આ લંબાઈ પહોળાઈ છે. ઊંચાઈ એનાથી અડધી છે. આઠ નક્ષત્ર મંડલમાં સાત અંતર–

(૧) ૭૨ ૫૧/૬૧, ૧/૭ (૨) ૧૦૯ ૧૫/૬૧, ૫/૭ (૩) ૩૬ ૨૫/૬૧, ૪/૭, (૪) ૩૬ ૨૫/૬૧ ૪/૭ (૫) ૭૨ ૨૫/૬૧, ૪/૭ (૬) ૩૬ ૨૫/૬૧, ૪/૭ (૭) ૧૪૫ ૪૧/૬૧, ૨/૭

સૂર્ય મંડલનું અંતર ૨-૨ યોજન છે. ચંદ્ર મંડલનું ૩૫ ૩૦/૬૧, ૪/૭ યોજનનું અંતર છે.

**(૧૨)પાંચ સંવત્સરનું કાળમાન :–**

| ક્રમ | સંવત્સર | માસના દિવસ | યુગમાં માસ | સંવત્સરના દિવસ | યુગના દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ | નક્ષત્ર | ૨૭ ૨૧/૬૧ | ૬૭ | ૩૨૭ ૫૧/૬૧ | ૧૬૩૮ ૫૪/૬૭ |
| ૨ | ચંદ્ર | ૨૯ ૩૨/૬૨ | ૬૨ | ૩૫૪ ૧૨/૬૨ | ૧૭૭૦ ૬૦/૬૨ |





| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ઋતુ | ૩૦ | ૬૧ | ૩૬૦ | ૧૮૦૦ |
| ૪ | સૂર્ય | ૩૦ ૧/૨ | ૬૦ | ૩૬૬ | ૧૮૩૦ |
| ૫ | અભિવર્ધિત | ૩૧ ૧૨૧/૧૨૪ | ૫૭મા. ૭ દિ. ૧૧ ૨૩/૬૨ મુહૂર્ત | ૩૮૩ ૪૪/૬૨ | ૧૯૧૮ ૩૪/૬૨ |

**સૂચના :–** ચાર્ટમાં મા. = માસ, દિ. = દિવસ.

**મેળાપ ક્યારે ? :–** (૧) ચંદ્ર સૂર્યના માસનો મેળાપ–૨ ૧/૨ વર્ષમાં લગભગ (૨) ચંદ્ર સૂર્ય સંવત્સરનો મેળાપ–૩૦ વર્ષેમાં (૨ ૧/૨ ×૧૨) (૩) ચંદ્ર, સૂર્ય, ઋતુ અને નક્ષત્ર સંવત્સરનો મેળાપ–૬૦ વર્ષેમાં (૪) પાંચેયનો મેળાપ– (૧) ૭૮૦ સૂર્ય સંવત્સરમાં (૨) ૮૦૬ ચંદ્ર સંવત્સરમાં (૩) ૮૭૧ નક્ષત્ર સંવત્સરમાં (૪) ૭૯૩ ઋતુ સંવત્સરમાં (૫) ૭૪૪ અભિવર્ધિત સંવત્સરમાં થાય છે.

## નિબંધ – ૮૫

### પ્રક્ષિપ્ત પાઠ - અપ્રક્ષિપ્ત પાઠ વિચારણા

**સૂર્યપ્રજ્ઞપ્તિનાં પ્રાભૃત–૧૦ પ્રતિ પ્રાભૃત–૧૭ ના પાઠ :–**

વર્તમાનમાં આગમોની હસ્તલીખીત પ્રત પ્રાય: ૬૦૦–૭૦૦ વર્ષ પહેલાની જ ઉપલબ્ધ થાય છે. એના પહેલાં આગમના પાઠ કેવા હતા ? એના પહેલાં કેટલો લિપિકાળ અને કેટલો મૌખિક કાળ વીત્યો હતો. તેની વચ્ચેના કાળમાં વિવેક પૂર્વક કેટલા પરિવર્તન સંઘ સંમતિથી થયા ? કેટલા પરિવર્તન વ્યકિતગત સમજથી થયા અને કેટલા દુર્બુદ્ધિ યા સ્વાર્થબુદ્ધિથી થયા, તે કલ્પસૂત્ર, મહાનિશીથ અને અન્ય અનેક પ્રાચીન ગ્રંથોના સ્વાધ્યાય તથા ચિંતનથી અને આગમ પાઠો સાથે તુલના કરવાથી જાણી શકાય છે.

તો પછી ૧૦૦૦ વર્ષ પહેલાનું તો કોઈ પણ પ્રમાણ કેવી રીતે કહી શકાય? સુધર્મા સ્વામી, જંબુસ્વામી થી દેવર્ધિગણી ક્ષમા શ્રમણ સુધીની કોઈ હસ્તલિખીત પ્રતી મળતી નથી. દેવર્ધિગણીના શાસ્ત્ર લેખન પછી ૫૦૦ વર્ષ સુધી વચ્ચેના કાળમાં શું ઘટ્યું ? શું વધ્યું ? એનું કોઈ પણ નિશ્ચિત પ્રમાણ મળતું નથી. કારણ કે – ૧૫૦૦ વર્ષ પ્રાચીન કોઈ પ્રત મળતી નથી.

માટે સંપૂર્ણ જૈનસમાજથી અને જૈનાગમોથી સ્પષ્ટરૂપથી વિરુદ્ધ દેખાતા પાઠ માટે નિશ્ચિત પ્રમાણની આવશ્યકતા સમજવી વ્યર્થ છે.

કૃતિકા નક્ષત્રથી નક્ષત્રોના પ્રારંભ સબંધી તર્ક પણ પ્રક્ષિપ્તતા સિધ્ધ કરવામાં બહુ મજબૂત છે, ઉપેક્ષા કરવા યોગ્ય નથી તથા લિપિ પરંપરાથી પ્રાપ્ત

આગમો પ્રત્યે વિવેકપૂર્વક શ્રદ્ધાથી નિર્ણય કરી શક્યા છે ન કેવળ નિર્વિચાર શ્રદ્ધાથી.

આગામોમાં મદ્ય માંસના આહારને નરક ગમનનું કારણ બતાવ્યું છે. સાધુ માંસ-મચ્છી-શરાબનું સેવન કરવાવાળો ન હોય, એવું વાક્ય આગમમાં છે. એનાથી એ નિશ્ચિત છે કે– આગમકાળમાં આ શબ્દ આ અર્થમાં પ્રચલીત હતા. એટલે આચારાંગ સૂત્રમાં સાધુના આહાર ગ્રહણ કરવા સબંધી પાઠમાં ભ્રાન્તિ પેદા કરવાવાળા આ શબ્દનો પ્રયોગ આગમકારો કરી શકતા નથી. શું એમના શબ્દકોષમાં અન્ય શબ્દો નહીં હતા કે તેઓ નિષિદ્ધ અને નરકગમન યોગ્ય ખાદ્યપદાર્થોના નામથી સાધુના આહારનું વર્ણન કરે કે– **મંસગં મચ્છગં ભોચ્ચા અટ્ઠિયાઈ કંટએ ય ગહાય !**

માટે દેવર્ધિગણીનાં લિપિકાળ પછી અને ટીકાકાર(શીલંકાચાર્ય અને મલયગિરી) આચાર્યોની પહેલાંના કાળે કે પછીના કાળે આ પ્રક્ષિપ્ત દૂષણ છે. એને ગણધરો અને પૂર્વધરો પર નાંખવું ઉચિત નથી. અહિંસા મહાવ્રતીને ભાષાનો પૂર્ણ વિવેક રાખવાનું આગમોમાં કહ્યું છે. એ જ સાધક આવા હિંસામૂલક વાક્ય લખે કે કહે તે કેટલું અનર્થકારી છે. જેમકે અમુક સચિત્ત પદાર્થ ખાઈને જાય કે અમુક માંસ ખાઈને જાય તો કાર્ય સિદ્ધ થાય.

અન્ય આગમોમાં તો વનસ્પતિ ને લગતો અર્થ કરીને સંતોષ લઈ શકાય છે પરંતુ સૂર્યપ્રજ્ઞપ્તિમાં તો સાવદ્યભાષાનો દોષ જેમનો તેમ રાખીને પૂર્વધરો અને ગણધરો પર નાંખવામાં આવે છે. ૧૪ પૂર્વધરની રચનામાં ખેંચતાણ કરીને અર્થ બેસાડવો પડે એવો પ્રયાસ કરવા કરતા મધ્યકાલનો પ્રક્ષિપ્ત પાઠ માનવો વધુ ઉચિત છે કારણ કે આગમકારોના સમયમાં પણ માંસ, માછલી અને શરાબનો પ્રચલિત અર્થ આ જ હતો અને તેઓએ એજ શબ્દથી તેનો નિષેધ અને નરકગમનનું કથન કર્યું છે. ૧૪ પૂર્વીતો પોતાના જ્ઞાનને કારણે આગમ વિહારી કહેવાતા હતા. તેઓ ભવિષ્યની અર્થપરંપરાનો વિચાર કરીને જ અસંદિગ્ધ રચના કરે છે. માટે જેટલા સંદિગ્ધ સ્થળ આગમના છે તેને શ્રદ્ધાના બહાને ગણધરો ઉપર આરોપિત કરવું જોઈએ નહીં પરંતુ મધ્યકાળમાં પ્રક્ષિપ્ત કરેલું પ્રદૂષણ જ સમજવું જોઈએ. અન્યથા અંધશ્રદ્ધાથી પ્રમાણિક પુરુષોની પ્રમાણિકતા ઉપર જ પ્રહાર થશે. જેના કારણે આશાતનાથી બચવાને બદલે વધારે આશાતના લાગશે.

## આચારાંગસૂત્રનું આઠમું અધ્યયન :–

આચારાંગસૂત્રના આઠમા અધ્યયનમાં વિચ્છેદ થવા સબંધી ટીકાઓના વિષયમાં આ વિચારણા જરૂરી છે કે દેવર્ધિગણીના ૫૦૦–૬૦૦ વર્ષ પછી





શીલાંકાચાર્ય થયા તથા સેંકડો સાધુ દેવર્ધિગણીના સમયે ભારતમાં હતા. તેમને ૧૧ અંગ, ૧ પૂર્વનું જ્ઞાન કંઠસ્થ રહી ગયું હતું. તો આચારાંગની વચ્ચેનું ફક્ત ૭મું અધ્યયન બધા સાધુ તથા એક પૂર્વધર ભૂલી જાય અને વિસ્મૃતિથી વિચ્છેદ જાય એવી કલ્પના કરવી સર્વથા અસંગત છે અને અઘટિત છે. માટે લિપિકાળમાં અનુપયુક્ત સમજીને લિપિબદ્ધ ન કરવું એ વિશેષ સંગત માની શકાય છે. મૂળ પાઠમાં એના સ્થાન પર ચૂર્ણી વ્યાખ્યા કાળમાં પણ વિચ્છેદ આદિ કાંઈ લખેલું નથી. પાછળથી જેને જે અનુમાન થયું એવું સમજ્યું–માન્યુ. પરંતુ સાચો વિચાર કરવાથી જ કરાયેલા અનુમાનની કસોટી થઈ શકે છે.

## પ્રક્ષેપની પ્રવૃત્તિનું ઉદાહરણ :–

મધ્યકાલમાં પ્રક્ષિપ્ત કરવાની પ્રવૃત્તિનું ઉદાહરણ :– દશાશ્રુત સ્કંધસૂત્ર ભદ્રબાહુ સ્વામી રચિત (સંકલિત) છે. એના નિર્યુક્તિકાર (છટ્ઠી શતાબ્દીનાં) બીજા ભદ્રબાહુ (વરાહમિહિરનાં ભાઈ) છે. નિર્યુકિતકારે પ્રથમ ગાથામાં સૂત્રકર્તા પ્રાચિન ભદ્ર બાહુને વંદન કર્યા છે. સૂત્રનો પરીચય આપતા નિર્યુક્તિકારે કહ્યું છે કે આમા નાની-નાની દશાઓ કહી છે. મોટી દશાઓ અન્ય આગમમાં છે. આઠમી દશામાં (પર્યુષણ કલ્પ) કેવળ સાધુ સમાચારી સબંધી સૂત્રની વ્યાખ્યા એમણે કરી છે.

કલ્પસૂત્રને મહત્વ આપવાની રૂચિવાળા તથાકથિત મહાપુરુષોએ એ પ્રચાર કર્યો કે – **બારસો શ્લોક પ્રમાણ ઉપલબ્ધ આખુ કલ્પસૂત્ર દશાશ્રુત સ્કંધનું આઠમું અધ્યયન જ છે જે ભગવાને કહેલ, ગણધરોએ ગુંથેલ અને ચૌદપૂર્વધર ભદ્રબાહુ દ્વારા સંકલિત છે.**

આ પ્રચારને પુષ્ઠ કરવા માટે કોઈએ આઠમી દશામાં બારસો શ્લોકનું કલ્પસૂત્ર જ લખી પણ દીધું. જે ૪૦૦ વર્ષથી વધારે જૂની દશાશ્રુતસ્કંધની હસ્તલિખિત પ્રતિ અમદાવાદની એલ.ડી. લાઈબ્રેરીમાં છે. એમાં આખુ કલ્પસૂત્ર આઠમી દશામાં ઉપલબ્ધ છે. જે મહાન પ્રક્ષપ્તીકરણનું ઉદાહરણ છે.

**પ્રશ્ન :** ધાતકીખંડ, અર્ધપુષ્કર દ્વીપના ક્ષેત્ર પર્વત કેવા છે ?

**જવાબ :** આભ્યંતર પરિધિનો ૩૮૦મો ભાગ અને બાહ્ય પરિધિનો પણ ૩૮૦મો ભાગ ભરતક્ષેત્રની પહોળાઈ થાય છે. અને એની લંબાઈ દ્વીપની પહોળાઈની જેટલી ૪ લાખ કે આઠ લાખ યોજન હોય છે. અર્થાત તે ભરતક્ષેત્ર અંદરની તરફ ઓછું પહોળું અને બહારની તરફ વધારે પહોળું અને દ્વીપ જેટલું લાંબુ હોય છે. એ રીતે ચુલહિમવંત આદિ ડબલ-ડબલ પહોળા છે. લંબચોરસ છે એમ સમજવું.

## નિબંધ – ૮૯

## ધ્યાન સંબંધી બહુ વિભાગી પરિજ્ઞાન

**ચાર ધ્યાન વિસ્તાર :–** ધ્યાન ચાર છે– **૧.** આર્તધ્યાન, **૨.** રૌદ્રધ્યાન **૩.** ધર્મ ધ્યાન **૪.** શુક્લધ્યાન.

**(૧) આર્ત ધ્યાનના ચાર ભેદ(પાયા) :– ૧.** પાંચ ઈન્દ્રિયો તથા ત્રણ યોગોને ઈષ્ટ, સાતાકારી, સુખકર એવા પૌદ્‌ગલિક ઈષ્ટ સંયોગ જે પ્રાપ્ત નથી થયા તે પ્રાપ્ત થઈ જાય અને જે પ્રાપ્ત છે તે ટકી રહે એવા ચિંતનની સ્થિરતા, એકાગ્રતા, **૨.**પાંચ ઈન્દ્રિયો તથા ત્રણે યોગોને અનિષ્ટ, અસાતાકારી, દુઃખકર એવા પૌદ્‌ગલિક સંયોગોનો વિયોગ થાય અથવા એવા સંયોગો આવે જ નહિ; એવી ચિંતનની સ્થિરતા, એકાગ્રતા. **૩.** કામ-ભોગો ભોગવવામાં આરોગ્ય રહે; યુવાની રહે; યોગ અને ઈન્દ્રિયોનું સામર્થ્ય રહે; સ્વાધીનતા, સત્તા, ઉન્માદ રહે; એવા ચિંતનની એકાગ્રતા. **૪.** આ ભવમાં, આગામી ભવમાં અને ભવો ભવમાં ચક્રવર્તી આદિની પદવી અને વિપુલ સુખ મળે, એવા ચિંતનની એકાગ્રતા.

**(૨) આર્ત્ત ધ્યાનના ચાર લક્ષણ(ચિન્હ) :– ૧.** ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ થતાં મનથી શોક કરવો, અરતિ, ગ્લાનિ, ઉદાસીનતા થવી ઉદ્વિગ્ન બનવું, સંતપ્ત, પરિતપ્ત થવું. **૨.** વચનથી રુદન કરવું, વિલાપ કરવો, દીન-હીન વચન કહેવા, આક્રંદ કરવું આદિ. **૩.** કાયાથી છાતી, માથું, હાથ આદિ કૂટવા, હાથ-પગ પછાડવા, માથું ઝુકાવી, માથે હાથ દઈને બેસવું, મોઢું ઢાંકવું. **૪.** આંખોથી અશ્રુપાત કરવો, આંખો ભીની ભીની રહેવી, નાકથી નિઃ✓ાસ નાંખવો, મુખેથી જીભ બહાર કાઢવી આદિ.

(૧) અનિષ્ટ વિયોગ, ઈષ્ટ સંયોગ આદિ થતાં મનથી પ્રસન્ન થવું, રતિભાવ આવવો, મનમાં ગલગલિયાં થવાં, ખુશીમાં ફૂલવું, તૃપ્ત-પરિતૃપ્ત થવું, (૨) વચનથી ગીત ગાવું, હાસ્ય-અટ્ટહાસ્ય કરવું, બંસરી, સીટી વગાડવી, ખિલખિલાટ કરવું આદિ. (૩) કાયાથી મૂછો પર તાવ દેવો, તાલી વગાડવી, પગેથી નાચવું, હાથ-પગ ઉછાળવા, કૂદવું, ભુજા આદિ ફટકારવા, અભિનય કરવો, આંખો વિકસિત થવી, હર્ષના અશ્રુ આવવા, નાકથી ✓ાસની ગતિ ધીમી થવી, જીભનું હોઠ ઉપર ફરવું આદિ.

**(૧) રૌદ્ર ધ્યાનના ચાર ભેદ(પાયા) :– ૧.** પોતાના ઈષ્ટ સંયોગો આદિ માટે નિર્દોષ, નિર્બળને દબાવવા, પીડિત કરવા, દંડ લેવો-દેવો, હત્યા કરવી, યુદ્ધ કરવું.





**૨.** જૂઠું બોલવું, વિ✓ાસઘાત કરવો, ખોટા કલંક, દોષારોપણ કરવું, ખોટી સાક્ષી પૂરવી. **૩.** મોટી ચોરી કરવી, લૂટવું, ચોરવું, તેના માટે પ્રેરણા-સહાયતા કરવી, ચોરીનો માલ સસ્તામાં લેવો, ન્યાયોચિત કર(ટેક્સ)ની ચોરી કરવી, ચોરી કરીને પ્રસન્ન થવું, **૪.** નિર્દોષને કારાવાસમાં રાખવા; કન્યા, પરસ્ત્રી યા વિધવાનું અપહરણ કરવું, બળાત્કાર કરવો; શરાફ શ્રેષ્ઠી બનીને લૂટી લેવું; સ્વામી ઉપકારીનો દ્રોહ કરવો આદિ.

**(૨) રૌદ્ર ધ્યાનના ચાર લક્ષણ(ચિન્હ) :– ૧.** સ્વજન કે પરજનના અજાણ-પણામાં કરેલા નાના ગુન્હા માટે ખૂબ કોપ(ગુસ્સો) કરવો, ખૂબ ક્રૂર દંડ દેવો. **૨.** વારંવાર વિવિધ પ્રકારે દંડ દેવો. **૩.** આરોપી દ્વારા નિર્દોષતા પ્રમાણિત કરવા છતાં પણ તેને જાણવાની, સમજવાની તૈયારી ન રાખવી, સમજમાં આવ્યા છતાંયે સ્વીકાર કરવા તૈયાર ન થવું. **૪.** આરોપી દ્વારા ક્ષમા માગી લીધા પછી પણ અને જીવનમાં સુધારો લાવ્યા બાદ પણ જીવે ત્યાં સુધી તેના તરફ શત્રુતા રાખવી.

**(૧) ધર્મ ધ્યાનના ભેદ(પાયા) :– ૧.** તીર્થંકર દેવોની આજ્ઞાનું, સંવર-નિર્જરા ધર્મ આદરવાનું ધ્યાન કરે, અનાજ્ઞાનું, આશ્રવને અટકાવવા(વિરમણ)નું ધ્યાન કરે. **૨.** આજ્ઞા પાલનથી આ ભવના સુખ-શાંતિ, આદર આદિનો લાભ તથા ધર્મ, કર્મ નિર્જરાના લાભનું ચિંતન કરે, આજ્ઞાપાલન ન કરવાથી આ લોકના દુઃખ, અશાંતિ, અનાદર આદિનું તથા કર્મબંધ અને કર્મગુરુતાનું ધ્યાન કરે. **૩.** આજ્ઞા પાલનથી પરભવના પુણ્ય ફળ તથા નિર્જરાનું ચિંતન કરે, તથા આજ્ઞા વિરાધનાથી પરભવના પાપફળ તથા કર્મબંધનું ચિંતન કરે. **૪.** આજ્ઞા પાલનથી લોકાગ્ર, લોક મસ્તક, સિદ્ધશિલા પર સિદ્ધત્વ પ્રાપ્તિ અને અનુત્તર, અવ્યાબાધ સુખનું ચિંતન કરે તથા આજ્ઞા વિરાધનાથી ચૌદ રાજ પરિમાણ ઉર્ધ્વ, અધો, તિર્યક્ લોકમાં ચાર ગતિ ચોવીસ દંડક ચોરાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ, દારુણ દુઃખ, દુઃખ પરંપરા અનુબંધનો વિચાર કરે.

**(૨) ધર્મ ધ્યાનના ચાર લક્ષણ(ચિન્હ) :– ૧.** દેવ, ગુરુ, શાસ્ત્રની; આજ્ઞા, આદેશ, અનુશાસનમાં તથા તદ્‌નુસાર ક્રિયામાં રુચિ, **૨.** વિધિ, ઉપદેશ, બોધ, સમજણ તથા તેનાથી ક્રિયાધર્મમાં રુચિ, **૩.** સૂત્ર સિદ્ધાંતનું શ્રવણ, વાંચન, અધ્યયન અને કંઠસ્થ કરવું, સ્વાધ્યાય આદિમાં રુચિ. **૪.** નિસર્ગ– ઉપરના ત્રણે કારણો વિના ક્ષયોપશમ સ્વભાવથી જ દશ્ય પદાર્થની અનુપ્રેક્ષા, જાતિસ્મરણ જ્ઞાન કે અવધિજ્ઞાનથી રુચિ.

**(૩) ધર્મ ધ્યાનના ચાર આલંબન :– ૧.** ગુરુ–શિષ્ય કે સાધર્મિક સાથે વાચના

લેવી-દેવી, સાંભળવી-સંભળાવવી; શીખવું-શીખવાડવું. **૨.** જિજ્ઞાસા, સ્પષ્ટતા, પરીક્ષા આદિ હેતુથી પ્રશ્ન પૂછવા, ઉત્તર દેવા, વાદ-વિવાદ કરવો અને પ્રશ્નોત્તર, સંવાદ સાંભળવો. **૩.** સ્વાધ્યાય કરવો, કરાવવો, સાંભળવો, પુનરાર્વતન કરવું, પાઠ પાકા કરવા. **૪.** ધર્મકથા કહેવી, સાંભળવી, શિક્ષા, બોધ, ઉપદેશ, આજ્ઞા કરવા કે સાંભળવા.

**(૪) ધર્મ ધ્યાનની ચાર અનુપ્રેક્ષા :–** (૧)એકત્વની અનુપ્રેક્ષા– સંસારમાં જીવ, કુટુંબ જાતિ સમાજ આદિમાં અનેકરૂપે હોવા છતાંય જીવ એકલો જ છે, એકલો જ પૂર્વ ભવથી આવ્યો છે, આગામી ભવમાં એકલો જ જવાનો છે. કર્મ બાંધવામાં, સંચિત કરવામાં, ઉદીરણા કરવામાં, ભોગવવામાં, નિર્જરામાં આત્મા એકલો જ મુખ્ય કારક છે, બીજા બધા ઉપકારક યા સહકારક છે. (૨) અનિત્ય ભાવના– જીવથી જીવનો, પુદ્ગલથી પુદ્ગલનો, જીવથી પુદ્ગલનો સંયોગસંબંધ અનિત્ય છે, કારણ કે વિયોગ અવશ્યંભાવી છે. જેમ જીવ અને શરીરનો જન્મસંયોગ છે તો મૃત્યુ વિયોગ નિશ્ચિત છે. લગ્ન પછી વૈધવ્ય–વિધુરત્વ અનિવાર્ય છે. સંઘાતથી સ્કંધ બન્યા બાદ ભેદથી પરમાણુ દશા અવશ્ય આવે છે. (૩) અશરણ ભાવના– જ્યાં સુધી પુણ્યોદય છે ત્યાં સુધી શરીર, પરિવાર, ધન આદિ શરણતભૂત દેખાય છે પરંતુ નિકાચિત પાપોદય થતાં દારુણ કર્મવિપાકને ભોગવવા જ પડે છે. કોઈ પણ તેનાથી બચાવવા સમર્થ નથી. તેને કોઈ લઈ પણ શકતા નથી, તેનો અંશ પણ લઈ શકતા નથી, તેને ઓછાં પણ કરી શકતા નથી, અરે 'ઓછા થઈ જશે' એવું આ√ાસન પણ આપી શકતા નથી (૪) સંસાર- ભાવના– જે આજે માતા છે તે પુત્રી, પત્ની, ભગિની, પુત્રવધૂ બની જાય છે, જે આજે પિતા છે તે પુત્ર, ભાઈ, પતિ, જમાઈ બની જાય છે. આ રીતે અનુકૂળ સંબંધ પણ પરિવર્તનશીલ છે તથા શત્રુ, શોષક, હત્યારા, વિ√ાસઘાતી પણ બની જાય છે, આ પ્રતિકૂળ સંબંધ પણ પરિવર્તનશીલ છે. અનુકૂળ પ્રતિકૂળમાં તથા પ્રતિકૂળ અનુકૂળમાં આમ પણ પરિવર્તન ચાલુ રહે છે. કોઈ આગામી ભવમાં તો કોઈ આ જ ભવમાં પરિવર્તિત થઈ જાય છે.

**(૧) શુક્લ ધ્યાનના ચાર ભેદ(પાયા) :– ૧.** ધર્મ ધ્યાનની સૂક્ષ્મતા વધારતાં-વધારતાં શ્રુતજ્ઞાનના શબ્દથી અર્થમાં યા અર્થથી શબ્દમાં સંક્રાંત થવું, શ્રુત નિર્દિષ્ટ દ્રવ્યથી ગુણમાં, ગુણથી પર્યાયમાં, પર્યાયથી દ્રવ્યમાં કોઈ પણ વિકલ્પથી સંક્રાંત થવું પરંતુ અન્ય વિષયોમાં ન જવું, તે જ વિષયોમાં એકાગ્ર થવું. **૨.** શ્રુતજ્ઞાનના શબ્દ યા અર્થમાં, દ્રવ્ય ગુણ યા પર્યાયમાં સંક્રાંત થયા વિના કોઈ એકમાં જ એકાગ્ર





થવું. આ જ રીતે મન, વચન, કાયાથી પણ સંક્રાંત થયા વિના એકાગ્ર થવું. **૩.** તેરમાં ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાનમાં આરૂઢ થવા માટે બાદર મન, વચન, કાયાના યોગને નિરોધવા. **૪.** સૂક્ષ્મ મન, વચન, કાય યોગનો પણ નિરોધ કરવો, નિરોધ કરીને ચૌદમા ગુણસ્થાનમાં મેરુ પર્વતની જેમ સર્વથા અચલ-અડોલ થવું, આત્મપ્રદેશોનું પણ ઉત્કલન ન રહેવું, સ્થિર થઈ જવું.

**(૨) શુક્લ ધ્યાનના ચાર લક્ષણ :– ૧.** પ્રખર અશાતા કારક, પ્રખર વેદનીય કર્મોદય તથા મરણ આવવા છતાં ય પણ વ્યથિત ન થવું. **૨.** પ્રબળ, ચરમ મોહકારક અપ્સરાદિના વિલાસ, કટાક્ષ, આમંત્રણ, આલિંગન આદિમાં પણ મોહ પ્રાપ્ત ન કરવો. **૩.** જીવ અને શરીરમાં પૃથક્કરણનો અનુભવ કરવો. **૪.** પૃથક્કરણ અનુભવ અનુસાર વિવેકભાવ પ્રાપ્ત કરવો, જાગૃત રહેવું, શરીર મમત્વ આદિનો ત્યાગ કરવો, પૌદ્ગલિક સુખ-દુઃખના સંયોગમાં અખંડ નિર્વેદ ભાવમાં રહેવું. શરીર અને ઉપધિમાં આસક્તિભાવનું વ્યુત્સર્જન થવું.

**(૩) શુક્લ ધ્યાનના ચાર આલંબન :– ૧. ક્રોધ** ઉદીરણા માટે બળવાન કારણ ઉપસ્થિત થવા છતાં પણ અપૂર્વ ક્ષમા ધારણ કરવી. સોમિલ બ્રાહ્મણના પ્રસંગમાં 'ગજસુકુમાર'ની સમાન. **૨. લોભ** ઉદીરણાનો બળવાન પ્રસંગ ઉપસ્થિત થતાં પણ અપૂર્વ 'લોભમુક્ત' થવું. ભવનપતિ દેવો દ્વારા નિદાન કરવાની પ્રાર્થના કરવા છતાં પણ લોભ મુક્ત 'તામલી તાપસ' વત્. **૩. માયા** ઉદીરણાનો બળ વાન પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ 'સરલતા', નિષ્કપટતા, એકરૂપતા આ ત્રણે યોગ અપનાવવા. મહાબલ દ્વારા માયા કરવા છતાં પણ સરળ મનવાળા છએ મિત્ર રાજર્ષિ સમાન. **૪. માન–** માન ઉદીરણાનો બળવાન પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ 'નમ્ર, વિનીત, કોમળ, લઘુ' બનીને રહેવું, ક્ષત્રિય રાજર્ષિ દ્વારા સ્તુતિ કરાવ છતાંય નમ્ર સંયતિ રાજર્ષિવત્.

**(૪) શુક્લ ધ્યાનની ચાર અનુપ્રેક્ષા :– ૧.** વ્યવહાર રાશિનો પ્રત્યેક જીવ બધી યોનિમાં અનંતીવાર પરિભ્રમણ કરી ચૂકયો છે છતાં પણ મોહના કારણે વિરામની ભાવના નથી આવી. **૨.** વિ√ના બધા પુદ્ગલ પદાર્થ સ્વભાવથી કે પ્રયોગથી શુભથી અશુભમાં અને અશુભથી શુભમાં પરિણત થતા રહે છે તો પછી તેમાં એકાંત રાગ કે એકાંત દ્વેષ શા માટે રાખવો ? વીતરાગતાના ભાવમાં જ રહેવું. **૩.** આ સંસારના સમસ્ત પ્રવર્તનોમાં દુઃખનો જ અનુભવ કરવો. જેમ કે–**અહો દુક્ખો હુ સંસારો** અર્થાત્ 'આ સારો ય સંસાર દુઃખમય છે' એમ ચિંતન કરીને વિરકત રહેવું. દુઃખના મૂળ કારણનું ચિંતન કરવું. જેમ કે સંસાર પરિભ્રમણ

અર્થાત્ જન્મ-મરણાદિ દુઃખના મૂળ છે, જન્મ-મરણનું મૂળ કર્મબંધ છે અને કર્મબંધનું મૂળ વિષયેચ્છા, ભોગેચ્છા, તૃષ્ણા છે તથા તેનું મૂળ રાગ, દ્વેષ અર્થાત્ મોહ છે. તેથી મોહ, રાગ, દ્વેષ, ભોગેચ્છા, કર્મબંધ, જન્મ-મરણ આદિ દુઃખોથી વિરાગી થઈ આત્માનું મોક્ષમાર્ગ તથા મોક્ષ સન્મુખ થવું. આ પ્રમાણે ૨+૨+૪+૪ = ૧૨ × ૪ = ૪૮ ભેદ–પ્રભેદોથી ચાર ધ્યાનનું વર્ણન થાય છે.

**આધ્યાત્મિક ધ્યાન :–** ચિત્તની અવસ્થાઓનું કોઈ વિષય ઉપર કેન્દ્રિત થવું એ ધ્યાન છે. જૈન પરંપરાઓમાં ધ્યાનના ચાર પ્રકાર છે– **૧.** આર્તધ્યાન **૨.** રૌદ્ર ધ્યાન **૩.** ધર્મ ધ્યાન અને **૪.** શુક્લ ધ્યાન. આર્ત્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન મનની દૂષિત પ્રવૃત્તિઓ છે. સ્વાધ્યાય અને તપની દૃષ્ટિએ તેનું કોઈ મૂલ નથી. એ બંને ધ્યાન ત્યાજ્ય છે. આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન એ બંને ધ્યાન મહત્ત્વપૂર્ણ છે. તેની વિચારણા આ પ્રમાણે છે.

**(૧) ધર્મધ્યાન :–** આનો અર્થ છે ચિત્ત વિશુદ્ધિનો પ્રારંભિક અભ્યાસ. ધર્મ ધ્યાન માટે ચાર વાતો આવશ્યક છે– **૧.** આગમ જ્ઞાન **૨.** અનાસક્તિ **૩.** આત્મ સંયમ અને **૪.** મુમુક્ષુભાવ. ધર્મ ધ્યાનના ચાર પ્રકાર આ પ્રમાણે છે–

**(૧) આજ્ઞા વિચય–** આગમ અનુસાર તત્ત્વ સ્વરૂપ અને કર્તવ્યોનું ચિંતન કરવું. **(૨) અપાય વિચય–** હેય–ત્યાગવા યોગ્ય શું છે ? તેનું ચિંતન કરવું. **(૩) વિપાક વિચય–** હેયના પરિણામોનું ચિંતન કરવું.**(૪) સંસ્થાન વિચય–** લોક કે પદાર્થોની આકૃતિઓ, સ્વરૂપોનું ચિંતન કરવું. સંસ્થાન વિચય ધર્મધ્યાન પુનઃ ચાર વિભાગમાં વિભાજિત છે અર્થાત્ સંસ્થાન વિચયના ચાર ભેદ છે. જેમ કે–

**(અ) પિંડસ્થ ધ્યાન–** આ ધ્યાન કોઈ તત્ત્વ વિશેષના સ્વરૂપના ચિંતન ઉપર આધારિત છે. તેની આ પાંચ ધારણાઓ માનવામાં આવી છે– (૧) પાર્થિવી (૨) આગ્નેયી (૩) મારુતી (૪) વારુણી અને (૫) તત્ત્વભૂ. **(બ) પદસ્થ ધ્યાન–** આ ધ્યાન પવિત્ર મંત્રાક્ષર આદિ પદોનું અવલંબન લઈને કરાય છે. **(ક) રૂપસ્થ ધ્યાન–** રાગ, દ્વેષ, મોહ આદિ વિકારોથી રહિત અર્હત પ્રભુનું ધ્યાન કરવું. **(ડ) રૂપાતીત ધ્યાન–** નિરાકાર, ચૈતન્યસ્વરૂપ સિદ્ધ પરમાત્મનું ધ્યાન કરવું.

**(૨) શુક્લધ્યાન :–** આ ધર્મ ધ્યાન પછીની સ્થિતિ છે. શુક્લ ધ્યાન દ્વારા મનને શાંત અને નિષ્પ્રકંપ કરી શકાય છે. તેની અંતિમ પરિણતિ મનની સમસ્ત પ્રવૃત્તિઓનો પૂર્ણ નિરોધ છે. શુક્લ ધ્યાનના ચાર પ્રકાર છે–

**(૧)** પૃથકત્વ વિતર્ક સવિચાર– આ ધ્યાનમાં ધ્યાતા ક્યારેક અર્થનું ચિંતન કરતાં કરતાં શબ્દ અને શબ્દનું ચિંતન કરતાં કરતાં અર્થનું ચિંતન કરવા લાગી જાય છે.





આ ધ્યાનમાં અર્થ, વ્યંજન અને યોગનું સંક્રમણ થયા કરવા છતાં પણ ધ્યેય દ્રવ્ય એક જ રહે છે.

**(૨)** એકત્વ વિતર્ક અવિચારી– અર્થ, વ્યંજન અને યોગના સંક્રમણ રહિત એક પર્યાય વિષયક ધ્યાન **એકત્વશ્રુત અવિચાર** ધ્યાન કહેવાય છે.

**(૩)** સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી– મન, વચન અને શરીર વ્યાપારનો નિરોધ થાય અને ✓ાસો✓ાસની સૂક્ષ્મ ક્રિયા શેષ રહે તે સમયે ધ્યાનની આ અવસ્થા પ્રાપ્ત થાય છે. અર્થાત્ યોગ નિરોધ ક્રિયાના પ્રારંભથી અંત સુધી આ ધ્યાન અવસ્થા છે.

**(૪)** સમુચ્છિન્નક્રિયા નિવૃત્તિ– જ્યારે મન, વચન, કાયાની સમસ્ત પ્રવૃત્તિઓનો નિરોધ થઈ જાય છે, છેલ્લે ✓ાસો✓ાસની સૂક્ષ્મ ક્રિયાનો પણ નિરોધ થઈ જાય અને કોઈ પણ સૂક્ષ્મ ક્રિયા બાકી રહેતી નથી; તે અવસ્થાને સમુચ્છિન્ન ક્રિયા શુક્લ ધ્યાન કહે છે. આ પ્રમાણે શુક્લ ધ્યાનની પ્રથમ અવસ્થાથી ક્રમશઃ આગળ વધતાં વધતાં અંતિમ અવસ્થામાં સાધક અલ્પ સમયમાં જ કાયિક, વાચિક અને માનસિક બધી પ્રવૃત્તિઓનો પૂર્ણ નિરોધ કરી અંતમાં સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

**ધ્યાન માટે જ્ઞાન :–**

**પ્રથમ જ્ઞાન પીછે ક્રિયા, યહ જિન મત કા સાર ।**
**જ્ઞાન સહિત ક્રિયા કરે, તો ઉતરે ભવ પાર ॥**

કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં તેનું સ્વરૂપ સમજવું આવશ્યક છે. દશવૈકાલિક સૂત્ર અધ્યયન–૪, ગાથા–૧૦ માં કહ્યું છે કે અજ્ઞાની પોતાના હિત અને અહિતને કેવી રીતે સમજી શકે ?

ગ્રામાંતર જવું હોય તો તે ગામનો માર્ગ કયો છે ? સાથે સાથે બીજા ગામના પણ માર્ગ વચ્ચે-વચ્ચે કયા આવે છે ? તે પણ જાણકારી કરવી આવશ્યક છે.

ગમન કરવા માટે સાચો રાહ પણ હોય છે અને વિપરીત પણ. કોઈ પણ કાર્ય કરવાની સાચી વિધિ પણ હોય છે અને ખોટી વિધિ પણ હોય છે. ખાવાના પદાર્થ સારા પણ હોય છે અને નઠારા પણ હોય છે. બરાબર એ જ પ્રમાણે ધ્યાન પણ બે પ્રકારના છે– **૧.** શુભભાવ અને **૨.** અશુભભાવ. અશુભ ધ્યાનના બે પ્રકાર છે– **૧.** આર્તધ્યાન **૨.** રૌદ્ર ધ્યાન. શુભ ધ્યાનના બે પ્રકાર છે– **૧.** ધર્મ ધ્યાન **૨.** શુક્લ ધ્યાન. આત્માના પરિણામ– અધ્યવસાય પણ બે પ્રકારના હોય છે– **૧.** શુભ અધ્યવસાય **૨.** અશુભ અધ્યવસાય.

આગમમાં કહ્યું છે કે સદ્ધ્યાનમાં રહેવાવાળાની શુદ્ધિ થાય છે અથવા ધર્મ ધ્યાનમાં જે રત રહે છે તે ભિક્ષુ છે.– **દશવૈ. અ. ૮.**

**ધ્યાનની પરિભાષા :–** જો ધર્મ ધ્યાન કે શુભ ધ્યાન હોય છે તો પ્રતિપક્ષી અશુભ ધ્યાન કે અધર્મ ધ્યાનનું અસ્તિત્વ પણ હોય જ છે એ સ્પષ્ટ છે. તેથી ધ્યાનની પરિભાષા તે જ શુદ્ધ હોઈ શકે છે જેમાં અશુભ ધ્યાન અને શુભ ધ્યાન બંનેનો સમાવેશ હોઈ શકે છે અન્યથા તે ધ્યાનની પરિભાષા ન કહી શકાય.

જૈન આગમો અને અન્ય ગ્રંથોમાં જ્યાં પણ ધ્યાનના ભેદ બતાવ્યા છે કે ધ્યાનની પરિભાષા આપી છે તેમાં આ અપૂર્ણતા નથી અર્થાત્ તે પરિભાષામાં અને ભેદોમાં શુભ અને અશુભ બંને ધ્યાનોનો પૂર્ણ સમાવેશ હોય છે. કોઈ પણ વસ્તુની પરિભાષા તે પદાર્થના સંપૂર્ણ અવયવોને ગ્રહણ ન કરે તો તેને સાચી પરિભાષા ન કહી શકાય.

જૈનાગમાનુસાર ધ્યાનના ચાર પ્રકાર છે તેમાં બે આત્મા માટે અહિત કર છે, ત્યાજ્ય છે અને બે હિતકર છે, ગ્રાહ્ય છે. પ્રત્યેક ધ્યાનના આલંબન અને લક્ષણાદિ પણ આગમોમાં બતાવેલા છે.

બધા પ્રકારના ધ્યાન અને અધ્યાનના સ્વરૂપને બતાવનારી ધ્યાનની પરિભાષા **આવશ્યક નિર્યુક્તિ**માં આ પ્રમાણે છે–

**गाढालंबण लग्गं, चित्तं वुत्तं निरेयणं झाणं ।**
**सेसं न होइ झाणं, मउयमवत्तं भमंतं वा ॥ गाथा–१४८३ ॥**

**અર્થ :–** કોઈ પણ ગાઢ આલંબનમાં લાગેલ અને અકંપમાનસ્થિર ચિત્ત 'ધ્યાન' કહેવાય છે. શેષ જે ચિત્તની અવસ્થાઓ છે તે ધ્યાન સ્વરૂપ નથી જેમ કે– **૧.** આલંબન રહિત શાંત ચિત્ત **૨.** અવ્યક્ત ચિત્ત **૩.** ભટકતું ચિત્ત. **ધ્યાન શતક** નામના ગ્રંથમાં–

**जं थिरं अज्झवसाणं तं झाणं, जं चलं तयं चित्तं ।**
**तं होज्ज भावणा वा, अणुप्पेहा वा अहव चिंता ॥२॥**

**અર્થ :–** જે સ્થિર અધ્યવસાય છે તે ધ્યાન છે અને જે ચલ–અસ્થિર અધ્યવસાય છે તે ચિત્ત છે. જો કે ભાવના સ્વરૂપ, અનુપ્રેક્ષા સ્વરૂપ અને અન્ય કોઈ ચિંતા સ્વરૂપ પણ ધ્યાન હોઈ શકે છે.

આ બંને ગાથાઓમાં કહેલી પરિભાષાઓમાં શુભ અને અશુભ બંને પ્રકારના ધ્યાનોનો સમાવેશ થઈ જાય છે તથા ધ્યાન સાથે અધ્યાન અવસ્થાનું પણ સ્પષ્ટીકરણ થઈ જાય છે.

**સાર :–** શુભ કે અશુભ જે પણ સ્થિર અધ્યવસાય અવસ્થા છે તે ધ્યાન છે અને જે અસ્થિર–ચંચળ અધ્યવસાય છે તે અધ્યાન અવસ્થા છે. ગાઢ આલંબનયુક્ત





અવસ્થા અર્થાત્ કોઈ પણ એક વિષયમાં તલ્લીન અવસ્થા હોય તો ધ્યાન હોઈ શકે છે અને આલંબન રહિત યા મંદ સુસ્ત–શાંત પરિણામ છે, અવ્યક્ત પરિણામ (નિદ્રા આદિના) તથા ભટકતા વિચાર આદિ છે તે કોઈ પણ ધ્યાન નથી, તે આત્માની અધ્યાન અવસ્થા કહેવાય છે. અન્ય અનેક અવસ્થાઓ જે પણ છે તે અધ્યાન રૂપ છે. તેમ આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૪૮૧–૧૪૮૨માં બતાવ્યું છે.

**અધ્યાન :–** પ્રચલા–ઝબકી જવાની અવસ્થા, ગાઢ નિદ્રાવસ્થા, જાગૃત અવસ્થામાં પણ અવ્યાપારિત(અપ્રવૃત્ત, શાંત, સુસ્ત) ચિત્ત, જન્મતી સમયની અપર્યાપ્તાવસ્થા, અસંજ્ઞી જીવોના અવ્યક્ત ચિત્ત, મૂર્ચ્છિત અવસ્થા, નશામાં બેભાન અવસ્થા; આ બધી અધ્યાન અવસ્થાઓ છે, આ અવસ્થાઓમાં આત્માનું શુભ કે અશુભ કોઈ પણ ધ્યાન નથી હોતું, શુભાશુભ અધ્યવસાય હોય છે. સંક્ષેપમાં– ***કોઈ પણ વિષયમાં તલ્લીન થવું અને સ્થિર થવું તે જ ધ્યાન છે.***

**ચાર ધ્યાન :– ૧.** સુખ-દુઃખના સંયોગ-વિયોગ આદિ વિષયોમાં તલ્લીન અને સ્થિર ચિત્ત આર્ત્તધ્યાન છે. **૨.** અન્યનું અહિત કરવા આદિમાં તલ્લીન અને સ્થિર ચિત્ત રૌદ્ર ધ્યાન છે. આ બંને આત્મોન્નતિના ધ્યાન નથી. તેથી ધર્મ ધ્યાનની સાધનામાં તેનો સાવધાનીપૂર્વક ત્યાગ કરવામાં આવે છે. **૩.** તેના સિવાય આત્મ લક્ષ્યના કોઈ પણ વિષયમાં ચિત્તને તલ્લીન–એકાગ્ર કરવું એ ધર્મ ધ્યાન છે. **૪.** તેનાથી આગળ વધીને સૂક્ષ્મ અને સૂક્ષ્મતર વિષયમાં કેન્દ્રિત થવા પર શુક્લ ધ્યાનની પ્રાથમિક અવસ્થા આવે છે. શુક્લ ધ્યાનની આગળની અવસ્થા કેવલજ્ઞાન પ્રાપ્તિના સમયે અને કેવળજ્ઞાન થયા પછી જ હોય છે. તે મોક્ષ પ્રાપ્તિની અમુક ક્ષણો પહેલા હોય છે. તે યોગ નિરોધ અવસ્થા અંતિમ ધ્યાનસ્વરૂપ છે. છદ્મસ્થ અને કેવલીના ધ્યાનનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે. બે પ્રકારે ધ્યાન–

**अंतोमुहुत्तमेत्तं, चित्तवत्थाण एग वत्थुम्मि ।**
**छउमत्थाणं झाणं, जोग निरोहो जिणाणं तु ॥**

**અર્થ :–** માત્ર અંતર્મુહૂર્ત માટે કોઈ પણ એક વસ્તુના વિચારમાં ચિત્ત સ્થિર થઈ જાય તે છદ્મસ્થોનું ધ્યાન છે. યોગ નિરોધ કરતી વખતે અને યોગ નિરોધ થઈ ગયા બાદ જે આત્મ–અવસ્થા હોય છે તે કેવલીઓનું ધ્યાન છે. અંતુર્મુહૂર્ત બાદ છદ્મસ્થોમાં વિચાર કે ધ્યાન બદલી જાય છે. વિચલિત થઈ જાય છે. ઘણી વસ્તુઓના આલંબનની અપેક્ષાએ વિષયાંતરની અપેક્ષાએ ધ્યાન લાંબા સમય સુધી પણ રહી શકે છે.– ***ધ્યાન શતક, ગાથા–૪.***

છદ્મસ્થોનું ધ્યાન શુભ-અશુભ બંને પ્રકારનું હોઈ શકે છે અને અધ્યાન

અવસ્થા પણ ઘણા સમય સુધી રહે છે. કેવલીઓની યોગ નિરોધ અવસ્થામાં શુક્લ ધ્યાન હોય છે. બાકી લાંબી ઉંમર સુધી અધ્યાન અવસ્થા હોય.

આ પ્રકારે ધ્યાનને સમજીને આત્માને અશુભમાંથી શુભ ધ્યાનમાં તલ્લીન, સ્થિર કરવાથી ધર્મ ધ્યાનની સાધના કરી શકાય છે. આત્માને ધર્મ ધ્યાનમાં તલ્લીન–સ્થિર કરવા માટે આલંબન ભૂત વિષય આ પ્રમાણે સમજવા– **૧.** આત્મ સ્વરૂપ, **૨.** કર્મ સ્વરૂપ, **૩.** ભવ ભ્રમણ સ્વરૂપ, **૪.** કષાય સ્વરૂપ, **૫.** સિદ્ધ સ્વરૂપ, **૬.** સ્વદોષ દર્શન, **૭.** પરગુણ દર્શન, **૮.** સ્વદષ્ટિ પોષણ, **૯.** પરદષ્ટિ ત્યાગ, **૧૦.** પુદ્ગલાસક્તિ ત્યાગ, **૧૧.** એકલાપણાનું ચિંતન– એકત્વાનુપ્રેક્ષા, તે સિવાય અનિત્યત્વ, અશરણત્વ, અન્યત્વ આદિ ચિંતન તથા જિનભાષિત કોઈ પણ તત્ત્વનું સ્વરૂપ કે જિનાજ્ઞા સ્વરૂપનું ચિંતન.

વિષયની પસંદગીમાં એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે તેમાં શારીરિક, ઈહલૌકિક, સુખસંયોગ, દુઃખવિયોગ, પરના અહિતરૂપ વગેરે અશુભ વિષયો ન હોવા જોઈએ.

**સાર :– ૧. શુભ ધ્યાન** આત્મા માટે હિતકર છે મહાન કર્મ નિર્જરાનું કારણ છે. **૨. અશુભ ધ્યાન** કર્મબંધનો હેતુ છે. **૩.** ચિત્તની **ચંચળ અવસ્થારૂપ અધ્યાન** પણ અનેક કર્મોની વૃદ્ધિ કરનાર છે. **૪.** મનની શાંત–સુપ્ત કે **અવ્યક્ત અવસ્થા** પણ અધ્યાનરૂપ છે, તેમાં આશ્રવ ઓછો થવા સાથે નિર્જરા પણ ઓછી થાય છે.

આ ચારે અવસ્થાઓમાં પહેલી અવસ્થા આત્મોન્નતિમાં વધારે ઉપયોગી છે. એમ સમજીને મહાન નિર્જરાના હેતુરૂપ શુભધ્યાન અર્થાત્ ધર્મધ્યાનમાં આત્માને જોડવાની સાધના કરવી જોઈએ.

વર્તમાનમાં પ્રચલિત અનેક પ્રણાલિકાઓથી પ્રાપ્ત અવસ્થાઓ વાસ્તવમાં અધ્યાન રૂપ આત્મ–અવસ્થાઓ છે, એમ ઉપરોકત પ્રમાણ અને વિવેચનથી સમજી શકાય છે. તે ઉપરોકત ચોથી દશા અવસ્થા અર્થાત્ અધ્યાન અવસ્થા છે. તેથી મોક્ષ પ્રાપ્તિની સાધનામાં તે વિશેષ ગતિપ્રદ સાધના બની શકતી નથી.

**ધ્યાન સાથે સાચી શ્રદ્ધા :–** જૈન ધર્મની દષ્ટિએ ધર્મ ધ્યાનની સાધના કરનાર મુમુક્ષુ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ શ્રદ્ધાથી યુક્ત હોવા જોઈએ. તેના વિના સંપૂર્ણ સંયમ અને તપ રાખ ઉપર લીંપણ સમાન થાય છે.

જિનવાણી પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા સહિત યથાશક્તિ જિનાજ્ઞાનુસાર શ્રાવકના બાર વ્રતરૂપ દેશવિરતિ ધર્મમાં અથવા સંયમ–ચારિત્ર રૂપ સર્વવિરતિ ધર્મમાં તેમનો પુરુષાર્થ હોવો જોઈએ. આ બંને પ્રકારના ધર્મ પ્રત્યે શ્રદ્ધા-નિષ્ઠા હોવી





જોઈએ. પરંતુ 'આ તો ક્રિયાકાંડ છે' આવા શબ્દો કે ભાવોથી આત્મામાં ઉપેક્ષાવૃત્તિ ન હોવી જોઈએ.

શ્રાવકોના આગમિક વિશેષણોમાં સર્વ પ્રથમ વિશેષણ 'જીવાદિ પદાર્થોના જ્ઞાતા હોવું' બતાવેલ છે. સમ્યકત્વના સ્વરૂપમાં પણ જીવાદિ પદાર્થોનું જ્ઞાન અને શ્રદ્ધા આવશ્યક અંગ કહ્યા છે.

ધ્યાન એ તપ છે તેની પહેલાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શ્રદ્ધાન અને યથાશક્તિ દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્ર આવશ્યક છે. આ ત્રણની ઉપસ્થિતિમાં જ તપ અને ધ્યાન આદિ આત્મસાધનાના અંગરૂપે બનીને વિકાસ કરાવી શકે છે. તેથી તપ કે ધ્યાનની સાધનામાં અગ્રેસર થનાર સાધકોએ પોતાની સમ્યગ્જ્ઞાન, સમ્યક શ્રદ્ધા અને સમ્યક ચારિત્રની ભૂમિકાને સુરક્ષિત રાખીને આગળ વધવું જોઈએ.

સામાન્ય જ્ઞાનવાળા છદ્મસ્થ સાધકોની અપેક્ષા વિશિષ્ટ જ્ઞાનવાળા છદ્મસ્થ જ્ઞાનીઓની વાત વિશેષ પ્રમાણભૂત માનવી જોઈએ. વિશિષ્ટ જ્ઞાની છદ્મસ્થોની અપેક્ષા સર્વજ્ઞ ભગવંતોની વાત વિશેષ મહત્ત્વની માનવી,સ્વીકારવી જોઈએ. આ નિર્ણય બુદ્ધિ રાખીને શુદ્ધ શ્રદ્ધાની સાથે જ શુદ્ધ આચરણ કરવું જોઈએ.

ચારે ધ્યાનના જે લક્ષણ છે, જે આલંબન છે, જે અનુપ્રેક્ષા છે તેમાં વર્તતા જ્યારે સ્થિર અવસ્થા આવે, ત્યારે તે ધ્યાન કહેવાય છે. તેની પૂર્વે સાધક તે ધ્યાનના આલંબનાદિ રૂપ અવસ્થામાં રહે છે.

જ્યારે આવી સ્થિર અવસ્થા આવે છે ત્યારે જ તે શુભ યા અશુભ ધ્યાન થાય છે. તેથી શુભ ધ્યાન અવસ્થા પ્રાપ્ત કરવા માટે તેના આલંબન આદિમાં સ્થિર પરિણામ રાખવાનો અભ્યાસ કરવો, તે જ ધર્મ ધ્યાનની સાધના છે.

શાસ્ત્રોક્ત આલંબન રહિત માત્ર શરીરના અંગ કે ✓ાસના આલંબનની સાધના કેવલ અસ્થિર ચિત્તની અસ્થિરતા ઓછી કરવાનો ઉપાય માત્ર છે. તેનાથી આગળ વધીને ધર્મ તત્ત્વાનુપ્રેક્ષામાં એટલે કે અધ્યવસાયોને અને ચિત્તને સ્થિર રાખી ભગવદાજ્ઞામાં, સંસાર કે લોક સ્વરૂપ વગેરેની ભાવનામાં એકાગ્રતા રાખવી તે ધર્મ ધ્યાનની સાધના છે. આવી રીતે સમજપૂર્વક ધર્મ ધ્યાનની સાધના કરવી જ શ્રેયસ્કર છે.

**અધ્યાન વિચારણા :–** સંક્ષેપમાં અધ્યાનના બે પ્રકાર કહ્યા છે– શાંત, સુપ્ત, ચિત્ત અવસ્થા તથા ચંચલચિત્ત અવસ્થા. અન્ય પરિભાષાવાળાઓના ધ્યાનનો સમાવેશ આ અધ્યાન અવસ્થામાં થાય છે. આગમ નિરપેક્ષ થઈ કોઈ તેને પાંચમું ધ્યાન કહે અથવા વાસ્તવિક ધ્યાન આ જ છે અન્ય ચારે અધ્યાન છે એમ કહે તો

તેનું કથન બુદ્ધિ કલ્પિત કહેવાશે. તેને જૈનાગમ અથવા જૈનધર્મના ધ્યાનના નામે ઓળખવું,સમજવું તે ભ્રમણા છે.

જૈનધર્મનું ધ્યાન જ્ઞાનપૂર્વકનું ધ્યાન છે, તેના ચાર પ્રકાર છે– જેમાં શુભ, અશુભ બન્નેનો સમાવેશ છે. આ ચારે ધ્યાન ચિત્તની સ્થિરતા ઉપર આધારિત છે. બે હેય છે તો બે ઉપાદેય છે. ચારેયના ચાર-ચાર લક્ષણ તથા આલંબન છે. ધર્મ ધ્યાનના ચાર વિચય–ચિંતનના મુખ્ય વિષય છે, ચાર અનુપ્રેક્ષા છે, ચાર આલંબન છે અને ચાર રુચિઓ છે. આ સર્વેય ધ્યાનમાં જવા માટેના ઉપયોગી ધર્મ દ્વાર છે. તેમાં પ્રવેશ કરીને કોઈપણ વિષયમાં તલ્લીન થતાં સાધકને ધ્યાન દશા પ્રાપ્ત થાય છે. ચલ-વિચલ અવસ્થામાં તે સાધક ધર્મધ્યાનના આલંબનમાં જ રહે છે, ધ્યાનની અંદર પ્રવેશતા નથી. શાસ્ત્રોક્ત તે સર્વ આવલંબન સ્વાધ્યાય રૂપ તેમજ નિર્જરા રૂપ હોય છે.

સાધુઓનું જીવન એ આત્મ સાધના માટે જ હોય છે. તેની દિનચર્યાના વિષયમાં આગમમાં બતાવ્યું છે કે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરવો અને બીજા પ્રહરમાં ધ્યાન ધરવું. સ્વાધ્યાયના ચાર પ્રહર તથા ધ્યાનના બે પ્રહર કહ્યા છે. ગૌતમસ્વામી આદિ અણગારો આગમોક્ત દિનચર્યાનું પાલન કરતા હતા. ***આ પ્રમાણે જૈનાગમ જ્ઞાનપૂર્વક ધ્યાન કરવાનું કહે છે. જ્યારે વર્તમાન ધ્યાન કરાવનાર ખાવું, પીવું, સૂવું ઈત્યાદિક શારીરિક કાર્યનો નિષેધ ન કરતાં આગમ સ્વાધ્યાયનો નિષેધ કરે છે. આ આગમ નિરપેક્ષ માનસ વૃત્તિ છે.*** જ્ઞાનથી ધ્યાનની શુદ્ધિ તથા વૃદ્ધિ થાય છે. કષાયોથી ધ્યાનની વિકૃતિ થાય છે. કષાય બાહ્ય વૃત્તિથી થાય છે. જ્ઞાન અંતર્મુખ જાગૃતિનું કારણ બને છે, તે ધ્યાનનો સહયોગી છે. સ્વાધ્યાયને રાગ-દ્વેષનું મૂળ નથી કહેવાતું. વ્યક્તિગત કોઈના માટે આશ્રવનું સ્થાન પણ નિર્જરારૂપ અને નિર્જરાનું સ્થાન પણ બંધરૂપ થઈ જાય છે; જ્યારે સિદ્ધાંત તો જ્ઞાનને સદાય આગળ રાખે છે. માટે ધ્યાનમાં જ્ઞાનનો નિષેધ થઈ શકતો નથી. રાગ-દ્વેષના મૂળભૂત વિષય તો ઈન્દ્રિય વિષય, આશા, તૃષ્ણા અને હિંસા વગેરે પાપ છે, તે બધા ત્યાજ્ય છે પરંતુ સ્વાધ્યાય તો ઉપાદેય તત્વ છે, યથાસમયે વૃદ્ધિ કરવાને યોગ્ય છે, આભ્યંતર તપ છે. ધ્યાનને પ્રાપ્ત કરાવવામાં આલંબન રૂપ છે.

**સંપૂર્ણ સાર :–** કોઈ પણ આલંબનમાં સ્થિરતા મેળવતાં ધ્યાન કહેવાય છે તે સિવાય સુપ્તાવસ્થા, ચિત્ત વિહ્વલતા અથવા અવ્યક્ત ચિત્તાવસ્થાને ધ્યાન કહેવામાં નથી આવતું. અશુભ આર્ત-રૌદ્રના ચિંતનોથી નિવૃત્ત થઈ ધર્મ તત્ત્વના ચિંતનમાં આવી, સ્થિર થવાનો અભ્યાસ કરી, સ્થિર થવું, તેને ધર્મધ્યાન કહેવાય છે.





**ગુપ્તિ :–** મન, વચન અને કાયાનો નિગ્રહ કરવો, તેમાં પ્રવૃત્તિને અલ્પ, અલ્પતમ કરવી, સહજ આવશ્યક ચિંતન સિવાય અન્ય સંકલ્પોનો નિગ્રહ કરવો, મનને વધુને વધુ વશ કરવું તે મન ગુપ્તિ છે.

વચન પ્રયોગ કરવા માટે ઉત્પન્ન થતી ઈચ્છાનો નિગ્રહ કરવો, અત્યન્ત અલ્પ અથવા આવશ્યકતા હોય તો જ બોલવું, તે સિવાય મૌન રહેવું; તેને વચન ગુપ્તિ કહેવાય છે.

કાયાની ચંચલતા, ઈન્દ્રિયોની ચંચલતા, ખાવું-પીવું, ચાલવું, ફરવું મોજ-શોખ કરવા આદિ અનેક પ્રવૃત્તિઓથી ઉદાસીન બની કાર્યોના પ્રવર્તન અલ્પ, અલ્પતમમાં કરવા તે કાય ગુપ્તિ કહેવાય.

**સમિતિ :–** સમિતિમાં નિગ્રહ કરવાનો નથી. દિવસ-રાતમાં જે આવશ્યક કર્તવ્ય કરવાના હોય તે કરવા છતાં પણ **जयं चरे जयं चिट्ठे** આદિનું અવશ્ય પાલન કરવું. અર્થાત્ દરેક પ્રવૃત્તિ જતનાપૂર્વક કરવી; દરેક કાર્યમાં વિવેક રાખવો; આ રીતે સમિતિમાં નિગ્રહ સ્થાને વિવેક–જતનાની મુખ્યતા નથી.

**સ્વાધ્યાય :–** આગમ કથિત તત્ત્વોનું અધ્યયન–સ્વાધ્યાય કરવો, કંઠસ્થ કરવું, અર્થ સમજવા, શંકા સમાધાન કરવા પુનરાવર્તન કરવું, સ્વયં અનુપ્રેક્ષણ કરી અર્થ-પરમાર્થની ઉપલબ્ધિ કરવી, શ્રુત નવનીતને યથાવસરે ભવી જીવો સમક્ષ પીરસવું તેવા વાચના પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ સ્વાધ્યાયના અંગ છે.

**ધ્યાન :–** **(૧)** સંયોગ વિયોગના ગાઢતર સંકલ્પ-વિકલ્પ આર્તધ્યાન છે. **(૨)** બીજાના અનિષ્ટનો સંક્લિષ્ટ સંકલ્પ રૌદ્રધ્યાન છે. **(૩)** આત્મલક્ષી બાર ભાવનાદિના અનુપ્રેક્ષણ તે ધર્મ ધ્યાન છે. **(૪)** અત્યંત શુક્લ અને સૂક્ષ્મતમ આત્મ અનુપ્રેક્ષા કરવી, આત્મભાવમાં દઢતાની અવસ્થા પ્રાપ્ત થવી તેને શુક્લ ધ્યાન કહેવાય છે.

**ધ્યાન અને સ્વાધ્યાય :–** જ્ઞાન તથા જ્ઞાનના પરમાર્થનું અનુપ્રેક્ષણ સ્વાધ્યાય છે. સ્વાધ્યાય ધર્મ ધ્યાનનું આલંબન છે પરંતુ ધ્યાન સ્વાધ્યાયના પાંચ પ્રકારથી ભિન્ન તત્ત્વ, ભિન્ન તપ છે.

પરંપરાએ વ્યવહારમાં કહેવાતું ધર્મધ્યાન તો ધર્માચરણ માટે રૂઢ છે. તેવી જ રીતે બીજા પ્રહરનું આગમ કથિત ધ્યાન પણ તે આગમોના અર્થનું ચિંતન, મનન અને અવગાહન માટે રૂઢ પ્રયોગ છે. કારણ કે બીજા પ્રહરનાં ઉત્કાલિક સૂત્રોનો સ્વાધ્યાય કરવો; ગુરુ પાસે અર્થની વાચના લેવી અને પ્રથમ પ્રહરમાં

કરાયેલ સ્વાધ્યાયના અર્થ–પરમાર્થનું અનુપ્રેક્ષણ કરવું ઈત્યાદિ વિધાનોથી પણ તે સ્વાધ્યાય પ્રવૃત્તિ રૂપ ધર્મધ્યાન જ છે, એવું આગમ પાઠોથી તથા સ્વાધ્યાયના કહેવાયેલ પાંચ ભેદોના વર્ણનથી સ્પષ્ટ થાય છે. તેથી જ ધ્યાનની પોરસીનું બીજું નામ **અર્થ પોરસી** તેમ અનેક જગ્યાએ કહેવામાં આવ્યું છે.

ધ્યાન સ્વતંત્ર છે, સ્વાધ્યાયથી ભિન્ન છે. તેને સ્વાધ્યાયની પરિભાષાથી અને સ્વાધ્યાયના પાંચ ભેદોથી અલગ સમજવું જોઈએ. ધ્યાન તપની અપેક્ષાએ આગમમાં **पुव्वरत्ता वरत्त काल समयंसि धम्म जागरियं जागरमाणे** તથા **जो पुव्वरत्तावररत्त काले, संपेहए अप्पगमप्पएणं** આદિ વાક્ય આવ્યા છે. તથા આગમમાં ધ્યાનની અનુપ્રેક્ષાઓ પણ સ્વતંત્ર કહેવામાં આવી છે.

તાત્પર્ય એ છે કે પુદ્ગલલક્ષી યા પરલક્ષી અનુપ્રેક્ષણની તલ્લીનતા અશુભ ધ્યાન છે. આત્મલક્ષી, સંયમલક્ષી અનુપ્રેક્ષણની તલ્લીનતા શુભ ધ્યાન છે તથા તત્ત્વલક્ષી અનુપ્રેક્ષણ સ્વાધ્યાયના ભેદરૂપ અનુપ્રેક્ષા છે.

**વ્યુત્સર્ગ :–** મન, વચન અને કાયાની પ્રવૃત્તિને સમયની મર્યાદા કરી વોસિરાવી દેવી; સંઘ સમૂહ અને સંયોગોનો ત્યાગ(શક્ય હોય તેટલો કે સર્વથા ત્યાગ) કરવો વ્યુત્સર્ગ તપ છે. તેમાં કાયોત્સર્ગનો, મૌન વ્રતનો અને એક વસ્તુ યા ક્રિયા પ્રેક્ષણનો (જ્ઞાતા-દૃષ્ટા ભાવનો) સમાવેશ સમજવો જોઈએ.

સ્વાધ્યાય તથા તેના અનુપ્રેક્ષણરૂપ ધ્યાન કલાકો સુધી થઈ શકે છે. વ્યુત્સર્ગરૂપ કાયોત્સર્ગ અને મૌનવ્રત લાંબા સમય સુધી શક્તિ અનુસાર, સ્થિરતા (દૃઢતા) અનુસાર થઈ શકે છે; પરંતુ ધ્યાન ક્ષણિક હોય છે. તે મિનિટ, બે મિનિટ અથવા ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી રહી શકે છે, તેથી વધુ ન રહી શકે.

**જાપ અને લોગસ્સ :–** જાપ અને લોગસ્સ આદિનું પુનરાવર્તન કરવું તે વ્યુત્સર્ગ પણ નથી. તે પ્રવર્તનનું આગમ આધારે નથી પણ પરંપરા માત્ર છે. જો કે તે સાધકની માત્ર પ્રાથમિક ભૂમિકા રૂપે સ્વીકારેલ છે.

નમસ્કાર અથવા વિનય પ્રવર્તન મર્યાદાથી થાય છે. દા.ત. ગુરુ કે માતા-પિતા આદિને પ્રણામ, ચરણ સ્પર્શ, વંદન યથાસમયે જ થાય છે. તેનું કોઈ રટણ કરે, વારંવાર પ્રણામ કરે તે અનુપયુક્ત છે. ગુણકીર્તન પણ યથા સમયે એક વખત પ્રગટ રૂપે કરવું યોગ્ય છે. વારંવાર કરવું તે આગમ સંમત કે ઉન્નતિશીલ પ્રવર્તન નથી તેમજ ધ્યાન આદિરૂપ પણ(વાસ્તવમાં) નથી. પરંતુ આ જાપ પ્રવૃત્તિ આશ્રવ ત્યાગ સાધક છે અને સામાન્ય સાધકોની છે; પ્રાથમિક અવસ્થારૂપ છે; તેમજ સ્વાધ્યાય આદિ કરવાની યોગ્યતા રહિત વ્યક્તિ માટે આલંબનરૂપ છે.





સર્વથાત્યાજ્ય નથી અને સદાને માટે તેમાં જ રોકાઈ જવાય નહીં. યથાશક્ય સ્વાધ્યાય અને ધ્યાનની વૃદ્ધિ કરવામાં પ્રયત્નશીલ બનવું જોઈએ.

**ધ્યાનાદિના આસન :–** સામાન્ય સાધુઓનો અધિક સમય સ્વાધ્યાય અને તેના અનુપ્રેક્ષણરૂપ જ્ઞાનધ્યાનમાં વ્યતીત થાય છે. છદ્મસ્થ તીર્થંકર, જિનકલ્પી અને પ્રતિમાધારી આદિ શ્રમણો અધિક સમય વ્યુત્સર્ગમાં પસાર કરે છે. કાયોત્સર્ગ વ્યુત્સર્ગનું જ અંગ છે. તે વિધિથી તો ઊભા-ઊભા જ કરવામાં આવે છે. અપવાદમાં બેઠા કે સૂતાં પણ કરાય છે. **સ્વાધ્યાયના અનુપ્રેક્ષણરૂપ ધ્યાન** ઉત્કટુક આસનથી(ખમાસમણા દેવાના આસને) કરવું તે મુખ્ય વિધિ છે. શેષ સામાન્ય વિધિના આસન છે. **ધ્યાન** પદ્માસન, પર્યંકાસન, સુખાસન, ઉત્કટુકાસન આદિ આસનથી કરી શકાય છે. **સ્વાધ્યાય** વિનયયુક્ત કોઈપણ આસનથી કરી શકાય છે. **કાયોત્સર્ગ** શબ્દ કાયાની મુખ્યતાથી કહેવામાં આવેલ છે તોપણ ત્રણે યોગોનો શક્ય વ્યુત્સર્ગ કરવો એમાં અન્તર્ભાવિત સમજવો જોઈએ.

**એક તપમાં બીજું તપ :–** કોઈ પણ તપની સાથે અન્ય તપ કરવાનો નિષેધ નથી. દા.ત. સ્વાધ્યાય કરતાં-કરતાં આત્મ ધ્યાનમાં લીન થઈ શકાય છે અથવા કાઉસગ્ગમાં સ્વાધ્યાયનું ચિંતન કરી શકાય છે. એકનું અસ્તિત્વ અને નિરૂપણ બીજામાં એકમેક ન કરવું અને એકના અભાવમાં બીજાનો નિષેધ પણ ન કરવો. દા.ત. ઉપવાસમાં પૌષધ થઈ શકે છે. પણ પૌષધ વિના ઉપવાસ નથી થતો, આ નિષેધ અનુચિત છે. તેમજ ઉપાવસ, વિના પૌષધ નથી થતો તે નિષેધ પણ આગમ વિરુદ્ધ છે. આહાર ત્યાગ પણ એક વ્રત પ્રત્યાખ્યાન તપ છે. તો સાવદ્યયોગ ત્યાગ પણ વ્રત છે. બંને સાથે થઈ શકે છે. તેમના મહત્ત્વ અને નામ જુદા જુદા છે.

એકાંત આગ્રહ રાખવો જિનમાર્ગ વિરુદ્ધ છે. જે સાધકને જે રુચિ, યોગ્યતા અને અવસર હોય તે એક યા અનેક ધર્મક્રિયા કે તપ આદિ સાથે કે જુદા-જુદા કરી શકે છે. કોઈ સાધક ઉચ્ચ કક્ષાની સાધના કરે છે તો કોઈ અન્ય કક્ષાની પણ. શ્રદ્ધા અને જ્ઞાન શુદ્ધ છે, તો કોઈ પણ કક્ષાની આગમોક્ત ક્રિયાને એકાંત દૃષ્ટિકોણથી ખરાબ યા ખોટી કહેવી કે સમજવી યોગ્ય નથી. સમન્વયદૃષ્ટિથી કે આગમના અનુપ્રેક્ષણથી કોઈપણ વ્યક્તિની કે પ્રવૃત્તિની કસોટી મધ્યસ્થતાની સાથે કરવી જોઈએ. પરંપરા કે એકાંતિક દૃષ્ટિથી કોઈની કસોટી કરવી તે સંકુચિત દૃષ્ટિકોણ છે. તેમ કરનાર સ્વઆત્મામાં કે અન્યમાં રાગદ્વેષની વૃદ્ધિ કરવાવાળો બને છે. જેથી સમભાવ અને પરમશાંતિમાં ક્ષતિ થાય છે, વૃદ્ધિ થતી નથી.

**અન્યની ઉપેક્ષા ન કરવી :–** અન્ય ધર્મમાં યોગાભ્યાસ છે તે જૈન ધર્મમાં વ્યુત્સર્જનરૂપ કાઉસગ્ગ તપ કહેલ છે. જે સાધકમાં સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધા સુરક્ષિત છે તે સાધક માટે તપ રૂપ યા અનાશ્રવ રૂપ કોઈ પણ ક્રિયા હિતકર સિદ્ધ થઈ શકે છે. તેમાં કોઈને હીન સમજવું અવિવેક કહેવાય.

આચારાંગ શ્રુત સ્કંધ–૨, અધ્યયન–૧ માં ભિન્ન પ્રકારની સાત **પિંડેષણા**ઓ કહી છે. તેના અંતમાં કહ્યું છે કે જેને જેમાં સમાધિ ઉપજે તે કરે; પણ એમ ન વિચારે કે 'હું જ શ્રેષ્ઠ કરી રહ્યો છું, બીજા નહીં', પણ એમ વિચારે કે 'જેને જેમાં સમાધિ અને રુચિ છે તે તેમ કરે છે, બધા જિનાજ્ઞામાં ઉપસ્થિત છે.'

તેથી જિનાજ્ઞા બહારની કોઈ પણ સાધના અસમ્યક કહી શકાય પરંતુ જિનાજ્ઞામાં રહેતાં કોઈ ગમે તે એક યા અનેક સાધના કરે તેને દોષ દષ્ટિથી જોવું યોગ્ય નથી.

તાત્પર્ય કહેવાનું એ છે કે પોતાના સ્થાન ઉપર આયંબિલનું મહત્ત્વ છે તો ઉપવાસનું મહત્ત્વ પણ તેના સ્થાન ઉપર છે. પોતાના સ્થાને સ્વાધ્યાયનું મહત્ત્વ છે તો સેવાનું મહત્ત્વ પણ ઓછું નથી. પોતાના સ્થાને સ્વતંત્ર વિહારી બનવાનું બીજો શ્રમણ મનોરથ છે તો સમૂહની સારણા-વારણા કરવી આચાર્ય માટે શીઘ્ર મોક્ષફળ અપાવનારી બને છે. આગમમાં જિનકલ્પ અને અચેલ ચર્યા પણ બતાવામાં આવી છે તો વસ્ત્ર યુક્ત સંયમની આરાધના પણ કહી છે. તેથી સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ બધા તપો પોત-પોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે. તેને વખોડવા ન જોઈએ; ચાહે પોતાના હોય કે પરાયા.

**અનિમેષ દષ્ટિ વિચારણા :–** આગમમાં કાયોત્સર્ગને માટે જે 'અનિમેષ દષ્ટિ યા એક પુદ્ગલ દષ્ટિ' શબ્દનો પ્રયોગ છે તેને ભાવાત્મક પણ સમજી કાયાનો વ્યુત્સર્ગ કરવો છે. તો તેમાં આંખોને બંધ પણ કરી શકાય છે. સામાન્ય સાધકોને આંખો ખુલી રાખવાથી અનેક વિકલ્પો ઉત્પન્ન થાય છે.

અંધારી રાત્રે, સ્મશાનમાં કે કોઈ ગુફામાં કાયોત્સર્ગ કરવામાં આવે ત્યારે ઉક્ત અનિમેષ દષ્ટિ શબ્દનો અર્થ– આત્મદષ્ટિને એક વસ્તુ કે એક ક્રિયા ઉપર કેન્દ્રિત કરી શેષનું ભાવથી વ્યુત્સર્જન કરી દેવું તેમ સમજવો.

**શું 'રિસર્ચ' ધ્યાન છે ? :–** રિસર્ચરૂપ અધ્યયન પ્રણાલીને સ્વાધ્યાયના અનુપ્રેક્ષણ રૂપ ચોથા વિભાગની કક્ષામાં સમજવી પરંતુ તેની સાથે સમ્યક દર્શન ન હોવાથી તે પ્રવૃત્તિ મોક્ષમાર્ગમાં ગણાતી નથી. નહીં કે ધ્યાન તપના ભેદમાં.





**પાંચમો આવશ્યક :–** પ્રતિક્રમણનો પાંચમો આવશ્યક કાયવ્યુત્સર્જન છે. તેનું મૌલિક સ્પષ્ટીકરણ ✓ાસો✓ાસમાં કહ્યું છે અર્થાત્

| | | | |
|---|---|---|---|
| દેવસિક પ્રતિક્રમણમાં | – | ૧૦૦ | ✓ાસોચ્છ્વાસ. |
| રાત્રિક પ્રતિક્રમણમાં | – | ૫૦ | ✓ાસોચ્છ્વાસ. |
| પાક્ષિક પ્રતિક્રમણમાં | – | ૩૦૦ | ✓ાસોચ્છ્વાસ. |
| ચાતુર્માસિક પ્રતિક્રમણમાં | – | ૫૦૦ | ✓ાસોચ્છ્વાસ. |
| સાંવત્સરિક પ્રતિક્રમણમાં | – | ૧૦૦૮ | ✓ાસોચ્છ્વાસ. |

લોગસ્સનો પાઠ આગમમાં અનેક જગ્યાએ કાઉસગ્ગ પછી બોલવાનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. તે સ્તુતિ-કીર્તનનો પાઠ છે. કીર્તનને પ્રગટરૂપે બોલવાથી જ ભક્તિ પ્રદર્શિત કરી શકાય છે. કાયોત્સર્ગમાં લોગસ્સ બોલવાનું આગમ પ્રમાણ ન હોવાથી અને તર્ક સંગત પણ ન હોવાથી ✓ાસોચ્છ્વાસના સ્થાને પ્રાથમિક સ્ટેજમાં બનાવેલી પરંપરા માત્ર છે એવું સમજવું. આ કારણે ક્રાંતિકારી ધર્મસિંહજી મ. સાહેબે તે પરંપરાને પરિવર્તિત કરી હતી. જે આજે પણ અનેક સંપ્રદાયોમાં પ્રચલિત છે તેઓ લોગસ્સનો કાઉસગ્ગ કરતા નથી અને તેઓ મૌલિક ✓ાસો-ચ્છ્વાસ પ્રણાલીને પણ સમજતા નથી.

**સારાંશ :–** સારાંશ એ છે કે સમિતિ અલગ છે. ગુપ્તિ અને વ્યુત્સર્ગમાં પણ થોડીક ભિન્નતા છે. સ્વાધ્યાયના અનુપ્રેક્ષણમાં તથા ધ્યાનના અનુપ્રેક્ષણમાં પણ ફરક છે. સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ ત્રણે અલગ અલગ દસમું, અગિયારમું બારમું તપ છે. જાપ અને લોગસ્સ આદિ એક પ્રાથમિક સ્ટેજ માટે ચાલુ કરાયેલી પરંપરા છે. તેને વિશાળ દષ્ટિથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉક્ત બધા સ્થળોનો વિચાર કરવાથી નિર્ણય થાય છે કે વર્તમાનમાં પ્રચલિત 'પ્રેક્ષા ધ્યાન, નિર્વિકલ્પ ધ્યાન અને વિપશ્યના ધ્યાન' આદિનો વ્યુત્સર્ગ તપમાં સમાવેશ થાય છે. તેમાં જે **ધ્યાન** શબ્દ રૂઢ કરી દેવામાં આવ્યો છે તે અશુદ્ધ છે. કારણ કે તે પ્રણાલિકામાં મન, વચન અને કાયાનું વ્યુત્સર્જન જ શીખવાડવામાં આવે છે. સ્વાભાવિક ચાલવાવાળી કાયપ્રવૃત્તિ ✓ાસોચ્છ્વાસ આદિનું પ્રેક્ષણ, આત્મભાવ રૂપ જ્ઞાતા-દષ્ટાની વૃત્તિથી થાય છે. યોગોના ત્યાગને જ અપેક્ષાએ કાયોત્સર્ગ કહ્યો છે. તેથી તેને 'હઠયોગ' પણ કહેવાય છે. આ સંપૂર્ણ પ્રકારના યોગોના ત્યાગરૂપ ધ્યાન **વ્યુત્સર્ગ તપ** છે.

જે પ્રકારે મિથ્યાદષ્ટિના ઉપવાસ, સામાયિક, સંવર આદિ તપ-સંયમ

તો કહેવાય પણ સમ્યકદષ્ટિ ન હોવાથી મોક્ષના કારણરૂપ બનતા નથી. માસખમણનું તપ પણ મિથ્યાત્વીનું તપ જ કહેવાય છે પરંતુ તે મોક્ષનો હેતુ હોતો નથી. તે પ્રમાણે વર્તમાનમાં પ્રચલિત યોગ-વ્યુત્સર્જન પ્રવૃત્તિ અધ્યાન છે અર્થાત્ ધ્યાન રહિત અવસ્થા છે. તેની સાથે સમ્યક તત્ત્વજ્ઞાન, આગમશ્રદ્ધા, સમ્યક સંયમ ભાવ હોય તો તે વ્યુત્સર્જન નામનું બારમું તપ છે, મોક્ષના હેતુરૂપ છે, અજ્ઞાન તપ નથી.

વર્તમાનકાળના અનેક ધ્યાન કર્તાઓમાં સમ્યક શ્રદ્ધાની શુદ્ધિ હોતી નથી. તેઓ વ્રતોનું યથાશક્તિ પાલન ન કરતાં ઉપેક્ષા ભાવ રાખે છે. તેઓ વ્યુત્સર્જન સિવાયના સ્વાધ્યાય, ધ્યાન આદિ તપોને મહત્ત્વ આપતા નથી, એકાંત વ્યુત્સર્ગ ધ્યાનનો આગ્રહ રાખી, તેને જ વીતરાગતા પ્રાપ્તિનો ઉપાય માને છે અને અન્ય તપનો નિષેધ કરે છે; તે સાધકો મોક્ષમાર્ગની આરાધનામાં ગણાઈ શકાતા નથી.

શ્રાવકોમાં કોઈ એક–બે અથવા બાર વ્રતનું પાલન કરે છે. કોઈ અન્ય વ્રત પ્રત્યાખ્યાન લે છે, તેવી રીતે અનેક ભિન્નતાઓમાં પણ અંતે બધા શ્રાવક જ કહેવાય છે.

સાધુઓમાં પણ કોઈ અધ્યયનમાં રુચિ રાખે છે તો કોઈ અનશન તપમાં વૃદ્ધિ કરે છે. કોઈ ભિક્ષાચરી તો કોઈ વૈયાવચ્ચમાં આનંદમાને છે. કોઈ સ્વાધ્યાયમાં, કોઈ ધ્યાનમાં તો કોઈ વ્યુત્સર્જનમાં સ્થિર થાય છે. બધા પોતાની યોગ્યતાનુસાર આત્મ સાધના અને તપ નિર્જરામાં ગણાય છે; તેમાં કોઈ પણ સાધનાને એકાંત વીતરાગ માર્ગ માની અન્યનો નિષેધ કરવો, એ ઉચિત નથી જ.

**વાસ્તવમાં વર્તમાનની ધ્યાન પ્રણાલી** પ્રાયઃ કરીને વ્યુત્સર્ગ તપનું એક વિકૃત રૂપક છે. એના સાધક પ્રાયઃ અન્ય સાધનાઓનું મહત્ત્વ માનતા નથી તથા વ્યુત્સર્ગ તપ તો ઊભા રહીને શરીરના મમત્વ અને સંસારના ત્યાગના સંકલ્પથી થાય છે પરંતુ વર્તમાન પ્રણાલીઓના સાધકોનું ધ્યાન ગમે તે આસનથી થાય છે. શરીરના મમત્વનો ત્યાગ પણ તેમાં આવશ્યક હોતો નથી.

કાયોત્સર્ગ તપ શરીર નિરપેક્ષ હોય છે, કિંતુ વર્તમાનના પ્રચલિત ધ્યાન શરીર સાપેક્ષ હોય છે. આ પ્રકારે બન્નેમાં અંતર છે. તેથી આ વર્તમાન ધ્યાન પ્રણાલિકાઓ ધ્યાન નથી પણ અધ્યાન–ધ્યાન રહિત અવસ્થા છે અર્થાત્ વ્યુત્સર્ગ તપનું વિકૃત પરિશેષરૂપ છે, એમ સમજવું જોઈએ.

***પ્રશ્ન :– કાય ક્લેશ, ધ્યાન તથા વ્યુત્સર્ગ આ ત્રણેને બાર પ્રકારના તપમાં જુદું જુદું સ્થાન આપ્યું છે તો તેમાં શી ભિન્નતા છે ?***





**ઉત્તર :–** કાયાને કોઈ પણ આસન પર સ્થિર કર્યા પછી ઉત્પન્ન થતી અશાતાવેદનાને દીનતા, ભય આદિથી રહિત બની સહન કરવું તે કાય ક્લેશ તપ છે. વાયુ વિનાના સ્થાનમાં જેમ દીપકની શિખા સ્થિર રહે છે તેમ મનને સ્થિર કરવું તથા સૂર્યના કિરણોને જેમ બહિર્ગોળ કાચમાં કેન્દ્રિત કરવામાં આવે છે તેમ મનને કેન્દ્રિત કરવું ધ્યાન છે.

મનની સ્થિરતાની જેમ વચન, કાયાની એકાગ્રતા પણ ધ્યાનનું અંગ છે. ધ્યાન બળથી કાયાની વેદનાને પરાઈ સમજવી, તુચ્છ સમજવી, શરીર ઉપરથી મમતા હટાવી તેને નિષ્ચેષ્ટ કરવું, તેવી જ રીતે વચન અને મનને પણ ચેષ્ટા રહિત કરવું; એવી આત્મ સ્થિતિનું હોવું અને આત્મસ્થ થઈ જવાના કારણે કાયાની વેદનાનો અહેસાસ ન થવો અથવા મંદ અનુભવ થવો આ ત્રણે યોગોનું શક્ય વ્યુત્સર્જન કરવું તે જ કાયોત્સર્ગ છે.

***પ્રશ્ન :– નિર્વિકલ્પ ધ્યાનનો સંભવ છે ?***

**ઉત્તર :–** જૈનાગમની દષ્ટિએ તે અશુદ્ધ વાક્ય પદ્ધતિ છે. નિર્વિકલ્પ હોવું કે તેનો અભ્યાસ કરવો તે વ્યુત્સર્ગ તપ છે. જેમાં વચન અને કાયાની સાથે મનનો અર્થાત્ ચિંતનનો ત્યાગ કરવામાં આવે છે. આ રીતે નિર્વિકલ્પ હોવું સંભવ છે. કારણ કે વ્યુત્સર્ગ તપ પણ સંભવ છે જ. કોઈ પણ યોગનું અંતર પડી શકે છે. ગાઢ નિદ્રામાં, બેહોશ દશામાં પણ મનોયોગનું અંતર પડે જ છે. આત્મ અધ્યવસાય તો અરૂપી છે. તે સદાય શા√ત રહે છે. પણ મન તો પુદ્ગલ પરિણામી અને વિરહ સ્વભાવી છે તેથી નિર્વિકલ્પ સાધનાનો નિષેધ ન કરવો.

નિર્વિકલ્પ સાધના ધ્યાન નથી પરંતુ ધ્યાનથી આગળની સાધના છે. ધ્યાન અગિયારમું તપ છે જ્યારે નિર્વિકલ્પ સાધના વ્યુત્સર્ગરૂપ બારમું તપ છે.

જેમ જિનમત વિરુદ્ધ તાપસાદિના માસ, બે માસના સંથારા પણ આગમમાં પાદપોપગમન સંથારા કહેવાય છે. તેવી જ રીતે જિનમતમાં શ્રદ્ધા ન રાખવાવાળ ાના ઉપવાસ આદિને તપ અને વ્યુત્સર્ગ રૂપ નિર્વિકલ્પ સાધનાને વ્યુત્સર્ગ તપ જ કહેવાય છે. પરંતુ જિન વચનોમાં સમ્યગ્ શ્રદ્ધાના અભાવમાં તેઓનું તે તપ મોક્ષ સાધનરૂપ અથવા આરાધનારૂપ નથી થતું. કારણ કે સમ્યક્ત્વ વિના સમસ્ત ક્રિયાઓ અલૂણી છે; પૂર્ણ ફળદાયક નથી થઈ શકતી.

**પુનશ્ચ ધ્યાન સાર....**

(૧) આગમમાં તત્ત્વ વિચારણા અનુપ્રેક્ષા સ્વાધ્યાય છે.

(૨) આત્મલક્ષી એક વિષયમાં સ્થિરચિત્ત થવું ધર્મધ્યાન છે.

**(૩)** શુક્લધ્યાન એના આગળની સૂક્ષ્મત્તમ ધ્યાન અવસ્થા છે.

**(૪)** ચિત્તની ચંચળતા ધ્યાન નથી. શૂન્ય શાંત ચિત્તપણ ધ્યાન નથી. અવ્યરૂપ ચિત્ત પણ ધ્યાન નથી. એકાગ્ર ચિત્ત ધ્યાન છે.

**(૫)** નિર્વિકલ્પ અવસ્થા સુત્સર્ગતપની સાધના છે.

**(૬)** વર્તમાનનું પ્રેક્ષાધ્યાન, નિર્વિકલ્પ ધ્યાન, આદિ વ્યુત્સર્ગતપની સાધના છે. એને ભ્રમથી ધ્યાન કહેવા લાગ્યા છે. આ સાધનાઓનાં કર્તા આદિ જો સમ્યકજ્ઞાન, સમ્યક શ્રદ્ધાનથી યુક્ત છે, વ્રત-પ્રત્યાખ્યાન, શ્રાવકવ્રત, સંયમવ્રતમાં શ્રધ્ધાવાન છે તો એની વ્યુત્સર્ગતાની આરાધના મોક્ષની આરાધના હોઈ શકે છે. જો જિપ્રવચનમાં સમ્યક શ્રદ્ધાન નથી તો તે સમસ્ત સાધના પૂર્ણ ફલદાયી કે મોક્ષફલદાયી નથી બનતી.

**(૭)** વ્યુત્સર્ગતપ ૧૨મું તપ છે, તે ધ્યાનથી પણ આગળની કક્ષાનું તપ છે. ધ્યાનની અપેક્ષાએ કઠિન તથા દુષ્કર છે. કારણ કે મન ચંચલ ઘોડાની ઉપમાવાળુ છે.

**(૮)** મનનો, વચનનો અલ્પ સમયને માટે પૂર્ણ વ્યુત્સર્જન કરવો સંભવ છે. કાયાનાં મમત્વનો સંપૂર્ણ ત્યાગ સંભવ છે. કાયયોગનો શક્ય વ્યત્સર્ગ સંભવ છે. સંપૂર્ણ વ્યુત્સર્ગ અયોગી અવસ્થામાં હોય છે.

આ રીતે અહીં ધ્યાન સબંધી જાણકારી સાથે અન્ય પણ જાણકારી આપી છે. એનું તાત્પર્ય એ છે કે સાધક સમભાવ, તટસ્થભાવ, અનેકાંતિક વિચારણા સાથે શુદ્ધ સત્ય સમજને પ્રાપ્ત કરે. પ્રરૂપણા પણ વિવેકપૂર્ણ અને આગમ અનુસાર કરે. આચરણ પણ સમ્યકજ્ઞાન દર્શન ચારિત્રથી સમન્વિત તપ,ધ્યાનયુક્ત શ્રેષ્ઠ આરાધના થાય તેમ કરે. સંક્ષેપમાં આ ધ્યાન સ્વરૂપ પરિશિષ્ટના અધ્યયનથી સાધક ધ્યાનના સબંધમાં અને જિનાજ્ઞાની આરાધનામાં સાચી દષ્ટિ અને સાચી સમજને પ્રાપ્ત કરી મોક્ષ આરાધનામાં સફળતા પ્રાપ્ત કરે. આ દષ્ટિકોણથી અહીં પ્રાસંગિક નિબંધ પરિશિષ્ટ રૂપમાં આપ્યો છે.

***નોંધ :–*** *ગુજરાતમાં કેટલાક સમુદાયોમાં પાંચમા આવશ્યકના કાયોત્સર્ગમાં આ પ્રમાણે ચિંતન કરવામાં આવે છે. જેમ કે–*

**(૧) પહેલો ભેદ–આણા વિચય :–** આણા વિચય કહેતાં વીતરાગની આજ્ઞાનો વિચાર ચિંતવવો. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે સમકિત સહિત બાર વ્રત, અગિયાર પડિમા, સાધુજીના પાંચ મહાવ્રત, બાર ભિક્ષુની પડિમા, શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવની રક્ષા; તેની આરાધના





કરવી; તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો તેમજ ચતુર્વિધ સંઘના ગુણોનું કીર્તન કરવું; આ ધર્મ ધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

**(૨) બીજો ભેદ–અવાય વિચય :–** અવાય વિચય કહેતાં જીવ સંસારમાં દુઃખ શા માટે ભોગવે છે તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ યોગ, અઢાર પાપસ્થાનક અને છકાય જીવની હિંસા; તેનાથી જીવ દુઃખ પામે છે. માટે એને દુઃખનું કારણ જાણી ત્યાગ કરી, સંવર માર્ગ આદરવો. જેથી જીવ દુઃખ ન પામે; આ ધર્મ ધ્યાનનો બીજો ભેદ કહ્યો.

**(૩) ત્રીજો ભેદ–વિવાગ વિચય :–** વિવાગ વિચય કહેતાં જીવ સંસારમાં સુખ અને દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે જીવે જેવા રસે કરી પૂર્વે જેવા શુભાશુભ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ ઉપાર્જન કર્યા છે તે શુભાશુભ કર્મના ઉદયથી જીવ તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવે છે. તે અનુભવતા થકા કોઈ ઉપર રાગ-દ્વેષ ન આણી, સમતાભાવ રાખી, મન, વચન, કાયાના શુભ યોગ સહિત શ્રી જૈન ધર્મને વિષે પ્રવર્તીએ, જેથી નિરાબાધ પરમ સુખને પામીએ; આ ધર્મ ધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

**(૪) ચોથો ભેદ–સંઠાણ વિચય :–** સંઠાણ વિચય કહેતાં ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો. ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપઈટ્ઠક(સરાવલા)ને આકારે છે. લોક જીવ અજીવથી સંપૂર્ણ ભર્યો છે. મધ્ય ભાગે અસંખ્યાત યોજનની ક્રોડા-ક્રોડી પ્રમાણ તીરછો લોક છે. તેમાં અસંખ્યાત દ્વીપ સમુદ્ર છે. અસંખ્યાત વાણવ્યંતરના નગરો છે. અસંખ્યાત જ્યોતિષીના વિમાનો છે. દેવતાઓની રાજધાનીઓ છે, તે તિરછાલોકની મધ્યમાં અઢીદ્વીપ છે. તેમાં જઘન્ય તીર્થંકર વીસ અને ઉત્કૃષ્ટ હોય તો ૧૬૦ અથવા ૧૭૦ હોય. સામાન્ય કેવળી જઘન્ય અનેક ક્રોડ, ઉત્કૃષ્ટ હોય તો પણ અનેક ક્રોડ, સાધુ સાધ્વી જઘન્ય અનેક હજાર ક્રોડ, ઉત્કૃષ્ટ પણ અનેક હજાર ક્રોડ હોય છે. તેમને **વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ,** તેમજ તિરછા લોકમાં અસંખ્યાત શ્રાવક શ્રાવિકાઓ છે તેમના ગુણગ્રામ કરવા.

તિરછા લોકથી અધિક મોટો ઉર્ધ્વલોક છે. તેમાં બાર દેવલોક, નવ ગ્રૈવયેક અને પાંચ અનુત્તર વિમાન છે. તે સર્વના મળીને કુલ ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે. તે ઉપર લોકાગ્રે સિદ્ધશિલા છે. ત્યાં સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તેમને ***વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ .***

તે ઉર્ધ્વલોકથી કંઈક અધિક(મોટો) અધોલોક છે. તેમાં સાત નરકના ૮૪ લાખ નરકાવાસા છે. ૭ કરોડ, ૭૨ લાખ ભવનપતિના ભવનો છે. એવા ત્રણે લોકના સર્વસ્થાનો સમકિત રહિત કરણી કરીને આ જીવે અનંતી-અનંતી વાર જન્મ મરણે કરી સ્પર્શી મૂકયા છે. તો પણ આ જીવને જન્મ-મરણનો અંત આવ્યો નથી. એવું જાણી સમકિત સહિત શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી નિરાબાધ પરમ સુખને પામીએ. આ ધર્મ ધ્યાનનો ચોથો ભેદ કહ્યો.

## નિબંધ – ૮૭

## ગુણસ્થાન સ્વરૂપ

જીવની આત્મિક–આધ્યાત્મિક હીનાધિક, ઊંચનીચ અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. આવા જીવનાં ગુણસ્થાન ચૌદ કહેવામાં આવેલ છે. જેમાં ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધીનાં અગિયાર ગુણસ્થાનવાળાં ઉન્નતિશીલ–પ્રગતિશીલ આત્મસ્થાનમાં અવસ્થિત હોય છે. શેષ ૧ થી ૩ ગુણસ્થાનવાળા અવનત આત્મસ્થાનમાં હોય છે. તે ૧૪ ગુણસ્થાનોનું સ્વરૂપ આ પ્રકારે છે–

**(૧) પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન :–** (૧) જે પરભવ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત અને જીવના અનાદિ અસ્તિત્વને માનતા નથી. (૨) અઢાર પ્રકારનાં પાપ, ૨૫ ક્રિયાઓ અને આઠ પ્રકારનાં કર્મનાં બંધ, ઉદય આદિને માનતા નથી. (૩) જે સુદેવ, સુગુરુ, સુધર્મ, સત્શાસ્ત્ર–આગમની શ્રદ્ધા કરતા નથી પરંતુ સ્વછંદતા, સ્વેચ્છાએ કુદેવ, કુગુરુ, કુધર્મ અને કુશાસ્ત્રોમાં શ્રદ્ધા કરે છે. (૪) શ્રાવકનાં ૧૨ વ્રત અને સાધુનાં પાંચ મહાવ્રતોની, સમિતિ-ગુપ્તિની તેમજ અન્ય પણ જિનાજ્ઞાની સમ્યક શ્રદ્ધા કરતા નથી. (૫) જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, આ તત્ત્વોની તીર્થંકર ભગવાને પ્રરૂપેલ સ્વરૂપ પ્રમાણે શ્રદ્ધા કરતા નથી. (૬) ઈશ્વરને સંસારના કર્તા માને છે. (૭) યજ્ઞ, હવન, પશુ-બલિ આદિમાં ધર્મ માને છે, અન્ય પણ નાની મોટી હિંસાકારી સાવદ્ય પ્રવૃત્તિઓને છ કાય જીવોની હિંસાવાળી પ્રવૃત્તિઓને ધર્મ માને છે. (૮) જિનેશ્વર ભગવંત કથિત સિદ્ધાંતથી ઓછી અધિક કે વિપરીત પ્રરૂપણા કરે છે. (૯) અનેકાંતિક સિદ્ધાંતને છોડી દ્રવ્ય-ભાવ કે નિશ્ચય-વ્યવહાર વગેરે કોઈ પણ એકાંતના આગ્રહમાં પડી જાય છે. સાત નયોનો વિચાર કરવાને બદલે દુર્નયમાં પડી જાય છે. વિવેકબુદ્ધિ છોડી બધા નિક્ષેપોને એક સરખા માની લે છે. (૧૦) કલહ, ક્રોધ અને રંજભાવને દીર્ઘકાળ સુધી ટકાવી રાખે છે. (૧૧) કોઈ પણ પાપકૃત્યમાં અતિ આસક્ત, ગૃદ્ધ,





લીન બને છે અર્થાત્ લોભ, પરિગ્રહ, નિંદા(પરપરિવાદ), માયા, જૂઠ, ચોરી અને જીવહિંસા આદિ કોઈ પણ પાપકાર્યમાં તલ્લીન બની જાય છે. (૧૨) જે જિનેશ્વર ભગવંતો પર કે તેના ધર્મ પર અથવા તેના માર્ગ પર ચાલતાં ધર્મગુરુઓ પર દ્વેષ રાખે છે ઈત્યાદિ, ઉપરોક્ત દરેક અવસ્થામાં રહેલ જીવોને વ્યવહારથી મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી જાણવા જોઈએ.

નિશ્ચય દષ્ટિની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય થવાથી અને ઉદય રહેવાથી જીવ મિથ્યાત્વ ગુણસ્થાનમાં રહે છે.

આ જીવનું પ્રથમ ગુણસ્થાન છે. તેમાં રહેલા જીવોની અપેક્ષાએ તેના ત્રણ પ્રકાર છે :– (૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત (૩) સાદિ સાંત. અનાદિ અનંત અભવીની અપેક્ષાએ છે. અનાદિ સાંત ભવીની અપેક્ષાએ છે અને સાદિ સાંત પડિવાઈ સમકિતની અપેક્ષાએ છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તનની હોય છે.

આ ગુણસ્થાનમાં મરનારા કે આયુષ્ય બાંધનારા જીવ ચાર ગતિમાં ભ્રમણ કરે છે. આ ગુણસ્થાનવર્તી જીવ કર્મોનો વિશેષ બંધ કરતા રહે છે. તેઓ કર્મવૃદ્ધિ અને સંસારવૃદ્ધિ કરે છે. આ ગુણસ્થાન પાંચ અનુત્તર વિમાન સિવાય સંસારના બધાં જીવોમાં હોઈ શકે છે.

**(૨) બીજું સાસ્વાદન ગુણસ્થાન :–** જે જીવે ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરી લીધું છે, તેવા અથવા તેનાથી ઉપરના કોઈ પણ ગુણસ્થાનવાળા પ્રથમ ગુણસ્થાનમાં કહેલ કોઈ પણ પ્રકારના વિચારોની અવસ્થા પ્રાપ્ત કરે અથવા નિશ્ચયથી મિથ્યાત્વના ઉદયાભિમુખ થાય ત્યારે તે ચોથા આદિ ગુણસ્થાનોથી પડી પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનમાં જાય છે. તે સમયે ચોથા આદિ ગુણસ્થાનોથી ચ્યુત થઈને પ્રથમ ગુણસ્થાને પહોંચતાં વચ્ચે ક્ષણિક કાળમાં આત્માની જે અવસ્થા હોય છે, તે જ બીજું સાસ્વાદન ગુણસ્થાન છે. જેમ કે વૃક્ષ ઉપરથી તૂટેલું ફળ જમીન પર પડે તે પહેલાં માર્ગમાં થોડો સમય વ્યતીત કરે છે, તેવી અવસ્થા બીજા ગુણસ્થાનની સમજવી જોઈએ.

આ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છ આવલિકાની હોય છે એટલે સેકંડના હજારમાં ભાગથી પણ ઓછી સ્થિતિ હોય છે. તેથી આ ગુણસ્થાનનું અસ્તિત્વ કિંચિત્ માત્ર છે, જે છદ્મસ્થોને અનુભવગમ્ય નથી. આ ગુણસ્થાન એકેન્દ્રિયોમાં હોતું નથી. શેષ બેઈન્દ્રિય આદિ અસંજ્ઞી પંચેન્દ્રિયમાં અપર્યાપ્ત અવસ્થામાં હોય છે તથા સંજ્ઞીને પર્યાપ્ત અપર્યાપ્ત બંને અવસ્થામાં ચારે ગતિમાં હોય છે.

**(૩) ત્રીજું મિશ્ર ગુણસ્થાન :–** સમકિત અને મિથ્યાત્વના મિશ્ર પરિણામો વાળી આત્માની અવસ્થાને મિશ્ર ગુણસ્થાન કહેવામાં આવે છે. જેમ કે શ્રીખંડ ખાટા-મીઠા એમ બંને સ્વાદવાળો હોય છે. એવી જ રીતે આ ગુણસ્થાનવાળા જીવો જિને✓ર ભગવંતના ધર્મની પણ શ્રદ્ધા રાખે છે અને જિને✓ર ભગવંતના સિદ્ધાંતોથી વિપરીત સિદ્ધાંતોવાળા ધર્મની પણ શ્રદ્ધા કરે છે. બધા ધર્મોને સત્ય અને સુંદર માને છે. આવા ભોળા સ્વભાવવાળા અનભિજ્ઞ આત્માને આ ત્રીજું ગુણસ્થાન હોય છે. તેની સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટથી ઓછા સમયની છે. ત્યાર પછી આત્માના તે મિશ્ર પરિણામ મિથ્યાત્વમાં અથવા સમકિતમાં પરિણમી જાય છે.

આ ગુણસ્થાન મિશ્ર પરિણામવાળું હોવાથી તેમાં જીવ મરતો પણ નથી અને આયુષ્ય પણ બાંધતો નથી. તે સંજ્ઞી જીવોને પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. પાંચ અનુત્તર વિમાનના દેવોમાં અને એકેન્દ્રિય વિકલેન્દ્રિયોમાં આ ગુણસ્થાન હોતું નથી. આ ગુણસ્થાન અનાદિ મિથ્યાત્વીને આવતું નથી પરંતુ જેઓ એકવાર સમકિત પ્રાપ્ત કરી તેમાંથી ચ્યુત થઈ ગયા છે એવા જીવને જ આ ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે.

**(૪) ચોથું અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન :–** પહેલાં ગુણસ્થાનમાં જે આત્માની અવસ્થારૂપ લક્ષણ કહ્યાં છે, તે અવગુણોની અવસ્થાઓમાં નહીં રહેનારા આ ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે અર્થાત્ ઉક્ત અવગુણોથી વિપરીત ગુણોવાળી આત્મ અવસ્થાને વ્યવહારની અપેક્ષાએ અવિરત સમ્યક્દષ્ટિ ગુણસ્થાન કહે છે. નિશ્ચય દષ્ટિએ દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિ અને ચારિત્રમોહની અનંતાનુબંધી ક્રોધ, માન,માયા, લોભ; એ ચાર પ્રકૃતિના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી જીવને આ ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

આ ગુણસ્થાનવાળાની બધા પ્રકારની સમજ અને દષ્ટિકોણ સમ્યક્ હોય છે તેથી તેને સમ્યક્ દષ્ટિ કહે છે. આ ગુણસ્થાનવાળા કોઈ પ્રકારના પ્રત્યાખ્યાનના ભાવોમાં પરિણત કે પ્રગતિશીલ થતા નથી, ફક્ત સમ્યક્ શ્રદ્ધાન સુધી જ રહે છે. તેથી તેના સમ્યક્દષ્ટિ ગુણની સાથે અવિરત લાગવાથી તેનું પરિપૂર્ણ નામ 'અવિરત સમ્યક્દષ્ટિ' ગુણસ્થાન થાય છે.

આ ગુણસ્થાનવાળાને સમ્યક્ત્વી, સમકિતી, સમ્યક્દષ્ટિ આદિ પણ કહે છે. આ ગુણસ્થાનને ગુણની મુખ્યતાએ સમ્યક્ત્વ અથવા સમકિત પણ કહેવામાં આવે છે. જેમ કે– એકવાર 'સમકિત' આવી જવાથી અર્થાત્ ચોથું ગુણસ્થાન





આવી જવાથી જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધારે સમય સંસારમાં પરિભ્રમણ કરતા નથી. આ ગુણસ્થાનવાળા જિને✓ર ભગવંત ભાષિત બધાં સિદ્ધાંતોમાં, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ બધાં પ્રવર્તનોમાં અને જીવાદિ પદાર્થોમાં, સમ્યક્ શ્રદ્ધા રાખે છે અને પ્રરૂપણ સત્ય કરે છે તેમજ હિંસા આદિ પાપ કૃત્યોમાં અતિ આસક્ત બનતા નથી. તે પાપકારી પ્રવૃત્તિઓમાં, છકાય જીવોની આરંભજનક પ્રવૃત્તિઓમાં ક્યારે ય પણ ધર્મ માનતા નથી. કષાયો તથા ક્લેશને દીર્ઘકાળ સુધી રાખતા નથી.

આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનાર જીવ જઘન્ય આ ભવ સહિત ત્રીજા ભવમાં મોક્ષે જાય છે. ઉત્કૃષ્ટ ૧૫ માં ભવે મોક્ષે જાય છે. આ ગુણસ્થાન ચારે ય ગતિના સંજ્ઞી જીવોના અપર્યાપ્ત-પર્યાપ્ત બંનેમાં હોય છે. નિશ્ચય દષ્ટિએ આ ગુણસ્થાનમાં સાત પ્રકૃતિઓના ક્ષય આદિના અનેક વિકલ્પ હોય છે. ક્ષય આદિનો અર્થ આ પ્રમાણે છે– **૧.** ક્ષય– તે પ્રકૃતિની આત્મામાંથી સત્તા(અસ્તિત્વ) સમાપ્ત થઈ જવી. **૨.** ઉપશમ– તે પ્રકૃતિનો કંઈક ઉદય અટકી જવો, સત્તામાં અવરુદ્ધ રહેવું. **૩.** ક્ષયોપશમ– તે પ્રકૃતિનો પ્રદેશોદય થવો, વિપાકોદય અટકવો. અથવા તે પ્રકૃતિનો કંઈક ઉદય અને કંઈક ઉપશમ(અનુદય) હોય તેને પણ ક્ષયોપશમ કહેવાય છે. બન્ને પરિભાષા ઉપયોગી છે. **૪.** ઉદય– તે પ્રકૃતિનો વિપાકોદય થવો તે ઉદય કહેવાય છે.

**પુનશ્ચ :– ૧.** ક્ષય–સર્વથા ક્ષય. **૨.** ઉપશમ–સર્વથા અનુદય **૩.** ક્ષયોપશમ–પ્રદેશોદય. **૪.** ઉદય–વિપાકોદય. સાત પ્રકૃતિઓના કારણે થતાં વિકલ્પો–

**૧.** સાત પ્રકૃતિઓનો ક્ષય–ક્ષાયક સમકિત.

**૨.** સાત પ્રકૃતિઓનો ઉપશમ–ઉપશમ સમકિત.

**૩.** છ નો ક્ષય, ૧ નો ઉદય–ક્ષાયિક વેદક.

**૪.** છ નો ઉપશમ, ૧ નો ઉદય–ઉપશમ વેદક

**૫.** છ નો ક્ષયોપશમ, ૧ નો ઉદય–ક્ષયોપશમ સમકિત

**૬.** પાંચ નો ક્ષયોપશમ, ૧ નો ઉપશમ,૧ નો ઉદય–ક્ષયોપશમ સમકિત.

**૭.** ચાર નો ક્ષયોપશમ, ૨ નો ઉપશમ, ૧ નો ઉદય–ક્ષયોપશમ સમકિત.

**૮.** ચાર નો ક્ષય, ૩ નો ક્ષયોપશમ **૯.** પાંચ નો ક્ષય, ૨ નો ક્ષયોપશમ

**૧૦.** છ નો ક્ષય, ૧ નો ક્ષયોપશમ **૧૧.** ચાર નો ક્ષય, ૨ નો ક્ષયોપશમ,૧ નું વેદન (સૂક્ષ્મ) **૧૨.** પાંચ નો ક્ષય, ૧ નો ક્ષયોપશમ, ૧ નું વેદન (સૂક્ષ્મતર)

ક્રમાંક ૮ થી ૧૨ ના પાંચ ભાંગા ક્ષાયક સમકિતની પૂર્વ ભૂમિકાના છે. તેમાં અનંતાનુબંધી ચતુષ્કનો નિયમથી સર્વથા ક્ષય હોય છે.

સંક્ષિપ્તમાં આ બધા ભાંગાનો ત્રણ સમકિતમાં સમાવેશ થાય છે. ત્યારે ઉપરના ત્રીજાથી ૧૨ મા સુધીના બધા ભાંગાનો ક્ષયોપશમ સમકિતમાં સમાવેશ થઈ જાય છે અર્થાત્ સાતનો ક્ષય કે સાતે ય ઉપશમ ન હોય ત્યારે તે બધા ક્ષયોપશમ સમકિતની કક્ષાના જ છે.

આ ગુણસ્થાનવર્તી જીવ નરક તિર્યંચનું આયુષ્ય બાંધતા નથી. દેવ અથવા મનુષ્ય એમ બે ગતિનું આયુષ્ય બાંધી શકે છે અર્થાત્ આ ગુણસ્થાનવાળા નારકી-દેવતા ફક્ત મનુષ્યનું અને તિર્યંચ તથા મનુષ્ય ફક્ત દેવતાનું જ આયુષ્ય બાંધે છે અને ચોથા ગુણસ્થાનવર્તી મનુષ્ય-તિર્યંચ વૈમાનિક દેવોનું જ આયુષ્ય બાંધે છે, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી એ ત્રણ જાતિના દેવોનું આયુષ્ય બાંધતા નથી. આ ગુણસ્થાનવાળા સ્ત્રીવેદ અને નપુંસકવેદનો પણ બંધ કરતા નથી, ફક્ત પુરુષવેદ જ બાંધે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાધિક ૩૩ સાગરોપમની છે. (૬૬ સાગરોપમ કહેવું ભ્રમયુક્ત છે.) એટલા સમય પછી આ ગુણસ્થાન બદલી જાય છે અર્થાત્ તે જીવ પાંચમા વગેરે ગુણસ્થાનમાં ઉપર ચડે છે અથવા નીચેનાં ગુણસ્થાનોમાં પડે છે. એક ભવમાં આ ગુણસ્થાન હજારો વાર આવી શકે છે અને અનેક ભવોમાં અસંખ્યવાર આવી શકે છે.

ક્ષાયિક સમકિત એક જ વખત આવે છે. તે આવ્યા પછી મનુષ્ય કોઈ પણ આયુષ્ય બાંધતો નથી અને તે જ ભવમાં મોક્ષે જાય છે. જો મનુષ્યને ક્ષાયિક સમકિત આવ્યા પહેલાં ચારે ગતિમાંથી કોઈ ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો તે ગતિમાં જવું જ પડે છે. નરક-દેવગતિમાં ગયેલા ક્ષાયિક સમકિતી ફરી મનુષ્યનો ભવ પ્રાપ્ત કરી મોક્ષે જાય છે. મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય બાંધેલા જીવો મરીને તે ગતિઓમાં જાય છે, ત્યાર પછી દેવગતિ અને તેના પછી મનુષ્ય થઈ મોક્ષે જાય છે. પરંતુ તે ભવો દરમ્યાન તે ક્ષાયિક સમકિત બદલાતું નથી અર્થાત્ એકવાર તે પ્રાપ્ત થયા પછી મોક્ષપર્યંત સદા શાશ્વત રહે છે. આ સમકિત માત્ર મનુષ્ય ગતિમાં જ આવે છે, અન્ય ત્રણ ગતિમાં આવતી નથી, આવ્યા પછી કોઈ પણ ગતિમાં રહી શકે છે. ઉપશમ સમ્યક્ત્વ જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ બે વાર અને અનેક ભવોમાં કુલ પાંચ વાર જ આવી શકે છે. ક્ષયોપશમ સમકિતની અપેક્ષાએ જ આ ગુણસ્થાન એક ભવમાં હજારો વાર અને અનેક ભવોમાં અસંખ્ય વાર આવે છે.

ઉપશમ સમકિતવાળા જ મિથ્યાત્વમાં જતી વખતે બીજા ગુણસ્થાનનો સ્પર્શ કરે છે. ક્ષયોપશમ સમકિતવાળા તો છટ્ઠા, પાંચમા, ચોથા ગુણસ્થાનેથી





સીધાં મિથ્યાત્વ ગુણસ્થાને જઈ શકે છે અને ૭મા, ૮મા, ૯મા, ૧૦મા, ૧૧મા ગુણસ્થાન વાળા સીધા ચોથા ગુણસ્થાને જઈ શકે છે.

**(૫) પાંચમું દેશવિરત(શ્રાવક) ગુણસ્થાન :–** કોઈ પણ સમ્યક્ત્વવાળો જીવ જ્યારે સમ્યક્શ્રદ્ધાની સાથે વ્રત પ્રત્યાખ્યાનની રુચિવાળા હોય છે અથવા વ્રત પ્રત્યાખ્યાન ધારણ કરે છે, પાપોનો દેશતઃ ત્યાગ કરે છે, તેને વ્યવહારથી પાંચમું દેશવિરત ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવાળાને શ્રાવક કે શ્રમણોપાસક કહેવાય છે. નિશ્ચય દષ્ટિએ મોહનીય કર્મની અપ્રત્યાખ્યાની કષાય ચતુષ્ક રૂપ ચાર પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે અર્થાત્ સાત પ્રકૃતિ ચોથા ગુણસ્થાને કહી છે, તે સહિત કુલ અગિયાર પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ગુણસ્થાન આવે છે.

આ ગુણસ્થાનવાળામાં ચોથા ગુણસ્થાનવાળા બધાં લક્ષણ હોય છે. વિશેષમાં તેનામાં વ્રતધારણ અથવા પ્રત્યાખ્યાન રુચિનો વિકાસ હોય છે, શ્રાવકનાં ૧૨ વ્રતોમાંથી અનુકૂળતા અનુસાર એક યા અનેક અથવા બધાં વ્રતોને ધારણ કરે છે. આગળ વધીને તે શ્રાવકની ૧૧ પ્રતિમા ધારણ કરે છે. ત્રણ મનોરથનું ચિંતન કરે છે. રોજના ૧૪ નિયમ ધારણ કરીને સામાયિક કરે છે. મહીનામાં ઓછામાં ઓછા છ પૌષધ કરે છે.

જીવ અજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા બને છે. ક્રમશઃ અનેક શાસ્ત્રોમાં અને જિનમતમાં વિશારદ, કોવિદ, બહુશ્રુત થઈ દેવો સાથે પણ વાદ વિવાદ કરી વિજય પ્રાપ્ત કરવા યોગ્ય થઈ શકે છે. પોતાના ધર્મમાં એવી દઢ આસ્થાવાળા બને છે કે દેવ દાનવની સંપૂર્ણ શક્તિથી યુક્ત કષ્ટ સહેવા છતાં વિચલિત થતા નથી.

આ ગુણસ્થાનવર્તી જીવ પોતાના જીવનમાં દીક્ષા લેવાનો સદા મનોરથ રાખે છે. દીક્ષા લેનારના હાર્દિક સહયોગી થાય છે, દીક્ષિત શ્રમણ નિર્ગ્રંથોના હાર્દિક સ્વાગત ભક્તિ વિનય વંદના કરે છે અને તેની પર્યુપાસના સેવા કરે છે. ભક્તિ અને ઉત્સાહથી તેમને સંયમ યોગ્ય કલ્પનીય આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજ, મકાન, પાટ આદિનું નિર્દોષ દાન દઈને પ્રતિલાભિત કરે છે. શ્રમણ નિર્ગ્રંથોને જોઈને જ, તેના દર્શન થતાં જ તેના આત્મામાં પ્રસન્નતાની લહેર વ્યાપી જાય છે. તેથી આ ગુણસ્થાનવાળાને શ્રમણ+ઉપાસક = શ્રમણોપાસક એવું સાર્થક નામ આપેલું છે. આ ગુણસ્થાનમાં મરનાર કે આયુબાંધનાર કેવળ વૈમાનિક દેવ રૂપ દેવગતિ જ પ્રાપ્ત કરે છે, અન્ય કોઈ પણ ગતિ કે દંડકમાં જતા નથી. વૈમાનિકમાં પણ ૧૨ દેવલોક અને ૯ લોકાંતિકમાં જ જાય છે.

આ ગુણસ્થાન જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક હજારવાર અને આઠ ભવમાં પણ ઉત્કૃષ્ટ અનેક હજારવાર આવી શકે છે અર્થાત્ તેટલીવાર તે ગુણસ્થાન આવે અને જાય તેવું થઈ શકે છે. આ ગુણસ્થાન છૂટવાના અનેક રસ્તા છે– (૧) ઉપરના ગુણસ્થાનોમાં જવું (૨) મિથ્યાત્વઆદિ રૂપે નીચે જવું (૩) આયુષ્ય પૂર્ણ થવાથી સ્વતઃ આ ગુણસ્થાન છૂટી જવું અને ચોથા ગુણસ્થાનને પ્રાપ્ત કરવું. આયુષ્ય સમાપ્ત થવાથી આ ગુણસ્થાનવાળા દેવલોકમાં જાય છે અને ત્યાં પાંચમા આદિ ઉપરના ગુણસ્થાનોનો સ્વભાવ ન હોવાથી સ્વાભાવિક ચોથું ગુણસ્થાન આવી જાય છે.

આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન કરોડપૂર્વ વર્ષોની હોય છે અર્થાત્ આખા ભવ સુધી નિરંતર પણ આ ગુણસ્થાન રહી શકે છે. મનુષ્ય અને તિર્યંચ એમ બે ગતિમાં જ સંજ્ઞી જીવોના પર્યાપ્તમાં આ ગુણસ્થાન હોય છે. તિર્ચ્છાલોકના અઢી દ્વીપમાં મનુષ્ય, તિર્યંચોને આ ગુણસ્થાન હોય છે અને અઢી દ્વીપની બહાર માત્ર સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને જ હોય છે. મનુષ્યની અપેક્ષાએ આ ગુણસ્થાનવાળા લોકમાં સંખ્યાત હોય છે અને તિર્યંચની અપેક્ષાએ અસંખ્ય હોય છે. આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનારા કે મરનારા ઓછામાં ઓછા વર્તમાન ભવ સહિત ત્રણભવ અને ઉત્કૃષ્ટ ૧૫ ભવ કરીને મોક્ષે જાય છે.

**(૬) છઠ્ઠું પ્રમત્ત સંયત ગુણસ્થાન :–** જે મનુષ્ય ભાવપૂર્વક સંયમ સ્વીકારે છે, જિનશાસનમાં પ્રવ્રજિત થાય છે, મુનિ બને છે અને ઉત્તરોત્તર સંયમ ગુણોનો વિકાસ કરતાં ભગવદાજ્ઞાનું પાલન કરે છે, તેને વ્યવહારની અપેક્ષાએ આ છઠ્ઠું ગુણસ્થાનપ્રાપ્ત થાય છે.નિશ્ચય દષ્ટિએ પૂર્વોક્ત ૧૧ પ્રકૃતિ અને પ્રત્યાખ્યાનાવરણ કષાય ચતુષ્ક એમ કુલ ૧૫ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

વ્યવહારની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં બતાવેલા બધા ગુણોથી તો તેઓ સંપન્ન હોય જ છે પરંતુ તે ગુણોના અભાવમાં આ ગુણસ્થાન કે ઉપરના કોઈ પણ ગુણસ્થાન રહેતા નથી.

આ ગુણસ્થાન અને ત્યાર પછીના બધા ગુણસ્થાન માત્ર મનુષ્યગતિમાં જ હોય છે. શેષ ત્રણ ગતિમાં હોતાં નથી. એક જીવને આ ગુણસ્થાન અધિકતમ આઠ ભવમાં આવી શકે છે. એક ભવમાં આ ગુણસ્થાન સેંકડોવાર આવી શકે છે અને આઠ ભવોમાં પણ સેંકડોવાર આવી શકે છે. આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનારા અને મરનારા વૈમાનિક દેવનાં ૩૫ સ્થાનોમાં ઉત્પન્ન થઈ શકે છે,





અન્યત્ર ક્યાંય પણ ઉત્પન્ન થતા નથી. આ ગુણસ્થાનમાં જીવ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ વર્ષ સુધી સ્થિર રહી શકે છે.

ગુણસંપન્ન જૈન શ્રમણ અને શ્રમણીઓ આ ગુણસ્થાનના અધિકારી હોય છે. શરીર સંબંધી પ્રમાદરૂપ પ્રવૃત્તિઓથી યુક્ત હોવાના કારણે આ ગુણસ્થાનનું નામ 'પ્રમત્ત સંયત' છે. તે પ્રવૃત્તિઓ આ પ્રકારે છે– ગોચરી લાવવી, આહાર કરવો, મલમૂત્ર ત્યાગવા, સૂઈ જવું, વસ્ત્ર પાત્રાદિ ઉપકરણોનું અને શરીરનું પરિકર્મ, સુશ્રુષા કરવી આદિ મુનિજીવનના પ્રમાદો છે. અન્ય મદ્ય, નિંદા, વિષય, કષાય અને વિકથા વગેરે મુનિજીવનને યોગ્ય જ નથી; તેને અહીં સમજવા નહીં.

જીવને આ ગુણસ્થાન જ્યારે પણ આવે છે, ત્યારે સાતમા ગુણસ્થાને થઈને જ આવે છે. કોઈ પણ ગુણસ્થાનવાળા સીધા અહીં આવતા નથી. આ ગુણસ્થાનવાળા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, રાત્રિભોજનનો ત્યાગ અને અન્ય અનેક ભગવદાજ્ઞાઓનું પાલન કરે છે. સંપૂર્ણ ૧૮ પાપોના ત્યાગી હોય છે. કોઈ પણ પાપકાર્યની, સાવદ્યકાર્યની, છકાય જીવોની હિંસામૂલક પ્રવૃત્તિઓની પ્રેરણા કે પ્રરૂપણા પણ કરતા નથી. ત્રણ કરણ ત્રણ યોગથી દરેક નાની મોટી સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે. સદા સરળ, નિષ્કપટ રહે છે, યથાસમય સ્વાધ્યાય ધ્યાનમાં સદા પ્રયત્નશીલ રહે છે.

**(૭) સાતમું અપ્રમત્ત સંયત ગુણસ્થાન :–** છઠ્ઠા ગુણસ્થાનમાં જણાવેલાં બધાં લક્ષણોથી યુક્ત જીવ જ્યારે શરીર અને ઉપકરણ સંબંધી પ્રમાદ પ્રવૃત્તિઓ કરે નહીં અથવા પ્રવૃત્તિ હોવા છતાં ભાવથી નિસ્પૃહ રહે છે, તપ, સ્વાધ્યાય, ધ્યાન અને આત્મચિંતનમાં લીન થાય છે, આહારસંજ્ઞા આદિથી રહિત થાય છે, માત્ર આત્મલક્ષી પરિણામોમાં વર્તે છે, ત્યારે તે શ્રમણમાં આ સાતમું અપ્રમત્ત સંયત ગુણસ્થાન હોય છે. નિશ્ચય દષ્ટિએ તેમાં ઉપરોક્ત ૧૫ પ્રકૃતિઓના ક્ષય આદિ છઠ્ઠા ગુણસ્થાનની જેમ જ રહે છે.

જીવને સંયમભાવમાં પ્રવેશતાં જ સર્વપ્રથમ આ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી જ છઠ્ઠા કે આઠમા ગુણસ્થાને જાય છે અર્થાત્ એ સંયમનું પ્રવેશદ્વાર છે. આ ગુણસ્થાન વ્યવહારથી શ્રમણધર્મ સ્વીકાર કરનારમાં હોવા ઉપરાંત કદાચિત્ ગૃહસ્થલિંગમાં અને અન્ય મતાવલંબીના લિંગ–વેશભૂષામાં પણ ભાવથી હોઈ શકે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ પ્રારંભમાં આવે ત્યારે જઘન્ય અંતર્મુહૂર્તની હોય છે અને પુનઃ આવે ત્યારે જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. એક

ભવમાં આ ગુણસ્થાન સેંકડો, હજારોવાર આવી-જઈ શકે છે અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાને હજારોવાર આવ–જા કરે છે.

આ ગુણસ્થાનમાં આયુષ્યબંધનો પ્રારંભ કરવામાં આવતો નથી. છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રારંભ કર્યો હોય તે અહીં પૂર્ણ કરી શકાય છે, એ અપેક્ષાએ તેમાં આયુબંધ કરે છે. આ ગુણસ્થાનમાં જીવ મરણ પામે તો ગતિ કેવળ વૈમાનિકની જ હોય છે, તે છઠ્ઠા ગુણસ્થાન પ્રમાણે જ છે. આ ગુણસ્થાનવાળા મરીને પાંચ અણુત્તર વિમાનમાં પણ જઈ શકે છે, છઠ્ઠા ગુણસ્થાનમાં મરનાર ત્યાં જઈ શકતા નથી.

આ ગુણસ્થાન પણ ઉત્કૃષ્ટ આઠ ભવમાં જ આવી શકે છે. આ ગુણસ્થાનવાળા છઠ્ઠા ગુણસ્થાનથી નીચે જતાં નથી. પરંતુ આયુષ્યપૂર્ણ થાય તો સીધા ચોથે ગુણસ્થાને જઈ શકે છે.

**(૮) આઠમું નિવૃત્તિ બાદર ગુણસ્થાન :–** આ ગુણસ્થાન નિશ્ચય દષ્ટિએ જ આવે છે. વ્યવહાર દષ્ટિએ સાત ગુણસ્થાન જ જાણવામાં આવે છે. માટે શુક્લધ્યાન અને અપૂર્વકરણ–ગુણશ્રેણી પ્રારંભ કરવાથી આ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે.

મોહનીયની જેટલી પણ પ્રકૃતિ સાતમા ગુણસ્થાન સુધી ક્ષયોપશમમાં હોય છે, તે અહીં પરિવર્તિત થઈ જાય છે અર્થાત્ આ ગુણસ્થાનમાં મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય કે ઉપશમ જ રહે છે, ક્ષયોપશમ થતો નથી, રહેતો પણ નથી. તેથી જ આ અને ત્યાર પછીના ગુણસ્થાનોમાં ક્ષયોપશમ સમકિત હોતું નથી, ઉપશમ અને ક્ષાયિક એ બે જ સમકિત હોય છે.

તેથી અહીં ચારિત્ર મોહનીય કર્મની અપેક્ષાએ બે શ્રેણીઓ હોય છે. (૧) ઉપશમશ્રેણી (૨) ક્ષપકશ્રેણી. ઉપશમ શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો ઉપશમ કરતાં કરતાં અગિયારમા ગુણસ્થાન સુધી જાય છે અને ક્ષપકશ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો પૂર્ણ ક્ષય કરતાં ક્રમશઃ ઉપર ચડે છે પરંતુ અગિયારમા ગુણસ્થાનને છોડી સીધા બારમા ગુણસ્થાનમાં જાય છે.

આ ગુણસ્થાનમાં ધર્મધ્યાન જ આગળ વધીને શુક્લધ્યાનમાં પરિવર્તિત થઈ જાય છે અર્થાત્ આ ગુણસ્થાનથી શુક્લધ્યાનનો પ્રારંભ થાય છે. આ ગુણસ્થાનમાં રહેલા જીવના હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા; આ છ મોહનીયની પ્રકૃતિઓનો યથાક્રમે ક્ષય અથવા ઉપશમ થાય છે.

ક્ષપકશ્રેણી પ્રારંભ કરવાવાળા તે જ ભવમાં મુક્ત થાય છે અને ઉપશમ શ્રેણી કરવાવાળા તે જ ભવમાં મુક્ત થતા નથી પરંતુ શ્રેણીથી પડે છે, સાતમા વગેરે કોઈ પણ ગુણસ્થાને પહોંચી ત્યાંની ગતિ મેળવી લે છે. આ ગુણસ્થાનમાં





અને આગળનાં ગુણસ્થાનોમાં આયુબંધ થતો નથી, મૃત્યુ થઈ શકે છે. આ ગુણસ્થાનમાં મરનારા પાંચ અનુત્તર વિમાનમાં જ જાય છે. આ ગુણસ્થાનમાં કાળ કરનારા જઘન્ય ત્રીજા ભવમાં અને ઉત્કૃષ્ટ ૧૫મા ભવમાં મોક્ષે જાય છે. આ ગુણસ્થાનમાં કાળ ન કરે તો કોઈ જીવ નીચેના ગુણસ્થાને પડે તો ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો અનંતકાળ પણ સંસારમાં રહી શકે છે. આ ગુણસ્થાન એક ભવમાં ઉત્કૃષ્ટ ચાર વખત અને ત્રણ ભવોમાં ઉત્કૃષ્ટ નવ વખત આવી શકે છે.

આ ગુણસ્થાનવાળા પ્રથમવાર તો ચડતી વખતે નવમા ગુણસ્થાને જ જાય છે, પાછો પડતી વખતે સાતમે પણ જઈ શકે છે, અન્ય કોઈ ગુણસ્થાને સીધા જતાં-આવતાં નથી, ક્યારે ય પણ કાળ કરે તો તે સમયે સીધા ચોથા ગુણસ્થાને જઈ શકે છે.

આઠમા ગુણસ્થાનનું સ્વરૂપ તો સ્પષ્ટ સમજાય તેવું છે, પરંતુ આ ગુણસ્થાન અને નવમા ગુણસ્થાનના નામોથી મતલબ સમજવા લાગીએ તો કેટલાક પ્રશ્નો અને સમાધાન ઊભા થાય છે. તે સૂક્ષ્મતામાં સામાન્ય પાઠકોએ જવાની જરૂર નથી. વાસ્તવમાં એ બંનેનાં નામ ખરેખર પરંપરામાં ક્યારે ય લિપિ પ્રમાદના દોષથી આડાં અવળાં થઈ ગયા હોય એવી સંભાવના છે. તેથી નામના વિવાદમાં પડવું ન જોઈએ. આ ગુણસ્થાનના પ્રારંભમાં ક્ષયોપશમ સમકિત સમાપ્ત થઈ જાય છે અને સમકિત મોહનીયનો ઉદય પણ અટકી જાય છે. ત્યાર પછી યથાક્રમે હાસ્યાદિ છ પ્રકૃતિઓનો ઉદય અટકવાથી જીવ આગળ વધે છે.

**(૯) નવમું અનિવૃત્તિ બાદર ગુણસ્થાન :–** હાસ્યાદિ છ પ્રકૃતિઓના પૂર્ણ ક્ષય અથવા ઉપશમ થવાથી જીવ આ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને અહીં રહેલો જીવ ત્રણે ય વેદ અને સંજ્વલનનાં ક્રોધ, માન, માયાના ઉદયને અનુક્રમથી રોકે છે અર્થાત્ તેનો ક્ષય અથવા ઉપશમ કરે છે. અંતે સંજ્વલન માયાનો ઉદય અટકવાથી આ ગુણસ્થાનવાળા જીવ દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. શેષ આ ગુણસ્થાનનું વર્ણન આઠમા ગુણસ્થાન પ્રમાણે સમજી લેવું.

**નામ પ્રમાણે કરવામાં આવતી પરિભાષા–** નિવૃત્તિ બાદર આઠમા ગુણસ્થાનમાં ઉપશામક અને ક્ષપક બંને પ્રકારના જીવો છે તેમાં જે સમસમયવર્તી હોય છે તે જીવોનાં પરિણામોમાં ભિન્નતા રહે છે. તે ભિન્નતાને સૂચવવા માટે 'નિવૃત્તિ' શબ્દ નો પ્રયોગ કરવામાં આવ્યો છે. નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનમાં આવનાર સમસમયવર્તી જીવોનાં પરિણામોમાં ભિન્નતા હોતી નથી,

તે સૂચવવા માટે 'અનિવૃત્તિ' શબ્દનો પ્રયોગ કરેલ છે. બન્ને ગુણસ્થાનોમાં બાદર કષાય હોય છે, માટે બાદર શબ્દ રાખવામાં આવ્યો છે. આ પ્રકારે આ બન્ને ગુણસ્થાનોનાં નામ નિવૃત્તિ બાદર અને અનિવૃત્તિ બાદર સમજી શકાય છે.

**(૧૦) દસમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન :–** સંપરાયનો અર્થ છે કષાય. અહીં માત્ર સંજ્વલન લોભ બાકી રહે છે. શેષ સંજ્વલન ક્રોધ માન માયાનો ઉદય સમાપ્ત થવાથી જીવ નવમા ગુણસ્થાનેથી દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. દસમા ગુણસ્થાનમાં અંતિમ સમય સુધી સંજ્વલનના લોભનો ઉદય રહે છે, ત્યાર પછી ઉપશમ શ્રેણીવાળા તેનો ઉપશમ કરીને અગિયારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ ગતિ આદિ સંપૂર્ણ વર્ણન આઠમા ગુણસ્થાન પ્રમાણે છે. વિશેષતા એ છે કે આ ગુણસ્થાનવાળા ઉપર બે ગુણસ્થાનમાં જઈ શકે છે– અગિયારમે અને બારમે. નીચે માત્ર નવમે જઈ શકે છે અને કાળ કરે તો ચોથે ગુણસ્થાને જાય છે. આ ગુણસ્થાન જીવને ઉત્કૃષ્ટ ત્રણ ભવોમાં આવી શકે છે. એક ભવમાં ઉત્કૃષ્ટ ચાર વાર અને ત્રણ ભવોમાં ઉત્કૃષ્ટ નવ વાર આવી શકે છે. જે ભવમાં મોક્ષે જાય છે તે ભવમાં તો એક જ વાર આવે છે.

આઠમા, નવમા અને દસમા ગુણસ્થાને પરિણામ હાયમાન અને વર્ધમાન બંને પ્રકારે હોય છે. શ્રેણીથી પડવાવાળાની અપેક્ષાએ હાયમાન અને શ્રેણી ચઢનારાની અપેક્ષાએ વર્ધમાન પરિણામ હોય છે.

આ ગુણસ્થાનવાળામાં ૪ જ્ઞાન+૩ દર્શન = ૭ હોય શકે છે પરંતુ ઉપયોગ માત્ર જ્ઞાનોપયોગ સાકારોપયોગ જ હોય છે.

**(૧૧) અગિયારમું ઉપશાંત મોહ ગુણસ્થાન :–** સંજ્વલન લોભ ઉપશમ થવાથી સંપૂર્ણ મોહનીય કર્મનો ઉદય સમાપ્ત થઈ જાય છે. ત્યારે ઉપશમ શ્રેણીવાળા દસમા ગુણસ્થાનવર્તી જીવ અગિયારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

માત્ર અંતર્મુહૂર્ત જેટલા સમયને માટે જ, લોભનો ઉપશમ કરી શકાય છે. તેથી આ ગુણસ્થાનવાળા લોભનો ઉપશમ સમાપ્ત થવા પર અર્થાત્ સ્થિતિ પૂર્ણ થવા પર પુનઃ ઉદયાભિમુખી થવાથી દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ ગુણસ્થાનવાળા આગળ બારમા ગુણસ્થાને જતા નથી. આ ગુણસ્થાનવાળાને મોહ, રાગ, દ્વેષ નહીં હોવાથી વીતરાગ પણ કહેવાય છે, તેનું પૂર્ણ નામ ઉપશાંત મોહ વીતરાગ કહેવામાં આવે છે.





આ ગુણસ્થાન એક ભવમાં બે વાર અને ઉત્કૃષ્ટ બે ભવમાં ચાર વાર આવી શકે છે. આ ગુણસ્થાનમાં ઉપશમ સમકિત અને ક્ષાયિક સમકિત બંને હોય શકે છે. તેના ચારિત્રને યથાખ્યાત ચારિત્ર કહે છે. શેષ વર્ણન પૂર્વ ગુણસ્થાન પ્રમાણે છે. અહીં અગિયાર ગુણસ્થાનોમાં મોહકર્મની અપેક્ષાએ વિચાર કરવામાં આવ્યો છે, અન્ય કર્મોનો પણ યથાયોગ્ય ઉદયવિચાર અન્યત્રથી જાણી લેવા જોઈએ.

અહીં અગિયારમા ગુણસ્થાને માત્ર સાતા વેદનીય કર્મ સિવાય બધાં કર્મનો બંધ અટકી જાય છે. સાતા વેદનીય કર્મ પણ માત્ર બે સમયની સ્થિતિનું બાંધે છે, જે બંધ નામ માત્રનો જ છે. આ ગુણસ્થાનમાં ફક્ત અવસ્થિત પરિણામ રહે છે. આ ગુણસ્થાનની સમયમર્યાદા પૂરી થયા બાદ હાયમાન પરિણામ થાય છે, ત્યારે દસમું ગુણસ્થાન શરૂ થઈ જાય છે. પરંતુ આ ગુણસ્થાનની સ્થિતિમાં હાયમાન પરિણામ હોતાં નથી.

**(૧૨) બારમું ક્ષીણ મોહ ગુણસ્થાન :–** દસમા ગુણસ્થાને રહેલા ક્ષપકશ્રેણીના જીવ, સંજ્વલનના લોભનો ક્ષય થવાથી, મોહનીય કર્મની બધી જ પ્રકૃતિ ક્ષય થઈ જવાથી આ બારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે તેથી તેને ક્ષીણમોહ ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનને અંતે જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય; એ ત્રણ ઘાતી કર્મોનો ક્ષય કરે છે.

આ ગુણસ્થાનની જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની સ્થિતિ હોય છે. એક સમયની સ્થિતિ હોતી નથી. આ ગુણસ્થાને કોઈ જીવ મરતો નથી. અહીં માત્ર વર્ધમાન પરિણામ જ હોય છે. હાયમાન અને અવસ્થિત પરિણામ હોતાં નથી.

**(૧૩) તેરમું સયોગી કેવળી ગુણસ્થાન :–** બારમા ગુણસ્થાનના અંતિમ સમયે ત્રણ કર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટ થાય છે. ત્યારે જીવને આ તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવાળા સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વની હોય છે. તેમાં અપેક્ષિત મન, વચન, કાયાના યોગ પ્રવર્તે છે, તેથી તેને સયોગી કેવળી ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનમાં સામાન્ય કેવળી અને તીર્થંકર કેવળી બંને હોય છે. વધારે આયુષ્યવાળા કેવળજ્ઞાન પર્યાયમાં વિચરણ કરે છે. મુહૂર્ત માત્ર આયુષ્ય બાકી રહે ત્યારે કેવળીનું આયોજીકરણ થાય છે, જેમાં મુક્ત થવા પહેલાંની પ્રક્રિયાઓ શરૂ થાય છે, જેમ કે– જવાબદારીના કર્તવ્ય પુરાં કરવાં, બીજાની જવાબદારીના કાર્ય તેમને સોંપવા, જરૂર હોય તો કેવળી સમુદ્ઘાત કરવો, પાટ

આદિ યથાસ્થાને પહોંચાડવા, પછી યોગ નિરોધ કરવો, જેમાં ક્રમશઃ મન, વચન, કાયાના યોગોનો નિરોધ કરવો, શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરવી; એ બધી અવસ્થાઓ આ ગુણસ્થાનમાં હોય છે. શૈલેષી અવસ્થા અને યોગ નિરોધ જ્યારે પૂર્ણ થાય છે ત્યારે જીવના ૧૩ માં ગુણસ્થાનનો સમય પૂરો થઈ જાય છે. આ ગુણસ્થાનમાં પ્રાયઃ અવસ્થિત પરિણામ જ રહે છે પરંતુ અંતિમ સમયના અંતર્મુહૂર્તમાં પરિણામ વર્ધમાન હોય છે, જેમાં યોગ નિરોધ થાય છે.

**(૧૪) ચૌદમું અયોગી કેવલી ગુણસ્થાન :–** તેરમા ગુણસ્થાનના અંતિમ અંતર્મુહૂર્ત સમયની પ્રક્રિયાઓમાં યોગનિરોધ ક્રિયા અને શૈલેષી અવસ્થા પૂર્ણ થતાં જીવ ૧૪ મા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ ગુણસ્થાનમાં શરૂઆતથી જ શરીરના ૨/૩ ભાગમાં આત્મપ્રદેશ અવસ્થિત થઈ જાય છે. શરીરમાં તેનું કંપન પણ બંધ થઈ જાય છે. શ્વાસોશ્વાસ ક્રિયા પણ બંધ થઈ જાય છે.

આ ગુણસ્થાને માત્ર વર્ધમાન પરિણામ હોય છે. પાંચ લઘુ અક્ષર ઉચ્ચારણ જેટલા સમયની તેની સ્થિતિ છે (અ, ઈ, ઉ, ઋ, લૃ એ પાંચ લઘુ અક્ષર છે). સ્થિતિ પૂર્ણ થતાં અંતિમ સમયે અઘાતિકર્મોનો ક્ષય કરી જીવ સંપૂર્ણ કર્મરહિત, નિરંજન, નિરાકાર, પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. મુક્ત થતાં જીવ,ચાર કર્મની નિર્જરા કરતાં, ત્રણ શરીરોને છોડતાં ઋજુ શ્રેણીએ, અસ્પર્શદ ગતિએ સાકારોપયોગમાં વર્તતાં સિદ્ધ થાય છે. ત્યારે જીવ ૧૪ મા ગુણસ્થાનને પણ છોડી આત્મસ્વરૂપી સિદ્ધ અવસ્થામાં સદાને માટે સાદિ અનંત સ્થિતિમાં લોકાગ્રે અવસ્થિત થાય છે. તે સિદ્ધોના આત્મપ્રદેશ અંતિમ શરીરના ૨/૩ ભાગની અવગાહનાએ શરીર સંસ્થાનના ઘનરૂપે અવસ્થિત રહે છે.

**વિશેષ જ્ઞાતવ્ય :–** *આ ૧૪ ગુણસ્થાનોનું સામાન્ય સ્વરૂપ પૂર્ણ થયું. પાંચમા આરાના આ વર્તમાન સમયે ૧૪ ગુણસ્થાનોમાંથી ૭ ગુણસ્થાનો જીવોમાં થઈ શકે છે. ૮માથી ઉપરનાં બધાં ગુણસ્થાનો અત્યારના જન્મેલા મનુષ્યોમાં હોતા નથી એવો કાલ સ્વભાવ છે.*

*અગિયારમા ગુણસ્થાને ચડેલા જીવોનો વધારે સંસાર બાકી હોય તો ચારે ગતિમાં અનંતાનંત ભવ કરી શકે છે. આરાધક થવાવાળા જીવો ઉત્કૃષ્ટ પંદર ભવથી વધારે કરતા નથી, અને જઘન્ય ત્રીજા ભવે પણ મોક્ષે જાય છે. આ ગુણસ્થાનવાળા કોઈ તરત જ પહેલા ગુણસ્થાનમાં જાય છે. કોઈક વચમાં જ રોકાઈ જાય છે. આ ગુણસ્થાને કાળ કરવાવાળા નિયમથી અણુત્તર વિમાનમાં જ જાય છે અને ત્યાં તેત્રીશ સાગરોપમની સ્થિતિ જ પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનમાં*





*કાળ કરનારા જીવો નિયમા આરાધક હોય છે માટે નરક તિર્યંચમાં ક્યારે ય જતા નથી. તેમજ પાંચમાથી દસમા સુધીના ગુણસ્થાનમાં કાળ કરવાવાળા જીવો પણ નિયમા આરાધક હોય છે તે જીવો પણ નરક તિર્યંચમાં ક્યારે ય જતા નથી અને ઉત્કૃષ્ટ પંદર ભવથી વધારે સંસારમાં રહેતા પણ નથી.*

*ચોથા ગુણસ્થાનમાં આયુષ્યનો બંધ કરવાવાળા જીવો માટે પણ એ જ ઉપર કહેલ નિયમ છે. પરંતુ ચોથા ગુણસ્થાનમાં કાળ કરનાર માટે એવો નિયમ લાગતો નથી. જો આ ગુણસ્થાનમાં મરનાર ક્ષાયિક સમકિતવાળા હોય તો ત્રીજા કે ચોથા ભવે નિયમથી મોક્ષે જાય છે.*

*ચોથા ગુણસ્થાનના ઉપશમ સમકિતવાળા જીવો માટે બે મત છે– (૧) તે નિયમથી પહેલા ગુણસ્થાનમાં જાય છે. (૨) ઉપશમ સમકિતથી ક્ષયોપશમ સમકિતમાં ચાલ્યા જાય છે. આ બંને માન્યતાઓ અપેક્ષાથી ચાલે છે. આગમથી ચિંતન કરતાં ઉપશમ સમકિતની બંને અવસ્થાઓ સ્વીકાર કરવા યોગ્ય છે અર્થાત્ ઉપશમ સમકિતવાળા જીવ મિથ્યાત્વમાં પણ જાય અને ક્ષયોપશમ સમકિતમાં પણ જઈ શકે છે.*

## નિબંધ – ૮૮

## બે વખત પાત્ર પ્રતિલેખન

જિનશાસન આગમોના આધાર પર જ સુરક્ષિત ચાલી રહ્યું છે. આપણા માટે પણ આજે આગમ જ સર્વોપરી પ્રમાણભૂત છે. પોતાને વિદ્વાન સમજનાર ઘણા માણસો પોતાને માન્ય ધારણા પ્રવૃત્તિના મોહ–દુરાગ્રહમાં આગમ પ્રમાણોની ઉપેક્ષા કરીને ધારણા, પરંપરા અને પ્રવૃત્તિને એટલું વધારે મહત્ત્વ દેવે છે કે તેનાથી સ્વતઃ આગમોની મહાન આશાતના થઈ જાય છે તેમજ તેઓ સિદ્ધાંતોની વિપરીત પ્રરૂપણાનું મહાપાપ વહોરીને પોતાની પરંપરા અને ખોટી પકડના મોહ દુરાગ્રહમાં સામાન્ય જેવા સરલ વિષયને પણ સમજી શકતા નથી. આ પણ જીવની પોતાના માન કષાયને કારણે થનારી એક દશા છે.

પ્રતિલેખન સાધુ સમાચારીનો એક મુખ્ય આચાર છે. જેના માટે મૌલિક આગમ અને તેની વ્યાખ્યાઓમાં સ્પષ્ટરૂપથી સવાર-સાંજ બંને સમય પ્રતિલેખન કરવાનું આવશ્યક વિધાન છે. સાધુએ પોતાના બધા જ ભંડોપકરણનું સવાર-સાંજ બે વખત પ્રતિલેખન કરવું જરૂરી છે. તે પ્રમાણે પાત્ર પણ સાધુને આવશ્યક ઉપકરણ છે. તેની પણ બંને વખત પ્રતિલેખના કરવી જોઈએ. તેમાં કોઈ વિવાદને

સ્થાન નથી. તે સાથે સાધુને જે પણ ઉપકરણ પોતાની નેશ્રામાં(પાસે) રાખવા હોય તે ભંડોપકરણ જ કહેવાય અને જે પણ ભંડોપકરણ સાધુ રાખે છે તે શરીર સંયમના ઉપયોગને માટે જ રાખે છે. તેનું પડિલેહણ પણ બે ટાઈમ કરવું આવશ્યક સમજવું જોઈએ. કોઈપણ આગમમાં કે તેની વ્યાખ્યામાં 'એકવાર પ્રતિલેખન કરવું', એવું વિધાન કરવામાં આવ્યું નથી, કેટલીય આગમ વિપરીત પ્રવૃત્તિઓ તો શિથિલાચાર તેમજ પ્રમાદથી પ્રારંભ થઈ જાય છે અને કોઈ અપવાદરૂપ પરિસ્થિતિથી પ્રારંભ થઈને પછી કાલાંતરે પરંપરા બની જાય છે. જેને ક્યારેક ગાડરીયા પ્રવાહની વૃત્તિવાળા દુરાગ્રહમાં નાંખીને સિદ્ધાંત બનાવી દે છે. તોપણ ન્યાયના સ્થાન રૂપ આપણા પ્રમાણભૂત આગમ મોજૂદ છે. ક્યારેક અવ્યવસ્થા તેમજ ઉતાવળથી છૂટી ગયેલ સાંજના પાત્ર પ્રતિલેખનાને માટે પ્રમાણ દેવામાં આવી રહ્યા છે. તટસ્થ વિદ્વાન આ પ્રમાણોથી સાચું મૂલ્યાંકન કરે.

**પ્રમાણોલ્લેખ :–**

**(૧) આવશ્યક સૂત્ર :–** શ્રમણસૂત્રની ત્રીજી પાટી અને તેની ટીકામાં પાત્રનો ઉલ્લેખ બે વાર પ્રતિલેખનમાં છે.– **રાજેન્દ્રકોષ पडिक्कमण શબ્દ પૃ. ૨૭૩.**

**મૂળ પાઠ :– उभओकालं भंडोवगरणस्स अपडिलेहणाए....।**

**ટીકા :– उभयकालं प्रथम पश्चिम पोरिषी लक्षणं, भंडोपकरणस्य पात्र वस्त्रादे अप्रत्युप्रेक्षणया दुप्रत्युप्रेक्षणया । तत्र अप्रत्युप्रेक्षणया–मूलत एव चक्षुसा अनिरक्षणीया इत्यादि । – આચાર્ય મલયગિરીય ટીકા.**

અહીંયા બધા ભંડોપકરણનું બે વાર પ્રતિલેખનમાં વિધાનમાં પાત્ર પણ છે અને અનેક વસ્ત્રાદિ પણ છે. માટે વસ્ત્ર અને પાત્રની વિધિ સમાન સમજવી.

આવશ્યક સૂત્ર બંને કાળે સાધુઓએ છ આવશ્યક સહિત કરવું આવશ્યક હોય છે. તેના ચોથા અધ્યાયના ઉક્ત મૂળ પાઠમાં બે વાર પ્રતિલેખનનું સ્પષ્ટ કથન છે અને તેની વ્યાખ્યામાં આચાર્ય મલયગિરિએ મુખ્ય ઉપકરણોમાં વસ્ત્ર-પાત્ર સ્પષ્ટ કહેલ છે. માટે પાત્રનું પડિલેહણ બંને ટાઈમ કરવું તે સ્પષ્ટ છે. એટલા માટે વિવાદને જરા પણ સ્થાન નથી.

**(૨) વ્યવહાર સૂત્ર :–** ઉદ્દેશક–૮માં વધારે પાત્રો દૂર ક્ષેત્રથી લાવવાનું વિધાન છે. તેની વ્યાખ્યાઓમાં તે પાત્રોનું પણ બે વાર પ્રતિલેખન કરવાનું કહ્યું છે. યથા–

**ओमंथणमादीणं, गहणे उवहिं तहिं पउंजंति ।**
**गहिए व पगास मुहे, करेंति पडिलेह दो काले ॥२४४॥**

**ટીકા :– अवमंथन–अधोमुखं कृत्वा प्राणादीन्, खोटनेन भूमौ यतनया पातयति। अमुं विधि तत्र ग्रहणे प्रयुंजति । गृहिते चे तानि पात्राणि प्रकाश मुखानि करोती तथा द्वौ कालौ–प्रातः अपरान्हे च प्रत्युप्रेक्षति ।**

અંતિમ વાક્યમાં સ્પષ્ટ કરેલ છે કે તે પાત્રોને બંને કાળે સવાર-સાંજ પ્રતિલેખન કરે છે.–**રાજેન્દ્ર કોષ पत्त શબ્દ પૃષ્ટ–૪૧૩૫.** આ વિધાન મર્યાદાથી વધારે પાત્રનું છે. જે કામમાં નથી આવતા, ફક્ત પડયા રહે છે, તેનું પણ બંને વખત પ્રતિલેખન કરવાનું સ્પષ્ટ કથન છે. એકવાર કરવાનો લેશમાત્ર પણ સંકેત નથી. તો ઉપયોગમાં આવનારા પાત્ર માટે એકવાર પ્રતિલેખનનો આગ્રહ અને પ્રરૂપણા મનઘડંત અને શિથિલાચાર મૂલક છે. તેમાં કિંચિત્માત્ર સંદેહ નથી.

**(૩) નિશીથ સૂત્ર :–** ઉદ્દેશક–૧૪, સૂત્ર–૫ ની ભાષ્ય ગાથા અને ચૂર્ણિટીકામાં પણ સ્પષ્ટ લખ્યું છે કે વધારે ગ્રહણ કરેલા પાત્રો સાધુ રસ્તામાં લઈ જઈ રહ્યા હોય, તે સમયે કામમાં ન આવતા હોય તો પણ બે વાર પ્રતિલેખન કરવું.–**ગાથા–૪૫૫૭ ચૂર્ણિ.** અહીં એમ કહ્યું છે કે જેવી રીતે પોતાનાં ઉપકરણોનું બે વાર પ્રતિલેખન કરવામાં આવે છે, તેવી જ રીતે બીજાને માટે લેવામાં આવતા અને બાંધીને રાખેલા પાત્રોનું પણ બે વાર પ્રતિલેખન કરવું. (નિ.ચૂ.પા.–૪૫૫)

**આટલા સ્પષ્ટ ૧૦૦૦ વર્ષ પ્રાચીન પ્રમાણના હોવા છતાં પોતાના કામમાં આવનારાં પાત્રોનું એકવાર પ્રતિલેખન કરવું ક્યારે ય ઉચિત થઈ શકતું નથી.**

**(૪) નિશીથ સૂત્ર :–** ઉદ્દે.–૨, સૂત્ર–૫૯, ભાષ્ય ગાથા–૧૪૨૬ના વિવેચનમાં પાત્ર પ્રતિલેખનના કાળનું વર્ણન કરતાં બતાવેલ છે કે– **चरम पोरिसिए पुण ओगाहंतीए चेव पडिलेहेउं निक्खिवंति। ततो सेसोव करण, ततो सज्झायं पट्ठवेंति ।** આગળ ગાથા ૧૪૩૬ના વિવેચનમાં– **जम्हा एते दोसा, तम्हा सव्वोवही दुसंझं पडिलेहियव्वो ।**

**ભાવાર્થ :–** ચોથી પોરસી ચાલુ થતાં જ પાત્રનું પ્રતિલેખન કરીને રાખવા. પછી બાકીનાં ઉપકરણોનું પ્રતિલેખન કરવું, પછી સજ્ઝાય કરવી. આગળ ગાથા–૧૪૩૬નાં વિવેચનમાં કહ્યું છે કે જો આટલો દોષ સંભવ રહે છે તો બધી ઉપધિની બંને વખત પ્રતિલેખન કરવું જોઈએ.– **નિશીથ ચૂર્ણિ.**

(૫) ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૬, ગાથા–૩૭.– **चउत्थीए पोरिसीए, णिक्खिवित्ताण भायणं। ટીકા– चतुर्थ्यां पोरुष्यां निक्षिप्य– प्रत्युप्रेक्षणापूर्वकं बध्वा, भाजनं–पात्रं । ભાવાર્થ–** ચોથી પોરસી ચાલુ થતા જ ભાજનોનું એટલે પાત્રાઓનું પ્રતિલેખન કરીને બાંધીને રાખે.

**[નોંધ :– આ પાંચ પ્રમાણ લોકાશાહથી પણ સેંકડો વર્ષ પૂર્વનાં છે.]**

**(૬) આચાર્ય આત્મારામજી મ.સા.**એ પણ ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૬ ગાથા–૩૭માં ચોથા પ્રહરમાં પાત્ર પ્રતિલેખન કરવાનું લખેલ છે.

**(૭) આચાર્ય ઘાસીલાલજી મ.સા.** એ પણ ઉત્તરાધ્યયન સૂત્રમાં સાંજે પાત્ર પ્રતિલેખન કરવાનું લખેલ છે.

**(૮) કવિ અમરચંદજી મ.સા.** એ પણ શ્રમણ સૂત્ર(વિવેચન)માં પૃ. ૯૫, ૯૭, ૧૦૩ પર ત્રણ જગ્યાએ પાત્ર પ્રતિલેખન બે વાર કરવાનું લખ્યું છે.

**(૯) જ્ઞાનગચ્છના આદિ કર્તા પૂજ્ય જ્ઞાનચંદજી મ.સા.**ની સમાચારી નં. ૩૬માં પાત્ર પ્રતિલેખન બે વાર કરવાનું લખેલ છે.

**(૧૦) તેની નેશ્રાગત સાધ્વીપ્રમુખા શ્રી નંદકુંવરજી મ.સા.**ની સમાચારી ધારણા અને રિવાજ પણ બે વાર પ્રતિલેખનાનો છે.

**(૧૧) આચાર્ય હસ્તીમલજી મ.સા.**ના સંતોની ધારણા બે વાર પ્રતિલેખનની છે.

**(૧૨) શ્રમણસંઘના સાદડી સંમેલનનું વિધાન**–પ્રસ્તાવ ૧૬ માં પાત્ર પ્રતિલેખન બે વાર કરવાનું લખ્યું છે. આ છાપેલા પુસ્તકમાં છે. પૂના સંમેલનમાં પણ આ જ નિર્ણય થયો છે.

**(૧૩) સમર્થ સંસ્મરણ(પૃ. ૨૮૯) :– પૂજ્ય સમર્થમલજી મ.સા. એ** સાદડી સંમેલનના પ્રસ્તાવ નં. ૧૬ ઉપર ટિપ્પણી લખી તેને ઘીસૂલાલજીએ સમર્થ સંસ્મરણ પા. ૨૮૯માં છપાવેલી છે. તે આ પ્રમાણે છે– પ્રસ્તાવ ૧૬માં 'વસ્ત્ર પાત્રનું બે વખત પ્રતિલેખન કરવાનું બતાવેલ છે. પરંતુ અન્ય ઉપકરણો માટે કંઈ કહ્યું નથી. જ્યારે અન્ય ઉપકરણોની પ્રતિલેખના ન કરવી તે શાસ્ત્ર વિરૂદ્ધ છે. માટે વસ્ત્રપાત્રની સાથે 'પાટ-બાજોઠ' શબ્દ વધારે જોડવો જોઈએ તથા બે સમયની આગળ પુસ્તક પાનાનું તેમજ સ્થંડિલભૂમિનું પડિલેહણ એક વખત કરવું; આ પણ હોવું જરૂરી હતું. આ સમીક્ષામાં બહુશ્રુત પૂ.મ.સાહેબે વસ્ત્ર,પાત્ર,પાટ, બાજોઠનું બે વખત પ્રતિલેખન કરવાની પોતાની માન્યતા સ્પષ્ટ કરી છે, માટે તેના નામથી પાત્રાઓનું એક વખત પ્રતિલેખન કરવું ઉચિત થતું નથી. સાથે જ આગમમાં ભંડોપકરણની પ્રતિલેખના બે વાર કરવાનું વિધાન છે, એકવારનો કોઈ ઉલ્લેખ જ નથી. માટે સાધુએ પોતાનાં બધા ઉપકરણોનું બે વાર પ્રતિલેખન કરવું જોઈએ. એક વાર પ્રતિલેખનને શિથિલાચાર તેમજ ઉત્સૂત્ર પ્રરૂપણા સમજવી જોઈએ.

**(૧૪) શ્વેતાંબર મૂર્તિપૂજક તેમજ શ્વેતાંબર તેરાપંથી** સાધુ સમાજ પણ બે વાર પાત્ર પ્રતિલેખન કરવાના સિદ્ધાંતને માન્ય કરે છે.





આવી રીતે એકવાર પ્રતિલેખન કરવાનો વાસ્તવમાં કોઈ સિદ્ધાંત નથી; પ્રમાણ પણ નથી અને સમાજ પણ નથી; માટે તે વ્યક્તિગત શિથિલાચારનો આગ્રહ માત્ર છે.

**પ્રશ્ન– પાત્ર રાત્રિમાં કામ આવતા નથી, માટે સાંજે પ્રતિલેખન ન કરવું જોઈએ ?**

**ઉત્તર :–** કોઈપણ શાસ્ત્રમાં, ટીકામાં, ભાષ્યમાં, ચૂર્ણિમાં, વિવેચનમાં કોઈપણ આચાર્યે એવું નથી લખ્યું કે સાંજે પાત્ર પડિલેહણ ન કરવું. પૂર્વાચાર્યોએ પ્રમાણ નં. ૨ અને ૩ માં તેનાથી વિપરીત લખેલ છે કે રાત્રે અને દિવસે ક્યારેય પણ કામ ન આવનારા પાત્રોનું પણ બે વાર પ્રતિલેખન કરવું જોઈએ અને પ્રમાણ નં. ૪ નિશીથમાં બતાવેલ છે કે ચોથો પ્રહર શરૂ થાય ત્યારે પહેલા જ પાત્રોની પ્રતિલેખના કરવી અને પછી બાકીનાં ઉપકરણોની પ્રતિલેખના કરીને સ્વાધ્યાય કરવો. આ રીતે નક્કર પ્રમાણોની સમક્ષ એવા તર્કનું કોઈ મહત્ત્વ નથી.

પ્રવૃત્તિની દષ્ટિથી પણ આ તર્ક બરાબર લાગતો નથી. કોઈ સાધુ અનેક વસ્ત્રો રાત્રિમાં કામમાં લેતા નથી. બાંધીને રાખી દે છે. કંબલ પણ આઠ મહિના બાંધીને રાખી દે છે. કોઈ સ્થિરવાસવાળા સ્થવિરો કે બીમાર સાધુઓનાં રજોહરણ પૂંજણી વગેરે ઉપકરણો કાંઈ કામમાં આવતા નથી; 'જમીન પોંછણા' રાત્રિએ કામમાં આવતા નથી. તે બધાની બે વાર પ્રતિલેખનની પ્રવૃત્તિ અને પ્રરૂપણા ચાલુ છે. મુહપતી એક જ પ્રાયઃ કામ આવે છે, બાકીની ૨–૩ અલગ રાખે છે. તો પણ એ બધાનું માત્ર એકવાર પ્રતિલેખન કરવામાં આવતું નથી.

**સાર :–** સાધુએ પોતાની નિશ્રાનાં બધા ભંડોપકરણોનું સવાર-સાંજ બે વાર પ્રતિલેખન કરવું જોઈએ, ન કરવા પર કે એક વાર કરવા પર સૂત્રોક્ત પ્રાયશ્ચિત્ત આવે છે. પરઠવાની ભૂમિને દિવસે જોઈને પરઠી શકાય છે અને રાત્રે પરઠવા માટે સંધ્યા સમયે પ્રતિલેખન કરવાનું વિધાન છે. શયન સ્થાન વગેરે ઉપયોગમાં આવનારા ઉપાશ્રયોના વિભાગોનું બંને સમય પ્રમાર્જન, પ્રતિલેખન કરવું જોઈએ.

**પુનશ્ચ :–** સાંજે ચોથા પ્રહરમાં પાત્ર પ્રતિલેખન કરવું અને પાત્રનું બે વાર પ્રતિલેખન કરવું; તેવું અનેક જગ્યાએ લેખિત પ્રમાણ છે. પરંતુ પાત્ર પ્રતિલેખન એક વાર કરવું કે સાંજે પાત્ર પ્રતિલેખન ન કરવું અથવા અવિધિથી સંક્ષેપમાં જ સાંજે પાત્ર પ્રતિલેખન કરવું, એવું ક્યાંય લખ્યું નથી અર્થાત્ તેનું કોઈ લેખિત પ્રમાણ નથી. માટે ભૂલ સુધારીને સાચો નિર્ણય કરવો જોઈએ. **સાંજે પાત્ર પ્રતિલેખન ન કરવાથી અને અવિધિથી કરવાથી ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન સમજીને પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ તથા એવી પ્રરૂપણા કરવાથી આગમ વિપરીત પ્રરૂપણાનો મહાદોષ માનવો જોઈએ.**

**પ્રતિલેખન સંબંધી જાણવાલાયક વાતો :–**

(૧) સૂર્યોદય થવા પર પ્રતિલેખન શરૂ કરવું (૨) સૌ પ્રથમ મુહપત્તી પ્રમાર્જનિકા(ગુચ્છા)નું પ્રતિલેખન કરવું અને તે પછી બાકી બધી ઉપધિનું પ્રતિલેખન કરવું (૩) પાત્રની પ્રતિલેખના પોણી પોરસી આવ્યા પછી કરવી પરંતુ નવકારશીમાં ગોચરી જવું હોય તો સવારે જ પ્રતિલેખન કરવું (૪) ચોથો પહોર શરૂ થતાં પાત્ર પ્રતિલેખન કરી બાંધી દેવા. પરંતુ સાંજે વાપરવાનું હોય તો તેની વ્યવસ્થાથી કરવું (૫) સવાર-સાંજ પોતાના ગોચરી વાપરવાના સ્થાનનું પ્રતિલેખન, પ્રમાર્જન કરવું (૬) સાંજે સૂર્યાસ્તના પહેલા પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરવું (૭) પ્રતિલેખન મૌનપૂર્વક એકાગ્રચિત્તથી કરવું. શાંતિથી શાસ્ત્રોક્ત વિધિવત્ જ પ્રતિલેખન કરવું.

## નિબંધ – ૮૯

## સોય આદિ ઉત્તરકરણના સૂત્રોનો મર્મ

**[નિશીથ ઉદ્દેશક–૧ : સૂત્ર–૧૫ થી ૧૮]** સાધુને માટે અતિઅલ્પ ઉપધિ રાખવાનું વિધાન છે. તો પણ ક્ષેત્ર-કાલ અનુસાર કે પરિવર્તિત શારીરિક સ્થિતિ અનુસાર કયારે, કયા ઉપકરણોની ક્યાં આવશ્યકતા પડે અને તે સમયે કદાચિત્ ક્યાંય તે ઉપકરણ ન મળે. તે આશયથી કાંટા કાઢવાનું સાધન તેમજ દાંતની સળી વગેરે અન્ય ઉપકરણ વર્તમાનમાં પણ સાથે રાખવામાં આવે છે.

આ જ રીતે પ્રસ્તુત સૂત્રોક્ત સોય, કાતર વગેરે ઉપકરણ ક્ષેત્ર, કાળ વગેરેની પરિસ્થિતિ પ્રમાણે રાખવામાં આવે છે; એવું આ 'ઉત્તરકરણ'(સુધારકામ કરવાના) સૂત્રોથી પ્રતીત થાય છે. નિશીથભાષ્ય ગાથા ૧૪૧૩થી ૧૪૧૬ તથા બૃહત્કલ્પ ભાષ્ય ગાથા ૪૦૯૬થી ૪૦૯૯ સુધી અપવાદરૂપ પરિસ્થિતિમાં રાખવામાં આવતા અનેક ઔપગ્રહિક ઉપકરણ સૂચિત કરેલ છે. તે અન્ય નિબંધમાં છે. તે ઉપકરણોમાં સોય, કાતર વગેરે પણ છે; ચર્મ, છત્ર, દંડ પણ છે; તેમજ પુસ્તક વગેરે પણ કહેલ છે.

આ ઉત્તરકરણના સૂત્ર પણ પરિસ્થિતિવશ સાથે રાખેલ ઔપગ્રહિક ઉપકરણ રૂપ સોય વગેરેથી સંબંધિત છે. કારણ કે એક દિવસને માટે લાવીને પાછા આપવાનું(પ્રત્યર્પણીય) ઉપકરણ તો જોઈને જ અને ઉપયોગી હોવા પર લાવવામાં આવે છે. ક્યારેક ભૂલ થઈ પણ જાય તો તેને પાછું દઈને બીજું પણ લાવી શકાય છે. એ પણ સ્પષ્ટ સમજવા લાયક છે કે પાછી દેવાની સોય, કાતર





વગેરેની ધાર, અણી ગૃહસ્થ પાસે જઈને કઢાવવી અને ગુરુમાસિક પ્રાયશ્ચિત્તના પાત્ર બનવું એવી પ્રવૃત્તિ કોઈપણ ભિક્ષુ દ્વારા કરવાની સંભાવના નથી; એટલામાં તો બીજી જ લાવી શકાય છે.

જે ઉપકરણ હંમેશાં સાથે રાખતા હોય અને કામમાં લેતાં-લેતાં જો ખરાબ થઈ જાય તો તેનો પરિષ્કાર કે સુધારવાનું સ્વયં કરવું અથવા ક્યારેક અન્ય પાસે કરાવવું આવશ્યક થઈ જાય છે. તે સમયે સૂત્રોક્ત ગૃહસ્થ પાસે ઉત્તરકરણ (સુધારાકામ)કરાવવા રૂપ પરિસ્થિતિની સંભાવના ઉત્પન્ન થાય છે. માટે સૂત્રમાં નિર્દિષ્ટ 'ઉત્તરકરણ' ક્ષેત્ર, કાળ વગેરેની અપેક્ષાથી પાસે રાખેલી સોય, કાતર, નેઈલકટર તેમજ કાનની સળી(ધાતુની) સંબંધી સમજવું જોઈએ.

વર્તમાનમાં સોય, કાતર, નેઈલકટર રાખવા માટે *"તે ધાતુ નિર્મિત્ત હોવાના કારણે રાખવું અકલ્પનીય છે"*, એવું માનવામાં આવે છે.

પ્રસ્તુત સૂત્રમાં વર્ણવેલ સોય, કાતર, નેઈલકટર તથા આચારાંગ સૂત્ર અને વ્યવહાર સૂત્રમાં વર્ણવેલ ચર્મછેદવાનું ઉપકરણ વગેરે ધાતુ નિર્મિત્ત જ સર્વત્ર ઉપલબ્ધ હોય છે તથા આગમોમાં પાત્રના સિવાય ધાતુયુક્ત ઉપકરણોની અકલ્પનીયતાનો કોઈપણ પાઠ મળતો નથી. પરિગ્રહનું મૂળ છે મમત્વ. બહુમોંઘી વસ્તુઓ પર લગભગ મમત્વ વધારે હોય છે. માટે સંયમી શ્રમણ ધન(પ્રચલિત સિક્કા) સોનું, ચાંદી તથા તેનાથી નિર્મિત વસ્તુઓ ન રાખે. એવો નિષેધ આગમોમાં ઘણી જગ્યાએ મળે છે. જુઓ દશવૈકાલિક અ. ૧૦ ગા. ૬માં **अहणे निज्जाय रूवरयए** તથા ઉત્તરાધ્યયન અ. ૩૬ ગા. ૧૩માં **हिरण्णं जायरूवं च मणसा वि न पत्थए** વગેરે સ્થળોમાં સોના, ચાંદી અને સિક્કાઓનો નિષેધ છે. પરંતુ લોઢાની સોય, કાતર, નેઈલકટર, કાનખોતરણી વગેરે રાખવાનો સર્વથા નિષેધ કોઈપણ આગમમાં નથી; માટે તેનો એકાંત નિષેધ કરવો યોગ્ય નથી.

આગમોમાં ફક્ત પાત્રના પ્રસંગમાં જ ત્રણ જાતના સિવાય અન્ય અનેક જાતના પાત્ર રાખવાનો નિષેધ છે. તેમાં ફક્ત ધાતુનો જ નિષેધ નથી પરંતુ પથ્થર, કાચ, દાંત, શીંગડા, ચર્મ, વસ્ત્ર, શંખ વગેરે અનેક જાતનો નિષેધ છે. જે ફક્ત પાત્રને માટે સમજવું જ ઉપયુક્ત છે. બધા ઉપકરણોને માટે આ વિધાન ઉપયુક્ત થઈ શકતું નથી. અન્યથા વર્તમાનમાં રાખવામાં આવતાં કાચ, દાંત વગેરેનાં અનેક ઉપકરણોનો નિષેધ થઈ જાશે. માટે શરીર ઉપયોગી ઔપગ્રહિક ઉપધિ કે અધ્યયનમાં સહાયક પેન વગેરે ધાતુની પણ રાખી શકાય છે, તેમ આ ઉત્તરકરણ સૂત્રો અને અન્ય આગમ સ્થળોની વિચારણાથી સ્પષ્ટ થાય છે. તેમ છતાં આ

વિષયને અત્યંત સ્પષ્ટ સમજવા માટે આગળના નિબંધમાં રજુઆત કરેલ છે.

## નિબંધ – ૯૦

### ધાતુનાં ઉપકરણ ગ્રહણ-ધારણ સંવાદ

**પ્રશ્ન–૧** *શું સાધુને ધાતુની વસ્તુ ગ્રહણ કરવી કલ્પે છે ?*

**ઉત્તર :** હા– પાટ, પુસ્તક વગેરે ઘણીય ચીજોમાં ધાતુ રહે છે અને સોય, કાતર પણ સાધુ લઈ શકે છે.

**પ્રશ્ન–૨** *ધાતુની ચીજ રાત્રે રાખી શકાય છે ?*

**ઉત્તર :** હા; પુસ્તકો,પાટ, કબાટ, લોઢાનો બાજોઠ વગેરે રાત્રે રાખવામાં આવે છે.

**પ્રશ્ન–૩** *શું ગોદરેજનો કબાટ સાધુ ઉપયોગમાં લ્યે છે ?*

**ઉત્તર :** હા– સારી રીતે પ્રતિલેખન થઈ શકે તો લઈ શકે છે. દરેક સંપ્રદાયના શ્રમણ–શ્રમણીઓ ઉપાશ્રયમાં રહેલા કબાટોને ઉપયોગ કરે જ છે.

**પ્રશ્ન–૪** *ધાતુઓની વસ્તુઓ રાતમાં રાખવી પરિગ્રહ છે ? વિહારમાં રાખવી પરિગ્રહ છે ?*

**ઉત્તર :** કોઈપણ ધાતુની વસ્તુ દિવસમાં રાખે તો પરિગ્રહ નથી અને રાતમાં રાખે તો પરિગ્રહ છે, એવો સિદ્ધાંત હોતો નથી. તથા ગામમાં રાખે તો પરિગ્રહ નહિ અને વિહારમાં રાખે તો પરિગ્રહ છે એવો પણ સિદ્ધાંત બનતો નથી, જો એવું થાય તો સોના–ચાંદીનાં ઉપકરણ વગેરે દિવસમાં અને ગામમાં રાખવા સિદ્ધ થશે. જેનું ઉપરોક્ત સૂત્ર પાઠોમાં રાખવાનો સ્પષ્ટ નિષેધ છે.

**પ્રશ્ન–૫** *ધાતુની ચીજો રાખે તો સાધુ પરિગ્રહી થઈ જાય ?*

**ઉત્તર :** કેટલીક ધાતુની વસ્તુ વર્તમાનમાં રાખવી તે ઉપર બતાવેલ છે. માટે મમત્વ મૂર્ચ્છાભાવ વિના શરીર તેમજ સંયમોપયોગી અત્યાવશ્યક ઉપકરણ રાખવા પરિગ્રહ નથી. તે ઉપકરણ આવશ્યક હોવાથી લેવામાં આવે છે.આવશ્યકતા મુજબ દિવસ–રાત્રિમાં કે વિહારમાં રાખવામાં આવે છે. આવશ્યકતા વિના મમત્વ–મૂર્ચ્છાથી રાખવા પર તે બધા ઉપકરણ પરિગ્રહ કહેવાય અને ત્યારે તે સાધુ પરિગ્રહી કહેવાય.

**પ્રશ્ન–૬** *નિશીથ ઉ.૧૧માં ધાતુ રાખવાનું પ્રાયશ્ચિત્ત છે ?*

**ઉત્તર :** ના, ત્યાં ધાતુ કે ધાતુ વિનાનાં અનેક પ્રકારનાં પાત્ર રાખવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. પાત્ર સાધુની ઔધિક ઉપધિ છે. એના માટે અનેક શાસ્ત્રોમાં પાત્ર ત્રણ





જાતના હોવા, તે સ્પષ્ટ બતાવેલ છે. માટે તે ત્રણ પ્રકાર સિવાય ધાતુ કે વગર ધાતુના કોઈપણ પ્રકારનાં પાત્ર સાધુને કલ્પતા નથી, એવું આચારાંગ સૂત્રમાં બતાવ્યું છે. તેનું અહીં નિશીથસૂત્રમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે. અહીં કાચ, દાંત, સીંગ, શંખ, ચામડું વગેરે અનેક જાતિના પાત્રનો નિષેધ છે. તેને ફક્ત પાત્ર માટે સમજવામાં આવે છે. એટલા માટે હાથી દાંત, પ્લાસ્ટિક, કાચ, રબ્બર, કાગળ, પુઠ્ઠાં વગેરેની અન્ય વસ્તુઓ રાખી શકાય છે.

**પ્રશ્ન–૭** *નિશીથસૂત્ર ઉદ્દે.–૭ અને ૧૭માં ધાતુના સંગ્રહનો નિષેધ છે ?*

**ઉત્તર :** ત્યાં પર પણ કુતૂહલ અને મૈથુન ભાવનો નિષેધ છે. જેમાં ધાતુ અને વસ્ત્ર વગેરે અનેક ચીજોનો નિષેધ છે. તો પણ તે વસ્તુઓ રાખવામાં આવે છે. જેમ કે ત્યાં મૈથુન પ્રસંગનો લેખ લખવાને માટે પ્રાયશ્ચિત્ત છે. તો અન્ય કાર્યોને માટે લખવાનું બંધ નહીં થાય ? જેમ કે વસ્ત્રો વિભૂષાને માટે રાખવા કે ધોવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તો શું સર્વથા વસ્ત્ર રાખવા-ધોવાનો નિષેધ માનવામાં આવશે ? અર્થાત્ જેટલો જે વિષયનો નિષેધ છે, તેટલો જ માનવો જોઈએ.

**પ્રશ્ન–૮** *નિશીથ ઉ.૧માં સોય–કાતર પાઢીયારી(પડિહારી) કહેલ છે.*

**ઉત્તર :** સાધુનાં ઉપકરણ બે પ્રકારનાં હોય છે. (૧) ઔધિક (૨) ઔપગ્રહિક. સોય, કાતર વગેરેને ઔપગ્રહિક ઉપકરણ કહેલ છે. તે આવશ્યક હોવા પર જ લેવામાં આવે છે અને આવશ્યકતા પૂરી થવા પર પાછા આપવાના હોય છે. આવશ્યકતા ક્ષણિક(થોડીજ) હોય તો પાઢીહારી લઈ શકાય છે. આવશ્યકતા દીર્ઘકાલીન હોય તો અપાઢીયારી પણ લેવામાં આવે છે. તેવા અપાઢીયારા લીધેલા ઉપકરણોનું ઉત્તરકરણ(સુધારકામ) થાય છે. પાઢીયારું ૨–૪ કલાકોને માટે લાવેલ પાઢીયારા ઉપકરણોનું ઉત્તરકરણ ગૃહસ્થોની પાસેથી કરાવવાનું હોતું નથી. માટે અહીંયા પાઢીયારા, અપાઢીયારા બંને પ્રકારના સૂત્રોનાં સૂત્ર ચતુષ્ક આપેલ છે. એટલા માટે અહીંયા બતાવેલ બે ઉપકરણ સાધુ રાખે પણ છે– (૧) દાંત ખોતરણી (૨) કાન ખોતરણી તથા કાંટો ચીપીયો પણ રાખે છે. એટલા માટે સોય, કાતર, દાંત ખોતરવાની સળી, કાન સાફ કરવાની કાન ખોતરણી પાઢીયારી જ હોય તેવું એકાંત નથી. ધાતુ-અધાતુનું સમાધાન તો ઉપર કરેલ છે. નિશીથ ઉ.૫ માં પગ લૂછવાનું તેમજ કાષ્ઠ દંડને માટે પાઢીયારું વિશેષણ લગાવેલ છે. તો પણ દંડ-લાકડી વગેરેને તેમજ પગ લૂછવાનું સાધુ પોતાની પાસે દીર્ઘ સમય માટે રાખે જ છે.

**પ્રશ્ન–૯** *સાધુ તો અલ્પ પરિગ્રહી હોય છે તેમાં ધાતુની ચીજો રાખવાનો પ્રશ્ન જ શા માટે ?*

**ઉત્તર :** સાધુને તો અનાવશ્યક વસ્ત્ર પાત્ર વગેરે રાખવાનો પણ પરિગ્રહ જ છે. તેમ છતાં શરીર, સંયમ વગેરે જ્ઞાનનાં ઉપયોગી આવશ્યક ઉપકરણો તે ઔઘિક અને ઔપગ્રહિક બંને પ્રકારનાં રાખી શકે છે. તે ઉપકરણ ઉપર મમત્વ મૂર્ચ્છા ન રાખતા થકા ધાતુ અધાતુ કોઈ પણ હોય મૂર્ચ્છાભાવ વિના રાખી શકે છે કારણ કે શાસ્ત્રમાં સમસ્ત ધાતુનાં ઉપકરણ લેવા રાખવાનો નિષેધ નથી, પરંતુ વિધાન કરવામાં આવેલ છે. જેનું ઉપર વર્ણન કરવામાં આવેલ છે અને સાધુ સમાજમાં રાખવામાં પણ આવે છે. હા સોના ચાંદી અને સિક્કા રાખવા સાધુને માટે સર્વથા નિષેધ છે.

**પ્રશ્ન–૧૦** *ધાતુની વસ્તુતો શ્રાવકને પણ ૯ પ્રકારના પરિગ્રહમાં બતાવેલ છે?*

**ઉત્તર :** શ્રાવકના નવ પ્રકારના પરિગ્રહમાં તો સંસારની સમસ્ત વસ્તુઓનો સમાવેશ કરેલ છે. તો પણ સાધુ મકાન, પાટ, વસ્ત્ર, પાત્ર, આહાર, શિષ્ય વગેરેની યાચના કરી ગ્રહણ કરે છે. સાધુને માટે શરીર અને સંયમની આવશ્યકતા અને અમૂર્ચ્છા ભાવની શરત છે. તેનું પાલન થાય તો પરિગ્રહ ન કહેવાય અને આગમમાં સ્પષ્ટ નિષેધ હોય તે ન લેવાય.

**પ્રશ્ન–૧૧** *તો પછી સાધુ ધાતુની કઈ-કઈ ચીજ રાખી શકે ?*

**ઉત્તર :** જે શરીર, સંયમ તેમજ જ્ઞાન વૃદ્ધિને માટે આવશ્યક થઈ જાય તે જ ચીજ અમૂર્ચ્છાભાવથી સાધુ રાખી શકે છે અને આવશ્યકતા પૂરી થઈ જાય પછી તેનો ત્યાગ કરી દેવો જોઈએ. તેનું અંતિમ લક્ષ્ય તો તે હોવું જોઈએ કે અલ્પ ઉપધિ અને અલ્પ આવશ્યકતા 'ઇચ્છા'વાળા બનવું. તે ઔપગ્રહિક ઉપકરણ અકારણ વધારે નહિ, સકારણ રાખેલ ઉપકરણોને પણ ભારભૂત, પ્રમાદરૂપ સમજે તેમજ પોતાની શક્તિનો વિકાસ કરી ઉપધિ પચ્ચખાણ અને ઉપધિ ઊણોદરીની શ્રેષ્ઠ સાધનાનો સ્વીકાર કરે.

**પ્રશ્ન–૧૨** *ધાતુની એક મેખ(ખીલી) રાખે તો પણ સાધુપણું નથી રહેતું ?*

**ઉત્તર :** ઉપર બતાવ્યા અનુસાર ગોદરેજની અલમારી(કબાટ) મહિનાઓ સુધી અને થાણાપતિની અપેક્ષાએ વર્ષો સુધી રાખી લે તો પણ સાધુપણું રહી શકે છે, તો એક મેખની વાત તો હાસ્યાસ્પદ જ છે. તેમ છતાં અનાવશ્યક અને મૂર્ચ્છાથી એક મેખ પણ રાખવી પરિગ્રહ બની શકે છે અને જ્યારે પરિગ્રહ છે તો સાધુપણું નથી, એમ માની શકાય.

***પ્રશ્ન–૧૩ તો પછી વગર ધાતુના ચશ્મા–આધાકર્મી, વેચાતા લાવેલ, સામે લાવેલ, સ્થાપના વગેરે દોષોના શું કામ લેવામાં આવે છે ? અને લખવાની સામગ્રીને માટે હોલ્ડર, શાહી, ખડીયો, પેન્સીલો વગેરે અનેક ઉપકરણો શા માટે રાખવામાં આવે છે ? પેનની નીબ(ટાંક) વગેરે ચીજો લાવવી–દેવી, શાહી બનાવવી, સૂકાવવી વગેરે રોજનો આટલો પ્રમાદ શા માટે વધારવામાં આવે છે ? સીધા જ બજારમાં ધાતુના ચશ્મા મળે તે વગર દોષના યાચી લેવા જોઈએ અને સીધી જ એક બે પેન લઈને રાખી લેવી જોઈએ. નિરર્થકના અનેક દોષ, પ્રમાદ અને ક્રિયાઓ શા માટે વધારવા જોઈએ ?***





**ઉત્તર :** આ તો સમય-સમયની ઉપલબ્ધિ, રિવાજ અને વ્યક્તિગત વિવેક પર નિર્ભર છે. હાં સાધકે આગમ આજ્ઞા અને હાનિ લાભનો સરવાળો મેળવીને જ પ્રત્યેક પ્રવૃત્તિ ક્ષેત્ર-કાળ અનુસાર કરવી જોઈએ. કોઈ સમયે કોઈ પ્રવૃત્તિ સંયમને માટે લાભકારી હોય છે અને કાલાંતરમાં તે જ વધારે નુકશાનવાળી થઈ જાય છે અને બીજી પ્રવૃત્તિ ઓછા દોષ અને ઓછા પ્રમાદવાળી બની જાય છે. માટે સમય-સમય પર હાનિ-લાભની વિવેક બુદ્ધિનો ઉપયોગ તો રાખવો જ જોઈએ. હા, આ વિવેક નિર્ણયમાં આગમ આજ્ઞાઓનો પૂર્ણ સમન્વય કરવો આવશ્યક સમજવો જોઈએ. અર્થાત્ પરંપરા પ્રવૃત્તિઓનું પરિવર્તન કરી શકાય છે તો પણ આગમ વિધાનથી વિપરીત કોઈ પરિવર્તન કરી શકાતું નથી. આગમ વિધાનથી વિપરીત આચરણ ક્ષણિક અને પરિસ્થિતિક અપવાદિક હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે. તેને પરંપરા બનાવી શકાતી નથી. અપેક્ષાએ વધારે નુકસાનની પ્રવૃત્તિ ચલાવવી અથવા જે પરિસ્થિતિ મુજબ કરેલી પ્રવૃત્તિનો રિવાજ ચલાવવો એ બંને અવિવેક જન્ય અપરાધ છે અને તેનો આગ્રહ કે પ્રરૂપણા કરવી મહા અપરાધ છે. જેમ કે ભંડોપકરણની બે વારની પ્રતિલેખનાનું આગમ વિધાન હોવા છતાં પાત્રને માટે એકવારની પરંપરા ચલાવવી અને પછી કાલાંતરથી એકવાર જ કરવું એવી ખોટી પ્રરૂપણા કરવી; આ પણ મહાઅપરાધ છે.

**સાર :–** **(૧)** પાઢીયારા કહેતા દાંતની સળી, કાન ખોતરણી પણ સાધુ પોતાની પાસે રાખે છે. **(૨)** બાજોઠ, કબાટ આદિ પણ ધાતુના રાખે છે. **(૩)** ઉત્તરકરણ (સુધાર કાર્ય) પોતાની પાસે રાખવામાં આવેલ ઉપકરણોના જ હોય છે. થોડી વાર માટે લાવેલ ઉપકરણો સરખા કરાવવાને માટે ગૃહસ્થની પાસે જવું પડતું નથી અને તેના માટે ગુરુમાસિક પ્રાયશ્ચિત્ત કરવામાં આવતું નથી. કારણ કે આટલું કરે ત્યાં સુધીમાં તો નવી સોય વગેરે યાચીને લાવી શકાય છે. **(૪)** સાધુએ અલ્પ ઉપધિવાળા રહેવું જોઈએ, આવશ્યક હોવા પર જ વિવેકપૂર્વક ઉપકરણ લેવા તેમજ રાખવા જોઈએ. **(૫)** અનાવશ્યક ઉપકરણ રાખવા નહીં અને કોઈપણ ઉપકરણમાં મમત્વ, મૂર્ચ્છાભાવ રાખવો નહીં. **(૬)** કોઈપણ પ્રવૃત્તિ કરવામાં

આગમનો, મૌલિક આધારનો તેમજ હાનિ લાભના સરવાળાનો વિવેક અવશ્ય રાખવો જોઈએ. **(૭)** સંયમમાં સાદગીની પ્રમુખતા હોવાથી લાકડી વગેરેનાં ઉપકરણ સામાન્ય રૂપે રાખી શકાય છે અને ધાતુ–દાંત–કાચ વગેરે ઉપકરણ તો વિશેષ પરિસ્થિતિમાં જ રાખી શકાય છે, એકાંત નિષેધનો આગ્રહ ન સમજવો જોઈએ. **(૮)** બધા ઔપગ્રહિક ઉપકરણ લાવવા તેમજ રાખવા પણ અપવાદ માર્ગ રૂપ જ છે. ધ્રુવ અને ઉત્સર્ગમાર્ગથી તો કેવલ ઔઘિક ઉપધિ જ રાખવી જોઈએ અને તેમાં પણ ઊણોદરી કરતા થકા સર્વ ઉપધિ ત્યાગની શક્તિનો વિકાસ કરવો જોઈએ.

## નિબંધ – ૯૧

### નિયાગ પિંડ : સંવાદ (નિત્ય ગોચરીની ચર્ચા)

[***જ્ઞાનમુનિ અને સુંદરમુનિ તેમજ પંડિત ન્યાયચંદ્રજીની આ ચર્ચાનો વિષય છે– નિયાગ પિંડ અનાચારનો અર્થ નિર્ણય.***]

**જ્ઞાનમુનિ :** ભંતે ! નિયાગ પિંડ નામના ત્રીજા અનાચારનો અર્થ શું છે ?

**સુંદરમુનિ :** મહાભાગ ! નિમંત્રણપૂર્વક નિશ્ચય કરી કોઈના ઘરે નિત્ય ભિક્ષાર્થે જઈ વિશિષ્ટ પદાર્થ ગ્રહણ કરવા, તે નિયાગ પિંડ – 'નિત્ય અગ્રપિંડ' દોષ છે.

**જ્ઞાનમુનિ :** ભંતે ! અગર નિશ્ચય કર્યા વિના નિત્ય જાય તો ?

**સુંદરમુનિ :** મહાભાગ ! અગર સ્વાભાવિક જ સ્વેચ્છાથી સાધુ કોઈના ઘેર કોઈપણ સમયે કોઈપણ દિવસે ભિક્ષાર્થે જાય તો 'નિયાગ' દોષ થતો નથી.

**જ્ઞાનમુનિ :** ભંતે ! શું આજે ગોચરી કરેલ ઘરેથી કાલે ગોચરી કરી શકાય છે ?

**સુંદરમુનિ :** મહાભાગ ! ભિક્ષુ અનિયત ચારી અને અતિથિ છે. તેથી તેનો ક્ય ાંય પણ કોઈના પણ ઘરે ભિક્ષાર્થે જવા કે ન જવાનો સમય નિયત નથી હોતો. તે સવારે, બપોરે, સાંજે, કાલે, પરમદિવસે ગમે ત્યારે કોઈપણ જગ્યાએ નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી શકે છે.

**જ્ઞાનમુનિ :** ભંતે ! શું એવું કરવાથી નિત્યપિંડ દોષ નથી લાગતો ?

**સુંદરમુનિ :** મહાભાગ ! એષણાના ૪૨ દોષોમાં આવો કોઈ દોષ જ બતાવવામાં આવેલ નથી.

**જ્ઞાનમુનિ :** ભંતે ! આચારાંગ સૂત્ર અને નિશીથ સૂત્રમાં નિત્યપિંડ દોષનું કથન છે તેમજ પ્રાયશ્ચિત્ત પણ કહેલ છે.

**સુંદરમુનિ :** મહા ભાગ ! આ બંને સૂત્રમાં પ્રયુક્ત નિત્યપિંડ તો એક 'દાન પિંડ'





રૂપ દોષ છે, જે ત્યાંના મૂળપાઠ અને વ્યાખ્યાઓથી સ્પષ્ટ છે. ત્યાં એવા નિત્ય નિયત દાન દેવાવાળા કુળોમાં ગોચરી જવાનો જ નિષેધ છે.

**જ્ઞાનમુનિ :** ભંતે ! મને તો એવો ખ્યાલ છે કે આજે ગોચરી કરેલ ઘરે કાલે ગોચરી એ જવું તે અનાચાર છે.

**સુંદરમુનિ :** પંડિતજી ! આપ આ સંબંધી કંઈક સ્પષ્ટીકરણ કરશો ?

**ન્યાયચંદ્રજી :** ભંતે ! અનાચાર અધ્યયનમાં તથા અન્ય આગમોમાં એવો કોઈ અનાચાર કહેવામાં આવેલ નથી. **નિયાગ** નામનો અનાચાર આવેલ છે, તેનો અર્થ પૂર્વાચાર્યો એ આ પ્રકારે કરેલ છે.

**(૧)** દશવૈકાલિક (અગત્સ્ય સિંહ સૂરિ) ચૂર્ણિ = નિમંત્રણપૂર્વક નિયત કરી પ્રતિદિન ભિક્ષા ગ્રહણ કરવી તે **નિયાગ દોષ** છે, પરંતુ સ્વાભાવિક જ ક્યારેક ક્યાંય પ્રતિદિન ગોચરીએ ચાલ્યા જાય તો **નિયાગ** દોષ નથી !

**(૨)** દશવૈકાલિક ચૂર્ણિ(જિનદાસગણિ) :– નિયાગનો અર્થ છે, નિયત કરવું નક્કી કરવું. જે આદરપૂર્વક આમંત્રિત કરવાથી થાય છે. યથા– 'ભંતે ! આપ અમુક સમયે અમુક વસ્તુ માટે મારા ઘેર પ્રતિદિન લાભ આપજો,' એવું કહે તેના ઘેર યથાસમયે હંમેશાં જવું, એ નિયાગ પિંડદોષ છે. પરંતુ નિમંત્રણ વિના મુનિ સ્વાભાવિક રીતે ક્યાંય પ્રતિદિન ગોચરીએ જાય તો તે નિયાગ દોષ અનાચાર નથી. – ***ચૂર્ણિ.*** **(૩)** ટીકાકાર હરિભદ્રસૂરિએ પણ આ પ્રકારે જ અર્થ કરેલ છે. **(૪)**દીપિકા તેમજ **(૫)** અવચૂરિ નામની વ્યાખ્યામાં પણ આવા જ ભાવને સમ્મત અર્થ કહેવામાં આવેલ છે. આ પ્રકારે **બધા પ્રાચીન આચાર્ય** તેના અર્થમાં એકમત છે.

**જ્ઞાનમુનિ :** દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં પણ 'નિયાગ' દોષ કહેલ છે, તેનું શું તાત્પર્ય છે ?

**ન્યાયચંદ્રજી :** હા ભંતે ! ત્યાં નિયાગ પિંડને ગ્રહણ કરવાથી તેમાં થનાર હિંસાનું અનુમોદન કરવાનું બતાવ્યું છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે આ દોષ, આજ ગોચરી કરેલ ઘરે બીજા દિવસે ગોચરી લેવા માત્રથી નથી લાગતો, પરંતુ નિયત, નિમંત્રણપૂર્વક જવાથી લાગતાં અનેક દોષોથી સંબંધિત છે, ત્યારે જ સૂત્રોક્ત હિંસાનું અનુમોદન લાગવાનું કથન સંગત થઈ શકે છે.

**જ્ઞાનમુનિ :** ભગવતી સૂત્ર શ. ૬ ઉ. ૧ તેમજ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં **અણાહૂય** દોષ કહેવામાં આવેલ છે, તેનો અર્થ શું છે ?

**ન્યાયચંદ્રજી :** હા ભંતે ! ત્યાં પણ તેની વ્યાખ્યામાં બતાવવામાં આવેલ છે કે

આમંત્રણપૂર્વક કોઈના ઘરે નિત્ય ગોચરી જવું આહૂત દોષ છે, આ દોષથી રહિત આહાર ગ્રહણ કરવો **અણાહૂત** કહેવામાં આવેલ છે.

**સુંદરમુનિ :** આ પરંપરા કેવી રીતે થઈ ગઈ કે આજે સ્પર્શેલ ઘેર કાલે આહાર પાણી ન લેવા અને સવારે સ્પર્શેલ ઘરે સાંજે ન જવું ?

**ન્યાયચંદ્રજી :** ભંતે ! સમયે-સમયે કોઈ દષ્ટિની પ્રમુખતાથી ઘણી પરંપરાઓ ચાલે છે, પરંતુ ભગવતી સૂત્ર, ઠાણાંગ સૂત્ર અને વ્યવહાર સૂત્રમાં બતાવવામાં આવેલ છે કે ધારણા-પરંપરાની અપેક્ષાએ આગમ પ્રમાણને સદા પ્રાથમિકતા આપવી જોઈએ. બધા જ વ્યાખ્યાકારોએ એક મતથી જે નિયાગનો અર્થ કરેલ છે તેનાથી આ પરંપરા નિરાધાર જ પ્રતીત થાય છે. પ્રાચીન કાળમાં આવા અર્થની તેમજ પ્રવૃત્તિની પરંપરા ન હતી, એ સ્પષ્ટ છે.

સેંકડો હજારો સાધુ-સાધ્વીજીઓનું એક સાથે વિચરણ તેમજ અલગ-અલગ ગોચરી જવાના આગમ વર્ણનોથી પણ એ સ્પષ્ટ થાય છે કે, તે સમયે આવી 'નિત્યપિંડ' દોષ માનવાની કોઈ પરંપરા ન હતી.

અનિકસેન આદિ છ મુનિનું ત્રણ સિંઘાડામાં દેવકી રાણીના ઘરે પ્રવેશવું તે પણ આ વાતની પુષ્ટિ કરે છે. અર્જુન માળી, ધર્મ રુચિ અણગાર આદિના વર્ણનોથી તથા અનેક અભિગ્રહ તેમજ પડિમા ધારણપૂર્વક ગોચરી જવાના જુદા-જુદા સાધુઓના વર્ણનથી પણ એ સ્પષ્ટ થાય છે કે તેવો કોઈ નિયમ એ સમયે ન હતો, છતાં પણ આ નિયમની જો કલ્પના કરવામાં આવે તો તે સમયના વિચરણ વર્ણનો તેમજ ગોચરીના આગમ વર્ણનોની સંગતિ થઈ શકશે નહિ.

તેથી સ્પષ્ટ થાય છે કે નિમંત્રણ વિના સહજ સ્વાભાવિકરૂપે કોઈના ઘેર ગોચરી જવું એ કોઈ સ્વતંત્ર દોષ નથી. તે અનાચાર પણ નથી અને ૪૨ દોષમાં પણ તે સમાવિષ્ટ નથી.

**જ્ઞાનમુનિ :** ભંતે ! આ પ્રકારે હંમેશાં કોઈના ઘેર ગોચરી જવાથી અનેક દોષ લાગશે અને લોકોની ભાવના ઘટી જશે.

**સુંદરમુનિ :** મહાભાગ ! લોકોની ભાવના વધવી કે ઘટવી તે તો ગોચરી જનારના ભાષા, વ્યવહાર, વિવેક આદિ પર નિર્ભર રહે છે.

અનેક એષણા દોષો લાગવામાં પણ ગોચરી જનારમાં વિચક્ષણતા, ગવેષણા રુચિ તેમજ અનુભવની ખામીનું કારણ જ મુખ્ય હોય છે. અયોગ્ય ગવેષક બે દિવસે કે ચાર દિવસે ગોચરીએ જાય તો પણ અનેક દોષ લાગી જાય છે. તે સવાર-સાંજના ઘરોને નિયત કરી દે છે. અવિવેક અને આશક્તિથી વસ્તુઓ લેવે





છે. આ પ્રકારે દોષો લાગવાનું મુખ્ય કારણ ગોચરી જનારની અયોગ્યતા છે. તે માટે આગમોક્ત ગુણોથી સંપન્ન, યોગ્યને જ ગોચરીનું કાર્ય દેવામાં આવવું જોઈએ. વાસ્તવમાં જોવા જઈએ તો યોગ્ય કે અયોગ્ય હર કોઈને ગોચરીએ મોકલવાની જે પરંપરા છે, તેનો જ સુધારો કરવો આવશ્યક છે. તેમને સુધાર્યા વિના આગમ સિવાયના અનેક સેંકડો નિયમો પણ કરી દેવામાં આવે તો પણ દોષોથી બચી શકતા નથી.

**જ્ઞાનમુનિ :** પંડિત જી ! હવે અહીં શું સમજવું જોઈએ ?

**ન્યાયચંદ્રજી :** ભંતે ! પરંપરાઓ ઘણી શુદ્ધ અને ઘણી અશુદ્ધ ચાલતી જ રહે છે અને કાલાંતરથી તે અનુપયુક્ત પણ થઈ શકે છે. જેમકે મુહપત્તિ હાથમાં રાખવી, ડંડો રાખવો, મૂર્તિની પ્રરૂપણા કરવી વગેરે-વગેરે.

સંયમ અને ગવેષણાના આગમિક નિયમ જ એટલા બધાં છે કે સાધક માટે તેનું શુદ્ધ પાલન કરવું કઠિન બને છે. પછી અન્ય અનેક વધારાના નવા નિયમો ઘડીને સાધકના સાધનામય જીવનને વધુ પડતું ક્લિષ્ટ કરી દેવું ઉચિત કહી શકાતું નથી. તેની અપેક્ષાએ તો ગોચરીની ગવેષણામાં જ સાધુ-સાધ્વીને પૂર્ણ યોગ્ય બનાવવાનો પરિશ્રમ કરવો જોઈએ અને તેને એટલા કુશળ કરી દેવા જોઈએ કે આગમોક્ત સ્પષ્ટ નિયમો અને ૪૨ દોષો સિવાય કોઈ પણ નિયમ ઘડવો ન પડે ! **જેમ કે– ૧.** આજ ગયેલ ઘરે કાલે ન જવું. **૨.** સવારે ગયેલ ઘરે સાંજે ન જવું. **૩.** દર્શનાર્થીના ઘેર જ જવું. **૪.** વાત-વાતમાં ઘરને અસૂઝતા કરી દેવા **૫.** અમુક ખાદ્ય પદાર્થ ન લેવા. **૬.** ઘણા પદાર્થોને અભક્ષ્ય કહી દેવા આદિ. ઉચિત તો એ છે કે ક્યારે, ક્યાં, કયા ઘરે ગોચરી જવું કે ન જવું અને ક્યારે, ક્યાં, કઈ વસ્તુ લેવી કે ન લેવી તે ગવેષકની બુદ્ધિના નિર્ણય ઉપર નિર્ભર હોવું જોઈએ. તેટલો જેના પર વિ઼્વાસ હોય તેને જ ગોચરી સોંપવી જોઈએ.

**જ્ઞાનમુનિ :** ભંતે ! આચારાંગ સૂત્રમાં આવેલ નિત્ય પિંડના પાઠનો અર્થ દાન પિંડ કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ રીતે સમજાવશો ?

**સુંદરમુનિ :** મહાભાગ ! આ સૂત્રનો અર્થ આ પ્રકારે છે ? 'સાધુ અથવા સાધ્વી જે ઘરો બાબત જાણે કે તે ઘરોમાં નિત્ય ભોજન બનાવી સંપૂર્ણ દાન દેવામાં આવે છે, નિત્ય બનાવેલ ભોજનનો અડધો ભાગ દાનમાં દેવામાં આવે છે, ત્રીજો ભાગ અથવા ચોથો અથવા છટ્ઠો ભાગ દાનમાં દેવામાં આવે છે, એવા નિત્ય દાન માટે જે પ્રસિદ્ધ ઘરો છે તેવા ઘરોમાં ભિક્ષુ ગોચરીને માટે ન જાય.

આ સૂત્રથી આજે સ્પર્શેલ ઘરમાં કાલે ગોચરી ન જવાના અર્થની

કલ્પનાને કોઈ પ્રબુદ્ધ પાઠક સત્ય માની શકતો નથી. આ પ્રકારે નિશીથ સૂત્રમાં પણ આ દાન પિંડોને ગ્રહણ કરવાના ચાર સૂત્રોથી પ્રાયશ્ચિત્ત કહેલ છે.

આ બંને સૂત્રોમાં દાનપિંડ અને દાનકુળની અપેક્ષાએ જ નિત્યપિંડ શબ્દનો પ્રયોગ છે, એમાંથી અન્ય મનમાન્યો અર્થ કાઢવો સર્વથા અયોગ્ય– અનુચિત છે. આ સિવાય ૩ર સૂત્રમાં નિત્ય પિંડનું અન્ય કોઈ કથન છે જ નહીં. દશવૈકાલિક સૂત્રમાં પ્રયુક્ત 'નિયાગ' અનાચારનો અર્થ પૂર્વાચાર્યોની વ્યાખ્યાઓ દ્વારા પહેલાં જ સ્પષ્ટ કરી દેવામાં આવેલ છે કે કોઈના દ્વારા નિમંત્રણપૂર્વક, આદરપૂર્વક, નિયત કરી, નિત્ય દેવામાં આવતું વિશિષ્ટ ભોજન યા વિશિષ્ટ પદાર્થ 'નિયાગ દોષયુક્ત છે.' સ્વાભાવિક જ ભિક્ષુ ક્યાંય દરરોજ જાય, તેને કોઈ નિમંત્રણ યા નિયતતા ન હોય તો તે નિયાગ દોષ નથી. આ પ્રકારે આગમોમાં આવેલ નિયાગ અને નિત્યપિંડથી તેમજ તેની વ્યાખ્યાથી તેવું કોઈપણ પ્રકારે સિદ્ધ નથી થતું કે આજ ગયેલ ઘરમાંથી કાલે ગોચરી પાણી ન જ લેવાય.

**જ્ઞાનમુનિ :** પૂર્વાચાર્યો પણ વિદ્વાન થઈ ગયા, તેઓ પણ સમજતા તો હતા જ ! હવે કોઈ પરંપરાનું મન ફાવે તેમ પરિવર્તન કરી દે, તે કેમ ઉચિત કહેવાય ?

**ન્યાયચંદ્રજી :** ભંતે ! કોઈ પણ પરંપરાને આગમના આધારે અથવા આગમ અનુપ્રેક્ષણથી પરિવર્તિત કરવી તે અનુચિત ન સમજવું જોઈએ. તેનાથી કોઈનું અપમાન નથી થતું પરંતુ આગમોનું સન્માન અને બહુમાન જ થાય છે. આવું સમજવાથી મૂર્તિ પૂજકમાંથી અમૂર્તિપૂજક બનવું તેમજ અન્ય અનેક પરંપરાઓ ને છોડવી ઉચિત કહેવાશે અને એવું ન માનવાથી સદા લોહ વાણિયા સમાન જ બની રહેનાર હાસ્યાપદ બનશે. તેથી આગમ તેમજ તેની વ્યાખ્યાઓના પ્રમાણ પૂર્વક કરવામાં આવેલ સ્પષ્ટીકરણની સામે આવો તર્ક કરવો તે કેવળ 'ગાડરિયા પ્રવાહ'નું પોષણ કરવાની બુદ્ધિનું સૂચક છે. તેથી આવો તર્ક પ્રબુદ્ધ આગમ પ્રેમીએ ક્યારેય પણ ન કરવો જોઈએ.

## નિબંધ – ૯ર

## આવશ્યક સૂત્ર સંબંધી વિશેષ સંગ્રહણીય પાઠ

**(૧) તપ અને એના અતિચારનો પાઠ :–** (૧) નવકારશી (ર) પોરસી (૩) બે પોરસી (૪) અભિગ્રહ (૫) એકાસણુ (૬) કામચઉવીહાર (૭) નિવી (૮) આયંબિલ (૯) ૧ ઉપવાસ યાવત છમાસી તપ (૧૦) દિવસચરિત્ર પ્રત્યાખ્યાન. પોતાના કર્મની નિર્જરાને માટે આમાંથી શક્તિ મુજબ તપ કરવું. (ચારેય આહાર અને ૧૮ પાપનો





ત્યાગ કરવો.) ર. ઈંગિયાગાર સંથારો (બીજા પાસે એવા પરિચર્યા કરાવવાનો ત્યાગ.) ૩. પાદોપગમન સંથારો. (શરીરની સંપૂર્ણ સેવા–પરિચર્યા તથા મમત્વનો ત્યાગ) આ ત્રણે પ્રકારનાં સંથારામાંથી કોઈ એક અણસન સંથારો ધારણ કરવો.

આ અલ્પકાલીન તથા આજીવન તપની મુખ્ય પાંચ અતિચાર જાણવા યોગ્ય છે. પરંતુ આચરવા યોગ્ય નથી. તે આ પ્રકારે છે. (૧) તપસ્યા કરીને આ ભવનાં માન-સન્માન સુખ-સમૃધ્ધિની ચાહના ઈચ્છા કરી હોય (ર) પરભવનાં માન-સન્માન, સુખ-સમૃધ્ધિની ઈચ્છા કરી હોય. (૩) વધારે જીવવાની કે યશ ની ઈચ્છા જેરી હોય (૪) દુઃખથી છૂટવા જલ્દી મરવાની ઈચ્છા કરી હોય (૫) તપસ્યા કામભોગોની કે ઈન્દ્રિય વિષયોની ઈચ્છા કરી હોય. તથા છતી શકિતએ રોજ  કાંઈ તપ કર્યું ન હોય. તથા આઠમ-ચૌદશ આદિ પર્વ દિવસોમાં કોઈ તપ ન કર્યું હોય. આ અતિચારમાંથી મને દિવસ સબંધી કોઈ અતિચાર લાગ્યા હોય તો એનું આલોચન કરૂં છું તસ્ય મિચ્છા મિ દુક્કડમ્.

**(ર) જ્ઞાન અને તેના અતિચારનો પાઠ :–** (**आगमे तिविहे**)

બાર અંગ સૂત્ર અને બીજા અનેક સૂત્ર રૂપ શ્રુતજ્ઞાન હોય છે. જેમાં વર્તમાનમાં ૩ર આગમ ઉપલબ્ધ માનવમાં આવેલ છે. તેના અર્થરૂપમાં અનેક સૂત્રની વ્યાખ્યાઓ, નિર્યુક્તિઓ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, અનુવાદ ઉપલબ્ધ છે. ૩ર આગમના નામ આ પ્રકારે છે–

**૧૧ અંગ :–** ૧. આચારાંગ સૂત્ર ર. સૂયગડાંગ સૂત્ર ૩. ઠાણાંગ સૂત્ર ૪. સમવાયાંગ સૂત્ર ૫. ભગવતી સૂત્ર ૬. જ્ઞાતાધર્મકથા સૂત્ર ૭. ઉપાસકદશા સૂત્ર ૮. અંતગડદશા સૂત્ર ૯. અનુત્તરોવવાઈ સૂત્ર ૧૦. પ્રશ્ન વ્યાકરણ સૂત્ર ૧૧. વિપાક સૂત્ર.

**૧ર ઉપાંગ સૂત્ર–** ૧. ઔપપાતિક સૂત્ર ર. રાયપસેણીય સૂત્ર ૩. જીવાભિગમ સૂત્ર ૪. પ્રજ્ઞાપના સૂત્ર ૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ૬–૭. જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર ૮–૧ર. ઉપાંગ સૂત્ર.

**૪ છેદ સૂત્ર–** ૧. નિશીથ ર. દશાશ્રુતસ્કંધ ૩. બૃહત્કલ્પ ૪. વ્યવહાર.

**૪ મૂલ સૂત્ર–** ૧. ઉત્તરાધ્યયન ર. દશવૈકાલિક ૩. નંદી ૪. અનુયોગ દ્વાર. ૩રમું આવશ્યક સૂત્ર.

જ્ઞાનના વિષયમાં મુખ્ય ૧૪ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે આ પ્રકારે છે– **૧.** સૂત્રના અક્ષર અથવા પદ આગળ પાછળ બોલાયા હોય **ર.** એક સૂત્ર પાઠને બીજા સૂત્રમાં બોલાયો હોય **૩.** અક્ષર ઓછો

ભણાયો હોય **૪.** અક્ષર અધિક ભણાયો હોય **૫.** પદ(શબ્દ) ઓછા બોલાયા હોય **૬.** વિનય રહિત ભણાયું હોય **૭.** સંયુક્ત અક્ષર શુદ્ધ ન ભણાયા હોય **૮.** ઉચ્ચાર સ્પષ્ટ ન કર્યા હોય **૯.** અયોગ્ય વ્યક્તિને ભણાવ્યો હોય. રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય **૧૦.** અયોગ્ય રીતેથી જ્ઞાન ગ્રહણ કર્યું હોય. (અવિનયપણે લીધું હોય) **૧૧.** અકાળે શાસ્ત્ર ભણ્યા હોય **૧૨.** સ્વાધ્યાયકાળે શાસ્ત્ર ન ભણ્યા હોય. **૧૩.** ૩૪ અસજ્ઝાયમાં શાસ્ત્ર ભણ્યા હોય **૧૪.** સ્વાધ્યાયના અવસરે શાસ્ત્ર ન ભણ્યા હોય. આ અતિચારોમાંથી મને કોઈપણ અતિચાર લાગ્યો હોય તો તે સંબંધી મારું તે દુષ્કૃત્ય નિષ્ફલ થાઓ.

**(૩) દર્શન સમ્યક્ત્વ અને તેના અતિચારનો પાઠ :–**

કેવલજ્ઞાન કેવલ દર્શનથી યુક્ત, રાગદ્વેષથી રહિત, વીતરાગ અરિહંત તીર્થંકર પ્રભુ મારા **આરાધ્ય દેવ** છે. પાંચ મહાવ્રત, પાંચ આચાર, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નવવાડ બ્રહ્મચર્ય, પાંચ ઈન્દ્રિય વિજય, ચાર કષાયની મુક્તિ; આ ગુણોને ધારણ કરનારા બધા સાધુ સાધ્વી મારા **આરાધ્ય ગુરુ** છે. સંવર નિર્જરા રૂપ ધર્મ અર્થાત્ સામાયિક, પૌષધ અને ત્યાગ, તપ, નિયમ, શ્રાવકના વ્રત, સંયમ, આદિ ધર્મ જ મારો **આરાધ્ય ધર્મ** છે. જિનેશ્વર ભાષિત તેમજ ગણધર અથવા પૂર્વધર શ્રમણો દ્વારા રચિત **આગમો મારા શ્રદ્ધાકેન્દ્ર શાસ્ત્ર** છે. એવી સમ્યક્ત્વની પ્રતિજ્ઞા હું જીવનભર માટે કરું છું.

હું (જિન ભાષિત) જિનેશ્વર કથિત જીવાદિ તત્ત્વોનું જ્ઞાન વધારીશ, એવી જ રીતે જ્ઞાનીજનોનો સંગ કરીશ, મિથ્યામતધારી કુદર્શનીઓની સંગતિ કરીશ નહીં અને ઉપર પ્રમાણે સમ્યક્ત્વને ધારણ કરીને પછીથી તેનું વમન કરીને જે મિથ્યાદષ્ટિ થઈ ગયા છે, તેનો સંગ પણ કરીશ નહીં. સમ્યક્ત્વના મુખ્ય પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે આ પ્રકારે છે–

**૧.** ભગવાનના વચનોમાં (સૂક્ષ્મ તત્ત્વોમાં) સંદેહ કર્યો હોય **૨.** પાખંડીની પ્રભાવના ચમત્કાર જોઈને મન આકર્ષિત થયું હોય ૩. ધર્મકરણીના ફળમાં સંદેહ આણ્યો હોય **૪.** પાખંડી (પરમત)ની પ્રશંસા કરી હોય **૫.** પાખંડી (પરમતિ)ઓનો, સન્યાસીનો અથવા તેના શાસ્ત્રોનો પરિચય, સંપર્ક કર્યો હોય. આ અતિચારોમાંથી મને કોઈ અતિચાર લાગ્યો હોય તો તે અંગેનું મારું પાપ મિથ્યા થાઓ. (મિચ્છામિ દુક્કડં)

**(૪) તપ ચિંતન વિધિ :–** પાંચમા આવશ્યકમાં, રાત્રિ પ્રતિક્રમણમાં कि तवं पडिवजजामि, एवं तत्थ विचिंतए – ઉતરા. ૨૬.





**છ માસી તપ કરૂ ? શકિત નથી / અભ્યાસ નથી.**
**પાંચ, ચાર, ત્રણ, બે માસી તપ કરૂ ? શકિત છે પરંતુ અવસર નથી.**
**૧૫,૮,૬,૭,૫,૪,૩,૨ ઉપવાસ કરૂ ? શકિત છે પરંતુ અવસર નથી.**
**ઉપવાસ, આયંબિલ, નવી કરૂ ? શકિત છે પરંતુ અવસર નથી.**
**એકાસક, બેપોરસી, પોરસી કરૂ ? શકિત છે પરંતુ અવસર નથી.**
**નવકારશી કરૂ ? શકિત છે. અવસર છે. ભાવ છે.**

**જ્ઞાતવ્ય :–** જે તપ જીવનમાં કયારેય કર્યુ ન હોય એના માટે કહેવું 'શક્તિ નથી'. જે તપ પહેલા કર્યું છે પણ આજ નથી કરવું એના માટે કહેવું કે – શક્તિ છે પણ અવસર નથી. અને જે તક કર્યું હોય એના જવાબમાં કહેવું કે – શક્તિ છે. અવસર છે, ભાવ છે. એના પછી જ કાયોત્સર્ગ પૂર્ણ કરવો. અર્થાત્ પછી એના આગળનો પ્રશ્ન કરી અર્થ ઉત્તર ચિંતન કરવાની આવશ્યકતા નથી હોતી.

ત્યારપછી **નમો અરિહંતાણં**ના ઉચ્ચાર સાથે કાયોત્સર્ગ પૂરો કરવો. પછી કાર્યોત્સર્ગ શુધ્ધિનો પાઠ, ચોવિશ જિન સ્તુતિ પાઠ, ઉત્કૃષ્ટ ગુરૂ વંદન પાઠ. પછી ગુરૂ, રત્નાધિક શ્રમણો પાસેથી અથવા સ્વયં ઉભા થઈને વિનય સહિત પ્રત્યાખ્યાન કરવા.

## નિબંધ – ૯૩

### ત્રણ મનોરથનો વિસ્તાર (હંમેશાં વાંચન મનન કરવાને માટે)

***આરંભ પરિગ્રહ તજ કરી, પંચ મહાવ્રત ધાર***
***અંત સમય આલોયણા, કરું સંથારો સાર.***

**(૧) પહેલો મનોરથઃ–** મે જે દ્રવ્યાદિની મર્યાદા રાખી છે તે આરંભ અને પરિગ્રહ પણ મારા આત્માને માટે કર્મબંધ કરાવવાવાળા છે. પરંતુ હું એવી પરિસ્થિતિમાં ફસાઈ ગયો છું. સંપૂર્ણ આરંભ પરિગ્રહનો ત્યાગ કરી શક્તો નથી તેથી મર્યાદા કરીને સંતોષ રાખું છું. પરંતુ વાસ્તવમાં તો મારો તે જ દિવસ ધન્ય થશે જે દિવસે હું સંપૂર્ણ આરંભ પરિગ્રહનો ત્યાગ કરીને નિવૃત્તિ ધારણ કરીશ. પોતાનો ભાર 'આનંદ' આદિ શ્રાવકની સમાન પુત્ર આદિને સોંપીને સંપૂર્ણ સમય ધર્મ સાધનમાં લગાવીશ તે દિવસ મારા માટે પરમ મંગલમય તેમજ ધન્ય થશે.

જીવનમાં તે દિવસ મને જલ્દી પ્રાપ્ત થાય જે દિવસે હું ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહ(ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, રતિ, અરતિ, શોક, દુગંછા, ત્રણ વેદ, મિથ્યાત્વ) અથવા નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ (ખેત, વત્થુ,

હિરણ્ય, સુવર્ણ ધન, ધાન્ય, દ્વિપદ, ચૌપદ, કુવિય આદિ) ના નિમિત્તથી થનારા આરંભ તેમજ પરિગ્રહથી પૂર્ણ નિવૃત્ત થઈશ. તે દિવસ મારો ધન્ય થશે.

આ આરંભ પરિગ્રહ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ચારિત્ર આદિ સદ્ગુણોનો નાશ કરનારા છે, રાગ દ્વેષને વધારનારા છે. વિષય કષાયને ઉત્પન્ન કરનારા છે. અઢાર પાપોને વધારનારા છે દુર્ગતિને દેનાર છે, અનંત સંસારને વધારનારા છે, અશરણરૂપ છે, અતરણરૂપ છે, નિર્ગ્રંથને માટે નિંદનીય છે, ચાર ગતિ, ચોવીસ દંડક, ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરાવીને દુ:ખ આપનાર છે.

આ અપવિત્ર આરંભ-પરિગ્રહનો હું સર્વથા પ્રકારે ત્યાગ કરીશ, છોડીશ તેનું મમત્વ ઉતારીશ, તેને પોતાનાથી સંપૂર્ણ પણે અલગ કરીશ. તે દિવસ મારો ધન્ય થશે. હે પ્રભુ ! મને એવી આત્મ શક્તિ પ્રગટ થાય કે હું આ આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરવામાં સર્વથા પ્રકારે સફળ થઈ શકું.

**(૨) બીજો મનોરથ :–** જ્યાં સુધી હું આરંભ પરિગ્રહથી પૂર્ણતઃ નિવૃત્ત થઈ અઢારે ય પાપો ને ત્રણ કરણ ત્રણ યોગથી જીવન ભરને માટે ત્યાગીને મહાવ્રત ધારણ કરી સંયમ અંગીકાર કરીશ અને સંપૂર્ણ આશ્રવોને રોકીને તપ આદિ દ્વારા પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરવામાં લાગીશ; તે દિવસ મારો ધન્ય થશે. મને મનુષ્ય ભવ પ્રાપ્ત થયો તે પણ પૂર્ણ સાર્થક થશે.

જે મહાત્માઓએ સંયમ ધારણ કર્યો છે અથવા કરવાવાળા છે તેઓને કોટિકોટિ ધન્યવાદ છે. હું સંયમ લેવાવાળાઓ માટે કયારેય બાધા રૂપ થઈશ નહીં. હે પ્રભુ ! મારી પણ સંયમ લેવાની ભાવના દિવસે દિવસે વધતી જાય અને મારા પરિવારવાળાઓને એવી સદ્બુદ્ધિ થાય કે મારી ભાવના દઢ થતા જ તેમજ આજ્ઞા માંગતા જ જલદીમાં જલદી આજ્ઞા આપી દે અથવા મારુ એવા પ્રકારનું ઉચ્ચ મનોબળ થઈ જાય કે મારા માર્ગની બાધાઓ પોતાની મેળે જ દૂર થઈ જાય. આવી મારી મનોકામના સફળ થાય.

જે દિવસે હું પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ યતિધર્મ, સત્તર પ્રકારના સંયમનું, જે પ્રમાણે શાસ્ત્રમાં બતાવેલ છે તે પ્રમાણે, પાલન કરી ભગવાનની આજ્ઞામાં વિચરણ કરીશ, કષાયોને પાતળા કરીશ, પરમશાંત બનીશ, તે દિવસ મારો પરમ કલ્યાણકારી થશે. હે પ્રભુ ! તે દિવસ, તે શુભઘડી મને જલદીથી જલદી પ્રાપ્ત થાય કે જેથી હું મુનિ બનું.

**(૩) ત્રીજો મનોરથ :–** જે પ્રાણી જન્મ્યો છે તે અવશ્ય મરશે. મારે પણ મરવાનું





અવશ્ય છે. મોત ક્યારે અથવા કેવી રીતે આવશે તેની કંઈ ખબર નથી, તેથી મારો તે દિવસ ધન્ય થશે કે જ્યારે હું મૃત્યુ સમયને નજદિક આવેલો જાણીને સંલેખના, સંથારાને માટે તત્પર થઈશ. તે સમયે પૂર્ણ હોશમાં રહેતા હું સંપૂર્ણ કુટુંબ પરિવાર ના મોહ, મમત્વભાવને છોડીને આત્મભાવમાં લીન બનીશ. બીજા અનેક જગતના પ્રપંચ અથવા જગત વ્યવહારની વાતોને ભૂલીને માત્ર આત્મ આરાધનાના વિચારોમાં રહીશ.

**૧.** હું પોતે સાવધાની પૂર્વક સંપૂર્ણ પાપોનો ત્યાગ કરીશ. **૨.** લીધેલા વ્રત પ્રત્યાખ્યાનમાં લાગેલા દોષોની શુદ્ધિ કરીશ. **૩.** બધા જીવો સાથે ખમતખામણા કરીશ. અર્થાત્ કોઈની સાથે વૈરવિરોધ ન રાખતા બધા જીવોને મારી તરફથી ક્ષમા આપીશ. કોઈની પ્રત્યે નારાજી ભાવ નહીં રાખું. પહેલાની કોઈ નારાજી હશે તો તેને યાદ કરીને દૂર કરીશ. આ રીતે આત્મામાં ક્ષમા, શાંતિ આદિ ગુણોને ધારણ કરતો હું ધર્મ ચિંતનમાં લીન રહીશ. પહેલા લાગેલા પાપોની આલોચના-પ્રાયશ્ચિત કરીને, આત્મશુદ્ધિ કરી સમાધિપૂર્વક પંડિત મરણને પ્રાપ્ત કરીશ. ભગવાનની આજ્ઞાનો આરાધક થઈશ તે દિવસ મારો ધન્ય થશે.

હે પ્રભુ ! જ્યારે મારો મૃત્યુ નજીક આવી જાય ત્યારે મને આભાસ થઈ જાય કે હવે થોડીજ અંતિમ ઉંમર બાકી છે. હવે મારે પંડિત મરણને માટે તૈયાર થઈ જવું જોઈએ અને આવું જાણીને હું આજીવન અનશન સ્વીકાર કરી લઉં.

અંતમાં હે ભગવાન ! મારી આ ભાવના છે કે તે ભવ, તે દિવસ તે સમય, મારા આત્માને શીઘ્ર પ્રાપ્ત થાય જેથી હું આઠકર્મ ક્ષય કરીને સિદ્ધ, યાને મુક્ત થઈ જાઉં. તે સમય મારા આત્માને માટે પરમ કલ્યાણકારી થશે.

तीन मनोरथ ये कह्या, जो ध्यावे नित मन
शक्तिसार वरते सही, पावे शिव सुख धन ॥ १ ॥
पतित उद्धारन नाथजी, अपनो विरुद्ध विचार ॥
भूल चूक सब माहरी, खमजो वारंवार ॥ २ ॥
छूटुं पिछला पापसे, नवा न बांधु कोय ॥
श्री गुरु देव प्रसाद से, सफल मनोरथ होय ॥ ३ ॥
अहो समदृष्टि जीवडा, करे कुटुंब प्रतिपाल ॥
अंतर्गत न्यारो रहे, ज्युं धाय खिलावे बाल ॥ ४ ॥
धिक् धिक् मारी आत्मा, सेवे विषय कषाय ॥
हे जिनवर तारो मुजे, विनती वारंवार ॥ ५ ॥
आरंभ परिग्रह कब तजूं, कब लुं महाव्रत धार ॥
संथारो धारण करुं, अे त्रण मनोरथ सार ॥ ६ ॥

## નિબંધ – ૯૪

## ચૌદ નિયમ(૨૫ નિયમ)નું સરળ જ્ઞાન

**પ્રયોજન :–** શ્રમણોપાસક દ્વારા ગ્રહણ કરાયેલા વ્રત તેમજ મર્યાદાઓને રોજ પોતાના દૈનિક જીવનનું ધ્યાન રાખીને સંકુચિત કરવા તે જ ચૌદ નિયમોનું મુખ્ય પ્રયોજન છે. આરંભ-સમારંભ તેમજ ઉપભોગ-પરિભોગની વસ્તુઓની જે મર્યાદાઓ આજીવન વ્રતોમાં કરી છે, તે બધાનું રોજના કાર્યમાં અથવા ઉપયોગમાં આવવું સંભવ નથી. તેથી તેને ઓછું કરવાનું શ્રાવકનું લક્ષ્ય હોવું જોઈએ. તેનાથી આત્મામાં સંતોષવૃત્તિ આવે છે તેમજ પાપાશ્રવ ઓછો થઈ જાય છે. જેનાથી આત્માના કર્મબંધનના અનેક દ્વાર બંધ થઈ જાય છે. અગર કલ્પનાથી એમ કહેવામાં આવે કે મેરુ પર્વત જેટલું વ્યર્થનું પાપ ટળી જાય છે અને માત્ર રાઈ જેટલું પાપ ખુલ્લું રહે છે, તો પણ અતિશયોક્તિ નહીં કહેવાય.

રોજ વ્રત પચ્ચક્ખાણની સ્મૃતિ રહેવાથી તેમજ આત્મામાં ત્યાગ પ્રત્યેની રુચિ વધતી રહેવાથી અશુભ કર્મોની અત્યંત નિર્જરા થાય છે. તેથી શ્રાવક ઉપયોગ પૂર્વક, રુચિ તેમજ શુદ્ધ સમજણ પૂર્વક આ નિયમોને આગળ ૨૪ કલાકને માટે અથવા સૂર્યોદય સુધી ધારણ કરે. આ પ્રકારે ત્યાગના લક્ષ્યમાં વૃદ્ધિ કરતા રહેવાથી વ્રતોની આરાધના તેમજ અંતિમ સમયમાં પંડિત મરણ પ્રાપ્ત થવું બહુ સરળ થઈ જાય છે અને તે સાધક આરાધક થઈને શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે.

**વિવેક જ્ઞાન :–** સવારમાં(સામાયિકમાં અથવા એમજ નમસ્કાર મંત્ર, ત્રણ મનોરથ આદિનું ચિંતન પૂર્વક ધ્યાન કરીને આ નિયમોને ગ્રહણ કરી લેવા જોઈએ. નિયમોને ધારણ કરતી વેળાએ આ વિવેક રાખવો આવશ્યક છે કે 'અમુક અમુક પાંચ સચિત્ત ખાઈશ.' **એવું ન બોલતા આ રીતે કહેવું જોઈએ કે 'પાંચ સચિત ઉપરાંત ત્યાગ અથવા 'આ પાંચ સચિત સિવાય ખાવાનો ત્યાગ'. આ રીતે બધા નિયમોમાં વાક્ય પ્રયોગનું ધ્યાન રાખવું જોઈએ.**

ધારણ કરેલા વ્રતોમાં ભૂલથી અથવા અસાવધાનીથી દોષ લાગી જાય તો તેનું મિચ્છામિ દુક્કડં લેવું જોઈએ. અથવા જાણી જોઈને દોષ લગાવ્યો હોય તો ગુરુ તેમજ ત્યાગી મહાત્માઓની પાસે આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. શ્રેષ્ઠતા એજ છે કે લીધેલા વ્રતોનું દઢતાપૂર્વક તેમજ દોષ રહિત પાલન થવું જોઈએ.

*सचित दव्व विग्गइ, पण्णी तांबुल वत्थ कुसुमेसु ।*
*वाहण सयण विलेवण, बंभदिसि न्हाण भत्तेसु ॥*





**(૧)સચિત્ત :–** સચિત્ત વસ્તુઓ જે પણ ખાવા પીવામાં આવે, તે જાતિની મર્યાદા કરવી. જેમ કે લીલા શાકભાજી, ફળ, ફૂલ, વરિયાળી, એલચી, મેવો, મીઠું, જીરું, રાઈ, મેથી, અજવાયન, કાચું પાણી ઈત્યાદિ.

સચિત્ત વસ્તુ અગ્નિથી અથવા કોઈપણ શસ્ત્રથી પરિણત થઈ જવા પર અચિત થઈ જાય છે. જો પૂર્ણ શસ્ત્રથી પરિણત ન થઈ હોયતો તેને સચિત્તમાં જ ગણવી. મિશ્રણ થયેલી ચીજ જેમ કે– પાન આદિમાં જેટલી સચેત વસ્તુઓ હોય તે બધાની જુદી-જુદી ગણતરી કરવી.

**સચિત્ત સંબંધી ધ્યાનમાં રાખવા યોગ્ય મુદ્દાઓ :–**

**૧.** બીજ કાઢયા વગર બધા ફળોને સચિત્તમાં ગણવા. બીજ પણ કાચા અને પાકા બે પ્રકારના હોય છે તેનું પૂરેપૂરુ ધ્યાન રાખવું જોઈએ.

**૨.** વઘારેલી વનસ્પતિઓ તથા સેકેલા ડોડા(અર્ધ પક્વ હોય તો) સચિત્ત ગણવા.

**૩.** પાકા ફળોનો રસ કાઢીને તથા ગાળીને રાખ્યો હોય તો થોડો સમય થયા પછી અચિત્ત ગણવો.

**૪.** સાફ કરેલા ચોખાને છોડીને ઘણું પ્રાયઃ બધું અનાજ સચિત્ત. તે પીસવાથી તથા અગ્નિપર શેકવાથી અચિત્ત થાય પરંતુ પલાળવાથી નહીં.

**૫.** કાળા મીઠાને છોડીને બધી જાતના મીઠા સચિત. ઉકાળીને બનાવ્યું હોય અથવા ગરમ કરેલુ હોય તો અચિત્ત. પીસવા પર તો સચિત્ત જ રહે છે.

**૬.** ધાણાના બે ટુકડા થઈ જાય તો પણ સચિત્ત. પીસવાથી અચિત્ત થાય.

**૭.** કોઈ પ્રવાહી ચીજમાં મીઠું જીરા આદિ ઉપરથી નાખે તો અર્ધા કલાક સુધી સચિત્ત ગણાય અને સૂકી ચીજ ઉપર નાખ્યા હોય તો સચિત્ત જ રહે છે.

***નોંધઃ– બીજી પણ કોઈ ધારણા હોય તો તેનું સ્પષ્ટીકરણ નિશ્ચિત કરી શકાય છે.***

**(૨) દ્રવ્ય :–** જેટલી ચીજો દિવસભરમાં ખાવા-પીવામાં આવે તેની મર્યાદા કરવી અથવા તૈયાર ચીજની એક જાતિ ગણી લેવી, પછી તેને કોઈપણ રીતે ખાવાની વિધિ હોય. બીજી રીત એ છે કે જેટલા પ્રકારના સ્વાદ બદલીને મેળવી મેળવીને ખાવામાં આવે તો તેનું ધ્યાન રાખીને ગણતરી કરવી. ચીજ ગણવાની રીત સરળ છે. દવા પાણી આગારમાં રાખી શકાય. બીજો પણ કોઈ આગાર અથવા ધારણા કાયમ પણ કરી શકાય છે.

**(૩) વિગય :–** મહાવિગય(માખણ, મધ) નો ત્યાગ કરવો તેમજ પાંચ વિગયો

(દૂધ, દહીં, ઘી, તેલ, મીઠા પદાર્થ–સાકર, ગોળ) માંથી ઓછામાં ઓછો એકનો ત્યાગ કરવો. એકનો પણ ત્યાગ ન થઈ શકે તો બધાની મર્યાદા કરી લેવી. ચા, રસગુલ્લા, માવાની ચિક્કીમાં બે વિગય ગણવા. ગુલાબજાંબુ માં ત્રણ વિગય ગણવા. દહીંમાંથી માખણ ન કાઢ્યું હોય તો તેને વિગયમાં(દહીં) ગણવું જેમ કે– રાયતું, મઠો આદિ. તેલની કોઈપણ ચીજ બનેલી હોય તો તેને તેલના વિગયમાં ગણવી, જેમ કે– શાક, અથાણાં, તળેલી ચીજો. સાકર, ગોળ અને તેમાંથી બનેલ ચીજો તેમજ શેરડીનો રસ આ બધાને મીઠા વિગયમાં ગણવા. પરંતુ જે ચીજ સાકર ગોળ વગર સ્વાભાવિક જ મીઠી હોય તો વિગયમાં ન ગણવી. જેમકે ફળ, મેવા, ખજૂર આદિ. દહીંથી બનાવેલ શાક, કઢી આદિમાં દહીંને વિગય ગણવામાં આવતું નથી.

**(૪) પન્ની :–** પગમાં પહેરવાના જોડા, ચંપલ, આદિની જાતિ; ચામડા, રબર આદિની મર્યાદા કરવી તથા જોડી નંગની મર્યાદા કરવી. સ્પર્શ આદિનો તથા ભૂલનો આગાર. ખોવાઈ જાય ને બીજી જોડી લેવી પડે તો આગાર. ઘરમાં રહેલા બધા ઉપરાંત પણ ત્યાગ કરી શકાય છે. મોજા વસ્ત્રમાં ગણવામાં આવે છે.

**(૫) તાંબુલ :–** મુખવાસની ચીજો જેમ– સોપારી, એલચી, વરીયાળી, પાન, ચૂર્ણ ઇત્યાદિ જાતિની મર્યાદા કરવી. મિશ્ર વસ્તુ જેમ કે પાન આદિમાં એક જાતિ પણ ગણી શકાય છે અને અલગ-અલગ પણ. જે ઇચ્છા હોય તે પ્રમાણે ગણવી.

**(૬) વસ્ત્ર :–** પહેરવાના વસ્ત્ર અને કામમાં લેવાના વસ્ત્રોની ગણતરી કરવી. જેમ કે ખમીશ, પેંટ, રૂમાલ, ટુવાલ, મુહપત્તિ, દુપટ્ટા, ટોપી, પાઘડી, મોજા આદિ.

**(૭) કુસુમ :–** સૂંઘવાના પદાર્થોની મર્યાદા કરવી, જાતિમાં. જેમ કે–તેલ અત્તર આદિ કોઈ ચીજ પરીક્ષા ખાતર સૂંઘવામાં આવે જેમ કે ઘી, ફળ આદિનો આગાર. ભૂલ અથવા દવાનો આગાર.

**(૮) વાહન :–** બધા પ્રકારની સવારીની. જાતિ તથા નંગમાં મર્યાદા કરવી. જેમ કે– સાઈકલ, ઘોડાગાડી, સ્કૂટર, રિક્ષા, મોટર, રેલ, આદિ. વિશેષ પ્રસંગ માટે પાંચ નવકાર મંત્રના આગારથી જાતિ અને નંગની મર્યાદા કરવી. હવાઈ જહાજનો ત્યાગ કરી શકાય.

**(૯) શયન :–** પાથરવાની તથા ઓઢવાની ગાદી, તકીયા, ચાદર, રજાઈ, પલંગ, ખુરશી આદિ ફર્નીચરની મર્યાદા નંગમાં કરવી. તેમાં સ્પર્શમાં અથવા ચાલવામાં પગ નીચે આવી જાય તો તેનો આગાર તથા જ્યાં ચીજની ગણતરી જ ન થઈ શકે એવા પ્રસંગોનો પણ આગાર. એક જગ્યાએ બેસવાનું સુવાનું એક ગણવાનો કાયદો





પણ કરી શકાય છે. જેમ કે– ગાલીચા, ગાદલા, ચાદર, શેતરંજી આદિ એક સાથે હોયતો તેના પર બેસવાનું એક ગણવું. જેવી સુવિધા અને સરળતા હોય તે પ્રમાણે પોતાનો કાયદો બનાવીને મર્યાદા ધારણ કરવી. રોજ કામમાં આવનારનો આગાર રાખીને નવાની મર્યાદા કરી શકાય છે.

**(૧૦) વિલેપન :–** જેટલી પણ લેપ અથવા શૃંગાર ની ચીજો શરીર પર લગાડાય તે જાતિની મર્યાદા કરવી. જેમ કે– તેલ, પીઠી, સાબુ, ચંદન આદિનો લેપ, અત્તર, વેસેલીન, પાવડર, ક્રીમ, કુંકુમ, હિંગળો, મહેંદી આદિ. જમ્યા પછી ચીકણા હાથ અથવા બીજા સમયમાં કોઈ પણ લેપ પદાર્થથી હાથ ભરાઈ જાય તો તેને શરીર પર ફેરવવાની આદત હોય તો તેનો પણ આગાર રાખી શકાય છે. ભૂલ તેમજ દવાનો આગાર.

**(૧૧) બ્રહ્મચર્ય :–** સંપૂર્ણ રાત દિવસને માટે મૈથુન સેવનનો ત્યાગ અથવા મર્યાદા કરવી. સાત પ્રહર અથવા છ પ્રહર અથવા દિવસ ભરનો ત્યાગ કરવો અથવા ઘડીના સમયથી પણ મર્યાદા કરી શકાય છે.

**(૧૨) દિશા :–** પોતાના સ્થાનથી ચારે દિશામાં સ્વાભાવિક કેટલા કિલોમીટરથી આગળ આવવું જવું નહિ તેની મર્યાદા કરવી. ઊંચી દિશામાં પહાડ ઉપર અથવા ત્રણ-ચાર માળના મકાન પર જવાનું હોય તો તેની મર્યાદા કરવી. નીચી દિશા– ભોંયરા આદિમાં જવું હોય તો તેની મર્યાદા મીટર અથવા ફૂટમાં અલગ કરી લેવી જોઈએ. વિશેષ પરિશ્થિતિમાં પાંચ નવકાર મંત્રના આગારથી મર્યાદા કરવી મીલ અથવા પ્રાંતમાં. સ્વભાવિક વસ્તીની જમીન ઊંચી નીચી હોય તેમ તેનો આગાર. તાર, ચિટ્ઠી, ટેલીફોન પોતે કરવાની મર્યાદા કરવી. કિ.મી. માં અથવા આખા ભારત વર્ષમાં અમુક-અમુક દેશ અર્થાત્ પ્રાંતમાં સંખ્યામાં પણ મર્યાદા કરી શકાય છે.

**(૧૩) સ્નાન :–** આખા શરીર પર પાણી નાખીને સ્નાન કરવું ' મોટું સ્નાન' છે આખા શરીરને ભીના કપડાથી લૂછવું તે 'મધ્યમ સ્નાન' છે અને હાથ, પગ, મોઢું ધોવું 'નાનું સ્નાન' છે. તેની મર્યાદા કરવી તથા સ્નાનમાં કેટલું પાણી લેવું તેની મર્યાદા કરવી. લીટર અથવા ડોલમાં. તળાવ, નળ, વર્ષા અથવા માપ વગર પાણીનો ત્યાગ. રસ્તે ચાલતા નદી, વરસાદ આવી જાય તો ચાલવાનો આગાર અથવા જાણી જોઈને ન્હાવાનો ત્યાગ. લોકાચારનો આગાર.

**(૧૪) ભોજન :–** દિવસમાં કેટલીવાર ખાવું તેની મર્યાદા કરવી. અર્થાત્ ભોજન દૂધ, ચા, નાસ્તો, સોપારી, ફળ, આદિને માટે જેટલી વાર મોઢું ચાલું રાખે તેની

ગણતરી કરવી. કોઈ વ્યસન હોય તો તેને છોડી દેવું જોઇએ અથવા ગણી શકાય તો ગણવું અથવા આગાર કરી શકે છે. બીજો કોઈ આગાર અથવા ધારણા કાયમ કરી શકાય છે.

[*ઉપરના ચૌદ નિયમો સિવાય પરંપરાથી નીચેના નિયમ ઉમેર્યા છે. મૂળ પાઠમાં દ્રવ્યાદિ શબ્દ હોવાથી અને સંખ્યાનો નિર્દેશ ન હોવાથી તેમજ આ નીચે પ્રમાણેના બોલોની મર્યાદા કરવી દિનચર્યામાં આવશ્યક હોવાથી આ બોલ યોગ્ય જ છે.*]

**(૧૫) પૃથ્વીકાય :–** માટી, મુરડ, ખડી, ગેરુ, હિંગળો, હરિતાલ આદિ પોતાના હાથથી આરંભ કરવાની મર્યાદા જાતિ વજનમાં કરવી અથવા સંપૂર્ણ ત્યાગ કરવો. ખાવામાં ઉપરથી નિમક લેવાનો ત્યાગ અથવા મર્યાદા કરવી. પોતાના હાથથી નિમકનો આરંભ કરવાની મર્યાદા વજનમાં કરવી.

**(૧૬) અપ્‌કાય :–** (૧) પાણી પીવું, સ્નાન કરવું, કપડા ધોવા, ઘર-કાર્ય આદિ માં પોતાના હાથથી વાપરવું, આરંભ કરવો, તેની કુલ મર્યાદા કરવી. સ્પર્શનું અહીં-તહીં રાખવાનું, નાખવાનું, બીજાને દેવાનું અથવા પીવડાવવાનો આગાર. (૨) પાણીયારા– કેટલી જગ્યાનું પાણી પીવું તેની મર્યાદા પણ ગણતરી માં કરવી.

**(૧૭) તેઉકાય :–** (૧) પોતાના હાથથી અગ્નિ જલાવવી કેટલીવાર તેની મર્યાદા કરવી. (૨) વીજળીના બટન ચાલૂ-બંધ કરવાની ગણતરી નંગમાં કરવી. (૩) ચૂલા-ચોકા કેટલી જગ્યા ઉપરાંતની બનેલી ચીજનો ત્યાગ અથવા ચૂલાની ગણતરી કરવી. ઘરની બનેલી ચીજનો એક ચૂલો-ચોકો ગણી શકાય છે. ભો. કેટલાય ચૂલા સગડી સ્ટવ આદિ પર બનેલી હોય. બહારની ખરીદેલી ચીજની બરાબર ખબર ન પડવાથી પ્રત્યેક ચીજનો એક ચૂલો ગણી શકે છે અર્થાત્ જેટલી ચીજ ખરીદીને લાવે તેના તેટલા ચૂલાની ગણતરી કરવી. બીજાને ઘરે જ્યાં ભોજન આદિ કરે તો તેના ઘરની ચીજોનો એક ચૂલો ગણવો અને વેચાતી ચીજો ધ્યાનમાં આવી જાય તો તેનો પ્રત્યેક ચીજના હિસાબથી અલગ ચૂલો ગણવો.

**(૧૮) વાયુકાય :–** પોતાના હાથથી હવા નાખવાના સાધનોની ગણતરી નંગમાં કરવી. વીજળીના બટન,પંખા,પુઠ્ઠા,નોટબુક,કપડા આદિ કોઈપણ વસ્તુથી હવા નાખવાનો પ્રસંગ આવે તો તેની ગણતરી કરવી. પોતે કરાવે તેને પણ ગણવા. સીધા આવી જાયતો તેનો આગાર. ઝૂલા, પારણા આદિ પોતે કરે તેને પણ ગણવા. એક બટનને અનેક વાર કરવું પડે તો નંગમાં એકજ ગણી શકાય છે. કુલર, એર કંન્ડીશનના ત્યાગ કે મર્યાદા કરવી.





**(૧૯) વનસ્પતિકાય :–** લીલા શાકભાજી, ફ્રૂટ આદિના ત્યાગ કે મર્યાદા કરવી, ખાવાની તેમજ આરંભ કરવાની. સ્પર્શ આદિનો આગાર કરવો. સુવિધા હોય તો લીલોતરીના નામ તેમજ વજનનું સ્પષ્ટીકરણ પણ કરી શકે છે.

**(૨૦) રાત્રિ-ભોજન :–** ચૌવિહાર અથવા તિવિહાર કરવો અથવા રાત્રિ ભોજનની મર્યાદા કરવી. રાત્રે કેટલીવાર ખાવું, પીવું કેટલીવાર, અથવા કેટલા વાગ્યા પછી ખાવાનો ત્યાગ અને પીવાનો ત્યાગ. સવારે સૂર્યોદય સુધી અથવા નવકારશી અથવા પોરસી સુધીનો ત્યાગ.

**(૨૧) અસિ :–** પોતાના હાથથી જેટલા શસ્ત્ર ઓજાર આદિ કામમાં લેવા તેની મર્યાદા નંગમાં કરવી જેમ કે– સોય, કાતર, પત્રી, ચાકુ, છુરી આદિ હજામતના સાધનોને આખો એક સેટ પણ ગણી શકે છે અને હજામ કરે તો તેની ગણતરી થઈ શક્તી ન હોવાથી આગાર રાખી શકે છે. માટે શસ્ત્ર તલવાર, બંદૂક, ભાલા, બરછી પાવડા, કોદાળી આદિનો ત્યાગ કરવો અથવા મર્યાદા કરવી.

**(૨૨) મસી :–** પેન, પેન્સિલ, હોલ્ડરની મર્યાદા કરવી.

**(૨૩) ખેતી–વ્યાપાર :–** ખેતી હોયતો તે સંબંધમાં એટલા વીઘા ઉપરાંતનો ત્યાગ અથવા સંપૂર્ણ ત્યાગ. અન્ય વ્યાપારોની મર્યાદા જાતિમાં કરવી, નોકરી હોય તો તે સિવાય બધા વ્યાપારનો ત્યાગ કરવો. ઘર ખર્ચમાં મર્યાદા કરવી.

**(૨૪) ઉપકરણ :–** ઘડીયાળ, ચશ્મા, કાચ, દાંતિયા, થાળી, વાટકા, ગ્લાસ, લોટા, લેધરબેગ,કબાટ, બાજોઠ, રેડિયો આદિની મર્યાદા કરવી પોતાના ઉપયોગને માટે રોજ કામમાં આવે તેનો આગાર કરીને નવાની મર્યાદા કરી શકે છે.

**(૨૫) આભૂષણ :–** શરીર પર પહેરવાના સોના-ચાંદીના આભૂષણની મર્યાદા જાતિ અથવા નંગમાં કરવી અથવા નવા પહેરવાની મર્યાદાનો ત્યાગ કરવો.

**પચ્ચક્‌ખાણ લેવાનો પાઠ :–** આ પ્રકારે જે મેં મર્યાદા અથવા આગાર રાખ્યા છે તે ઉપરાંત પોતાની સમજણ તથા ધારણા અનુસાર દવા અથવા કારણનો આગાર રાખતાં, ઉપયોગ સહિત ત્યાગ, એક કરણ ત્રણ યોગથી; હું કરું નહિ મન, વચન, કાયાથી. તસ્સ ભંતે પડિકકમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**પચ્ચક્‌ખાણ પારવાનો પાઠ :–** જો મે દેશાવગાસિયં પચ્ચક્‌ખાણં કયં (જે મેં અહોરાત્રને માટે દ્રવ્યાદિની મર્યાદા કરીને બાકીના પચ્ચક્‌ખાણ કર્યા છે )તં સમ્મં કાએણં ન ફાસિયં, ન પાલિયં, ન તીરિયં, ન કિટ્ટિયં, ન સોહિયં, ન આરાહિયં, આણાએ અણુપાલિયં ન ભવઈ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**અથવા :–** કાલે ધારણ કરેલા નિયમોમાં કોઈ અતિચાર દોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

**નોંધ :–** *આ નિયમો સિવાય સામાયિક, મૌન, ક્રોધ ત્યાગ, જૂઠનો ત્યાગ, કલહ ત્યાગ, નવકારસી, પોરિષી, સ્વાધ્યાય, પ્રતિજ્ઞા, ધ્યાન આદિ દૈનિક નિયમ પણ રોજ યથા શક્તિ કરી લેવા જોઈએ.*

**ચૌદ (૨૩–૨૫) નિયમ ભરવાની રીત :–**

| | વિષય જ્ઞાન | બોલવાની રીત | લખવાની રીત |
|---|---|---|---|
| ૧ | સચિત પદાર્થ | ૫ ઉપરાંત ત્યાગ | ૫ |
| ૨ | દ્રવ્ય (ખાવાના) | ૨૫ ઉપરાંત ત્યાગ | ૨૫ |
| ૩ | વિગય પાંચ | ૪ ઉપરાંત ત્યાગ | ૪ |
| | ૧ મહાવિગય બે | ત્યાગ | × |
| | ૨ દૂધ–ચા | ૨ વાર ઉપરાંત ત્યાગ | ૨ વાર |
| | ૩ દહીં | ૧ વાર ઉપરાંત ત્યાગ | ૧ વાર |
| | ૪ ઘી (ઉપરથી) | ત્યાગ | × |
| | ૫ તળેલા પદાર્થ | ૫ જાતિ ઉપરાંત ત્યાગ | ૫ |
| | ૬ સાકરના પદાર્થ | ૫ જાતિ ઉપરાંત ત્યાગ | ૫ |
| | ૭ ગોળના પદાર્થ | ત્યાગ | × |
| ૪ | પન્ની (જોડા આદિ) | ૩ જોડી ઉપરાંત ત્યાગ | ૩ |
| ૫ | તંબોલ (મુખવાસ) | ૪ જાતિ ઉપરાંત ત્યાગ | ૪ |
| ૬ | વસ્ત્ર (પહેરવાના) | ૨૫ નંગ ઉપરાંત ત્યાગ | ૨૫ |
| ૭ | કુસુમ (સૂંઘવાના) | ત્યાગ | × |
| ૮ | વાહન – જાતિ | ૩ ઉપરાંત ત્યાગ | ૩ |
| | નંગ | ૭ ઉપરાંત ત્યાગ | ૭ |
| | વિશેષ પરિસ્થિતિમાં | જાતિ પાંચ ઉપરાંત ત્યાગ | ૫ |
| | (પાંચ નવકારથી) | નંગ ૧૧ ઉપરાંત ત્યાગ | ૧૧ |
| ૯ | શયન (પથારી) | ૨૫ ઉપરાંત ત્યાગ | ૨૫ |
| ૧૦ | વિલેપન (તેલાદિ) | ૭ ઉપરાંત ત્યાગ | ૭ |
| ૧૧ | અબ્રહ્મચર્ય–કુશીલનો | ત્યાગ અથવા રાત્રિના | × |
| | ત્યાગ અથવા મર્યાદા | બીજા પ્રહર ઉપરાંત ત્યાગ | ૧ |





| | | | |
|---|---|---|---|
| ૧૨ | દિશા–ચારે દિશા | ૮ કિ.મી. ઉપરાંત ત્યાગ | ૫ |
| | વિશેષ પરિસ્થિતિમાં | ૫૦૦ કિ.મી. ઉપરાંત ત્યાગ | ૫૦૦ |
| | પાંચ નવકારથી : ઉપર | ૪ માળ ઉપરાંત ત્યાગ | ૪ |
| | નીચે | ૨૦ ફૂટ ઉપરાંત ત્યાગ | ૪ |
| ૧૩ | સ્નાન : નાનું | ૩ ઉપરાંત ત્યાગ | ૩ |
| | મોટું | ૧ ઉપરાંત ત્યાગ | ૧ |
| | મધ્યમ | × | × |
| ૧૪ | ભોજન –નાનું(નાસ્તો) | ૧૦ ઉપરાંત ત્યાગ | ૧૦ |
| | મોટું (જમવાનું) | ૨ ઉપરાંત ત્યાગ | ૨ |
| ૧૫ | સચિત માટી આદિનો આરંભ | ત્યાગ | × |
| | ઉપરથી મીઠું | ત્યાગ | × |
| ૧૬ | પાણીનો ઉપયોગ | ૫ બાલટી ઉપરાંત ત્યાગ | ૫ |
| | પાણીયારા | ૧૦ ઉપરાંત ત્યાગ | ૧૦ |
| ૧૭ | અગ્નિ જલાવવી | ૫ ઉપરાંત ત્યાગ | ૫ |
| | વીજળીના બટન નંગ | ૧૦ ઉપરાંત ત્યાગ | ૧૦ |
| | ચોકા | ૧૦ ઉપરાંત ત્યાગ | ૧૦ |
| ૧૮ | પંખા–પુટ્ઠા આદિ | ૫ ઉપરાંત ત્યાગ | ૫ |
| ૧૯ | લીલા–શાકભાજી, ફળ | ૧૦ ઉપરાંત ત્યાગ | ૧૦ |
| | બીજાને માટે | ૫ ઉપરાંત ત્યાગ | ૫ |
| ૨૦ | રાત્રિ ભોજન | ત્યાગ અથવા | × |
| | (૧) ટાઈમથી | ૧૦ વાગ્યા પછી ત્યાગ | ૧૦ વાગે |
| | (૨) સંખ્યાથી | ૨ વાર ઉપરાંત ત્યાગ | ૨ વાર |
| ૨૧ | અસિ : સોયઆદિ | ૫ ઉપરાંત ત્યાગ | ૫ |
| | તલવાર આદિ | ત્યાગ | × |
| ૨૨ | મસિ–પેન આદિ સાધન | ૧૦ ઉપરાંત ત્યાગ | ૧૦ |
| ૨૩ | કૃષિ : (૧) ખેતર વીઘા | ત્યાગ | × |
| | (૨) વ્યાપાર જાતિ | ૨ ઉપરાંત ત્યાગ | ૨ |
| | (૩) પરિગ્રહ ઘર ઉપયોગ | ૫ હજાર ઉપરાંત ત્યાગ | ૫ હજાર |
| ૨૪ | ઉપકરણ(ઉપયોગી વસ્તુઓ) | ૩૫ ઉપરાંત ત્યાગ | ૩૫ |
| ૨૫ | નવા આભૂષણ જાતિ અથવા નંગ | ૫ ઉપરાંત ત્યાગ | ૫ |

**પ્રશ્ન : આ નિયમ તો ૨૫ છે તો પછી તેને ૧૪ નિયમ શા માટે કહે છે ?**

**ઉત્તર :** શ્રાવકના દશમા વ્રતના પાઠમાં 'દ્રવ્ય આદિ' કહ્યું છે. ૧૪ આદિ સંખ્યા કહી નથી. પરંપરાથી ૧૪ સંખ્યા પ્રચલિત થઈ ગઈ છે. તેથી ૧૪ નિયમના નામથી પ્રસિદ્ધ થઈ ગયા છે. તેથી અહીં પ્રસિદ્ધ નામ જ દેવામાં આવ્યું છે પરંતુ દિનચર્યાના આવશ્યક નિયમોને જોડીને ૨૫ બોલ કરી દીધા છે. જેના અંતરબોલોના કુલ ૫૦ કોલમ બની ગયા છે.

## નિબંધ – ૯૫

### શ્રાવકના બાર વ્રતોને ધારણ કરવાની સ્પષ્ટ અને સરળ વિધિ

**સમ્યક્ત્વ :–** દેવ ગુરુ ધર્મની શુદ્ધ સમજ રાખીશ અને સુદેવ, સુગુરુને ભક્તિપૂર્વક વિનય અને વંદન કરીશ. કુદેવ, કુગુરુનો વિનય અથવા વંદનની પ્રવૃત્તિ સમાજ વ્યવહારથી તથા આવશ્યક પરિસ્થિતિથીમાં કરવા પડે તો તેનો આગાર.

પ્રતિક્રમણમાં ઉપલબ્ધ અણુવ્રતોના પાઠોના આધારથી વ્રત ધારણનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) પહેલું વ્રત : સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ (સ્થૂલ હિંસાનો ત્યાગ) :–** નિરપરાધી ત્રસ જીવને મારવાની ભાવનાથી મારવાના પચ્ચક્ખાણ, જીવન પર્યંત, બે કરણ ત્રણ યોગથી. અતિચારોને બનતી કોશિશ ટાળવાનું ધ્યાન રાખીશ.

**અતિચાર :–** (૧) ગુસ્સામાં આવીને નિર્દયતા પૂર્વક ગાઢ બંધનથી કોઈને બાંધવુ (૨) ગુસ્સામાં આવીને નિર્દયતાપૂર્વક મારપીટ કરવી (૩) ગુસ્સામાં આવીને નિર્દયતાપૂર્વક કાન, નાક, હાથ, પગ આદિ અવયવ કાપવા (૪) સ્વાર્થવશ શક્તિ ઉપરાંત કોઈપણ પ્રાણી ઉપર અધિક ભાર નાખવો. જેનાથી તેને અત્યંત પરિતાપ પહોંચે અથવા પ્રાણ સંકટમાં પડી જાય. (૫) ગુસ્સામાં આવીને કોઈ પણ પ્રાણીના નિર્દયતાપૂર્વક આહાર, પાણી બંધ કરવા. આ પાંચ અતિચાર છે.

**આગાર :–** પોતાના અથવા પોતાને આશ્રિત જીવોને ઉપચાર કરાવવામાં કોઈ ત્રસ જીવોની હિંસા રોકી ન શકાય તેનો આગાર. તેમજ સાંસારિક કાર્ય અથવા વ્યાપારિક કાર્ય કરતાં તથા વાહન પ્રયોગ કરતાં ત્રસ જીવોની હિંસા થઈ જાય તો તેનો આગાર. જીવોની ઉત્પત્તિની પહેલા અથવા પછી તેના નિવારણનો કોઈ ઉપાય કરવો પડે તો આગાર. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી અહિંસક ઉપાય કરવાનું ધ્યાન રાખીશ. અવિવેક અને ભૂલનો આગાર. આદત ન સુધારવાથી કોઈ પ્રવૃત્તિ થઈ જાય તેનો આગાર. આદતને સુધારવાનો પ્રયત્ન કરીશ.





**(૨) બીજું વ્રત : સ્થૂલ મૃષાવાદ વિરમણ(મોટા જૂઠનો ત્યાગ) :–**

પાંચ પ્રકારના મોટકા જૂઠુ બોલવાનો મારી સમજ તેમજ ધારણા અનુસાર ઉપયોગ સહિત બે કરણ ત્રણ યોગથી જીવન પર્યંત ત્યાગ. અતિચારોને બનતી કોશીશ ટાળવાનો પ્રયત્ન કરીશ.

**પાંચ પ્રકાર :–** (૧) કન્યા-વર સંબંધી અર્થાત્ મનુષ્ય સંબંધી (૨) પશુ સંબંધી (૩) ભૂમિ-સંપત્તિ સંબંધી (૪) થાપણ સંબંધી (૫) ખોટી સાક્ષી સંબંધી(વ્યાપાર તેમજ પરિવાર સંબંધી આગાર).

**મોટકા(સ્થૂલ) જૂઠની પરિભાષા :–** રાજદંડે, લોકભંડે(ધિક્કારે) બીજાઓની સાથે ધોખો થાય, વિશ્વાસઘાત થાય, વગર અપરાધે કોઈને ભારે નુકસાન ભોગવવું પડે, ઈજ્જત તેમજ ધર્મને ઠેસ પહોંચાડવી, જીવન કલંકિત થાય, આવું જૂઠ મોટું– સ્થૂલ હોય છે. તે શ્રાવકને માટે છોડવા યોગ્ય છે.

**આગાર :–** વ્યાપાર સંબંધી પ્રવૃત્તિનો આગાર. અવિવેક અથવા ભૂલનો આગાર. કોઈ આદત-ટેવ સુધરી ન શકે ત્યાં સુધી આગાર. બને ત્યાં સુધી આદત સુધારવાની કોશિશ કરીશ. સ્વપર પ્રાણ રક્ષાનો તેમજ સંઘની પરિસ્થિતિઓનો આગાર. સરકારી કાયદાનું પાલન થાય નહિ ને કોઈ કારણસર જૂઠું બોલવું પડે તો આગાર.

**અતિચાર :–** (૧) વગર વિચાર્યે આક્ષેપ લગાવવો (૨) એકાંતમાં વાતચીત કરતી વ્યક્તિઓ પર આરોપ લગાવવો (૩) પોતાની સ્ત્રી અથવા પુરુષના મર્મને ખોલવા (૪) અહિતકારી, ખોટી સલાહ આપવી (૫) વિશ્વાસઘાત કરીને ખોટા લેખ લખવા. આ પાંચ અતિચાર છે.

**(૩) ત્રીજું વ્રત : સ્થૂલ અદત્તાદાન વિરમણ(મોટી ચોરીનો ત્યાગ) :–**

પાંચ પ્રકારની મોટી ચોરીનો બે કરણ ત્રણ યોગથી જીવનપર્યંત ત્યાગ પાંચ અતિચારોને બને ત્યાં સુધી ટાળવાની કોશિશ કરીશ.

**સ્થૂલ ચોરીના પાંચ પ્રકાર :–** (૧) ભીંત, દરવાજા આદિમાં છિદ્ર કરીને અથવા તોડીને (૨) વસ્ત્ર, સૂત(ધાગા), સોના આદિની ગાંઠ, પેટી ખોલીને ચોરી કરવી, ખિસ્સા કાપવા આદિ (૩) તાળા તોડીને અથવા ચાવી લગાવીને ચોરી કરવી. (૪) માર્ગમાં ચાલતાને લૂંટવા (૫) કોઈની માલિકીની કીંમતી વસ્તુ ચોરીની ભાવનાથી લેવી.

**આગાર :–** ત્રીજા અતિચારનું પાલન થઈ શકે નહીં તો તેનો આગાર. બીજાપણ જે અતિચાર પ્રવૃત્તિમાં છે અને તે ન છૂટી શકે તેવા છે તો તેનો પણ આગાર; બનતી કોશિશ તેને છોડવાનો પ્રયત્ન કરીશ.

**અતિચાર :–** (૧) જાણી બૂઝીને પાંચ પ્રકારની ચોરીની વસ્તુ ખરીદવી. (૨) પાંચ પ્રકારની ચોરી કરવાવાળાને સહાયતા આપવી (૩) રાજ્યનિયમ વિરુદ્ધ આચરણ કરવું (૪) જાણીને ખોટા તોલ અને ખોટા માપ કરવા (૫) વેચવા માટે ચીજ દેખાડ્યા પછી નક્કી કરેલી ચીજને બદલાવીને અથવા મિશ્રણ કરીને આપવી. આ પાંચ અતિચાર છે.

**(૪) ચોથું વ્રત : સ્વદાર સંતોષ, પરદાર વિવર્જન(પોતાની સ્ત્રીની મર્યાદા, પરસ્ત્રીનો ત્યાગ) :–**

(૧) સંપૂર્ણ મૈથુન સેવનનો ત્યાગ અથવા મહિનામાં ( ) દિવસ મૈથુન સેવનનો ત્યાગ (૨) પરસ્ત્રી અથવા વેશ્યાનો ત્યાગ (૩) ( ) વર્ષ પછી લગ્ન કરવાનો ત્યાગ (૪) દિવસમાં મૈથુન સેવનનો ત્યાગ. એક કરણ એક યોગથી તેમજ સોઈ દોરાના ન્યાયથી જિંદગી સુધી. પાંચે અતિચારોને બને ત્યાં સુધી ટાળવાની શક્ય કોશિશ કરીશ.

**અતિચાર :–** (૧) નાની ઉંમરની પોતાની કે થોડા સમય માટે શુલ્ક આપેલી પોતાની કરેલી સ્ત્રીની સાથે કુશીલ (મૈથુન) સેવન કરવું (૨) સગાઈ કરેલી કન્યાની સાથે મૈથુન સેવન કરવું (૩) અશુદ્ધ રીતથી મૈથુન સેવન કરવું. (૪) બીજાના લગ્ન કરાવી આપવા (૫) ઔષધિ આદીથી વિકાર ભાવને વધારવો.

**(૫) પાંચમું વ્રત : પરિગ્રહ પરિમાણ :–**

(૧) ખેતી ઘર વીઘા ( ) વ્યાપાર સંબંધી વીઘા ( ) (૨) મકાન દુકાન કુલ નંગ ( ) (૩) પશુની જાતિ ( ) નંગ ( ), સવારી જાતિ ( ) નંગ ( ), શેષ કુશેલ પરિગ્રહ ( રૂ. ) જેનું સોનું ( ) કિલો પ્રમાણ ચાંદી ( ) કિલો પ્રમાણ. આ મારો અધિકતમ પરિગ્રહ થયો. તે ઉપરાંત પરિગ્રહ રાખવાનો એક કરણ ત્રણ યોગથી ત્યાગ. નવા મકાન ( ) ઉપરાંત બનાવવાનો ત્યાગ.

**સ્પષ્ટીકરણ :–** બીજાની ઉધાર પૂંજી જે વ્યાપારમાં લાગેલી છે તેને મારી નહિ ગણું. જે ચીજની માલિકી વાસ્તવમાં ઘરમાં કોઈ વ્યક્તિની અલગ કરી દીધી હોય તેને મારા પરિગ્રહમાં ગણીશ નહિ. સરકારમાં નામ અલગ-અલગ હોય અને ઘરમાં એકજ હોય તેને હું પરિગ્રહમાં ગણીશ. ભાગીદારીના વ્યાપારમાં બીજાની સંપત્તિને મારી નહિ ગણું. પુત્રવધુની પોતાની વસ્તુ અથવા સામાનને મારા પરિગ્રહમાં નહિ ગણું. પોતાની પત્નીનો સામાન મારા પરિગ્રહમાં ગણીશ. મકાન, જમીન, પશુ અને વાહનની કિંમત નહિ કરું પરંતુ સંખ્યામાં જ પરિગ્રહનું માપ રાખીશ. મારે આધીન ન ચાલે એવા પુત્રાદિ કંઈપણ કરે તો તેનો આગાર .





**અતિચાર :–** પરિગ્રહની જે જે મર્યાદા રાખી છે તેનો અવિવેકથી અજાણપણે તેમજ હિસાબ કરવાનો રહી જતાં કાંઈ ઉલ્લંઘન થયું હોય તો તે બધાને અતિચાર સમજવા અને જાણીને લોભસંજ્ઞાથી ઉલ્લંઘન થાય તો તેને અનાચાર સમજવા.

**(૬) છટ્ઠું વ્રત : દિશા પરિમાણ :–** પોત પોતાના સ્થાનથી ચારે દિશામાં ( ) કિલોમીટર ઉપરાંત જવાનો ત્યાગ અથવા ભારત ઉપરાંત જવાનો ત્યાગ ( ) અથવા વિદેશ સંખ્યા ( ) ઉપરાંત ત્યાગ. વિદેશ નામ ( ); ઉપરની દિશામાં કિ.મી. ( ), નીચેની દિશામાં ફૂટ ( ) ઉપરાંત જવાનો ત્યાગ, એક કરણ ને ત્રણ યોગથી જીંદગી પર્યંત. તાર, ચિટ્ઠી, ફોન આદિ પોતે કરવાની મર્યાદા ( ), દેશની સંખ્યા ( ) ઉપરાંતનો ત્યાગ.

**આગાર :–** સ્વાભાવિક જમીન ઊંચી નીચી હોય તો તેનો આગાર. જે વાહન ખુલ્લા રાખ્યા છે તે જેટલા ઊંચા નીચા જાય તેનો આગાર. આવેલા તાર, ચિટ્ઠી, ફોન, રેડિયો, ટી.વી. આદિનો આગાર. નોકરી અથવા શારીરિક કારણ આદિ વિશેષ પરિસ્થિતિનો આગાર. રાજ્ય સંબંધી, દેવ સંબંધી સ્થિતિનો આગાર. પુત્રાદિ મર્યાદિત ક્ષેત્રથી બહાર ચાલ્યા જાય તો તેના સંબંધે વિશેષ પરિસ્થિતિનો આગાર. બનતી કોશિશ બધી પરિસ્થિતિઓથી બચવાનું ધ્યાન રાખીશ.

**અતિચાર :–** (૧–૩) ઉર્ધ્વ, અધો અને તિરછી દિશા સંબંધી અજાણપણે અને મર્યાદાને ભૂલી જવાના કારણે ઉલ્લંઘન થયું હોય (૪) એક દિશાના પરિમાણને ઘટાડીને બીજી દિશાનું પરિમાણ વધાર્યું હોય. બંને દિશાઓનો સરવાળો તેટલો જ રહે છે માટે અતિચાર છે (૫) યાદ ન રહે અને અંદાજથી જેટલી મર્યાદા ધ્યાનમાં(સ્મૃતિમાં) આવે, તેનું ઉલ્લંઘન કરે; ત્યારપછી ખબર પડે કે વાસ્તવમાં મર્યાદાનું ઉલ્લંઘન થયું નથી, તોપણ તે અતિચાર છે.

**(૭) સાતમું વ્રત : ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત :–**

***નોંધ :*** *૨૬ બોલોની મર્યાદાને ૧૫ બોલોમાં સંક્ષિપ્ત કરી છે.*

**૧.** દાતણ–સચિત ( ), અચિત ( ), પ્રતિદિન ( ).

**૨.** સાબુ ન્હાવાનો ( ) જાતિ. ધોવાની જાતિ ( ), પોતાની અપેક્ષાએ.

**૩.** વિલેપન–તેલ, ચંદન, પીઠી, પાવડર, ક્રીમ આદિની જાતિ ( ).

**૪.** સ્નાન–રોજ નંગ ( ) માસમાં નંગ / દિવસ ( ) વરસમાં નંગ / દિવસ ( ) એક વખતના સ્નાનમાં પાણી ( ) લીટર વગર માપના પાણીથી સ્નાન કરવાનો ત્યાગ અથવા મર્યાદા ( ). લોકાચારનો આગાર. મહિનામાં ( ) દિવસ સ્નાન કરવાનો ત્યાગ.

**૫.** વસ્ત્ર–૧ સૂતર, ઊન આદિ જાતિ ( ) જાવજ્જીવ સુધી (૨) વસ્ત્ર જોડ અથવા નંગ ( ) ઉપરાંત એક સાથે રાખવાનો ત્યાગ. રેશમી વસ્ત્રનો સંપૂર્ણ ત્યાગ.

**૬.** શયન–સુવા બેસવાના નંગ રોજ ( ).

**૭.** કુસુમ (ફૂલ)–સૂંઘવાના ફૂલોની જાતિ ( ), અત્તરાદિ જાતિ ( ), માળા જાતિ ( ), ભૂલનો, દવાનો અને પરીક્ષાનો આગાર.

**૮.** આભૂષણ-ઘડિયાળ આદિ એક સાથે પહેરવાની જાતિ ( ) નંગ ( ). સંભાળીને રાખવા માટે અથવા પરીક્ષાને માટે પહેરવાનો આગાર.

**૯.** ધૂપકરવો–જાતિ ( ), અગરબત્તી, લોબાન, કપૂર, ઘી, તેલ આદિ. અગરબત્તીની જાતિ ( ).

**૧૦.** લીલા શાકભાજી ફળ આદિ ( ) કંદમૂળ ( ) જાતિ ઉપરાંત ત્યાગ.

**૧૧.** સૂકોમેવો–જાતિ ( ) ઉપરાંત ત્યાગ અથવા અમુક ચીજનો ત્યાગ.

**૧૨.** સવારી–હવાઈ જહાજનો ત્યાગ અથવા મર્યાદા જીવનમાં ( ) વાર, સમુદ્રના જહાજનો ત્યાગ કે મર્યાદા ( ). પશુની સવારી–તેની પીઠ પર બેસીને જવાનો ત્યાગ અથવા મર્યાદા જાતિ ( ), સ્થલ–ક્ષેત્રની સવારી અમુક ( ) નો ત્યાગ.

**૧૩.** ચંપલ–(જૂતા), રબર ચામડા આદિ જાતિ ( ), બૂટ સેંડલ આદિ જાતિ ( ) જાવજીવ. એક સાથે રાખવા ની કુલ જોડી ( ) ઉપરાંત ત્યાગ.

**૧૪.** સચિત–ખાવાની જાતિ ( ), જાવજ્જીવ, રોજ જાતિ ( ) ઉપરાંત ત્યાગ.

**૧૫.** દ્રવ્ય–રોજ જાતિ ( ), જાવજ્જીવ પર્યંતની જાતિ ( ) ઉપરાંત ત્યાગ.

**દ્રવ્ય :–** (૧) લીલા શાક (૨) સૂકા સાક (૩) દાળ (૪) મુખવાસ (૫) મીઠાઈ (૬) પીવાલાયક પદાર્થ (૭) સૂકો મેવો (૮) વિગય (૯)ભોજન, રોટલી, ખીચડી આદિ, (૧૦) તળેલા પદાર્થ (૧૧) અન્ય પદાર્થ. વ્યાપાર જાતિ ( ) ઉપરાંતનો ત્યાગ. કર્માદાન સંખ્યા ( ) નો ત્યાગ.

**આગાર :–** ઉપરના નિયમોમાં ભૂલનો આગાર, દવાનો આગાર, બીજા કરી દે તો આગાર, નોકરી સંબંધી આગાર, ઘરને માટે આવેલી વસ્તુમાંથી કોઈ વેચવાનો પ્રસંગ આવી જાય તો આગાર. પુત્રાદિ આજ્ઞા વગર અથવા સલાહ વગર કંઈ કરી લે તો સ્વભાવ અનુસાર તેમાં સલાહ-સૂચન-ભાગનો આગાર. ઉપર કહેલી સર્વે ય મર્યાદાઓ ઉપરાંત એક કરણ ને ત્રણ યોગથી ત્યાગ.

**અતિચાર પાંચ :–** (૧) ત્યાગ કરેલો હોવા છતાં પણ સચિત ને અચિત સમજીને અથવા ભૂલથી ખાવું અથવા કોઈપણ સચિત વસ્તુ ખાવી, તે પણ અતિચાર છે





(૨) સચિત ગોટલી આદિથી લાગેલા ફળોને ખાય પછી ગોટલીને થૂંકવી અથવા તત્કાલ એટલે કે તરતજ ગોટલી આદિ કાઢીને ખાવું (૩) પાકું સમજી ને અપક્વ સચિત ખાવું (૪) અચિત સમજીને અધૂરા પાકેલા અથવા સેકેલા પદાર્થને ખાવા (૫) જેમાં ઝાઝું સચિત ખાવાનું હોય અને થોડોક જ અચિત ભાગ ખાવાનો હોય અથવા જેમાં ફેંકવાનું થૂંકવાનુ અધિક હોય અથવા જેમાં પાપક્રિયા વધારે લાગે અને લાભ ઓછો હોય એવી તુચ્છ વસ્તુઓ ખાવી પીવી. જેમ કે– કંદમૂળ; બીડી, સિગારેટ; તંબાકુ, ભાંગ; સીતાફળ, શેરડી આદિ.

## પંદર કર્માદાનનું સ્વરૂપ :–

**૧.** ઈંગાલ કમ્મે– અગ્નિનો આરંભવાળો ધંધો, ધોબીકામ, રંગાટકામ, ગાળવાનું કામ, સુખડિયા, ભાંડભુંજા, સોની, લુહાર આદિના ધંધા

**૨.** વણ કમ્મે– વનસ્પતિના આરંભનો વ્યાપાર અથવા કર્મ, ખેતી, લીલા શાકભાજી બાફીને સૂકવવા વેચવાનો ધંધો.

**૩.** સાડી કમ્મે– વાહન બનાવીને વેચવા.

**૪.** ભાડી કમ્મે– વાહન ચલાવીને ભાડાની કમાણી કરવી, વ્યાપાર રૂપે.

**૫.** ફોડી કમ્મે– ખેતીને માટે હળ ચલાવવું. ખાણ ખોદવી અને તેમાંથી નીકળેલ પદાર્થને વેચીને આજીવિકા ચલાવવી. કુવા, વાવડી, તળાવ, સડક આદિ બનાવવાનો ઠેકો લેવો.

**૬.** દંત વાણિજ્જે– ત્રસ જીવોના શરીરના અવયવનો વ્યાપાર હાથીદાંત, રેશમ, કસ્તૂરી, શંખ, કેશ, નખ, ચામડું, ઊન, સીધા ખરીદવા અથવા ઓર્ડર દેવો.

**૭.** લખ વાણિજ્જે– જે વસ્તુઓને તૈયાર કરવામાં ત્રસ જીવોની હિંસા થાય અથવા સોડવવી પડે એવા કેમિકલના વ્યાપાર અથવા લાખ ચપડી આદિ વેચવા,ગળી, સોડા, સાબુ, મીઠું, સાજીખાર, રંગ આદિનો વ્યાપાર.

**૮.** રસ વાણિજ્જે – દારૂનો ધંધો, તથા ઘી, તેલ, ગોળ, સાકર આદિ રસ પદાર્થનો ધંધો કરવો. દૂધ, દહીં વેચવા.

**૯.** કેશ વાણિજ્જે– વાળવાળા જાનવર કે દાસ–દાસી વેચવા–ખરીદવાનો વેપાર.

**૧૦.** વિષ વાણિજ્જે – જેનો ઉપયોગ જીવોને મારવાનો હોય એવા પદાર્થ અથવા શસ્ત્રનો વ્યાપાર જેમ કે– જેમ બંદૂક, તલવાર, ડી.ડી.ટી. પાઉડર આદિ.

**૧૧.** યંત્ર પીડન કર્મ– તેલ અથવા રસ કાઢવો તથા ચરખા મિલ, પ્રેસ, ઘંટી આદિ ચલાવવા, વીજળીથી ચાલે તેવા કારખાના ચાલવવા.

**૧૨.** નિલંછણ કમ્મે– નપુંસક બનાવવાનો ધંધો કરવો, અંગોપાંગનું છેદન કરવું, ડામ આપવા વગેરે.

**૧૩.** દવગ્ગિદાવણયા– જંગલ, ખેત, ગામ આદિમાં આગ લગાડવી.

**૧૪.** સરદહ તલાગ પરિસોસણયા– ખેતી આદિ કરવાને માટે ઝીલ, તળાવ આદિના પાણીને સૂકવવા.

**૧૫.** અસઈ જણ પોષણયા– શોખ, શિકાર અથવા આજીવિકા નિમિત્તે હિંસક જાનવર તથા દુશ્ચરિત્ર સ્ત્રીઓનું પોષણ કરવું

**(૮) આઠમું વ્રત : અનર્થદંડ વેરમણ :–** ચાર પ્રકારના અનર્થ દંડને પોતાની સમજ અનુસાર, વિવેક અનુસાર ટાળવાનું ધ્યાન રાખીશ; જ્ઞાન અને વિવેક વધે તેને માટે કોશિશ કરીશ.

**આ પ્રકારના ત્યાગ કરવા :– (૧)** હોળી રમવી **(૨)** ફટાકડા ફોડવા **(૩)** જુગાર રમવો **(૪)** સિનેમા **(૫)** પાન **(૬)** સાત વ્યસન **(૭)** ધુમ્રપાન **(૮)** તંબાકુ ખાવું સુંઘવું **(૯)** માપ વગર પાણીથી સ્નાન કરવું જેમ કે– કુવા, વાવડી, તળાવ, નદી, વરસાદમાં અથવા નળની નીચે. તેનો ત્યાગ કરવો અથવા મર્યાદા ( ) વાર વરસમાં. લોકાચારનો આગાર **(૧૦)** ગાળ્યા વગરનું પાણી પીવાનો ત્યાગ અથવા કામમાં લેવાનો ત્યાગ.

**ચાર પ્રકારના અનર્થદંડ :–**

**(૧) अवज्झाणा चरिए :–** ખોટું ખોટું ચિંતન કરવું. જેમ કે– બીજા માટે મરવાનો, નુકસાનનો, રોગ આવવાનો, આગ લાગી જવાનો કોઈપણ રીતે દુઃખી થવાનો ઈત્યાદિ વિચાર કરવો. અથવા આ કાર્ય પોતે જ કરવાનો વિચાર કરવો. બીજા પણ અનેક આર્તરૌદ્ર ધ્યાન કરે જેમ કે– બીજાના દોષ જુએ, નિંદા કરે, બીજાની લક્ષ્મી ઈચ્છે, સંયોગ વિયોગના સંકલ્પ વિકલ્પ કરે, બીજાના દુઃખમાં ખુશ થાય, ખોટું આળ આપે, ખોટી અફવા ઉડાડે. મિશ્ર ભાષા બોલીને કોઈના પ્રત્યે ભ્રમ ફેલાવે ઈત્યાદિ આ બધી પ્રથમ અનર્થ દંડની પ્રવૃત્તિઓ છે.

**(૨) पमायाचरिए :–** પ્રમાદ પૂર્વક પ્રવૃત્તિ કરવી. વિવેક ન રાખતા આળસ, બેપરવાહી આદિ તરલ પદાર્થ જેમ કે– પાણી, દૂધ, ઘી આદિના વાસણ ઉઘાડા રાખવા. મીઠા પદાર્થોને વિવેક વગર રાખવા તથા કઈ વસ્તુને ક્યાં, કેવી રીતે રાખવી, તેનો વિવેક ન રાખવો. વિવેક વગર બોલી જવું, વિવેક વગર ચાલવું, બેસવું વગર પ્રયોજને પૃથ્વી ખોદવી; પાણી ઢોળવું, અગ્નિ પેટાવવી, હવા નાખવી,





હાથ પગ વસ્તુ હલાવવી; પંખા લાઈટ ખુલ્લા મૂકીને ચાલ્યું જવું, નળ આદિ ખુલ્લા રાખીને જવું, વિવેક ન રાખવો. લીલી વનસ્પતિ, ઘાસ તોડવું; તેના ઉપર બેસવું; ચાલવું; માપ વગર પાણીનો ઉપયોગ કરવો અથવા પાણીમાં તરવું; અનેક મનોરંજનની પ્રવૃત્તિઓ પણ અનર્થદંડમાં ગણવામાં આવે છે. દીપક, ચૂલા, ગેસ ઉઘાડા રાખી દેવા. સંમૂર્ચ્છિમ ખાર, ફૂલણ આદિનું ધ્યાન રાખ્યા વગર ચાલવું. વૃક્ષ પર ઝૂલો બાંધવો આ બધી પ્રવૃત્તિઓ બીજા અનર્થદંડની છે.

**(૩) हिंसप्पयाणे :–** હિંસાકારી શસ્ત્ર કોઈને પણ આપવા અથવા અવિવેકીને આપવા તથા એવા સાધનોનો અધિક સંગ્રહ કરવો. શસ્ત્ર, તલવાર, બંદૂક, કોદાળી, પાવડા આદિ. હિંસક જાનવરોનું પોષણ કરવું, ડી.ડી.ટી. પાવડર આદિનો સંગ્રહ અથવા ઉપયોગ કરવો આદિ ત્રીજા અનર્થદંડ છે.

**(૪) पावकम्मोवएसे :–** પ્રયોજન વગર અથવા જવાબદારી વિના જ બીજાઓને પાપકાર્યોની પ્રેરણા કરવી. જેમ કે– સ્નાન, શાદી, મકાન બનાવવું, વ્યાપાર કરવો, મોટરગાડી ખરીદવી, કૂવો ખોદાવવો, ખેતી કરવી, જાનવરનો સંગ્રહ કરવો. વનસ્પતિ કાપવી, ઉકાળવી આદિ પ્રેરણા કરવી અથવા એવા સંકલ્પ–વિકલ્પ કરવા. કોઈપણ ચીજોને અથવા સ્થાનોને જોવા જવું તેમજ કોઈ પણ વસ્તુના વખાણ અથવા પ્રશંસા કરવી. ખોટા શાસ્ત્ર રચવા તેમજ ખોટી પ્રરૂપણા કરવી; ઈત્યાદિ આ બધા ચોથા અનર્થદંડ છે.

**આગાર :–** જે આદત જ્યાં સુધી પૂર્ણરૂપે ન સુધરે ત્યાં સુધી તેનો આગાર. આદતને સુધારવાનો પૂરો પ્રયત્ન કરીશ. લક્ષ રાખીને વિવેકજ્ઞાન વધારીશ.

**અતિચાર :– (૧)** કામ વિકાર ઉત્પન્ન થાય તેવી કથા કરવી. **(૨)** ભાંડોની જેમ બીજાઓને હસાવવા માટે કાયાની કુચેષ્ટા કરવી. અંગોપાંગોને વિકૃત કરવા. **(૩)** નિર્લજ્જતાપૂર્વક નિરર્થક બોલવું, અસત્ય અને અટપટુ અથવા હાસ્યકારી બોલવું **(૪)** ઉખલ-મૂસલ આદિ ઉપકરણોને એક સાથે રાખવા જેનાથી સહજ રીતે વિરાધના થાય તથા શસ્ત્રોનો અધિક સંગ્રહ કરવો. **(૫)** ઉપભોગ-પરિભોગની વસ્તુઓનો વધારે સંગ્રહ કરવો. આ પાંચ અતિચાર છે.

## (૯) સામાયિક વ્રત :–

રોજ( ), દર મહિને( ) દર વરસે( ) સામાયિક કરીશ; વિશેષ પરિસ્થિતિનો આગાર. ૩ર દોષોને ટાળવાનું ધ્યાન રાખીશ. આ દોષોને કંઠસ્થ કરી લેવા અથવા વરસમાં ૧ર વખત વાંચવા. ભૂલ થઈ જાય તો આગાર.

**અતિચાર :–** (૧–૩) પાપમય મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરવી. (૪) સામાયિક છે તે યાદ ન રાખવું, ભૂલ કરતી સમયે અચાનક યાદ આવવું (૫) સામાયિક અવ્યવસ્થિત ઢંગથી, અવિવેકથી કરવી; જેમ-તેમ અનાદર કે અસ્થિરતાથી કરવી અથવા સમય પૂરો થયા પહેલાં સામાયિક પાળી લેવી. ત્રણ અતિચાર ઉપયોગની શૂન્યતાથી અને બે અતિચાર પ્રમાદથી લાગે છે.

**(૧૦) દેશાવગાસિક વ્રત :–**

**ચૌદ નિયમ(ત્રેવીસ નિયમ)** રોજ ધારણ કરીશ અને ત્રણ મનોરથનું ચિંતન કરીશ. ભૂલ, શારીરિક પરિસ્થિતિનો આગાર. અભ્યાસ જ્યાં સુધી જ જામે ત્યાં સુધી આગાર. વિશેષ પરિસ્થિતિમાં કોઈ પણ સંક્ષિપ્ત રીતથી કરવાનો આગાર.

**અતિચાર :–** મર્યાદાઓનું અજાણપણે અથવા અવિવેકથી ઉલ્લંઘન થવા પર અતિચાર લાગે છે.

**(૧૧) પૌષધ વ્રત :–**

દયા અથવા પૌષધ મળીને કુલ ( ) દર વર્ષે. પરિપૂર્ણ પૌષધ( ) અપૂર્ણ પૌષધ ( ), દયા ( ), ચાર ખંધ ( ), ચૌવિહાર ( ), તિવિહાર ( ), ઉપવાસ( ), આયંબિલ ( ), નીવી ( ), એકાસણું ( ), પોરસી ( ), નવકારસી ( ), પ્રતિક્રમણ ( ), મહિનામાં અથવા વરસમાં; ભૂલ થવા પર અથવા અવસ્થાના કારણે આગાર. નિવૃત્તિ વ્યાપારથી ( ) વર્ષ પછી.

**અતિચાર :– (૧)** સુવાના મકાન, પથારીનું પડિલેહણ ન કરવું અથવા સારી રીતે ન કરવું **(૨)**પૂંજવાના સમયે પ્રમાર્જન ન કરવું અથવા સારી રીતે ન કરવું. **(૩–૪)** એવી રીતે ઉચ્ચાર પાસવણ ભૂમિના બે અતિચાર સમજી લેવા. **(૫)** પૌષધના ૧૮ દોષ ન ટાળવા અથવા ચાલવું બેસવું સુવું, બોલવું, પૂંજવું, થૂંકવું, ખાવું, પીવું, પરઠવું આદિ અવિવેકથી કરવું. આ બધા અતિચાર છે.

**(૧૨) અતિથિ સંવિભાગ વ્રત :–**

સાધુ-સાધ્વીનો યોગ મળવા પર નિર્દોષ વસ્તુઓને ભક્તિભાવથી, નિષ્કામ બુદ્ધિથી, કેવળ આત્મ કલ્યાણને માટે વહોરાવીશ અને ભોજન કરવાના ટાઈમે ત્રણ વખત નવકાર ગણીને દિવસમાં ઓછામાં ઓછું એક વખત દાન દેવાની ભાવના ભાવીશ.

**શિક્ષાઓ :–** નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરનાર શ્રમણોને જૂઠ-કપટ કરી સદોષ આહાર





પાણી, મકાન, વસ્ત્રપાત્ર, પાટ, પૂઠાં ઘાસ, દવા આદિ ન વહોરાવવા. ઘરમાં સચિત અને અચિત ચીજોને એક સાથે એક જ કબાટમાં અથવા એક કાગળ પર ન રાખવા તેનું હંમેશા ધ્યાન રાખવું અને ઘરની વ્યક્તિઓને પણ સમજાવવું. ઘરમાં અચિત પાણી થતું હોય તો તેને તરત જ ન ફેંકી દેવું અને બીજાઓએ પણ ધ્યાનમાં રાખવું. જો અચિત પાણી ન બનતું હોય તો તેને બનાવી રાખવાનો રિવાજ ન કરવો અને તેને માટે સાચું જ્ઞાન મેળવીને બીજાને પણ સાચું માર્ગદર્શન આપતા રહેવું. ૪૨ દોષ આદિનું જ્ઞાન કરવું. સંત-સતીજીઓ સામે ખોટું ન બોલવું. ઘરમાં કે ભોજન ઘરમાં સચિત પદાર્થોને વેરાયેલા ન રાખવા તેમજ વચમાં પણ ન રાખવા.

**અતિચાર :– (૧)** અવિવેકથી ઘરમાં સચિત-અચિત વસ્તુ સંઘટાથી રાખી હોય **(૨)** અવિવેક ભૂલથી અચિત પદાર્થ ધોવણ આદિ ઉપર સચિત અથવા કાચું પાણી રાખ્યું હોય. **(૩)** ભિક્ષાનો સમય વીતી ગયા પછી ભાવના ભાવી હોય અથવા ભિક્ષાના સમયે ઘરના દરવાજા બંધ રાખ્યા હોય તેમજ રસ્તામાં પાણી, બીજ આદિ રાખ્યા હોય. **(૪)** વિવેક અને ઉમંગની ઉણપથી પ્રસંગ આવવા પર પોતે ન વહોરાવે અને બીજાને આદેશ કરતા રહે; હું પોતે વહોરાવું એવું યાદ જ ન આવે. **(૫)** સરળ, શુદ્ધ ભાવ અને શુદ્ધ કાયા-વચનના વિવેકથી ન વહોરાવે; અનેક પ્રકારના અશુદ્ધ ભાવ, કલુષતા, ઈર્ષ્યા, બરાબરી, દેખાવ, આગ્રહ, જિદ, અવિનય, અવિવેક ભરી ઠપકારૂપ વાણી, મહેણાં મારવા આદિ કાયા અને વચનના અવિનય અભક્તિ અવિવેકથી વહોરાવ્યું હોય. આ અતિચાર છે.

**વિશેષ નોંધ :–** બધા વ્રતોમાં પ્રતિક્રમણ અનુસાર કરણ અને યોગ સમજી લેવા. બધા વ્રત બુદ્ધિ પ્રમાણે, ધારણા અનુસાર ધારણ કરું છું. બધામાં ભૂલનો આગાર. આમાં જે કંઈ નવી શંકા થશે, જે વિષયમાં અત્યારે વિચાર્યું-સમજ્યું ન હોય, તેને તે સમયે સમજ શક્તિ અનુસાર કરીશ. આ લખેલા નિયમોમાં ફેરફાર કરવાનો આગાર ( ) વરસ સુધી. ત્યાં સુધી દર મહિનામાં એક વખત અવશ્ય વાંચીશ. ત્યાર પછી દર વરસે આ લખેલા નિયમોને એક વખત અવશ્ય વાંચીશ. ભૂલનો આગાર. પ્રતિક્રમણ અર્થ સહિત વરસમાં એક વખત અવશ્ય વાંચીશ. જલ્દીથી જલ્દી જાતિ અને નામ ખોલવાં, યથા– લીલોતરી, સચિત્ત, કંદમૂળના, સાબુના વિલેપનના, દાંતણના, વસ્ત્રના, ફૂલના, અગરબત્તીના, વ્યાપારના, દ્રવ્યોના.

**અધ્યયન :– (૧)** આ પુસ્તક મહિનામાં ( ) વાર વાંચીશ. **(૨)** ઉપાસક દશા સૂત્રનો સારાંશ વરસમાં ( ) વાર વાંચીશ. **(૩)** બત્રીશ આગમોનો આઠ ભાગોમાં સારાંશ ( ) વરસમાં વાંચીશ **(૪)** મોક્ષમાર્ગ, સમ્યક્ત્વ વિમર્શ, ઉત્તરાધ્યયન

સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સમર્થ સમાધાન ભાગ ૧–૨–૩, આત્મશુદ્ધિનું મૂળ તત્ત્વત્રયી, જૈન તત્ત્વ પ્રકાશ, બોલ સંગ્રહ ભાગ ૧ થી ૭ બીકાનેરના. આ બધા પુસ્તકને એકવાર અવશ્ય વાંચીશ ( ) વરસમાં. **(૫)** ગુરુપ્રાણ આગમ બત્રીસીના ચાર છેદ સૂત્રો ( ) વરસમાં વાંચીશ. **કંઠસ્થ જ્ઞાન** –સામાયિક સૂત્ર ૩૨ દોષયુક્ત; પ્રતિક્રમણ અર્થ સહિત અને પચ્ચીસ બોલ.

### –: અંતિમ શિક્ષા :–

**(૧)** બધા જૈન શ્રમણોનો આદર, સત્કાર, સન્માન, વિનય, ભક્તિ, શિષ્ટાચાર આદિ અવશ્ય કરવો. સમય કાઢીને જ્ઞાન પ્રાપ્ત કરવું. શક્તિ પ્રમાણે સેવા અને સહયોગ આપવો. સુપાત્રદાન દઈને શાતા પહોંચાડવી.

**(૨)** અન્ય મતાવલંબી જૈનેતર સંન્યાસી આદિનો અતિ પરિચય ન કરવો. પરંતુ પોતે સંયોગવશાત્ મળી જાય તો અશિષ્ટતા, અસભ્યતા ન કરવી.

**(૩)** કુળ પરંપરાથી દેવ-દેવીની પૂજા આદિ કરવા પડે તો તેને ધર્મ ન સમજવો, સાંસારિક કાર્ય સમજવું.

**(૪)** હિંસામાં અને આડંબરમાં, ધર્મ ન સમજવો અને જે કોઈ હિંસા અને આડંબરને ધર્મ માને તો તેને ખોટા સમજવા. પાપના આચરણને કયારેય પણ ધર્મ ન માનવો.

**(૫)** કોઈપણ વ્યક્તિ સમુદાય વિશેષની નિંદા, અવહેલના, ઘૃણા ન કરવી; મધ્યસ્થ ભાવ, સમભાવ, અનુકંપા ભાવ રાખવા.

**(૬)** જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળા શ્રમણોનો હંમેશા અવસર પ્રમાણે વિનય-વિવેક યુક્ત શબ્દોમાં સૂચના કરતા રહેવું પરંતુ નિંદા ન કરવી.

**(૭)** સંસારના કોઈપણ પ્રાણી પ્રત્યે આપણા મનમાં રાગ અથવા દ્વેષ અર્થાત્ નારાજી, રંજ, એલર્જી ભાવ ન રાખવો. ભલે ને તે પાપી હોય, દુષ્ટ હોય, વિરોધી હોય, પ્રતિપક્ષી હોય, ધર્મી હોય, અશુદ્ધ ધર્મી હોય, અહિત કરનાર હોય, પાગલ કે મૂર્ખ હોય, શિથિલાચારી હોય, અન્ય સંપ્રદાય કે અન્ય અથવા ધર્મનો અનુયાયી હોય. બધાના પ્રત્યે ચિત્ત સ્વસ્થ અને પ્રસન્ન રહેવું જોઈએ. 'બધાના પુણ્ય અને ઉદય કર્મ જુદા-જુદા હોય છે,' એવું ચિંતન કરીને સમભાવ રાખવો આ સમકિતનું પ્રથમ લક્ષણ છે– 'સમ'.

**(૮)** પરમત પરપાખંડ, અન્ય દર્શન, મિથ્યા દૃષ્ટિ આદિની સંગતિ, પરિચય, પ્રશંસા, સન્માન આદિનો સમ્યક્ત્વ શુદ્ધિની અપેક્ષાએ આગમોમાં નિષેધ છે.





પરંતુ સ્વદર્શની જિનમતાનુયાયી તીર્થંકરોના અનુરાગી આદિ જે જૈન શ્રમણ નિર્ગ્રંથ છે તેની નફરત કરવી, અનાદર કરવો, અયોગ્ય આચરણ છે, રાગ-દ્વેષ વર્દ્ધક આચરણ છે, સંકુચિત વૃત્તિનું પરિચાયક છે તે આગમ સમ્મત પણ નથી. પરંતુ જૈનશાસનની અવહેલના કરાવવાનું એક હલકું કર્તવ્ય છે. તેથી સમસ્ત જૈન શ્રમણોનું સન્માન રાખવું જોઈએ તથા અનાદર તિરસ્કાર તો કોઈનો પણ ન કરવો જોઈએ.

## નિબંધ – ૯૬

## વ્રત ધારણ કરવાની સરળ સંક્ષિપ્ત વિધિ

[*સૂચના :– કોઈપણ વિશેષ સ્પષ્ટીકરણ જાણવું હોય તો પૂર્વ નિબંધમાં વિસ્તારથી કથન છે, ત્યાં જોઈ લેવું.*]

**સમ્યક્ત્વ :–** દેવ, ગુરુ, ધર્મની શુદ્ધ સમજણ રાખીશ અને સુદેવ સુગુરુને ભક્તિપૂર્વક વંદન કરીશ. કુદેવ કુગુરુને વિનય વંદનની પ્રવૃત્તિ સમાજના વ્યવહારથી, વિવેક ખાતર તથા પરિસ્થિતિથી કરવી પડે તો તેનો આગાર.

**(૧) પહેલું વ્રત :–** જાણીને મારવાની ભાવનાથી નિરપરાધી ત્રસ જીવને મારવાના પચ્ચક્ખાણ પોતાની સમજણ અને ધારણાનુસાર, આગાર સહિત, બે કરણ ત્રણ યોગથી, જીવનપર્યંત. અતિચારોને ટાળવાનું ધ્યાન રાખીશ.

**(૨) બીજું વ્રત :–** પાંચ પ્રકારનું મોટકું જૂઠ બોલવાના પચ્ચક્ખાણ, પોતાની સમજણ તેમજ ધારણાનુસાર, આગાર સહિત, બે કરણ–ત્રણ યોગથી જીવન પર્યંત. અતિચાર ટાળવાનું ધ્યાન રાખીશ.

**(૩) ત્રીજું વ્રત :–** પાંચ પ્રકારની મોટી ચોરીને સમજ ધારણાનુસાર આગાર સહિત પચ્ચક્ખાણ. બે કરણને ત્રણ યોગથી જીંદગી સુધી ધારણાનુસાર. અતિચાર ટાળવાનું ધ્યાન રાખીશ.

**(૪) ચોથું વ્રત :– (૧)** સંપૂર્ણ કુશીલ સેવનનો ત્યાગ અથવા **(૨)** મર્યાદા ( ) **(૩)** પરસ્ત્રીનો ત્યાગ **(૪)** દિવસમાં કુશીલ સેવનનો ત્યાગ ( ) ધારણાનુસાર અતિચાર ટાળવાનું ધ્યાન રાખીશ.

**(૫) પાંચમું વ્રત :–** ખેતી ( ), કુલ મકાન, દુકાન( ), બાકી પરિગ્રહ રૂપિયામાં ( ) અથવા સોનામાં ( ); આ મર્યાદા ઉપરાંત સમજ ધારણા અનુસાર ત્યાગ, એક કરણને–ત્રણયોગથી. અતિચાર ટાળવાનું ધ્યાન રાખીશ.

**(૬) છઠ્ઠું વ્રત :–** ભારત ઉપરાંત ત્યાગ અથવા દેશ ( ) ઉપરાંત ત્યાગ. ઊંચા

(કિલોમીટર) ( ), નીચા (કિલોમીટર) ( ), ઉપરાંત ત્યાગ. એક કરણ ત્રણ યોગથી સમજ અનુસાર. અતિચાર ટાળવાનું ધ્યાનમાં રાખીશ.

**(૭) સાતમું વ્રત :–** (૧) મંજન ( ) (૨) નાહવાનો સાબુ ( ) (૩) તેલ ( ) બીજા વિલેપન ( ) (૪) સ્નાન મહિનામાં ( )દિવસ ત્યાગ. (૫) વસ્ત્ર જાતિ ( ), રેશમનો ત્યાગ (૬) ફૂલ ( ), અત્તર ( ), ફુલ માળા. ( ) (૭) આભૂષણ ( ) (૮) ધૂપ જાતિ ( ), અગરબત્તીની જાતિ ( ) (૯) લીલાશાકભાજી ( ), જમીનકંદ ( ) (૧૦) મેવો ( ) (૧૧) વાહન હવાઈ જહાજ ( ), સમુદ્રી જહાજ ( ) જાનવરની સવારી ( ) (૧૨) જૂતા જાતિ ( ), જોડી ( ) (૧૩) સયણ ( ) રોજ. (૧૪) સચિત રોજ ( ) (૧૫) દ્રવ્ય ( ) રોજ. વ્યાપાર કુલ ( ), કર્માદાન ( ); આ મર્યાદા ઉપરાંત ત્યાગ, સમજ ધારણાનુસાર, આગાર સહિત, એક કરણ ત્રણ યોગથી. અતિચારોને ટાળવાનું ધ્યાન રાખીશ. ભૂલ, દવાનો આગાર; બીજા કરી દે તો આગાર.

**(૮) આઠમું વ્રત :–** ચાર પ્રકારના અનર્થ દંડને પોતાની સમજ અથવા વિવેક અનુસાર ટાળવાનું ધ્યાન રાખીશ. બે કરણ ત્રણ યોગથી જીવન પર્યંત. જ્ઞાન અને વિવેક વધે તેને માટે કોશિશ કરીશ. **ત્યાગ કરવો–** હોળી રમવી ( ), ફટાકડા ફોડવા ( ), જુગાર રમવો ( ), સાત વ્યસન ( ), ધૂમ્રપાન ( ), તમાકુ ખાવું, સુંઘવી ( ), માપ વગર પાણીથી સ્નાન ( ), ગાળ્યા વગર પાણી પીવું ( ), રાત્રે સ્નાન આદિ કાર્ય ( ), કોઈ પણ આરંભ-સમારંભની વસ્તુની અતિ પ્રશંસા ન કરવી, તેને માટે ધ્યાન રાખીશ.

**(૯) નવમું વ્રત :–** મહિનામાં સામાયિક ( ) કરીશ. આગાર સહિત ૩૨ દોષોનું જ્ઞાન કરીને છોડવા યોગ્યને છોડવાનું ધ્યાન રાખીશ.

**(૧૦) દશમું વ્રત :–** રોજ ૧૪ નિયમ(૨૩ નિયમ) ધારણ કરીશ, ચિતારીશ(પુનઃ નિરીક્ષણ કરીશ) અને ત્રણ મનોરથનું ચિંતન કરીશ. અભ્યાસની કમી, ભૂલ અને અસ્વસ્થતાનો આગાર.

**(૧૧) અગિયારમું વ્રત :–** કુલ દયા પૌષધ વર્ષમાં ( ) કરીશ, સમજ અને ધારણાનુસાર, આગાર સહિત.

**(૧૨) બારમું વ્રત :–** એક વખત ભોજન કરતી વેળાએ ત્રણ નવકાર ગણીને સુપાત્રદાનની ભાવના ભાવીશ. સંત સતીજીઓની સામે ખોટું બોલવાના પચ્ચક્ખાણ.





**બીજા પચ્ચક્ખાણો :–** નિવૃત્તિ વ્યાપારથી ( ), ચાર સ્કંધ(મોટા ત્યાગ) ( ), રાત્રિ ભોજન ( ), નવકારશી ( ), પ્રતિક્રમણ ( ) મહિનામાં. બીજા જે કંઈ પણ પચ્ચક્ખાણ લીધા હોય અથવા નવા પચ્ચક્ખાણ કરવા હોય તો તેની અહીં યાદી કરી લેવી.

**નોંધ :–** બધા વ્રત સમજ અનુસાર ધારણાનુસાર ધારણ કરું છું. ભૂલ તેમજ શારીરિક પરિસ્થિતિ તથા પરવશનો આગાર. આ લખેલા નિયમોને દરમાસે બે વખત વાંચીશ. આમાં કયારેય પણ જે નવી શંકા ઉત્પન્ન થશે જે વિષયમાં અત્યારે કંઈપણ વિચાર્યું કે સમજ્યું ન હોય તેને તે સમયની સમજ શક્તિ અનુસાર કરીશ. સમજ ધારણા, આગાર, અતિચાર આદિના વિસ્તારને વાંચીને સમજી લેવું.

**આવશ્યક વાંચન કરવું :– (૧)** ઉત્તરાધ્યયન સૂત્ર હિંદી, દશવૈકાલિક, જૈન તત્ત્વ પ્રકાશ, નવ તત્ત્વ સાર્થ.( ) વર્ષમાં વાંચીશ.

**(૨)** ઉપાસક દશાંગ સૂત્રનો સારાંશ વરસમાં ( ) વાર વાંચીશ.

**(૩)** બાર વ્રતોનું વિસ્તારથી વર્ણન આ પુસ્તકથી મહિનામાં ( ) વખત વાંચીશ.

**(૪)** બત્રીસ આગમોના સારાંશના આઠ પુસ્તકો ( ) વરસ માં વાંચીશ.

**(૫)** ચાર છેદ સૂત્ર વિવેચન યુક્ત પ્રકાશિત વર્ષ ( ) માં વાંચીશ.

**ઈચ્છા અનુસાર શાસ્ત્ર વાંચન–** લેખક, સંપાદક– ઘાસીલાલજી મ.સા., મધુકર મુનિજી મ.સા., અમોલક ઋષિજી મ.સા., આત્મારામજી મ.સા., શૈલાના, બીકાનેર, જોધપુરથી પ્રકાશિત આગમ તેમજ રાજકોટથી પ્રકાશિત ગુરુપ્રાણ આગમ બત્રીસીનું અધ્યયન તથા આગમ નવનીત પ્રકાશન સમિતિ સિરોહી (રાજકોટ) આદિથી પ્રકાશિત આગમ સાહિત્યનું અધ્યયન મનન કરવું.

**ઈચ્છા અનુસાર બીજું વાંચન :–** સદ્ધર્મ મંડન, સમકિત સાર, સૃષ્ટિવાદ અને ઈશ્વર, ગણધરવાદ, જિનાગમ વિરુદ્ધ મૂર્તિપૂજા, લોકાશાહ મત સમર્થન, સ્થાનકવાસી જૈન ધર્મની સત્યતા જૈનસિદ્ધાંત બોલ સંગ્રહ ભાગ એકથી સાત, મુખવસ્ત્રિકા નિર્ણય, સમ્યક્ત્વ શલ્યોદ્ધાર ઈત્યાદિ નિબંધ ચર્ચાનું સાહિત્ય વાંચવું.

# લીલાશાક,ફળ,ફૂલ,કંદમૂળ આદિના નામ

**[જે વસ્તુની છૂટ રાખવી હોય તેના પર નિશાની (✓) કરી દેવી.]**

## લીલાશાકનાં નામ

| | | | |
|---|---|---|---|
| ૦૧ | કાકડી | ૩૦ | લીલી જુવારી |
| ૦૨ | કારેલા | ૩૧ | લીલો બાજરો |
| ૦૩ | ભિંડા | ૩૨ | સાંગરી |
| ૦૪ | તુરીયા | ૩૩ | બોર |
| ૦૫ | ચોળી | ૩૪ | ટમેટા |
| ૦૬ | ગુવાર | ૩૫ | પપૈયા |
| ૦૭ | મગની સીંગ | ૩૬ | કોબીજ |
| ૦૮ | સેમની સીંગ | ૩૭ | મેણી |
| ૦૯ | લીલા વટાણા | ૩૮ | મેથી |
| ૧૦ | લીલા તુવેર | ૩૯ | પાલક |
| ૧૧ | મગની સીંગ | ૪૦ | તાંજળીયો |
| ૧૨ | લીલાચણા | ૪૧ | કોથમીર |
| ૧૩ | દુધી | ૪૨ | સુવાની ભાજી |
| ૧૪ | ચીભડુ | ૪૩ | સરગવાના પતા |
| ૧૫ | કાચરા | ૪૪ | મૂળાના પાન |
| ૧૬ | કાચરી | ૪૫ | ફુદીનો |
| ૧૭ | તરબુચ | ૪૬ | પરવરના પાન |
| ૧૮ | ગલકા | ૪૭ | મીઠો લીમડો |
| ૧૯ | મોગરી | ૪૮ | અજમાના પાન |
| ૨૦ | વાલોરની સીંગ | ૪૯ | તુલસીના પાન |
| ૨૧ | ટીન્સી | ૫૦ | નાગરવેલના પાન |
| ૨૨ | ટીંડોરા | ૫૧ | ચીલની ભાજી |
| ૨૩ | તર કાકડી | ૫૨ | અફીણના ડોડા |
| ૨૪ | ખીરા કાકડી | ૫૩ | કંઠોડા |
| ૨૫ | પરવર | ૫૪ | કુંન્દરુ |
| ૨૬ | મકાઈ | ૫૫ | ફૂલાવર |
| ૨૭ | લીલા મરચા | ૫૬ | કંટોલા |
| ૨૮ | આંબળા | ૫૭ | વટાણાની સીંગ |
| ૨૯ | ગુંદા | ૫૮ | સરગવાની સીંગ |





## ફૂલોનાં નામ

| | | | |
|---|---|---|---|
| ૦૧ | ગુલાબ | ૦૬ | ગલગોટા |
| ૦૨ | મોગરો | ૦૭ | ડમરા |
| ૦૩ | ચમેલી | ૦૮ | જુહી |
| ૦૪ | ચમ્પો | ૦૯ | કરેણ |
| ૦૫ | કેવડો | | |

## ફળોના નામ

| | | | |
|---|---|---|---|
| ૦૧ | કેરી | ૨૧ | મતીરુ |
| ૦૨ | સાકરટેટી | ૨૨ | શીંગોડા |
| ૦૩ | મોસંબી | ૨૩ | લીંબુ |
| ૦૪ | કેળા | ૨૪ | લીલી બદામ |
| ૦૫ | આમરૂદ | ૨૫ | બીલી ફળ |
| ૦૬ | નારંગી | ૨૬ | રામ ફળ |
| ૦૭ | સફરજન | ૨૭ | લીચી |
| ૦૮ | દાડમ | ૨૮ | શેતુર |
| ૦૯ | દ્રાક્ષ | ૨૯ | રાયણ |
| ૧૦ | સીતાફળ | ૩૦ | લીલી સોપારી |
| ૧૧ | બીજોરા | ૩૧ | લીલી આંબલી |
| ૧૨ | નાસપતી | ૩૨ | લીલી વરીયાળી |
| ૧૩ | લીલુ નાળીયેર | ૩૩ | કબીટ |
| ૧૪ | અનાનસ | ૩૪ | ટીંબરું |
| ૧૫ | પીલુ | ૩૫ | પીલુ |
| ૧૬ | શેરડી | ૩૬ | જાંબુ (કાળા) |
| ૧૭ | પપૈયુ | ૩૭ | જાંબુ (સફેદ) |
| ૧૮ | બોરા | ૩૮ | સફરજન |
| ૧૯ | ફાલસા | ૩૯ | ગુંદી |
| ૨૦ | કમળ કાકળી | ૪૦ | ખલેલા |

## દાંતણ

| | | | |
|---|---|---|---|
| ૦૧ | બાવળનું | ૦૪ | કપાસનાં ઝાડનું |
| ૦૨ | લીંબડાનું | ૦૫ | વડનું |
| ૦૩ | બોરડીનું | ૦૬ | જાંબુનું |

**કંદમૂળ**

| | | | |
|---|---|---|---|
| ૦૧ | બટાટા | ૦૭ | ગાજર |
| ૦૨ | રતાળુ | ૦૮ | ડુંગળી |
| ૦૩ | અરબી | ૦૯ | લસણ |
| ૦૪ | સૂરણ | ૧૦ | આદુ |
| ૦૫ | અનંતકાય | ૧૧ | હળદર |
| ૦૬ | મૂળાનાં કાંદા | | |

**નોંટ :– મર્યાદા કરી હોય તે પદાર્થનું નામ જાતિ, નોંધવા, સાબુ, સચિત, વસ્ત્ર, ફૂલ, અત્તર, અગરબત્તી, ધૂપ, વ્યાપાર, મેવા, વાહન આદિ અન્ય પણ વ્રત પ્રતાખ્યાન સબંધી કોઈ પણ સંકલન અલગથી કરી લેવું.**

## નિબંધ – ૯૭

## વિવિધ પ્રશ્નોત્તરોનો સાર સંકલન

### પંચ પરમેષ્ઠિ અને વંદના પરિજ્ઞાન :–

નમસ્કાર મંત્રમાં આવેલા પંચ પરમેષ્ટિપદોને ગુણોની અપેક્ષાએ મૂળ બે પદમાં સમાવેશ કરી શકાય. જેમકે– ૧. સિદ્ધ ૨. સાધુ. શાસ્ત્રોમાં આ બે પદોનાં ગુણોનું સ્પષ્ટ સંખ્યા સાથે કથન થયું છે. અન્ય ત્રણ પદોના ગુણોનું વર્ણન શાસ્ત્રમાં જુદી-જુદી રીતે આવ્યું છે. પરંતુ કોઈ પણ પ્રચલિત સંખ્યાનું કથન આગમમાં નથી.

શાસ્ત્રોમાં સિદ્ધોનાં ૩૧ ગુણ અને સાધુઓનાં ૨૭ ગુણોની સંખ્યા કહી છે. અરિહંત,આચાર્ય,ઉપાધ્યાય શ્રમણ તો છે જ. એમનામાં પણ સાધુનાં ૨૭ ગુણ તો હોવાના જ.

**સિદ્ધોનાં ગુણ–૮ કે ૩૧ :** સમવાયાંગ અને આવશ્યક સૂત્રમાં સિદ્ધોનાં ગુણની સંખ્યા ૩૧ કહી છે. એને જ સંક્ષિપ્ત કરવાથી ૮ થઈ શકે છે. અરિહંતનાં ૧૨, આચાર્યનાં ૩૬, ઉપાધ્યાયનાં ૨૫ ગુણની સંખ્યા પરંપરાથી ચાલે છે. આગમમાં આ સંખ્યા નથી.

**વંદના ત્રણ વાર :** તિક્ખત્તોના પાઠથી વંદન કરવાનું વર્ણન અનેક શાસ્ત્રમાં છે. ત્યાં ત્રણ વાર આવર્તન કરવાનો પાઠ છે. ત્રણ વાર ઉઠ-બેસ કરવાનો નહીં.

જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ ગુણોની અપેક્ષાથી ત્રણવાર વંદન કરવા, એવી કથન પરંપરા ચાલી રહી છે. સિદ્ધોમાં જ્ઞાન-દર્શન બે જ છે અને ગુણ ૩૧ છે. તો





પણ ત્રણવાર જ વંદન કરાય છે. માટે વિનયભાવના પૂર્ણ પ્રગટીકરણ માટે ત્રણ વંદન કરાય છે. લૌકિક વ્યવહારમાં પણ કોઈ ઉછામણી(હરાજી)ને નિશ્ચિત કરવા માટે ત્રણ વાર કહેવાય છે.

રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવનું વર્ણન છે. તેણે વિમાનમાંથી તીર્થંકર પ્રભુને ત્રણ વાર ભૂમિ પર મસ્તક લગાડીને વંદન કર્યા હતાં પરંતુ ત્રણવાર ઉઠ-બેસ કરવાની પરંપરા આગમપાઠ થી નીકળતી નથી. તો પણ ત્રણની સંખ્યાનું મહત્વ આગમ અને લૌકિક બંનેમાં હોવાથી વિનયના પૂર્ણ પ્રગટીકરણ માટે ત્રણવાર ઉઠ-બેસ કરીને વંદન કરવાની પરંપરાને અનુચિત કે વ્યર્થ ન કહી શકાય. પરંતુ એનાથી આગળ વધીને જે ત્રણની સંખ્યાનું ઉલ્લંઘન કરીને ૧૦૮ કે ૧૦૦૮ આદિ સંખ્યામાં વંદન કરવાની કાયિક પ્રવૃતિ વૃદ્ધિ કરે છે તે વિચારણીય છે.

**સીમંધર સ્વામીની આજ્ઞા :** પોત-પોતાની પરંપરા અનુસાર કોઈની પણ આજ્ઞા લેવાય તો એમાં વિરોધ કરવાની કે ખંડન કરવા જેવી કોઈ વાત નથી. પરંતુ ચિંતનની દષ્ટિએ પોતાના શાસનપતિની આજ્ઞા લેવી ઉપયુક્ત છે.

એક મહાવિદેહ ક્ષેત્રમાં ચાર તીર્થંકર છે. એમાંથી કોનું નામ લેવાય ? અને કોણ ભરતક્ષેત્રથી સબંધિત છે ? આ પ્રશ્ન થશે. જ્યારે શાસ્ત્રમાં વર્ણિત પરોક્ષ વંદનમાં બીજા નમોત્થુણંમાં પોતાના શાસનપતિ તીર્થંકર હાજર હોય તો એમને કરાય છે અને તે જો નિર્વાણ પામ્યા છે તો બીજું નમોત્થુણં પોતાના ધર્માચાર્યને દેવાય છે. પરંતુ મહાવિદેહના વિહરમાન તીર્થંકર ને ક્યાંય પણ નમોત્થુણં દેવાતા નથી. એનાથી એ સ્પષ્ટ થાય છે કે–શાસનપતિની આજ્ઞા લેવી વિશેષ ઉપયુક્ત છે.

**વ્યવહારથી વંદનીય–અવંદનીય :** સાધુને માટે સ્વગચ્છના પર્યાય જ્યેષ્ઠ સર્વ સાધુ વંદનીય હોય છે. તથા ગચ્છ ગુરુની આજ્ઞાથી શુદ્ધ વ્યવહારવાળા અર્થાત્ જિશાસનની પ્રભાવના કરનાર યશ ફેલાવનાર, અનિંદિત આચારવાળા, અન્ય પણ પર્યાય જ્યેષ્ઠ વંદનીય હોય છે.

જે સાધુ સ્વચ્છંદાચારી અને સ્વચ્છંદ પ્રરૂપણા કરનાર અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધાથી ચ્યુત,નિંદિત અને અયોગ્ય આચરણવાળા હોય છે તો તે અવંદનીય હોય છે.

શ્રાવકને માટે ગૃહસ્થ જીવન હોવાથી એને કોઈ ગચ્છ હોતો નથી. કુલ, ગણ, સંઘ આ બધા સાધુની અપેક્ષાએ શાસ્ત્રમાં કહ્યું છે. તેથી શ્રાવકને માટે બધા ગચ્છના હીનાધિક આચારવાળા સાધુ-સાધ્વી વંદનીય છે.

નિર્ગ્રંથ પ્રવચનથી વિપરીત પ્રરૂપણા કરવાવાળા દર્શન(શ્રદ્ધા)થી પતિત હોય એવા સાધુ-સાધ્વીની સંગતિથી દૂર રહેવું સમકિતની સુરક્ષા માટે ઉપયુક્ત છે.નિંદા, તિરસ્કાર, અપમાન આદિ દુર્વ્યવહાર કોઈની પણ સાથે ન કરવો જોઈએ.

**વંદનની વિધિ અને પાઠ :** આગમમાં આવેલા વર્ણન અનુસાર પ્રત્યક્ષ વંદન તો તિક્ખુત્તોના પાઠથી કરાય છે. એમાં ત્રણ આવર્તન દઈને મસ્તક ભૂમી પર અડાડીને પંચાંગ વંદન કરાય છે.

પ્રતિક્રમણના સમયે ત્રણ વાર વંદન ઉત્કૃષ્ટ વંદનાના પાઠથી કરાય છે. જેમાં ૧૨ આવર્તન કરવાના અને ૪ વાર મસ્તક જમીન પર અડાડવાની વિધિ સમવાયાંગ સૂત્રમાં બતાવી છે.

પરોક્ષવંદન નો પ્રસંગ આવે ત્યારે નમોત્થુણંના પાઠથી વંદન કરાય છે. જેમ કે પરદેશીરાજા, ધર્મરૂચિ અણગાર. અંબડજીના શિષ્યોએ સંથારો લેતા સમયે અને કોણિકરાજા કે ચિત્તસારથી ને સંદેશાવાહક દ્વારા સૂચના મળે છે ત્યારે પોતાના ઘરે જ નમોત્થુણંનો પાઠ બોલીને વંદન કરે છે. આ પરોક્ષ વંદનમાં ડાબો ઢીંચણ ઉંચો કરીને જમણો ઘૂંટણ જમીન પર ઉંધો રાખવામાં આવે છે. ત્રણ વખત મસ્તક ભૂમી પર અડાડવવામાં આવે છે. ત્યાર પછી સિદ્ધોને નમોત્થુણં દઈને પછી ગુરુ આદિ જેનો પ્રસંગ છે એમને બીજુ નમોત્થુણં દેવાય છે. આ પરોક્ષ વંદન વિધિ ઉવવાઈ, રાજપ્રશ્નીય, જ્ઞાતાસૂત્ર આદિમાં છે.

## પ્રતિક્રમણ સબંધી પરિજ્ઞાન :–

બે સમય પ્રતિક્રમણ કરવામાં આવે છે. રાત્રિ પ્રતિક્રમણનો સમય સૂર્યોદયથી પહેલાં લગભગ એક મુહુર્તનો છે. જે લાલ દિશાને કારણે અસજ્ઝાયનો સમય હોય છે. સૂર્યાસ્ત પછી જે એક મુહૂર્ત લાલ દિશાનો સમય હોય છે તે દેવસીય પ્રતિક્રમણનો સમય છે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૬ના વર્ણનથી આ સ્પષ્ટ થાય છે. એમાં શંકા-કુશંકા કે તર્કને સ્થાન નથી.

રાત્રિના અંધકારનો સમય અને અસજ્ઝયના સમય નો સદુપયોગ થઈ જવાથી આ સમય બુદ્ધિગમ્ય પણ છે.

**પ્રતિક્રમણ કરવાનો સમય કેટલો :** આગમમાં એનો કોઈ સ્પષ્ટ સિદ્ધાંત બતાવ્યો નથી. ક્ષેત્ર-કાળના પરિવર્તનમાં ક્યાંક પ્રતિક્રમણનું સ્વરૂપ નાનું છે. ક્યાંક મોટું છે. કોઈ નવદીક્ષિત હોય છે, કોઈ વધારે અભ્યસ્ત હોય છે, તેથી ઓછો કે વધારે સમય લાગે તો આગ્રહ રાખવા જેવી વાત નથી.





આગમિક અપેક્ષાથી લાલદિશાની અસજ્ઝાયનો સમય ૩૦ મિનિટથી લઈને ૬૦–૭૦ મિનિટ પણ ક્યારેક હોય છે. માટે પ્રતિક્રમણનો સમય પણ ૩૦ મિનિટથી લઈને ૬૦–૭૦ મિનિટનો માની શકાય છે. સામુહિક વ્યવસ્થાની દષ્ટિથી ૪૮ મિનિટમાં પ્રતિક્રમણ પૂર્ણ થવું જાઈએ.

**શ્રાવક પ્રતિક્રમણ :** અનુયોગ દ્વાર સૂત્રમાં શ્રાવકને બે પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે અને એનો પાઠ તથા વિધી આવશ્યક સૂત્રની ચૂલિકારૂપ પરિશિષ્ઠમાં છે. જેનું સ્પષ્ટીકરણ આવશ્યકસૂત્રની નિર્યુક્તિ-ટીકામાં ઉપલબ્ધ છે.

**પ્રતિક્રમણથી અતિચારોની શુદ્ધિ કે અનાચારોની અથવા પાતોની શુદ્ધિ :** પ્રતિક્રમણ કરવાથી વ્રતમાં લાગેલા અતિચારોની શુદ્ધિ થાય છે, વ્રતનાં અનાચારોની શુદ્ધિ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાથી થાય છે અને પાપોની શુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરી તથા તેના ત્યાગનું મનોરથ રાખવાથી કંઈક શુદ્ધિ થઈ શકે છે એટલે પ્રતિક્રમણ કરી લેવા માત્રથી અનાચાર તથા પાપોની શુદ્ધિ થતી નથી.

**પ્રતિક્રમણ વ્રતધારી શ્રાવકોને જ :** બારવ્રતધારી શ્રાવકોને સવાર-સાંજ બંને સમયનું કે પાખીનું પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. જેણે બાર વ્રત ધારણ નથી કર્યા તે શીખેલા પ્રતિક્રમણનું પુનરાવર્તન અને શ્રવણ કરી શકે છે. દરેક શ્રાવકને કોઈને કોઈ વ્રત અવશ્ય હોય છે અને વ્રત ન હોય તોપણ પ્રતિક્રમણ કરવા કે સાંભળવાના નિમિતથી પણ ક્યારેક વ્રત ધારણ કરવાની પ્રેરણા થઈ શકે છે. વ્યાખ્યામાં પ્રતિક્રમણને ત્રીજા પ્રકારના ઔષધની ઉપમા આપીને સમજાવ્યું છે.

પ્રથમ વૈદની દવા રોગ હોય તો ઠીક કરે અને રોગ ન હોય તો નવો રોગ ઉત્પન્ન કરી દે. બીજા વૈદની દવા રોગ હોય તો ઠીક કરે, ન હોય તો કાંઈ પણ ન કરે, ત્રીજા વેદની દવા રોગ હોય તો ઠીક કરે અને રોગ ન હોય તો શરીરની પુષ્ટિ કરે; આ ત્રીજી ઔષધ સમાન પ્રતિક્રમણ છે. જો વ્રતમાં દોષ લાગ્યા હોય તો શુદ્ધિ કરે, ન હોય તો ભગવદ્વાણી શ્રવણ પરિયટ્ટણારૂપ સ્વાધ્યાય, આત્મદોષ ચિંતન રૂપ ધ્યાન અને સામાયિકરૂપ સાવદ્યયોગ ત્યાગ હોવાથી તે આત્માના ગુણોની પુષ્ટી જ કરે છે.

માટે વ્રતધારીની સાથે અન્ય શ્રાવક પણ પ્રતિક્રમણ કરી શકે છે અને તેણે પણ શીઘ્રતાથી વ્રતધારી બનવાની પ્રેરણા લેવી જોઈએ. આળસ, પ્રમાદ અને ભયસંજ્ઞા, ઉપેક્ષાવૃત્તિને હટાવીને વ્રતધારી બનવું જોઈએ.

**સેલવાળી ઘડીમાં અગ્નિનાં જીવ :–**

વૈજ્ઞાનિક સાધનો પ્રત્યે ઉતાવળી બુદ્ધિથી કરેલો નિર્ણય એક વ્યાપક ભ્રમ છે કે સેલવાળી ઘડી સચિત્ત છે.

શાંત માનસથી અગ્નિના જીવોને, લિંગને ઓળખી અને સ્વભાવ સ્વરૂપનું ચિંતન કરવાથી સમજમાં આવી શકે છે કે આ વૈજ્ઞાનિક સાધનરૂપ સેલ, ઘડીયાળનાં કાંટાને ગતિ દેવાનું કામ કરે છે. એમાં અગ્નિકાયના જીવોને ઉત્પન્ન થવા યોગ્ય શરીર પુદ્ગલોની ત્યાં ઉત્પત્તિ-નિષ્પત્તિ હોતી નથી અને બાદર અગ્નિનું ત્યાં જલવાનું લિંગ એટલે કે ઓળખાણરૂપ ચમક,ગરમી કે ઘુમાડો આદિ કાંઈ પણ હોતું નથી.

જેવી રીતે બેટરીમાં પડેલો સેલ અચિત હોય છે અને એ બેટરીમાં જ્યારે બલ્બ ચાલુ થાય છે ત્યારે અગ્નિની ચમક દેખાય છે. ત્યારે અગ્નિકાયના જીવોની ઉત્પત્તિ માની શકાય છે. બલ્બ વગરની સેલવાળી બેટરીમાં બટન ઊંચુ-નીચુ પણ કરી દે પણ અગ્નિ જલ્યા વગર અગ્નિ ન માની શકાય. એવી જ રીતે ઘડીયાળમાં રહેલા સેલના નિમિત્તથી બલ્બ જલે તો અગ્નિના જીવો માની શકાય. પરંતુ અગ્નિ ન જલે, પ્રકાશ ન દેખાય, ફક્ત કાંટાને ગતિ કરવાથી અગ્નિના જીવો માની લેવા તે યોગ્ય નથી. કારણ કે બાદર અગ્નિના જીવો ક્યાં અને કેવા રૂપમાં ઉત્પન્ન થયા, ઈત્યાદિ કોઈ ચિંતન કર્યા વગર **બાબા વાક્યં પ્રમાણં** ની ઉક્તિથી માનેલો આ વ્યાપક ભ્રમ માત્ર છે.

માટે વાસ્તવમાં સેલની ઘડીને સચેત કે અગ્નિયુક્ત માનીને અનેક સાધના નિયમોમાં બાધક માનવું પુનર્વિચારણીય છે. વિચારણા કર્યા વગર ઉતાવળથી નિર્ણય કરીને ચાલેલા પ્રવાહમાં સચિત કહેતા રહેવું યોગ્ય નથી. તથા તે સબંધી કાયદા બનાવીને સ્થાનકમાં પોસ્ટર લગાવીને શ્રાવકને માટે અતિ પ્રવૃતિ વધારવી અવિવેક તથા પૂર્વાગ્રહ-હઠાગ્રહ માત્ર છે.

**સારાંશ લખવો તીર્થંકરો ગણધરની આશાતના :** સમયની આવશ્યકતા અનુસાર આગમમાં વિવેચન લખાય છે. હિંદી કે સંસ્કૃત ભાષામાં વિસ્તાર કરાય છે. સૂત્રોને અંગ્રેજી ભાષામાં છપાવાય છે. એવી જ રીતે સમયની માંગ હોય છે કે– સ્વાધ્યાય-અસ્વાધ્યાયનો નિયમ ન લાગે અને સંક્ષિપ્ત રૂપથી અલ્પ સમયમાં શાસ્ત્રોના વિષયોનો પરિચય કે મર્મ સમજમાં આવી જાય એવો દરેક આગમનો સારાંશની નાની-નાની પુસ્તિકા હોવી જોઈએ, કેટલાય સ્વાધ્યાયી રુચિ હોવા છતાં વિસ્તૃત પુસ્તકોને ભણી શકતા નથી. ઈત્યાદિ આવા જ આશયથી હિંદી





પદ્યમય પણ કેટલાક શાસ્ત્ર બનાવ્યા છે. આ બધો પ્રયત્ન જિનવાણીને જન-જન સુધી પહોંચાડવાનું અને સમજાવવાની સરલ અને રુચિકર સમયાનુકૂલ માધ્યમ છે. એને આશાતના ન સમજતા શ્રુતભક્તિ અને શ્રુતસેવા સમજવી જોઈએ.

**સચિત પાણીનો ત્યાગ કરવાથી થતા લાભ :–**

(૧) સચેતપાણીના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન થઈ જાય છે. (૨) ક્યાંય પણ બહારગામ વગેરે જવાનું હોય તો નિયંત્રણમાં રહેવું પડે છે. (૩) સીમિતપાણીના આરંભ પછી સમસ્ત સ્થાનોનાં સચિત જલ જીવોને અભયદાન થઈ જાય છે. (૪) સીમિત પાણીની ક્રિયા સિવાયની ક્રિયા રોકાઈ જાય છે. (૫) જીવયુક્ત ચીજ મોઢામાં નાંખવી એ શ્રાવકોને માટે અયોગ્ય હોય છે. સચેત આહાર કરવો તેને સાતમા વ્રતમાં અતિચાર કહ્યું છે. એના ત્યાગનું પાલન થાય છે. (૬) સચિત્તપાણીમાં પ્રતિક્ષણ નવા જીવો ઉત્પન્ન થતા રહે છે, મરતા રહે છે. એની ક્રિયા બંધ થઈ જાય છે. (૭) રસેન્દ્રિયનો વિજય પણ થાય છે. (૮) વ્રત-પ્રત્યાખ્યાનની ભાવના પુષ્ટ થાય છે. જેનાથી ઉત્તરોત્તર ત્યાગ નિયમની વૃદ્ધિ થાય છે. (૯) ક્યારેક પરીક્ષાની ઘડી આવે ત્યારે મહાન તપ થાય છે. (૧૦) અંબડ સન્યાસીના શિષ્યોને આજ્ઞા વગર સચિત્તજલ પણ લેવાનો ત્યાગ હતો તો પણ સંથારો કરવો પડ્યો (૧૧) શ્રાવકની સાતમી પડિમામાં સચેતનો ત્યાગ કરવો જરૂરી હોય છે. પછી આઠમી પડિમામાં એને આરંભ કરવાનો ત્યાગ હોય છે. (૧૨) સાધુ-સંતોને સૂઝતું, નિર્દોષ અચિત્ત પાણી વહોરવાનો લાભ મળે છે. કારણ કે સાધુ-સંતોને નિર્દોષ અચિત્ત પાણી મળવું મુશ્કેલ હોય છે.

માટે ત્યાગ નિયમ લેવો તે જીવનમાં ઘણું જ મહત્વપૂર્ણ છે. આગળ વધવાનો કે વિચારવાનો માર્ગ ખુલ્લો રહે છે. ત્યાગ ન કરનારનો ઘણો મોટો આશ્રવ ખુલ્લો રહે છે. સચેત પદાર્થ ખાવામાં અને અચેત પદાર્થ ખાવા-પીવામાં પરિણામોમાં બહુ અંતર હોય છે.

**અધિકમાસમાં અસ્વાધ્યાય ક્યારે ?** અધિકમાસ હોય ત્યારે પ્રથમ મહીનો છોડી બીજા મહિનાની પાખી એકમની અસ્વાધ્યાય ગણવાની. બાલચંદ્રની અસ્વાધ્યાય બંને માસમાં ગણવાની અને પર્વ મહાવીર જયંતી, અક્ષયતૃતીયા, ચૌમાસી, સંવત્સરી બધુ બીજા મહીનામાં ગણવું. અર્થાત્ મહોત્સવ પર્વ બધુ બીજા મહિનામાં હોય છે. પ્રથમ માસ ને નપુંસકમાસ કહ્યો છે એને ગૌણ કરાય.

**૧૮૦૦ શીલાંગરથ ગુણ :** કરણ–૩, યોગ–૩, સંજ્ઞા–૪, ઈન્દ્રિય–૫, ૧૦ પ્રકારનો સંયમ (પાંચ સ્થાવર+૪ત્રસ+૧ અજીવનો) ૧૦ યતિધર્મ આ બધાને

ગુણવાથી ૧૮,૦૦૦ થાય છે. એની ૧૮,૦૦૦ ગાથાઓ હોય છે. પહેલી ગાથા–

**जे न करेन्ति मणसा, निज्जूहिय आहार सण्णा सोइंदिये ।**
**पुढवी कायारंभे, संति जुत्ता ते मुणी वंदे ॥१॥**

**દશમી-અગીયારમી આશાતના :** ગુરુ કે રત્નાધિકની સાથે બહાર સ્થંડિલ જાય તો અને ગુર્વાદિકની પહેલાં જ સ્થાનકમાં આવી જાય. એમની રાહ ન જુવે કે સાથે ન આવીને પહેલાં આવી જાય તો શિષ્યને વડિલની આશાતના લાગે છે. વડિલ સ્વયં આજ્ઞા કરે કે– તું રાહ ન જોઈશ– તમે ચાલ્યા જશો તો આવી જવામાં કોઈ આશાતના નથી. આ દશમી આશાતના છે.

સાથે સ્થાનકમાં આવીને ઈરિયાવહિયાનો કાઉસગ્ગ ગુરુ આદિથી પહેલાં કરી લે તો તે ૧૧મી આશાતના છે.

**પ્રશ્ન–** શું પહેલાં પાણીથી શુદ્ધિ કરે તો પણ આશાતના ?

**ઉત્તર–** આ વાત બરાબર લાગતી નથી. લિપિ દોષ કે સમજ ભ્રમથી આવો અર્થ થઈ ગયો હોય તો તે આગમ સમ્મત કે વ્યવહાર સંમત પણ નથી.

ભગવતી સૂત્રમાં એવંતાકુમારનું વર્ણન છે. તે મોટા સંતોની સાથે સ્થંડિલ ગયા અને પહેલાં જ શુચિ કરીને તૈયાર થઈ ગયા. કોઈ પણ સાધુ સ્થંડિલ જાય છે તો ગામની બહાર અલગ-અલગ દિશામાં ચાલ્યા જાય છે. ત્યારે શુચિ કરવા માટે કોઈની રાહ જોવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

અસભ્ય બહેનોની એવી રીત હોય છે કે જે એક સાથે નજીક બેસીને શૌચ નિવૃત્તિ કરે છે. પરંતુ સભ્ય પુરુષ કે સાધુ-સાધ્વીને માટે કલ્પના કરવી પણ યોગ્ય નથી. માટે આગળ બતાવ્યા પ્રમાણે ૧૦મી અને ૧૧મી આશાતના યોગ્ય અર્થવાળી લાગે છે અને સાધુઓની આચરણ સમાચારીમાં પણ આ જ બન્ને પ્રચલિત છે. પરંતુ શુચિ નહીં કરવાની વાત કોઈ સાધુ સમુદાયમાં નથી કે ન એવું નવદિક્ષીત ને શીખાવાય છે.

## મંદિરમાર્ગીમાં દોરા સહિતની મુખવસ્ત્રિકા :–

સાધુએ જીવિત અવસ્થામાં દોરા સહિત મુહપત્તિ બાંધવી પાપ માને છે અને કાળધર્મ પામ્યા પછી દોરાસહિત મુહપત્તિ બાંધવી ધર્મ માને છે. એમનાં ગ્રંથોમાં લખ્યું કે મૃત સાધુને મુખવસ્ત્રિકા બાંધીને પછી સ્મશાનયાત્રા કાઢવી સાધુલિંગની ઓળખાણ માટે. પ્રત્યક્ષ પ્રમાણ માટે કોઈ તીર્થસ્થાનો કે ગુરુમંદિર જોઈ શકો છો. જેમ કે વીજાપુર(ઉત્તર ગુજરાત)માં દિવાલ પર લાગેલ ચિત્રોમાં.





**અઢીદ્વીપની બહાર ચંદ્ર–સૂર્ય :** જીવાભિગમ સૂત્રમાં વર્ણન છે કે– ચંદ્ર-સૂર્યનું અંતર ૫૦,૦૦૦ યોજનનું છે. ચંદ્ર-ચંદ્રનું કે સૂર્ય-સૂર્યનું અંતર લાખ યોજનનું છે. પરંતુ જેવી રીતે અઢીદ્વીપની અંદર એની ચાર પંક્તિ છે. એવી બહાર કેટલી પંક્તિ છે કે કેવી રીતે છે એ નથી બતાવ્યું અન્ય ગ્રંથોમાં પરિમંડલાકાર અવસ્થિતિ મુખ્યરૂપથી બતાવી છે અને પાછળ આઠ પંક્તિ હોવાનું મતાંતર બતાવ્યું છે.

વિચારણા કરવાથી આઠ પંક્તિની માન્યતા ઉચિત લાગતી નથી. કારણ કે અસંખ્યાતમાં દ્વીપ-સમુદ્રમાં અસંખ્ય યોજનનું અંતર પંક્તિમાં થઈ જાય છે અને સૂર્યનો પ્રકાશ પૃથ્વીકાયમય રત્નોનો પ્રકાશ સીમિત સંખ્યાત યોજનનો જ સંભવ છે. માટે પરિમંડલાકાર વાળી માન્યતા ઉચિત લાગે છે. પ્રત્યેક પરિમંડલનું અંતર એક લાખ યોજનનું કહ્યું છે. તે પણ ઉચિત છે. સૂર્ય ચંદ્રની સંખ્યા દ્વીપ-સમુદ્રમાં વધારે આવશે. ગણિત હિસાબ જે કહ્યો છે તે અઢીદ્વીપ સુધી જ સમજવાનો. બહાર માટે તે હિસાબ નહીં ચાલે અને મૂળપાઠમાં બહારને માટે તે હિસાબ હોય એવો સ્પષ્ટ સંકેત પણ નથી. જીવાભિગમ સૂત્રને ધ્યાનથી જોઈશું તો ખ્યાલ આવશે.

**જિનશાસનનાં પદ :** સાધુમાં ગુણોની વૃદ્ધિ થાય તો પણ પાંચમા પદમાં જ અનેક કક્ષા છે જે કેવળજ્ઞાન સુધી પરાકાષ્ટાવાળી હોય છે. તેથી સાધુ પાંચમા પદમાં રહીને જ ઉન્નતિ કરી શકે છે પરંતુ ગુણોથી સ્વતઃ આ બંને(આચાય-ઉપાધ્યાય) પદ આવતા નથી. સંઘ કે ગુરુ દ્વારા પ્રતિષ્ઠિત કરવાથી જ આવે છે. ગુણવૃદ્ધિથી તે મુનિ બહુશ્રુત, ગીતાર્થ, સ્થવિર આદિ ગણાશે.

**વર્તમાન યુગમાં પદ :–** જેના વ્યવહાર જીવનમાં સંયમ આચારનું કોઈ ઠેકાણું હોતું નથી, જે અસત્ય અને અદત્ત થી પણ દૂર રહી શકતા નથી, જેના જીવનમાં ગવેષણાની કોઈ અપેક્ષા હોતી નથી, જે અતિવૃદ્ધ થઈ ગયા હોય છે, જેનું જીવન મહાન દોષોથી વ્યાપ્ત છે, જેનાથી વિચરણ પણ થઈ શકતુ નથી, વ્હીલચેરથી ચાલે છે, જે પોતાના સંઘની સમાચારીના પાલનનું પૂર્ણ લક્ષ પણ રાખતા નથી, પોતાની આ સ્થિતિ જાણવા છતાં, આગમ આદેશને પણ જાણવા છતાં જે જિનશાસનનું આવું ઉચ્ચપદ લે છે કે તેને એ પદ દેવાય છે તો આ બધું આગમ નિરપેક્ષ મનમાની જ છે. આમ કરવું તે જિનશાસનમાં ઈમાનદારી પૂર્ણ રહેવું કહી શકાતુ નથી. પદ લેવું અને દેવું તે કાર્યમાં આગમ આજ્ઞા અને પોતાની યોગ્યતાને સમજીને ઈમાનદારી પૂર્વક વર્તવું જોઇએ.

સાર એ છે કે યોગ્યતા, કર્તવ્ય, ક્ષમતા હોય, જીવન આચાર નિષ્ટ હોય, શાસ્ત્રાભ્યાસ હોય, એણે પદ લેવું જોઈએ **અથવા** એને પદ દેવાય. અયોગ્ય પદ દેવાવાળા અને અયોગ્ય હોવા છતાં એ જાણવા છતાં પદ લેવાવાળા બંનેય જિનશાસનના અપરાધી હોય છે અને પ્રાયશ્ચિત્તના ભાગી છે. આવા અયોગ્ય સાધકને માત્ર નામનું જ પદ હોય છે. વાસ્તવમાં તે સાધુત્વમાં પણ નહીં હોવાથી અને ભગવાનની આજ્ઞાઓના(બહુવિધ અપરાધી અને) ચોર હોવાથી પંચપરમેષ્ટી પદમાં સમાવિષ્ટ હોતા નથી.

શાસ્ત્રમાં પંચ પરમેષ્ટી પદ તો નવકાર મંત્રમાં કહ્યા છે અને અન્યત્ર શાસ્ત્રમાં સાધુના કુલ સાત પદ આવે છે. અને સાધ્વીનાં કુલ ૩ પદ છે. જે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્તક (૪) સ્થવિર (૫) ગણી (૬) ગણધર (૭) ગણાવછેદક. (૧) પ્રવર્તિની (૨) ગણાવછેદિકા (૩) સ્થવિરા.

આમાંથી આચાર્ય-ઉપાધ્યાય પ્રવર્તક અને પ્રવર્તિની આ ચાર પદ સંઘ કે ગુરુ દ્વારા  પ્રતિષ્ઠિત કરાય છે. બાકીના પદ પોતાની યોગ્યતા અને કર્તવ્યથી આવે છે.

જ્યાં ગચ્છ નાનો હોય અચાર્યની આવશ્યકતા ઉપયોગિતા ન હોય તો પ્રવર્તક પદ દેવાય છે. સાધ્વી સમુદાયમાં અનેકોને પ્રવર્તિની પદ દેવાય છે. વિશાળ સાધુ-સમુદાયમાં આચાર્ય-ઉપાધ્યાય પદની સાથેજ નાની-નાની ટુકડી એટલે સમુદાય વિભાગ પર પ્રવર્તક કાયમ કરાય છે.

**પ્રવર્તક–પવર્તિનીની યોગ્યતા :–** તે પોતાને અધીનસ્થ સંત-સતીજીની આચાર્યની જેમજ સંપૂર્ણ દેખરેખ રાખે છે. અને મોટા સમુદાયમાં તે આચાર્યની નિશ્રામાં રહે તો પણ અમુક વિભાગની દેખરેખની જવાબદારી નિભાવે છે. એમની યોગ્યતા આચાર નિષ્ઠામાં આચાર્ય ઉપાધ્યાયની સમાન જ હોય છે. અન્ય યોગ્યતામાં કાંઈક ન્યૂનાધિકતા હોઈ શકે છે. આ પદ પણ યોગ્યતાવાળાને જ દેવાય છે. વર્તમાનમાં આ પદની ગરિમાનું પણ પૂર્ણ ધ્યાન રખાતુ નથી એટલે અસત્ય અસંબદ્ધ ભાષણ કરવાવાળા અને જેને મહાવ્રત સમિતિ-ગુપ્તિનું કોઈ ઠેકાણું પણ નથી હોતું તેને પણ પ્રવર્તક પદ દેવાય છે. તે પણ જિનશાસનની વફાદારી નથી. જિનશાસનમાં પાંચમા પદમાં આવનાર પણ યોગ્યતાથી સંપન્ન હોવા જોઈએ તો પછી વિશિષ્ટ પદ લેનારે કે દેનારે પૂર્ણ ઈમાનદારી રાખવાનું પરમ કર્તવ્ય છે.





સાર એ છે કે કોઈ પણ પદ લેવાની પહેલાં સ્વયંને ગુણ સંપન્ન બનવું જોઈએ. ફકત માનસંજ્ઞા અને પોતાની શાન માટે આ પદ ન લેવું જોઈએ. સ્વયંનો અંતરઆત્મા જાણે છે કે– હું સંયમમાં સફળ નથી, બ્રહ્મચર્ય પાલનમાં સફળ નથી. સમાચારી પ્રત્યે મારી કોઈ સત્યનિષ્ઠતા નથી. એને પદ લેવું જ ન જોઈએ કોઈ દે અથવા આગ્રહ કરે તો પણ ના કદી દેવી જોઈએ. અને પોતાની યોગ્યતા તથા  સંયમપ્રતિ સત્ય નિષ્ઠતા વધારવી જાઈએ. પદ દેવાવાળાએ પણ યોગ્યતા ન હોય તેને માત્ર ખુશામતી કરવા કે બહુમતીથી પદ ન દેવું જોઈએ.

આ બધી વાતો ને ધ્યાનમાં ન રાખાતા અયોગ્ય પદપ્રાપ્ત પદવીધર સંઘને કયાં લઈ જશે અને સંઘનું સાધુ-સાધ્વીનું કેટલું પતન-ઉત્થાન થશે તેની કલ્પના પણ નથી થઈ શકતી. માટે આગમને નજર સમક્ષ રાખીને સાચા અર્થમાં સંઘ વ્યવસ્થાનાં કર્તવ્યોનું પાલન કરાશે ત્યારે જિનશાસનની પ્રભાવના અને ઉત્થાન કરી શકાશે.

આજકાલ જે મંત્રી, મહામંત્રી, પન્યાસ, સૂરિ, ઉપપ્રવર્તક, યુવાચાર્ય, ઉપાચાર્ય કે ગાદીપતિ આદિ પદ લેવાય છે તે કોઈ શાસ્ત્રમાં નથી પરંતુ આ આગમ અતિરિક્ત સમય-સમયે ઉભા કરી દેવાયેલા પદો છે તેની આવશ્યકતા શાસ્ત્રકારોએ સમજી નથી. આ સમયના પ્રવાહથી ચલાવાયેલી પદ્ધતિથી ઉત્પન્ન થયેલા પદ છે.

આચાર્ય, પ્રવર્તક પોતાની પાછળ આચાર્ય, પ્રવર્તક બનાવવાનો સંકેત કરે છે. અને વૃદ્ધાવસ્થા અને નિવૃતિના સમયે પણ પોતાના સ્થાને સીધા આચાર્ય સ્થાપિત કરે છે. ઉપાચાર્યો, કે યુવાચાર્યની આગમથી કોઈ સાબીતી નથી.

મંત્રી, મહામંત્રી અને સલાહકારનું પદ તો ધાર્મિક કે આગમિક પદ નથી. આ તો સાંસારિક કે રાજનિતીક પદે છે.

**સંઘ વ્યવસ્થા અને પદ વ્યવસ્થામાં ઉપયોગી સલાહ :** સંઘ વ્યવસ્થામાં ભાગ લેનારા દરેકને ઉપલબ્ધ આચાર શાસ્ત્રનું અધ્યયન કરાવવું જોઈએ. હિન્દી ભાષીને વ્યાવરથી પ્રકાશિત છેદ સૂત્રોનો ગંભીરતાથી અભ્યાસ કરાવવો જોઈએ. અને સંસ્કૃત ભાષી વિદ્વાનો એ છેદસૂત્રોની પ્રાચીન ટીકાઓ વ્યાખ્યાઓ ભણવી જાઈએ. આટલો અભ્યાસ કરી લેવાવાળા સાધુ કે શ્રાવકને સંઘની વ્યવસ્થા કરવા કે પદ દેવા-લેવાના ક્ષેત્રમાં આવવું જોઈએ.

આચારશાસ્ત્ર અને છેદ શાસ્ત્રોના ગહન અધ્યયનથી રહિત સાધ-શ્રાવક સંઘની વ્યવસ્થા અને પદ લેવા-દેવાની વ્યવસ્થામાં આગમિક અનુભવથી

સંપન્ન હોતા નથી. તેમણે પોતાને યોગ્ય અધ્યયનના અભાવમાં આ ક્ષેત્રમાં ન આવવું જોઈએ.

બીજી વાત આ છે કે પદ લેવાવાળાએ પોતે જ પોતાના આત્માને ઈમાનદારીથી જોવો જોઈએ કે– હું સંયમના વ્યવહારિક નિયમને બરાબર પાલન કરું છું કે નહીં ? હું પગપાળા વિહાર કરી શકું છું કે નહીં ? હું મારા બ્રહ્મચર્યવ્રતમાં ઈમાનદાર છું કે નહીં ? હું જીવનમાં જૂઠ કે અનીતિનું સેવન તો નથી કરતો ને ? હું બીજાના શિષ્ય-શિષ્યાઓ પર નિયત બગાડીને અદત્ત ગ્રહણ તો નથી કરતો ને ? હું ચોરી-છૂપીથી કુશીલ અને ભ્રષ્ટાચાર તો નથી ચલાવતોને ? હું મારી પાસે તીજોરી અને નોટોનાં બંડલ તો નથી રાખતો ને ? આ બધા જ પ્રશ્નોના ઉત્તર આત્મામાં સત્ય ન આવતા હોય તો તે સાધકો એ ક્યારેય પણ પદ ન લેવું જોઈએ. અને પોતે પણ તે પદોની ભૂખ ન રાખવી જોઈએ.

ત્રીજી વાત એ છે કે અનુશાસકે પોતાનું અનુશાસન અને પ્રાયશ્ચિત્ત વ્યવસ્થા સશક્ત રાખવી જોઈએ. સામાન્ય દોષો સિવાય મોટા દોષોનું પ્રાયશ્ચિત્ત પૂર્ણ સક્રિય અને સશક્ત જોઈએ. જેમ કે જૂઠ બોલનાર તથા લખનારને, અદત્ત અને શિષ્યચોરી કરનારને, બ્રહ્મચર્યવ્રત ભંગ કરનારને, કપટ પ્રપંચ, અસત્ય આપેક્ષ અને નનામા પેંપલેટ પ્રચાર કરવા-કરાવનારને અને સમાચારી વિપરીત સચેત ખાવાવાળાને કઠોર અને તત્કાલ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ.

જો કોઈ પદવીધર અર્થાત્ જિનશાસનમાં પ્રતિષ્ઠિત આચાર્ય-ઉપાધ્યાય કે પ્રવર્તક પદ પર રહીને જૂઠ બોલે, જૂઠ લખે, શિષ્ય ચોરી આદિ અદત ગ્રહણ કરે, સાધ્વીઓ કે અન્ય સ્ત્રીઓ સાથે કુશીલ સેવન કરે, અન્યને માટે જૂઠા-પ્રપંચકારી નનામા પેંપલેટનો પ્રચાર કરે તો તેને નવી દીક્ષા દઈને જિંદગીભર જિનશાસનનું આગમોક્ત કોઈ પદ ન અપાય. શાસ્ત્ર સમ્મત પ્રાયશ્ચિત્ત ઈમાનદારીથી અપાય. ખોટી પ્રતિષ્ઠા સાચવવા માટે જૂઠ-કપટ કે પ્રપંચો ને ન ચલાવાય. જો આચાર્ય પણ આવું કોઈ કાર્ય કરે, કોઈના દબાવથી કોઈ પર જૂઠ કે મિશ્રભાષાથી આક્ષેપ લગાવે તો તે પણ સંઘ અને બહુશ્રુત સ્થવિરોની આજ્ઞાથી પ્રાયશ્ચિત્ત સ્વીકારે, પરંતુ આવા મોટા અપરાધોના પ્રાયશ્ચિત્તની ઉપેક્ષા ન કરે.

આ રીતે આ ત્રણ વાતો (૧) આગમ અધ્યયન (૨) પદ લેવાવાળાની ઈમાનદારી (૩) પ્રાયશ્ચિત્ત વ્યવસ્થાનું ધ્યાન સંઘ વ્યવસ્થામાં રખાય તો સારૂ પરિણામ આવી શકે છે.





**અવગાહના ઉંચાઈ માપવાની પદ્ધતિ :** આગમોમાં અલગ-અલગ પ્રકારથી અવગાહનાના માપમાં અપેક્ષા ભેદ સમજવા જોઈએ.

(૧) સીધા ઉભેલા મનુષ્યની અવગાહના ૮૪ અંગુલ હોય છે. (૨) પગ ઉંચો કરવાની અપેક્ષાએ અવહગાહના ૯૬ અંગુલની હોય છે. (૩) સીધા પગ પર ઉભા રહીને હાથ ઉંચા કરવાની અપેક્ષાએ ૧૦૮ અંગુલ હોય છે. (૪) પગ ઉંચા અને હાથ પણ ઉંચા કરેલા મનુષ્યની અવગાહના ૧૨૦ અંગુલની હોય છે.

આ વિવિધ અપેક્ષાથી શાસ્ત્રમાં પ્રસંગાનુસાર ક્યાંક ૧૨૦ અંગુલની અવગાહના કહેવાય છે. ક્યારેક અન્ય અપેક્ષાએ આગમમાં અન્ય અવગાહના કહેવાય છે.

**ઉત્તરાધ્યયન અધ્યયન–૩૫, ગાથા ૧૮ના શબ્દાર્થ :** આ ગાથામાં એક સાથે સાત શબ્દોનો પ્રયોગ થયો છે તે આ પ્રમાણે છે–

૧. अच्चणं = अर्चा = સામે આવવું, આરતી ઉતારવી.

૨. रयणं = રચના = મંડપ, મકાન કે આસન આદિને શણગારવા.

૩. वंदणा = વંદન = વંદન, નમસ્કાર, પ્રણામ, ચરણ સ્પર્શ.

૪. पूयणं = પૂજા = માળા આપવી, શાલ આદિ, આહારાદિ દેવું.

૫. इड्ढी = ऋद्धि = આડંબર, ઠઠારો, જનસમુહ ભેગો કરવો

૬. सक्कार = સત્કાર = જય, વિજયના નારા લગાવવા

૭. सम्माण = સન્માન = ગુણગ્રામ, સ્તુતિ, સ્વાગત, સમ્માન સમારોહ

આ બધાની ચાહના સાધુ મનથી પણ ન કરે. શ્રાવક જે કાંઈ સાધુને માટે યોગ્ય–કલ્પનીય વિનય-ભક્તિ કરે તો તેનો નિષેધ કરી શકાતું નથી પરંતુ મુનિ ખુદ આ બધા કૃત્યોની ચાહના ન રાખે.

## નિબંધ – ૯૮

### સામાયિક સૂત્ર પ્રશ્નોત્તર : પ્રાથમિક શ્રેણી

**પ્ર. ૧ :– અરિહંત કોને કહેવાય છે ?**

**જવાબ :–** તીર્થંકર ભગવાનને અરિહંત કહેવાય છે. જેઓએ ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે, તેને અરિહંત કહે છે.

**પ્ર. ૨ :– સિદ્ધ કોને કહે છે ?**

**જવાબ :–** જે આઠ કર્મને ક્ષય કરી મોક્ષે ચાલ્યા ગયા છે, તેને સિદ્ધ ભગવાન કહે છે.

**પ્ર. ૩ :– આચાર્ય કોને કહે છે ?**

**જવાબ :–** જે ચતુર્વિધ સંઘના નાયક હોય છે, તેને આચાર્ય કહે છે.
**પ્ર. ૪ :– ઉપાધ્યાય કોને કહે છે ?**
**જવાબ :–** જે સાધુઓને ભણાવે છે, તેને ઉપાધ્યાય કહે છે.
**પ્ર. ૫ :– સાધુ કોને કહે છે ?**
**જવાબ :–** ધન પરિવારનો ત્યાગ કરી જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરે છે, તેને સાધુ કહે છે.
**પ્ર. ૬ :– ચાર ઘાતી કર્મ કયા છે ?**
**જવાબ :–** (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય (૪) અંતરાય.
**પ્ર. ૭ :– શેષ ચાર કર્મ કયા છે ?**
**જવાબ :–** વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર.
**પ્ર. ૮ :– તીર્થંકર કેટલા છે ?**
**જવાબ :–** ચોવીસ.
**પ્ર. ૯ :– નવકાર મંત્રમાં કેટલા પદોને નમસ્કાર કર્યા છે ?**
**જવાબ :–** પાંચ પદોને, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.
**પ્ર. ૧૦ :– આ પાંચ પદમાં આપણા દેવ કેટલા અને ગુરુ કેટલા ?**
**જવાબ :–** બે પદ આપણા આરાધ્ય દેવના છે. ત્રણ પદ આપણા પૂજ્ય ગુરુ છે.
**પ્ર. ૧૧ :– દેવ બે છે, તેમાં મોટા કોણ છે ?**
**જવાબ :–** સિદ્ધ ભગવાન.
**પ્ર. ૧૨ :– નમસ્કાર મંત્રમાં સિદ્ધોથી પહેલાં અરિહંતોને નમસ્કાર કેમ ?**
**જવાબ :–** અરિહંત ભગવાન જ લોકમાં ધર્મ પ્રગટ કરે છે. સિદ્ધોનું સ્વરૂપ પણ તે જ બતાવે છે. એટલે લોકમાં પરમ ઉપકારી હોવાથી તેને પ્રથમ પદમાં નમસ્કાર કર્યા છે.
**પ્ર. ૧૩ :– ત્રણ ગુરુ પદમાં મોટા કોણ છે ?**
**જવાબ :** જે દીક્ષામાં મોટા હોય છે, તે ગુરુ પદમાં મોટા કહેવાય છે. એટલે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કોઈપણ મોટા હોઈ શકે છે અને કોઈ નાના પણ હોઈ શકે છે.
**પ્ર. ૧૪ :– નવકાર મંત્રમાં આચાર્ય, ઉપાધ્યાયને સાધુજીથી જુદા અને પહેલાં નમસ્કાર કેમ કર્યા છે ?**
**જવાબ :–** આચાર્ય સંઘના નાયક હોય છે, સાધુ સાધ્વીઓની સંપૂર્ણ દેખરેખ રાખે છે. ઉપાધ્યાય સાધુઓને જ્ઞાનદાન આપે છે. એટલે સંઘના ઉપકારી હોવાથી





એને સર્વ સાધુઓથી પહેલાં અર્થાત્ ત્રીજા ચોથા પદમાં નમસ્કાર કર્યા છે.
**પ્ર. ૧૫ :– શું અરિહંત ભગવાન સિદ્ધ ભગવાનને નમસ્કાર કરે છે ?**
**જવાબ :** હા, કરે છે.
**પ્ર. ૧૬ :– શું આચાર્ય ઉપાધ્યાય પણ સાધુજીને વંદન કરે છે ?**
**જવાબ :** હા, દીક્ષામાં મોટા હોય તો તેને વંદન કરે છે.
**પ્ર. ૧૭ :– એમ કેમ ? પદ મોટું છે એટલે વંદન ન કરવા જોઈએ ?**
**જવાબ :–** જો કોઈ પ્રધાન મંત્રી બની જાય તો પણ પોતાના માતા–પિતા, મોટા ભાઈ આદિને વંદન કરશે જ. એવી રીતે જે પહેલાં દીક્ષા લીધેલા હોય છે, તે સાધુઓમાં મોટા કહેવાય છે. એટલે તેને વંદન કરવામાં આવે છે.
**પ્ર. ૧૮ :– પાંચ પદોના મુખ્ય ગુણ કેટલા કહેવાય છે ?**
**જવાબ :–** અરિહંતના–૧૨, સિદ્ધના–૮, આચાર્યના–૩૬, ઉપાધ્યાયના–૨૫ અને સાધુના–૨૭.
**પ્ર. ૧૯ :– માળામાં એકસો આઠ મણકા કેમ હોય છે ?**
**જવાબ :** પાંચ પદોના કુલ મળીને ૧૦૮ ગુણ થાય છે. એટલે માળાના મણકા ૧૦૮ હોય છે.
**પ્ર. ૨૦ :– નવકાર મંત્ર ક્યારે ગણવા જોઈએ ?**
**જવાબ :** સુતી વખતે, ઉઠતી વખતે, ઘરથી બહાર જતી વખતે, સંકટમાં અને જ્યારે ઈચ્છા થાય ત્યારે નવકાર મંત્ર ગણવા જોઈએ.

## –: ગુરુવંદનનો પાઠ :–

**પ્ર. ૧ : વંદના કોને કહે છે ?**
**જવાબ :–** સાધુ સાધ્વી પ્રત્યે વિનય ભાવ પ્રગટ કરવાને વંદના કહે છે.
**પ્ર. ૨ :– વંદના કેટલા પ્રકારની હોય છે ?**
**જવાબ :–** વંદનાના ત્રણ પ્રકાર છે. (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ.
**પ્ર. ૩ :– જઘન્ય વંદના કોને કહે છે ?**
**જવાબ :–** બંને હાથ જોડીને મસ્તક ઝુકાવતાં "મત્થએણં વંદામિ" બોલવું તે જઘન્ય વંદના છે.
**પ્ર. ૪ :– જઘન્ય વંદના ક્યારે કરવી જોઈએ ?**
**જવાબ :–** ગૌચરી, વિહાર અથવા કોઈપણ કાર્ય માટે જતાં અથવા આવતાં સાધુ સાધ્વી સામે મળી જાય ત્યારે જઘન્ય વંદના કરવી જોઈએ.
**પ્ર. ૫ :– મધ્યમ વંદના કોને કહે છે ?**

**જવાબ :–** ત્રણ વાર પ્રદક્ષિણા–આવર્તન કરીને પંચાંગ નમાવીને **तिक्खुत्तो**ના પાઠથી વંદના કરવી તે મધ્યમ વંદના છે.

**પ્ર. ૬ :– મધ્યમ વંદના ક્યારે કરવી જોઈએ ?**

**જવાબ :–** સાધુ સાધ્વીજી પોતાના સ્થાન પર સ્થિર આસનમાં બેઠા હોય અથવા ઉભા હોય ત્યારે મધ્યમ વંદના કરવી જોઈએ.

**પ્ર. ૭ :– મધ્યમ વંદના દિવસમાં કેટલીવાર કરવી જોઈએ ?**

**જવાબ :–** દિવસમાં એકવાર અવશ્ય કરવી જોઈએ તથા સામાયિક આદિ કરતી વખતે સ્વાધ્યાય આદિ ધાર્મિક કાર્યોની આજ્ઞા લેતી વખતે પણ મધ્યમ વંદના કરવી જોઈએ.

**પ્ર. ૮ :– સાધુ સાધ્વીજીની પાસેથી વારંવાર નીકળવાનું થાય અથવા તેની પાસે વારંવાર જવાનું થાય તો કઈ વંદના કરવી જોઈએ ?**

**જવાબ :–** એકવાર મધ્યમ વંદના કર્યા પછી જતાં વખતે અને આવતાં વખતે જઘન્ય વંદના અવશ્ય કરવી જોઈએ.

**પ્ર. ૯ :– વંદના કરતી વખતે કઈ કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ ?**

**જવાબ :–** (૧) ઉત્તરાસંગ અથવા રૂમાલ આદિ મોઢા પાસે રાખવો જોઈએ (૨) ઓછામાં ઓછા ત્રણ ચાર હાથ દૂર ઉભા રહીને વંદના કરવી જોઈએ (૩) આંખ અહીં તહીં ન ફેરવતાં ગુરુની સામે એકાગ્ર દષ્ટિ રાખવી જોઈએ. (૪) વ્યાખ્યાન આદિ પ્રસંગમાં મૌનપૂર્વક વંદના કરવી જોઈએ (૫) ઊંચા સ્વરથી ન બોલતાં મંદ સ્વરથી બોલી વંદના કરવી જોઈએ. જ્યાં બોલવાથી કોઈના કાર્યમાં બાધા પહોંચે તો મૌનપૂર્વક વંદના કરવી જોઈએ.(૬) આપણાં નખ, પસીનો, ગુરુને ન લાગે એવી રીતે હળવા હાથે ચરણ સ્પર્શ કરવો જોઈએ. જો વચમાં કોઈ બેઠા હોય અથવા અધિક સંખ્યા હોય તો દૂરથી જ વંદના પૂર્ણ કરી લેવી જોઈએ.

**પ્ર. ૧૦ :– આવર્તન ત્રણ વાર કેવી રીતે કરવા જોઈએ ?**

**જવાબ :–** ગુરુદેવ સામે બિરાજમાન હોય ત્યારે બંને હાથ જોડીને તેમના મસ્તકની જમણી બાજુથી ડાબી તરફ હાથોને ઘુમાવતાં ત્રણ વાર આવર્તન કરવું. પછી પંજા અને ઘૂંટણોના બળથી બેસીને પંચાંગ નમાવીને વંદના કરવી જોઈએ.

**પ્ર. ૧૧ :– ત્રણ વાર પ્રદક્ષિણા–આવર્તન શા માટે કરવામાં આવે છે ?**

**જવાબ :–** પૂર્ણ વિનય પ્રગટ કરવા માટે ત્રણવાર આવર્તન કરવામાં આવે છે. લૌકિક વ્યવહારમાં પણ કોઈ વાતને પૂર્ણ નિશ્ચિત્ત કરવા માટે ત્રણ વાર કરવામાં કે કહેવામાં આવે છે.





**પ્ર. ૧૨ :– પર્યુપાસના કોને કહે છે ?**

**જવાબ :–** કાંઈક સાંભળવાની ઈચ્છાથી નમ્ર આસને ગુરુની સમીપ બેસવું.

**પ્ર. ૧૩ :– સત્કાર કોને કહે છે ?**

**જવાબ :–** સ્તુતિ કરવી, સ્વાગત કરવું, વસ્ત્ર આદિ આપવા.

**પ્ર. ૧૪ :– સન્માન કોને કહે છે ?**

**જવાબ :–** મોટા માનવા, ઊંચું આસન દેવું, નમ્રતા રાખવી અને અંતરમાં અહોભાવ રાખવો.

**પ્ર. ૧૫ :– ઉત્કૃષ્ટ વંદના કોને કહે છે ?**

**જવાબ :–** 'ખમાસમણા'ના પાઠથી ૧૨ આવર્તનપૂર્વક વંદના કરવી.

**પ્ર. ૧૬ :– ઉત્કૃષ્ટ વંદના ક્યારે કરવામાં આવે છે ?**

**જવાબ :–** પ્રતિક્રમણ વખતે ગુરુની આશાતનાઓ સંબંધી આલોચના એવં ક્ષમાપના કરવા માટે ઉત્કૃષ્ટ વંદના કરવામાં આવે છે.

**પ્ર. ૧૭ :– ત્રણે વંદનામાં કેટલા–કેટલા આવર્તન હોય છે ?**

**જવાબ :–** જઘન્ય વંદનામાં આવર્તન હોતા નથી. મધ્યમ વંદનામાં ત્રણ આવર્તન હોય છે અને ઉત્કૃષ્ટ વંદનામાં ૧૨ આવર્તન હોય છે.

**પ્ર. ૧૮ :– વંદના કેટલીવાર કરવી જોઈએ ?**

**જવાબ :–** જઘન્ય અને મધ્યમ વંદના એકેકવાર કરવી જોઈએ તથા ઉત્કૃષ્ટ વંદના બે વાર કરવી જોઈએ. મધ્યમ વંદના ત્રણ વાર કરવાની પરંપરા ચાલે છે.

**પ્ર. ૧૯ :– મધ્યમ વંદના કોને કરવામાં આવે છે ?**

**જવાબ :–** જે સાધુ સાધ્વીજી સામે હોય તેને મધ્યમ વંદના કરાય છે. તીર્થંકર ભગવાનના દર્શન સમયે પણ મધ્યમ વંદના કરાય છે તથા કોઈપણ કાર્યની આજ્ઞા લેવી હોય તો મધ્યમ વંદના કરવામાં આવે છે.

**પ્ર. ૨૦ :– પ્રદક્ષિણાનો શું મતલબ છે ?**

**જવાબ :–** પ્રદક્ષિણાનો મતલબ છે, આવર્તન કરવું, આરતી ઉતારવી.

## –: ગમનાગમન અતિચાર શુદ્ધિનો પાઠ :–

**પ્ર. ૧ :– આ પાઠથી શું કરવામાં આવે છે ?**

**જવાબ :–** આ પાઠથી ગમનાગમનમાં થયેલ વિરાધનાની આલોચના કરાય છે.

**પ્ર. ૨ :– જીવ વિરાધના કોને કહેવાય છે ?**

**જવાબ :–** નાના મોટા કોઈપણ જીવને પોતાના શરીર આદિથી કષ્ટ પહોંચાડવું.

**પ્ર. ૩ :– જીવ વિરાધના કેટલા પ્રકારની છે ?**

**જવાબ :–** જીવ વિરાધના ૧૦ પ્રકારની છે. આ પાઠમાં **અભિહયા**થી લઈને **જીવિયાઓ વવરોવિયા** સુધી બતાવવામાં આવી છે.

**પ્ર. ૪ :– ૧૦ વિરાધના કઈ છે ?**

**જવાબ :– ૧.** સન્મુખ આવતાં જીવને કષ્ટ પહોંચાડ્યું હોય **૨.** ધૂળ આદિથી ઢાંક્યા હોય **૩.** મસળ્યા હોય **૪.** એકઠાં કર્યા હોય **૫.** સ્પર્શ્યા હોય **૬.** પરિતાપ પહોંચાડ્યો હોય. **૭.** કિલામના પહોંચાડી હોય **૮.** ભયભીત કર્યા હોય **૯.** એક સ્થાનથી બીજા સ્થાન પર રાખ્યા હોય **૧૦.** જીવનથી રહિત કર્યા હોય.

**પ્ર. ૫ :– જીવ વિરાધના ન થાય તેનો શું ઉપાય ?**

**જવાબ :–** શાંતિથી વિવેક પૂર્વક નીચે જોઈને ચાલવું, પ્રત્યેક કાર્ય સાવધાનીથી જીવોને ધ્યાનમાં રાખીને કરવું.

## –: કાયોત્સર્ગ કરવાનો પાઠ :–

**પ્ર. ૧ :– આ પાઠ ક્યારે બોલાય છે ?**

**જવાબ :–** જ્યારે કોઈપણ કાઉસ્સગ્ગ કરવો હોય, ત્યાર પહેલાં આ પાઠ અવશ્ય બોલવો જોઈએ. આ પાઠ પૂર્ણ થતાં જ કાઉસ્સગ્ગ પ્રારંભ કરવો જોઈએ.

**પ્ર. ૨ :– આ પાઠમાં શું વર્ણન છે ?**

**જવાબ :–** આ પાઠમાં કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા છે અને તેમાં રાખવામાં આવેલા આગારોનું વર્ણન છે.

**પ્ર. ૩ :– કાઉસ્સગ્ગમાં કેટલા આગાર હોય છે ?**

**જવાબ :–** કાઉસ્સગ્ગમાં મુખ્ય ૧૨ આગાર છે.

**પ્ર. ૪ :– કાઉસ્સગ્ગનો શું અર્થ છે ?**

**જવાબ :–** શરીરથી હલવું આદિ બધી પ્રવૃત્તિ બંધ કરી સ્થિર રહેવું અને શરીર પ્રત્યે મમતા ન રાખવી; તેમજ વચનથી મૌન થવું અને મનને એકાગ્ર કરવું.

**પ્ર. ૫ :– કાઉસ્સગ્ગ કેવી રીતે કરાય છે ?**

**જવાબ :–** બે રીતે કરાય છે **૧.** ઊભા રહીને બંને હાથોને પગની પાસે સીધા લાંબા રાખીને બંને પગોને કંઈક(આઠ આંગુલ) દૂર રાખીને એકાગ્ર દૃષ્ટિથી સ્થિર રહેવું **૨.** સુખાસન આદિથી સીધા બેસીને, પગ પર જમણી હથેળીને ડાબી હથેળી પર રાખીને એકાગ્ર દૃષ્ટિથી સ્થિર રહેવું.

**પ્ર. ૬ :– બાર આગાર કયા છે ?**

**જવાબ :– ૧.** શ્વાસ લેવો **૨.** શ્વાસ છોડવો **૩.** ઉધરસ આવવી **૪.** છીંક આવવી





**૫.** બગાસું આવવું **૬.** ઓડકાર આવવો **૭.** વાયુ છૂટવો **૮.** ચક્કર આવવા **૯.** પિત્ત વિકારથી મૂર્છા આવવી **૧૦.** અંગોનું સૂક્ષ્મ હલન **૧૧.** કફનું સૂક્ષ્મ હલન **૧૨.** દૃષ્ટિનું સૂક્ષ્મ હલન.

**પ્ર. ૭ :– આગાર કેમ રાખવામાં આવે છે ?**

**જવાબ :–** આગારમાં કહેલી પ્રવૃત્તિ થઈ જવા પર કાઉસ્સગ્ગ ખંડિત થતો નથી એટલે આગાર રાખવામાં આવ્યા છે.

**પ્ર. ૮ :– કાઉસ્સગ્ગમાં શું કરવામાં આવે છે ?**

**જવાબ :–** કાઉસ્સગ્ગમાં આત્મચિંતન, વ્રતોમાં લાગેલા દોષોનું ચિંતન, પોતાના અવગુણોનું તથા તીર્થંકર આદિના ગુણોનું ચિંતન કરવામાં આવે છે. કષાય ત્યાગ અને ક્ષમા ધારણ સંબંધી ચિંતન કરવામાં આવે છે. ધર્મધ્યાન અથવા શુક્લ ધ્યાન કરવામાં આવે છે.

**પ્ર. ૯ :– કાઉસ્સગ્ગ પૂર્ણ કેવી રીતે કરવામાં આવે છે ?**

**જવાબ :–** પોતાના ઈચ્છિત વિષયનું ચિંતન અથવા ઈચ્છિત સમય પૂર્ણ થઈ જવા પર **णमो अरिहंताणं** એવું ઉચ્ચારણ કરતાં કાઉસ્સગ્ગ પૂર્ણ કરવામાં આવે છે અને પછી કાઉસ્સગ્ગ શુદ્ધિનો પાઠ અને ૨૪ જિન સ્તુતિનો પાઠ બોલવો જોઈએ.

## –: ચોવીસ જિન સ્તુતિનો પાઠ :–

**પ્ર. ૧ :– આ પાઠમાં કોની સ્તુતિ કરવામાં આવી છે ?**

**જવાબ :–** ભરતક્ષેત્રમાં થયેલ ૨૪ તીર્થંકર ભગવાનના નામ બોલીને, તેની સ્તુતિ કરવામાં આવી છે.

**પ્ર. ૨ :– તેઓને તીર્થંકર કેમ કહેવાય છે ?**

**જવાબ :–** સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા; આ ચાર તીર્થની સ્થાપના કરવાથી તેમને તીર્થંકર કહે છે અને જિનશાસનના પૂર્ણ શ્રુતજ્ઞાનની પુનઃ સ્થાપના કરવાથી તેમને તીર્થંકર કહે છે.

**પ્ર. ૩ :– તીર્થ કોને કહે છે ?**

**જવાબ :–** તે તીર્થંકર ભગવાનની વાણીથી સ્વયં સંસારને તરી જાય છે, પાર કરી લ્યે છે અને પોતાના શરણમાં આવનારને પણ સંસારથી તરવાનો માર્ગ બતાવે છે, તેને તીર્થ કહે છે.

**પ્ર. ૪ :– ચોવીસ તીર્થંકર અત્યારે ક્યાં છે ?**

**જવાબ :–** ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીર સ્વામી પર્યંત ચોવીસ તીર્થંકર ભગવાન સિદ્ધ થઈ ગયા છે, મોક્ષમાં પધારી ગયા છે.

**પ્ર. ૫ :– અત્યારે કયા તીર્થંકર ભગવાનનું શાસન છે ?**

**જવાબ :–** અંતિમ ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું શાસન અત્યારે ચાલી રહ્યું છે.

**પ્ર. ૬ :– તીર્થંકર ભગવાન મોક્ષથી પાછા મનુષ્ય લોકમાં ક્યારે આવે છે ?**

**જવાબ :–** મોક્ષમાં ગયા પછી ત્યાં આત્મ સ્વરૂપમાં લીન થઈ જાય છે. તેનું શરીર અને કર્મ તથા રાગ અને દ્વેષ આદિ રહેતા નથી. એટલે તે ક્યારે ય પણ પાછા મનુષ્ય લોકમાં આવતા નથી.

**પ્ર. ૭ :– સિદ્ધ ભગવાનની સ્તુતિથી આપણને શું લાભ છે ?**

**જવાબ :–** મહાન પુરુષોના ગુણગ્રામ કરવાથી આપણા જુના કર્મોની નિર્જરા થાય છે, પાપ કર્મોનો બંધ થતો નથી. સદ્બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જેથી આપણે પણ તેની સમાન બનવાનો પુરુષાર્થ કરી મોક્ષ પ્રાપ્ત કરી શકીએ છીએ.

**પ્ર. ૮ :– સિદ્ધ ભગવાન રાગદ્વેષ રહિત છે. તો તેઓને પ્રસન્ન કરવાને માટે અથવા મોક્ષ દેવા માટે પ્રાર્થના કેમ કરવામાં આવે છે ?**

**જવાબ :–** તેના પ્રત્યે આપણો આદરભાવ પ્રગટ થાય છે. એવી પ્રાર્થના કરવાથી આપણને મોક્ષ પ્રાપ્તિની લગની અથવા યોગ્યતા પ્રાપ્ત થાય છે અને તેવા ભાવો દઢ બને છે. જેથી આપણે સંયમનું પાલન કરી સમાધિ અને સિદ્ધિને પ્રાપ્ત કરી શકીએ છીએ.

**પ્ર. ૯ :– તીર્થંકર ભગવાન સૂર્યથી પણ અધિક કયો પ્રકાશ કરે છે ?**

**જવાબ :–** આત્મજ્ઞાન રૂપ ભાવ પ્રકાશ કરે છે અને અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. સૂર્ય મનુષ્ય ક્ષેત્રને પ્રકાશિત કરે છે અને તીર્થંકર ભગવાન કેવળ જ્ઞાનથી સંપૂર્ણ લોકને પ્રકાશિત કરે છે.

## –: સામાયિક વ્રત લેવાનો પાઠ :–

**પ્ર. ૧ :– સામાયિક વ્રત કોને કહે છે ?**

**જવાબ :–** જે વ્રતમાં ૧૮ પાપોનો ત્યાગ કરવામાં આવે છે અને સમભાવને ધારણ કરવામાં આવે છે, તેને સામાયિક કહે છે.

**પ્ર. ૨ :– સામાયિક વ્રત કેટલા સમયનું હોય છે ?**

**જવાબ :–** સામાયિકનો નિશ્ચિત સમય એક મુહૂર્ત (૪૮ મિનીટ)નો છે. એને એક સામાયિક કરવાનું કહેવાય છે.

**પ્ર. ૩ :– કરણ કોને કહે છે ?**

**જવાબ :–** કરવું, કરાવવું અને અનુમોદના રૂપ ક્રિયાને કરણ કહે છે.





**પ્ર. ૪ :– યોગ કોને કહે છે ?**

**જવાબ :** મન, વચન અને કાયાના વ્યાપારને યોગ કહે છે.

**પ્ર. ૫ :– બે કરણ ત્રણ યોગ શું છે ?**

**જવાબ :–** ૧૮ પાપ, મનથી, વચનથી અને કાયાથી કરવા નહીં અને કરાવવા પણ નહીં.

**પ્ર. ૬ :– મનથી કરવાનું શું છે ?**

**જવાબ :–** પાપ કરવાનો મનમાં સંકલ્પ કરવો.

**પ્ર. ૭ :– મનથી કરાવવાનું શું છે ?**

**જવાબ :** પાપ કરાવવાનો મનમાં સંકલ્પ કરવો.

**પ્ર. ૮ :– મનથી અનુમોદના શું છે ?**

**જવાબ :–** પાપ કાર્યોને મનમાં સારા સમજવાં.

**પ્ર. ૯ :– વચનથી કરવાનું શું છે ?**

**જવાબ :–** પાપ કાર્યના સંકલ્પને વચનથી પ્રગટ કરવા, પ્રતિજ્ઞા કરવી.

**પ્ર. ૧૦ :– વચનથી કરાવવાનું શું છે ?**

**જવાબ :–** પાપ કાર્ય કરવા માટે બીજાને કહેવું.

**પ્ર. ૧૧ :– વચનથી અનુમોદના શું છે ?**

**જવાબ :–** પાપ કાર્યની તથા પાપ કાર્ય કરનારાની પ્રશંસા કરવી 'ઘણું સારૂં કર્યું' આદિ બોલવું.

**પ્ર. ૧૨ :– કાયાથી કરવાનું શું છે ?**

**જવાબ :–** સ્વયં પોતાના હાથ આદિથી કાર્ય કરવું.

**પ્ર. ૧૩ :– કાયાથી કરાવવાનું શું છે ?**

**જવાબ :–** બીજાને કરવા માટે ઈશારો કરવો.

**પ્ર. ૧૪ :– કાયાથી અનુમોદના શું છે ?**

**જવાબ :–** પાપ કાર્ય કરનારાના તે કાર્યથી પ્રસન્ન થઈ અભિનંદન આપવા, પીઠ થાબડવી આદિ તથા પાપ કાર્યથી ઉત્પન્ન થતી વસ્તુનો ઉપયોગ કરવો તથા તેમાં આનંદ અનુભવવો.

**પ્ર. ૧૫ :– અઢાર પાપ ક્યા છે ?**

**જવાબ :– ૧.** હિંસા **૨.** જૂઠ **૩.** ચોરી **૪.** મૈથુન **૫.** પરિગ્રહ **૬.** ક્રોધ **૭.** માન **૮.** માયા **૯.** લોભ **૧૦.** રાગ **૧૧.** દ્વેષ **૧૨.** કલહ **૧૩.** કલંક લાગડવું **૧૪.** ચાડી કરવી **૧૫.** બીજાની નિંદા કરવી **૧૬.** સુખ-દુઃખમાં હર્ષ-શોક કરવા **૧૭.** કપટ

સહિત ખોટું બોલવું **૧૮.** ધર્મ સંબંધી વિપરીત માન્યતા રાખવી અથવા જિનવાણીથી વિરુદ્ધ સમજવું , માનવું.

## —: સિદ્ધ સ્તુતિ :—

**પ્ર. ૧ :— આ પાઠમાં કોનું વર્ણન છે ?**

**જવાબ :—** આ પાઠમાં તીર્થંકરના, તીર્થંકર સિદ્ધના ગુણોનું વર્ણન છે. આ ગુણોથી તેની સ્તુતિ કરતાં તેને નમસ્કાર કર્યા છે.

**પ્ર. ૨ :— આ પાઠને શક્રસ્તવ કેમ કહેવામાં આવે છે ?**

**જવાબ :—** પ્રથમ દેવલોકનાં ઈન્દ્ર પોતાના સ્થાન પર જ આ પાઠથી અરિહંત– તીર્થંકર અને સિદ્ધ ભગવાનની સ્તુતિ નમસ્કાર કરે છે. એટલે આ શક્રસ્તવ, શક્રેન્દ્ર દ્વારા કરવામાં આવેલી સ્તુતિ કહેવાય છે.

**પ્ર. ૩ :— આ પાઠ બે વાર કેમ બોલવામાં આવે છે ?**

**જવાબ :—** પ્રથમ વારમાં સિદ્ધ ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે અને બીજી વારમાં વર્તમાન શાસનપતિ તીર્થંકરની સ્તુતિ અને નમસ્કાર કરવામાં આવે છે.

**પ્ર. ૪ :— લોગસ્સ અને નમોત્થુણંમાં શું અંતર છે ?**

**જવાબ :— लोगस्स** માં ચોવીસ તીર્થંકરોના નામ, સ્તુતિ, કીર્તન, નમન પ્રાર્થના વગેરે છે. **णमोत्थुणं** માં અરિહંત સિદ્ધના અનેક ગુણોનું કીર્તન કરતાં નમસ્કાર કર્યા છે, કોઈનું નામ નથી.

**પ્ર. ૫ :— संपत्ताणं અને संपाविउकामाणंમાં શું અંતર છે ?**

**જવાબ :— संपत्ताणंનો અર્થ :** મોક્ષ પ્રાપ્ત કરેલ સિદ્ધ ભગવાન. **संपाविउ कामाणं**નો અર્થ છે, મોક્ષ પ્રાપ્તિના ઈચ્છુક અર્થાત્ શીઘ્ર આ ભવમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા અરિહંત ભગવાન, જેને જે ફળની પ્રાપ્તિ થવાની હોય તેને તેનો ઈચ્છુક કહી શકાય છે. જેમ નરકમાં જવા યોગ્ય કાર્ય કરનારા નરકાયુના ઈચ્છુક કહેવામાં આવ્યા છે.

## —: સામાયિક :—

**પ્ર. ૧ :— સામાયિક ક્યાં કરવી જોઈએ ?**

**જવાબ :—** ધર્મ સ્થાનમાં અથવા એકાંત અને શાંત, જીવ જંતુ રહિત સ્થાનમાં કરવી જોઈએ. રાત્રિમાં છતયુક્ત સ્થાનમાં કરવી જોઈએ.

**પ્ર. ૨ :— સામાયિકમાં વેશ કેવો હોવો જોઈએ ?**

**જવાબ :—** સાંસારિક ઝભ્ભો, પેન્ટ આદિ સીવેલ વસ્ત્ર ઉતારીને સફેદ ચાદર (પછેડી) મુહપત્તિ અને ચોલપટ્ટો પહેરવો જોઈએ.





**પ્ર. ૩ :— સામાયિકના ઉપકરણ શું છે ?**

**જવાબ :—** આસન, મુહપત્તિ, ચાદર(પછેડી), ચોલપટ્ટો, પૂંજણી; આ આવશ્યક ઉપકરણ છે તથા જ્ઞાન ધ્યાન માટે માળા અથવા ધાર્મિક પુસ્તકો રાખવા જોઈએ.

**પ્ર. ૪ :— મુખ વસ્ત્રિકા આદિનું શું માપ છે ?**

**જવાબ :—** મુખ વસ્ત્રિકા ૨૧ આંગુલ લાંબી + ૧૬ આંગુલ પહોળી; દુપટ્ટા = ૨ મીટર લંબાઈ + ૧ મીટર પહોળાઈ; ચોલપટ્ટો = ૨ મીટર લંબાઈ + ૩/૪ પોણો મીટર ઊંચાઈ.

**પ્ર. ૫ :— મુખવસ્ત્રિકા કેવી રીતે રાખવી જોઈએ ?**

**જવાબ :—** મુખ પર રહેનારું વસ્ત્ર જ મુખવસ્ત્રિકા કહેવાય છે. એટલે આઠ પડ કરીને ૫ આંગુલ પહોળી અને ૮ આંગુલ લાંબી મુખવસ્ત્રિકાની વચમાં દોરો લગાવીને મુખ પર બાંધવી જોઈએ.

**પ્ર. ૬ :— મુખ વસ્ત્રિકા બાંધવાનું શું કારણ છે ?**

**જવાબ :— ૧.** એનું નામ જ મુખવસ્ત્રિકા છે **૨.** સામાયિકમાં ઉઘાડે મોઢે બોલવું કલ્પતું નથી **૩.** ઉઘાડે મોઢે બોલવાથી સાવદ્ય ભાષા બને છે **૪.** ઉઘાડે મોઢે બોલવાથી વાયુકાય આદિ જીવોની વિરાધના થાય છે **૫.** ઉઘાડે મોઢે બોલવાથી બીજા પર થૂંક ઉડે છે **૬.** ધાર્મિક આચરણનું આ ચિહ્ન છે. એટલે મુખવસ્ત્રિકા મોઢા પર બાંધીને જ સામાયિક કરવામાં આવે છે.

**પ્ર. ૭ :— મુખ વસ્ત્રિકા હાથમાં રાખવાથી કયો દોષ લાગે ?**

**જવાબ :** (૧) હાથમાં રાખવાને 'કર વસ્ત્ર(રૂમાલ)' કહેવાય છે. મુખ વસ્ત્રિકા કહેવાતી નથી. (૨) હાથમાં રાખવાથી અધિકતર ઉઘાડે મોઢે બોલાય છે, જેનાથી **૧.** સામાયિકના નિયમનો ભંગ થાય છે. **૨.** બીજા પર થૂંક ઉડે છે. **૩.** તેની ભાષા (સાવદ્ય) પાપકારી હોય છે. **૪.** વાયુકાય આદિ જીવોની વિરાધના થાય છે. **૫.** શાસ્ત્ર આદિ પર થૂંક ઉડે છે. (૩) બંને હાથ જોડીને ગુરુ વંદન કરતી વખતે મુખવસ્ત્રિકાને મુખ પર રાખવી આવશ્યક છે. તેનું પાલન પણ હાથમાં રાખવાથી થતું નથી. (૪) મુહપત્તિ હાથમાં રાખનારા સાધુ સાધ્વી પણ ખુલ્લા મોઢે અયતના પૂર્વક બોલે છે. એથી સ્પષ્ટ જ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. એટલે મુહપત્તિ મોઢે બાંધીને જ સામાયિક કરવી જોઈએ.

**પ્ર. ૮ :— સામાયિક કરવાથી શું–શું લાભ છે ?**

**જવાબ :—** (૧) એક મુહૂર્ત માટે હિંસા આદિ અઢારેય પાપ છુટી જાય છે. (૨) સંસારના અનંત પ્રાણીઓને અભયદાન મળે છે. (૩) સાંસારિક જીવનથી વિશ્રાંતિ

મળે છે. (૪) શાંતિ અને સમભાવની પ્રાપ્તિ થાય છે. (૫) એક મુહૂર્ત સુધી ધાર્મિક અભ્યાસ, ચિંતન, મનન, શાસ્ત્રશ્રવણ, વાંચન તથા સાધુ–સાધ્વીની સેવાનો લાભ મળે છે. (૬) જેનાથી આપણી ધાર્મિક રુચિ, વૈરાગ્ય જ્ઞાનની વૃદ્ધિ થાય છે. (૭) કેટલાય પ્રકારના જ્ઞાન વાંચવા અને સાંભળવા મળે છે. (૮) જેનાથી ક્લેશ કષાય છૂટે છે. (૯) ધન, પરિગ્રહની અને વિષય સુખની આસક્તિ છૂટે છે. (૧૦) સામાયિકમાં પાપનું સેવન છૂટી જવાથી ઘણાં નવા કર્મનો બંધ અટકી જાય છે. (૧૧) જ્ઞાન ધ્યાન આદિથી જુના પાપ કર્મનો પણ નાશ થાય છે. (૧૨) જેથી આત્મા હળુકર્મી બને અને નવા–નવા વ્રત લેવાની ભાવના થાય. એટલે દરરોજ ઓછામાં ઓછી એક સામાયિક અવશ્ય કરવી જોઈએ.

**પ્ર. ૯ :– રેલ ગાડી આદિમાં સામાયિક થઈ શકે છે ?**

**જવાબ :** વાહનમાં સંવર અને નિત્ય નિયમ વાંચન આદિ કરી શકાય છે. વાહન જ્યાં વધારે સમય રોકાય ત્યાં ઉતરીને એકાંત સ્થાન મળવાથી સામાયિક કરી શકાય છે.

**પ્ર. ૧૦ :– સામાયિક વિધિ સહિત જ લેવી જોઇએ ?**

**જવાબ :–** સંપૂર્ણ પાઠ કંઠસ્થ હોય તો સામાયિક વિધિપૂર્વક જ લેવી જોઈએ. સંપૂર્ણ પાઠ કંઠસ્થ ન હોય તો સામાયિક લેવાના પાઠ(**करेमि भंते**)થી લેવી જોઈએ અથવા સાધુ સાધ્વી કે અન્ય કોઈ પાસે પ્રત્યાખ્યાન કરવા જોઈએ.

**પ્ર. ૧૧ :– કોઈ પ્રત્યાખ્યાન કરાવનારું પણ ન હોય તો શું કરવું ?**

**જવાબ :** એવી સ્થિતિમાં જો કોઈને સામાયિક કરવી હોય તો યોગ્ય સ્થાનમાં વિધિપૂર્વક બેસીને ત્રણ વાર નવકારમંત્ર બોલીને વંદન કરીને 'હું સામાયિક ગ્રહણ કરું છું' એવો સંકલ્પ કરી લેવો અને સમય પૂરો થયા પછી સામાયિક પાળવાના સંકલ્પથી વંદન કરીને ત્રણ વાર નમસ્કાર મંત્ર બોલી લેવા. આ પ્રકારે પણ સામાયિક થઈ શકે છે.

## નિબંધ – ૯૯

## વંદના-કાઉસગ્ગ અને પૌષધના દોષ

**વંદનાના ૩૨ દોષ :–**

૧. આદરભાવ વગર વંદન કરવા.
૨. જાતિમદ આદિથી ગર્વાન્વિત થઈને વંદન કરવા.
૩. અસ્થિરતાથી વંદન કરવા અથવા વંદના અધૂરી છોડી દેવી.





૪. એક સ્થાને રહેલા આચાર્યોને અલગ-અલગ વંદન ન કરવા એક જ વંદન કરવા.
૫. ટિટોડીની જેમ આગળ-પાછળ કુદી-કુદીને વંદન કરવા.
૬. રજોહરણને અંકુશની જેમ બંને હાથેથી પકડીને વંદના કરે અથવા વંદન કરવા અવજ્ઞાપૂર્વક આચાર્ય આદિને આસન પર બેસાડે.
૭. કાચબાની જેમ આગળ-પાછળ ચાલીને વંદન કરવા.
૮. આચાર્ય આદિને વંદન કરી બેઠા-બેઠા માછલીની જેમ પીઠ ફેરવી ને પાસે બેઠેલા સાધુઓને વંદન કરે.
૯. વંદનીય શ્રમણ આદિમાં ગુણ વિશેષ નથી, મનમાં એવો અસૂયા ભાવ રાખીને અનાદર પૂર્વક વંદન કરે અથવા કોઈ કારણસર મનમાં દ્વેષ રાખીને વંદન કરે.
૧૦. એક ઘૂંટણને અથવા બંને ઘૂંટણને બંને હાથની વચ્ચે રાખીને કે બે ઘૂંટણની વચ્ચે હાથ રાખીને વંદન કરવા.
૧૧. આચાર્ય આદિ ક્યાંક ગચ્છની બહાર ન કાઢી દે એ ભયથી વંદન કરવા.
૧૨. આચાર્ય આદિ આગળ-પાછળ અનુકૂળતા કરી આપે એવા આશયથી 'હું આપને વંદન કરૂં છું ' એમ બોલીને વંદન કરે.
૧૩. આચાર્ય આદિ સાથે મૈત્રી સ્થાપવા માટે વંદન કરે.
૧૪. આ સાધુ વંદના વિષયક સમાચારીમાં સાવધાન છે, કુશળ છે, એવી પ્રતિષ્ઠા બનાવવાના ભાવથી વંદન કરે.
૧૫. જ્ઞાન-દર્શન-ચારિત્ર સિવાય અન્ય ઐહિક અપેક્ષાથી વંદન કરે.
૧૬. ચોરની જેમ સંતાઈને અથવા બીજાને ખબર ન પડે એમ વંદન કરે.
૧૭. ગુરુ આદિ આહાર-નિહાર કરતા હોય તે સમયે વંદન કરે.
૧૮. ક્રોધના આવેગમાં વંદન કરે.
૧૯. ઉપાલંભ દેતાં-દેતાં કે ધમકી દેતાં-દેતાં વંદન કરવા.
૨૦. ભાવ વગર ફક્ત દેખાડવા માટે વંદન કરવા એટલે કે કોઈ જોતા હોય તો વિધીપૂર્વક વંદન કરવા નહીંતર વેઠ ઉતારવી.
૨૧. હીલના કરતાં-કરતાં અર્થાત્ તમને વંદન કરવાથી શું લાભ ? એવી અવહેલના પૂર્વક વંદન કરવા.
૨૨. વંદના પૂરી કર્યા પહેલાં જ વાત શરૂ કરી દેવી.
૨૩. કોઈ ન જૂએ તો કેટલાયે સાધુને વંદન કરવાનું છોડીને ચુપચાપ બેસી જાય અને જૂએ તો વંદન કરી લેવાનાં.

૨૪. અંજલીને મસ્તકની મધ્યમાં ન રાખતાં આજુ-બાજુ રાખીને વંદન કરવા.
૨૫. વંદનાને અરિહંત ભગવાનનો ટેક્ષ માનીને વંદના કરવી અર્થાત નિર્જરાને માટે વંદન ન કરવા.
૨૬. વિવશતા પૂર્વક અર્થાત્ વંદન વગર મુક્તિ નથી એવું સોચીને વંદન કરવા.
૨૭. આવર્તન સમયે મસ્તક ઝુકાવવું વગેરે પૂર્ણ વિનય ન કરવો.
૨૮. આવશ્યક વિધિથી અધૂરી વિધીએ જ વંદન કરી લેવા.
૨૯. વંદના કરતાં ઉચ્ચ સ્વરથી 'મત્થેણં વંદામિ' બોલવું અથવા હું આપને વંદન કરૂં છું એમ જોરથી બોલવું.
૩૦. વંદનનાં પાઠનો ઉચ્ચારણ ન કરતાં મુંગા-મુંગા વંદન કરવા.
૩૧. વંદનના પાઠને મોટેથી બોલતાં બોલતાં વંદન કરવા.
૩૨. રજાહેરણ-પૂંજણીને પકડીને ઘૂમાવતાં-ઘૂમાવતા વંદન કરવા.
**(હરિભદ્રીય આવશ્યક, વંદના અધ્યયન, ગાથા–૧૨૦૭ થી ૧૨૧૧. પ્રવચન સારોદ્વાર બીજો દ્વાર, ગાથા– ૧૫૦ થી ૧૭૩)**

## કાઉસગ્ગનાં ૧૯ દોષ :–

૧. ઘોડાની જેમ એક પગને વાળીને ઊભા રહેવું.
૨. હવાથી લહેરાતી કળીઓની જેમ કંપન કરવું.
૩. થાંભલાને કે દિવાલનો ટેકો લેવો.
૪. મસ્તકને છત કે દિવાલ સાથે અડાડીને કાયોત્સર્ગ કરવો.
૫. બંને હાથ ગુહ્ય સ્થાન પર રાખીને ઊભા રહેવું.
૬. પુત્રવધુની જેમ મસ્તક ઝુકાવીને ઊભા રહેવું.
૭. બંને પગ છૂટા રાખીને કે અડાડીને ઊભા રહેવું.
૮. ચોલપટ્ટાને નાભિથી ઉપર અને ઘૂંટણથી ઊંચો કરીને ઊભા રહેવું.
૯. ચોલપટ્ટાથી છાંતી ઢાંકીને કાઉસગ્ગ કરવો.
૧૦. એડી ભેગી કરીને અને પંજાને ફેલાવીને ઊભા રહેવું. અથવા અંગુઠા અડાડીને એડી ફેલાવીને(પહોળી કરીને) ઊભા રહેવું.
૧૧. આખા શરીરને કપડાથી ઢાંકીને કાયોત્સર્ગ કરવો.
૧૨. લગામની જેમ રજોહરણ આગળ રાખીને ઊભા રહેવું.
૧૩. કાગડાની જેમ ચંચળચિત બનીને આમતેમ જોયા કરવું.
૧૪. ચોલપટ્ટાને સાથળની વચ્ચે ભરાવીને ઊભા રહેવું.





૧૫. ભૂત વળગ્યું હોય એમ ધૂણતાં ધૂણતાં ઊભા રહેવું.
૧૬. હું હું એમ હુંકારા કરતાં કરતાં કાઉસગ્ગ કરવો.
૧૭. આલાપકો ને આંગળીથી ગણતાં ગણતાં કાઉસગ્ગ કરવો કે ભ્રમર ચઢાવીને સંકેત કરવો.
૧૮. બડબડાટ કરતા હોય એમ કાઉસગ્ગ કરવો અથવા તો દારૂડિયાની જેમ લથડીયા ખાતાં ખાતાં ઊભા રહેવું.
૧૯. વાંદરાની જેમ હોઠ હલાવવા. **(હરિભદ્રીય આવશ્યક, અધ્યયન–૫, ગાથા–૧૫,૧૬,૧૭.અને પ્રવચન સારોદ્વાર, દ્વાર–૫, ગાથા– ૨૪૭ થી ૨૬૨)**

## પૌષધના ૧૮ દોષ :–

૧. પૌષધ નિમીત્તે ઠાંસી-ઠાંસીને સરસ આહાર કરવો.
૨. પૌષધ કરતા પહેલાં આગલી રાત્રીએ મૈથુન સેવન કરવું.
૩. પૌષધને માટે નખ, વાળ આદિ કપાવવા.
૪. પૌષધના વિચાર થી વસ્ત્ર ધોવા.
૫. પૌષધના વિચારથી શરીરની સુશ્રુષા કરવી.
૬. પૌષધ નિમીત્તે આભૂષણ પહેરવા.
૭. પૌષધમાં અવ્રતી પાસે સેવા કરાવવી.
૮. શરીરનો મેલ ઉતારવો.
૯. પોંજ્યા વગર શરીરને ખંજવાળવું.
૧૦. દિવસે સૂઈ જવું, પ્રહર રાત્રિ વીત્યા પહેલાં સૂઈ જવું. પાછલી રાતે ઉઠીને ધર્મ જાગરણ ન કરવું.
૧૧. પોંજ્યા વગર પરઠવું.
૧૨. નિંદા, વિકથા, હાંસી, મજાક કરવી.
૧૩. સાંસારિક વાતો, ચર્ચા કરવી.
૧૪. સ્વયં ડરવું, બીજાને ડરાવવા.
૧૫. કલહ (ઝગડો) કરવો.
૧૬. ખુલ્લાં મોઢે અયતનાથી બોલવું.
૧૭. સ્ત્રીનાં અંગોપાંગ નીરખવા.
૧૮. પૌષધમાં કાકા-મામા આદિ સાંસારિક સબંધોથી સંબોધન કરવું.

**(શ્રાવકનાં ચાર શિક્ષાવ્રત)**